શ્રી "જૈનધર્મ પ્રકાશ" ની ભેટ

મલધારી શ્રી રાજશેખરસૂરિ વિરચિત.

# વિનોદાત્મક કથા સંગ્રહ.

## ભાષાંતર.

વી. સં. ૧૯૭૮

વીર સં. ૨૪૪૮

પ્રગટકર્તા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

વર્ષ ૩૭-૩૮ ની

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

શ્રી "જૈન ધર્મ પ્રકાશ" ની વર્ષ ૩૭-૩૮ માની ભેટ.

મલ્લધારી શ્રી રાજશેખરસૂરિ વિરચિત.

# વિનોદાત્મક કથા સંગ્રહ.

## ભાષાંતર.

અનુવાદક—
કાપડિયા નેમચંદ ગિરધરલાલ.

પ્રગટકર્ત્તા
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

વિ. સં. ૧૯૭૮ વિર સં. ૨૪૪૮

પ્રથમ આવૃત્તિ. નકલ ૨૦૦૦.

કિંમત. ૦-૧૨-૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવનગર ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

काव्यशास्त्र विनोदेन, कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणां, निद्रया कलहेन वा ॥

( भर्तृहरि )

'બુદ્ધિમાન પુરૂષોનો સમય કાવ્યશાસ્ત્રના વિનોદવડે પસાર થાય છે, ત્યારે મૂર્ખ મનુષ્યોનો સમય વ્યસન, નિદ્રા અગર કલહવડે પસાર થાય છે.'

ઉપરના શ્લોકના વર્ણનાનુસાર "શ્રી જૈન ધર્મ પ્રકાશ" ના ગ્રાહકો અને વાંચકોનો સમય ઉત્તમ વિનોદમાં પસાર થાય, નવીન નવીન કથાઓ દ્વારા તેમને ઉત્તમ વાંચન સાથે જ્ઞાન અને જીવનનિર્વાહ માટે સરલતા પ્રાપ્ત થાય તેવા આશયથી મલ્લધારી શ્રી રાજશેખરસૂરિ વિરચિત શ્રી 'વિનોદ કથા સંગ્રહ' નું ભાષાંતર કરાવી તે માસિકના પુ. ૩૭–૩૮ ની ભેટ તરીકે ગ્રાહક બંધુઓના હસ્તકમળમાં આ ગ્રંથ મૂકતાં અમને બહુ આનંદ થાય છે. જુદી જુદી દિશાઓ દેખાડવા માટે જુદા જુદા વિષયોને વર્ણવતી એકાશી વાર્તાઓનો કર્તાએ આ સંગ્રહમાં સમાવેશ કર્યો છે. ગમે તે દર્શનવાળાને ઉપયોગી આ કથા સંગ્રહ ખાસ અન્ય દર્શનીઓ વ્યાખ્યાનમાં આવ્યા હોય ત્યારે પણ વાંચી શકાય-કહી શકાય અને તેઓને વ્યાખ્યાનમાં આવવાની ઇચ્છા વૃદ્ધિગત થાય તેવા આશયથી એકઠો કરવામાં આવ્યો છે તેમ ગ્રંથકર્ત્તા ગ્રંથની શરૂઆતમાંજ જણાવે છે, અને તે સત્ય છે. કોઇ સમયે અન્ય દર્શની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાનમાં આવેલ હોય અને ફક્ત જૈનધર્મનાં તત્ત્વોનું વર્ણન જ વ્યાખ્યાનમાં થાય તો તેમને નિરસ લાગે, તેથી આવી સર્વોપયોગી કથાઓ બહુ ઉપયોગી અને સાંભળનારને આકર્ષે તેવી હોવાથી વ્યાખ્યાન માટે પણ આ ગ્રંથ બહુ ઉપયોગી છે. આ કથાઓનું ભાષાંતર વાંચનારાઓને ઘણું રૂચિકર થશે તેમ જાણી અમે આ ગ્રંથનું ભાષાંતર કરાવી બહાર પાડયું છે. દરેક કથાઓની સાથે તે કથામાંથી શું સાર-બોધ લેવાનો છે તે ટુંકાણમાં કથાની નીચે ભાષાંતરકારે મૂકેલ છે, કેટલીક કથાઓનું રહસ્ય તો ઘણું વિશેષ છે, અને પ્રત્યેક કથામાંથી બે ત્રણ કે તેથી પણ વધારે પ્રકારનો બોધ લેવાનો છે, પણ લંબાણુ થઇ જવાના ભયથી પ્રત્યેક કથામાંથી લેવાનો સાર ટુંકાણમાં આપવામાં આવ્યો છે. કથાઓની ચુંટણી પણ ગ્રંથકર્ત્તાએ બહુ સુંદર કરેલી છે. કેટલીએક કથાઓ તો જૈન બંધુઓમાં સુવિદિત છે, પણ ઘણી કથાઓ નવીન, ખાસ આનંદ ઉપજાવે તેવી અને બોધપ્રદ છે. એકંદર બધી કથાઓ ખાસ વાંચવા લાયક અને આનંદજનક છે. તેમજ સ્ત્રી, પુત્ર, વૃદ્ધ, યુવાન દરેક હોંશથી વાંચે તેવી છે.

આ કથાનો મૂળ ગ્રંથ શ્રી ખંભાતના જૈન શ્વેતાંબર સંઘ તરફથી વકીલ કકલભાઇ ભુધરદાસના પ્રયાસથી બહાર પાડવામાં આવેલ છે. મૂળ ગ્રંથની ભાષા પણ સુંદર અને સરલ સંસ્કૃત છે.

આ ગ્રંથ બહાર પાડવામાં અમોને સદ્ગુણાનુરાગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીના સદુપદેશથી શ્રાવિકા બાણુ બહેન તરફથી રૂ. બસોની મદદ મળેલી છે, તેથી આવો મોટો ગ્રંથ અમે " શ્રી જૈનધર્મ પ્રકાશ " ના સર્વ ગ્રાહક બંધુઓને ભેટ આપી શક્યા છીએ; તેથી તે બહેનનો અમે ખાસ ઉપગાર માનીએ છીએ. ૩૭ વરસથી પ્રત્યેક માસે નિયમિત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીતે બહાર પડતું, જૈન ધર્મના પ્રત્યેક વિષયોની ઉપયોગી ચર્ચા કરતું આ માસિક જૈન કોમમાં પ્રથમ દરજ્જો ધરાવે છે, અને દરેક જૈન બંધુને ખાસ વાંચવા લાયક છે. અત્યારસુધીમાં અતિઉપયોગી અને મનન કરવા લાયક ચોત્રીશ[1] પુસ્તકો ગ્રાહકોને ભેટ અપાઇ ગયા છે, જેનુ લીસ્ટ આ ગ્રંથની પ્રાંતે આપેલ છે તે વાંચવાથી માલુમ પડશે. પ્રાંતે આ ઉપયોગી કથાનો ગ્રંથ દરેક બંધુને વાંચવા, વિચારવા, અન્યને વંચાવવા અને તદનુસાર વર્તી જીવનપ્રવાહ વિશેષે સરલ કરવા વિનંતિ કરી આ ટુંકી પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે.

સં ૧૯૭૮
અશાડ શુદિ ૮
રવિવાર.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

---

૧ ભેટના લીસ્ટમાં પ્રિયંકર ચરિત્ર લખવું રહી ગયેલ છે. તે ગણતાં આ ૩૫ મી ભેટ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | સ્વલ્પ પણ નિયમ લેવા ઉપર કમળ શ્રેષ્ઠીની કથા. | ૨ |
| ૨ | બહેરા કુટુંબની વાર્તા.... | ૧૫ |
| ૩ | લોભ ઉપર મોદકની કથા. | ૧૭ |
| ૪ | અસ્થાને ગુણ પ્રગટ કરવાથી થતી હાનિ ઉપર એક વ્યાસની કથા. | ૨૦ |
| ૫ | નિંદકની કથા. | ૨૩ |
| ૬ | અતિ લોભ ન કરવા ઉપર કથા. .... | ૨૬ |
| ૭ | બુદ્ધિ વૈભવ ઉપર રોહકની કથા. .... | ૨૯ |
| ૮ | બુદ્ધિ પ્રાગલ્ભ્ય ઉપર ક્ષુલ્લકની કથા. | ૪૩ |
| ૯ | બુદ્ધિ પ્રાગલ્ભ્ય ઉપર ગજતોલનની કથા. .... | ૪૪ |
| ૧૦ | બુદ્ધિ પ્રાગલ્ભ્ય ઉપર શોક ( સપત્ની ) ની કથા. | ૪૫ |
| ૧૧ | બુદ્ધિ પ્રાગલ્ભ્ય ઉપર નિધિપતિની કથા. .... | ૪૭ |
| ૧૨ | બુદ્ધિ પ્રાગલ્ભ્ય ઉપર ભિક્ષુના ખપ્પરની કથા. | ૪૯ |
| ૧૩ | બુદ્ધિ પ્રાગલ્ભ્ય ઉપર નૈમિત્તિકની કથા. .... | ૫૧ |
| ૧૪ | બુદ્ધિ પ્રાગલ્ભ્ય ઉપર અમાત્યની કથા. .... | ૫૫ |
| ૧૫ | અનિવાર્ય મૃત્યુ ઉપર વણિકની કથા. .... | ૫૮ |
| ૧૬ | બાળક પાસેથી પણ બોધ લેવા ઉપર શ્રેષ્ઠીપુત્રની કથા. | ૬૧ |
| ૧૭ | પારકાનો દ્રોહ કરવા ઉપર સાસુ વહુની કથા. | ૬૩ |
| ૧૮ | સ્વઅવગુણ ન પ્રગટ કરવા ઉપર જટાધારીની કથા. | ૬૭ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૯ સ્ત્રીના માયાવીપણા ઉપર વેશ્યાની કથા .... ૬૮
૨૦ એક સરખી મતિ ઉપર પંડિતોની કથા. .... ૭૮
૨૧ કલહ કરનારી સ્ત્રીની કથા..... .... .... ૭૯
૨૨ પારકે સુખે દુઃખી થનાર ગૃહભંજકની કથા. ૮૩
૨૩ લોભ ઉપર મૂઢ ડોશીની કથા. .... .... ૮૫
૨૪ મૂર્ખાઇ ઉપર કુલપુત્રની કથા. .... .... ૮૭
૨૫ છેતરવાની કળા ઉપર એક શ્રેષ્ઠીની કથા. .... ૯૩
૨૬ બુદ્ધિના જડપણા ઉપર મૂર્ખ શિષ્યની કથા..... ૯૬
૨૭ વ્યવહારના અજ્ઞને શિક્ષા આપવા ઉપર તાપસની કથા. .... .... .... .... ૯૮
૨૮ અર્થના અનર્થપણા ઉપર ચાર મિત્રની કથા. ૧૦૦
૨૯ એક જડ તાપસની કથા. .... .... ૧૦૨
૩૦ વ્યવહારના અજાણ ચાર વિદ્વાનની કથા. .... ૧૦૫
૩૧ અવિચારી રાજાની કથા. .... .... ૧૦૯
૩૨ પુન્યથી થતી હિતપ્રાપ્તિ ઉપર એક શ્રેષ્ઠીની કથા. ૧૧૨
૩૩ યોગ્ય ઉપાય કરનાર એક વણિકની કથા..... ૧૧૪
૩૪ બહુ મનોરથ કરતાં મૂળથી નાશ થવા ઉપર એક બ્રાહ્મણની કથા. .... .... .... ૧૧૭
૩૫ નિર્વાહ થાય તેટલીજ આજ્ઞા કરવા ઉપર એક તાપસની કથા. .... .... .... .... ૧૧૯
૩૬ સશંક અને નિઃશંકપણે કાર્ય કરવા ઉપર ક્ષત્રિય અને વણિકની કથા. .... .... .... ૧૨૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૭ નિઃશૂક દ્યૂતકારની કથા. .... .... ૧૨૪
૩૮ વ્યંતરને છેતરનાર વણિકની કથા. .... ૧૨૬
૩૯ એક ધૂર્તની કથા .... .... .... ૧૨૮
૪૦ સુખને ઈચ્છનાર કરીર શ્રેષ્ઠીની કથા. .... ૧૨૯
૪૧ સ્વાર્થમૂઢ બ્રાહ્મણની કથા. .... .... ૧૩૨
૪૨ સ્ત્રીવચનાનુસારી સાળવીની કથા. .... ૧૩૪
૪૩ કાર્યના તત્ત્વને જાણનાર શ્રેષ્ઠીની કથા. .... ૧૩૬
૪૪ શત્રુ તુલ્ય સેવક અને સ્વામીની કથા. .... ૧૩૯
૪૫ ખરા આળસુની કથા..... .... .... ૧૪૨
૪૬ પ્રચ્છન્ન વાક્ય ધીરે બોલવા ઉપર એક આચાર્યની કથા. .... .... .... .... ૧૪૩
૪૭ કુંભકારનાં મિથ્યા દુષ્કૃતની કથા. .... ૧૪૬
૪૮ વૈર બાંધવા ઉપર વણિક તથા ભિક્ષુકની કથા. ૧૪૮
૪૯ કૃપણ શ્રેષ્ઠીની કથા. .... .... .... ૧૫૩
૫૦ એક લોભી ધૂતારાની કથા. .... .... ૧૫૮
૫૧ દાન નહિ દેવા ઉપર સંકલ શ્રેષ્ઠીની કથા. .... ૧૬૦
૫૨ વિપ્રથી બોધ પામેલ શ્રેષ્ઠીપુત્રની કથા. .... ૧૬૫
૫૩ નિરંકુશ ગુરૂને દમનાર યજમાનની કથા. .... ૧૭૧
૫૪ અનુભવી વૃદ્ધના બુદ્ધિશાળીપણાની કથા. .... ૧૭૪
૫૫ મર્યાદા વગરની સ્ત્રીની કથા. .... .... ૧૭૭
૫૬ શ્રદ્ધા વગરના દાન ઉપર એક ડોશીની કથા. ૧૮૦
૫૭ એક ખુશામત કરનારની કથા. .... .... ૧૮૩


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૮ પરાભવ કરનાર શુકની કથા. .... .... ૧૮૫.
૫૯ ખોટી સાક્ષી પૂરાવવા ઉપર કાગડાની કથા. ૧૯૦
૬૦ કર્મના પ્રબળપણા ઉપર વિપ્રની કથા. .... ૧૯૫
૬૧ ભક્તિ ઉપર એક જટાધરની કથા. .... ૧૯૭
૬૨ અતૃપ્ત યતિની કથા. .... .... .... ૧૯૮
૬૩ એક ધર્મધૂર્ત વણિકની કથા. .... .... ૨૦૩
૬૪ અવિચારી કાર્ય કરનારની કથા. .... .... ૨૦૩
૬૫ બહુ લોકની જુદી જુદી વાત સાંભળનાર એક વણિ-
કની કથા. .... .... .... .... ૨૦૫
૬૬ પારકાનાં વચન ઉપર વિશ્વાસ કરનાર ચોરની કથા. ૨૦૬
૬૭ જડના સંગનો ત્યાગ કરવા ઉપર ચૈત્રની કથા. ૨૦૮
૬૮ બાહ્યાડંબરથી ન છેતરાવા ઉપર એક વેશ્યાની કથા. ૨૧૨
૬૯ દીર્ઘ કાળે કાર્ય કરનાર પુત્રવધુની કથા. .... ૨૧૪
૭૦ સહસા લક્ષ્મી પ્રાપ્ત કરનાર વિપ્રની કથા. .... ૨૧૬
૭૧ મૃષા બોલનારા એક ધૂર્તની કથા. .... ૨૧૯
૭૨ એક અધમ પુરૂષની કથા. .... .... ૨૨૪
૭૩ ગમે તેવું અવિચારી કાર્ય કરનાર તાપસની કથા. ૨૨૬
૭૪ લુચ્ચાઇવાળી વિચિત્ર વાણી બોલનાર વૈદ્યની કથા. ૨૨૮
૭૫ પુન્યોદયથી ગમે તેવી વાણીવડે પણ અભ્યુદય
થાય તે ઉપર કથા. .... .... .... ૨૩૧
૭૬ ખોટું બોલીને હાંસી પાત્ર થનાર બનેવીની કથા. ૨૩૪
૭૭ રહસ્ય પ્રગટ નહિ કરવા ઉપર એક દંપતીની કથા. ૨૩૬
૭૮ બે ખોપરીની કથા. .... .... .... ૨૪૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૯ સ્વાદલંપટ થનાર અંગાળદેવની કથા. .... ૨૪૮
તપસ્વિની કથા. .... .... .... ૨૪૯
પંડિતમૂર્ખની કથા. .... .... ૨૫૦
તાપસશિષ્યની કથા. .... .... ૨૫૧
ચીભડાવાળા પુરૂષની કથા. .... .... ૨૫૨
વૈષ્ણવી સ્ત્રીની કથા. .... .... ૨૫૩
કાલેશ્વરીના સેવકની કથા. .... .... ૨૫૪
૮૦ ઉલ્લાસંવરના અભાવ ઉપર એક નોકરની કથા. ૨૬૩
૮૧ પ્રબળ પુન્યથી થતી સર્વ કાર્યની સિદ્ધિ ઉપર વૈદ્ય-
ની કથા. .... .... .... .... ૨૬૬
"જૈન ધર્મ પ્રકાશ" ની ભેટોનું લીસ્ટ. ૨૭૧

મલ્લધારી શ્રી રાજશેખરસૂરિ વિરચિત.

# વિનોદાત્મક કથા સંગ્રહ.

यन्नैकामपि कामिनीं परिणयस्यभ्यर्थमानोऽप्यलं,
तन्नूनं गृहभारकातरतया मुक्तोद्यमो देवर ।
माशंकस्व हरिस्त्रिखंडविजयी भ्रातास्ति ते सर्वदा,
भामाद्याभिरितीरितः स्मितमुखो नेमिर्वशी पातु वः ॥१।

" સર્વે જનો આટલી બધી પ્રાર્થના કરે છે છતાં પણ તમે એક પણ સ્ત્રી પરણવાની હા પાડતા નથી, તેથી ખરેખર હે દેવર ! ગૃહનો ભાર વહન કરવામાં તમે કાયર જણાઓ છો; પણ તમે તેવી શંકા કરશો નહિ, કારણકે ત્રણ ખંડનો વિજય કરનાર શ્રીકૃષ્ણ તમારા ભ્રાતા તમારો સર્વ ભાર હમેશાં ઉપાડશે. " આ પ્રમાણે સત્યભામા વિગેરે ભોજાઈઓના કથનથી સ્મિત મુખવડે જે વશ થયા તે નેમિનાથ ભગવંત તમારૂં સર્વનું રક્ષણ કરો."

વિદ્યારૂપી વેલડીને વૃદ્ધિ પમાડવામાં વૃક્ષતુલ્ય મલ્લધારી ગણાધિપ શ્રી તિલકસૂરિ અમારા ગુરૂ જયવંતા વર્તો.

મનના વિનોદના હેતુભૂત, સભાને કહેવા લાયક, જેવી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રુતમાંથી સાંભળી તેવી નાની નાની કથાઓનો સંગ્રહ હું અત્રે પ્રગટ કરૂં છું.

આ જગતમાં એવું કાંઈ નથી કે જે સભા સમક્ષ કહી ન શકાય, તેથી વિનોદાત્મક કથાનો મારો આ સંગ્રહ નિષ્ફળ નથી.

તત્ત્વની રૂચિવાળા છએ દર્શનના સભાજનોથી સંપૂર્ણ ભરેલા સભાસ્થાનમાં પણ આ કથાઓ વિરોધ વગર કહી શકાય તેવી છે.

ઉત્તમ કાવ્ય અને ઉત્તમ સ્વરરૂપી પાંખોવડે ત્રણે ભુવન ઉપર ચરનારી સરસ્વતી દેવીરૂપી હંસી મારા માનસ[1] સરોવરમાં યથેચ્છ ક્રિડા કરો.

—※—

# કથા ૧ લી.

## સ્વલ્પ પણ નિયમ ગ્રહણ કરવા ઉપર કમળશ્રેષ્ઠીની કથા.

"સ્વલ્પ પણ નિયમ પુન્યના આકાંક્ષી માણસે જરૂર ગ્રહણ કરવો. થોડો પણ લીધેલો નિયમ બહુ લાભ કરનાર થાય છે." તેના ઉપર કમળ શ્રેષ્ઠીની કથા કહે છે:—

લક્ષ્મીના સમૂહથી શોભતું શ્રીપુર નામે એક સુંદર શહેર હતું. તે નગરમાં **શ્રીપતિ** નામે એક શ્રેષ્ઠી રહેતો હતો.

૧ મનરૂપી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે શ્રેષ્ઠીએ બાર વ્રત ધારણ કર્યા હતા, ન્યાયથીજ હમેશાં દ્રવ્યોપાર્જન કરતો હતો, મોટા લોકોમાં પ્રીતિવાળો હતો; સમ્યગ્ દૃષ્ટિ હતો અને છ આવશ્યક (પ્રતિક્રમણ) ની ક્રિયા કરવામાં ઉદ્યમવાળો હતો. તે શ્રેષ્ઠીને **સુંદરી** નામે પત્ની હતી. તે સ્ત્રી શીલાદિ ગુણોથી શોભતી પતિના જેવાજ ગુણો ધરાવતી હતી. તે દંપતીને **કમળ** નામે એક પુત્ર હતો. આ પુત્ર પિતાથી ઉલટા ગુણોજ ધરાવતો હતો. તે નિર્લજ્જ, નાસ્તિક, ધૃષ્ટ (ધીઠો), ખાઉકણ અને વાચડો હતો; પુન્ય કાર્યનું તો તે નામ પણ જાણતો નહોતો. સાધુ મુનિરાજનાં દર્શનને તે પાપરૂપ ગણતો હતો અને સ્વધર્મીઓ ઉપર તે સર્પની જેમ દ્વેષ રાખતો હતો. દેવાધિદેવ-પરમાત્માની સ્તુતિને રૂદન તુલ્ય માનતો હતો.

એક દિવસ તેના પિતાને તેના ઉપર દયા આવી, તેથી ખાનગીમાં તેણે વાત્સલ્યપૂર્વક તેને શિખામણ આપી કે—

**बाहत्तरी कला पंडिआवि, पुरिसा अपंडिया चेव ।**
**सव्वकलाणवि पवरं, जे धम्मकलं न याणंति ॥ १ ॥**

"હે પુત્ર ! સર્વ કળાઓમાં ઉત્તમ એવી ધર્મકળાને જે જાણતા નથી, તે સર્વે પુરૂષો પુરૂષની બહોંતેર કળામાં પંડિત હોય તો પણ અપંડિત-મૂર્ખતુલ્યજ છે."

**तुल्लेवि माणुसत्ते, केइ सुही दुक्खिया य जं अन्ने ।**
**तं निउणं परिचिंतसु, धम्माधम्मप्फलं चेव ॥ २ ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"મનુષ્યપણું તુલ્ય છતાં તેમાં કેટલાએક સુખી અને કેટલાએક દુઃખી દેખાય છે તે ખરેખર ધર્મ અને અધર્મનુંજ ફળ છે તેમ જાણ." આમ હોવાથી હે પુત્ર ! ધર્માદિ કાર્યમાં તું થોડો પણ ઉદ્યમ કર.

હિત માટે અપાયેલ આ ઉપદેશ સાંભળીને કડવું ઔષધ જાણે કે પાયું હોય તેવી રીતે રોષવાળું મ્હોડું કરીને પરાઙ્મુખ થઇને તે બેઠો અને તિરસ્કારપૂર્વક તે બાપને કહેવા લાગ્યો કે—"હે પિતા ! જીવ ક્યાં છે ? ધર્મ શું ? અધર્મ શું ? સ્વર્ગ ક્યાં છે ? નરક ક્યાં છે ? મોક્ષ ક્યાં છે ? આ સર્વ આકાશને આલિંગન કરવા તુલ્ય છે; અશ્વના શિંગડાની માફક તે દેખાતા નહિ હોવાથી ખોટા છે અને આ ભવના દેખાતા સુખથી વંચિત કરનાર છે. તપ સર્વે ફક્ત પીડા ઉપજાવનારા છે, સંયમ તે સ્વચ્છંદતા—સ્વેચ્છાચારીપણાનું ઘાતક છે, ચોરીનો ત્યાગ તે ફક્ત હીનતા—નબળાઈ દેખાડનાર છે અને ખાવા—પીવાના નિયમો માત્ર પેટને છેતરવારૂપ છે." આ પ્રમાણે કહીને તે ચુપ રહ્યો અને પિતા પાસેથી ચાલ્યો ગયો; પછી અંકુશ વગરના હાથીની જેમ ઇચ્છા પ્રમાણે તે રાત્રિ—દિવસ નગરમાં ભટકવા લાગ્યો.

એક વખતે તે નગરમાં શંકર નામે એક બહુ ઉત્તમ ગુણોવાળા સૂરિ પધાર્યા. શ્રીપતિ શ્રેષ્ઠી ગુરૂ મહારાજને વંદન કરવાને મોટા શ્રેષ્ઠીઓના પરિવારથી વિંટાયેલો સર્વને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે લઈને ગયો. પાંચ અભિગમન[1] પૂર્વક તેમને તેણે વંદના કરી. કરૂણાના સારવાળી ધર્મદેશના ગુરૂ મહારાજે તે સર્વને સંભળાવી; પછી શ્રીપતિ શ્રેષ્ઠીએ પ્રણામ કરીને અંજલિ જોડી ગુરૂમહારાજને વિનંતિપૂર્વક કહ્યું કે–" હે મહારાજ! ક્ષીરાશ્રવાદિ લબ્ધિઓવાળા હે પૂજ્ય ! મધ જેવી મીઠી વાણીવડે તમે આ સર્વ સભાજનોના હૃદયોને આકર્ષી લીધા છે. હે કૃપાનિધિ ! મારો પુત્ર વિવેક વગરનો છે, અણુસમજુ છે, જૈનધર્મથી બીલકુલ રહિત છે, અને સર્વ ખળ પુરૂષોમાં તિલક સમાન–અગ્રેસર છે. કૃપા કરીને આપ તેને બોધ આપીને જૈનધર્મવાસિત અંતઃકરણવાળો કરો. કહ્યું છે કે– ઉત્તમ એવા ન્યાયયુક્ત ઉપદેશવડે ધર્મથી વિપરીત મતિવાળા પ્રાણીઓને જે ધર્મવાસિત બુદ્ધિવાળા કરવાનો ઉપકાર કરે છે, તે થોડા સમયમાંજ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરે છે. " સૂરિ મહારાજે કહ્યું કે–' જો તે મારી પાસે આવશે તો હું યથાશક્તિ તેને બોધ આપીશ. ' ત્યારપછી તે શ્રેષ્ઠી સ્વગૃહે ગયો અને આહાર લઈને વિચાર કરતો તે ઘરના આંગણામાં વિશ્રાંતિ લેવા સુતો. તેવામાં દ્યુત રમતાં હારેલો તે શ્રેષ્ઠીનો પુત્ર કમળ ઘરમાંથી ધન લઈ જવાને ઘેર આવ્યો. ઈચ્છાનુસાર ધન લઈને તે ઘરમાંથી નીકળતો હતો તે વખતે

---

[1] ૧ ગુરૂને વાંદતાં પાંચ અભિગમન જાળવવાના છે. ૧ સચિત્ત તજી દેવું. ૨ અચિત્ત ન તજવું. ૩ ઉત્તરાસંગ કરવું. ૪ ચિત્તની એકાગ્રતા કરવી. ૫ બે હાથ જોડવા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાત્સલ્યથી પિતાએ તેને બોલાવીને કહ્યું કે-" વત્સ ! નજીકના આ વનમાં શ્રી શંકરાચાર્ય નામે સૂરિ પધાર્યા છે, તે ખાસ વંદન કરવા લાયક છે. મહા ગુણવંતની સેવા મહાન્ ફળ આપનાર થાય છે. ગુણોથી[1] સમૃદ્ધ વહાણુ પણ દુસ્તર સમુદ્રમાંથી પરને તારે છે, અને પોતે તરે છે."

કમળ તે વાત સાંભળી કાંઈ પણ જવાબ આપ્યા વગર વાંકું મ્હોડું કરીને ઘર બહાર નીકળી ગયો, અને જુગટીઆઓ તથા વેશ્યાઓના આવાસમાં ગયો. તે સ્થળે પ્રથમ તો તેને બીલકુલ નવરાશ નહોતી પણ પછી જરા નવરાશ મળતાં તેણે વિચાર કર્યો કે-" પિતાએ જે સૂરિ બહુ વંદન કરવા લાયક કહ્યા છે, તેની પાસે આ નવરાશના સમયે જઈ આવું." આ પ્રમાણે વિચારીને વક્ર આશયવાળો કમળ સૂરિ પાસે ગયો, અને કૃત્રિમ પ્રેમપૂર્વક નટની જેમ ખોટી માયા દેખાડતો તેમને વાંદીને તેમની પાસે ઉભો રહ્યો. સૂરિએ પ્રથમથીજ તેના શરીરનો વર્ણ તથા કર્ણ, નયન, મુખાકૃતિ વિગેરે પૂછી રાખેલા હતા, તે ઉપરથી તેને ઓળખીને પૂછયું કે-"શું તું શ્રેષ્ઠીપુત્ર કમળ છો ?" તેણે કહ્યું-" હા, હું કમળ છું." સૂરિએ કહ્યું કે-" અમારા મુખ સામું બરોબર લક્ષ્ય દઈને ધ્યાનપૂર્વક સિદ્ધાંતનાં રહસ્યને તું સાંભળ." તેણે કહ્યું કે-" હું સાંભળીશ." પછી વિનયપૂર્વક તે સાંભળવા બેઠો. એક પ્રહર સુધી ગુરૂએ તેને ધર્મતત્ત્વોનો ઉપદેશ

[1] વહાણુ પક્ષે ગુણ એટલે ડોર-સઢ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપીને પૂછયું કે–" તેં બરોબર સાંભળ્યું ? તું શું સમજ્યો ?" તેણે કહ્યું કે–" ભગવન્ ! કાંઈક સમજ્યો, કાંઈક ન સમજ્યો. " સૂરિએ પૂછયું–" શું કારણથી એમ થયું ? " કમળે કહ્યું કે–" મહારાજ ! જ્યારે આપ તત્ત્વોને કહેતા હતા, ત્યારે આપના ગળાનો હડ્ડીઓ એકસો આઠ વખત ઉંચોનીચો થયો તે મેં ગણ્યો, પણ ચમર, અમર, ભ્રમર, તોમર વિગેરે શબ્દો કે જે ગળાથી બોલાય છે તે આપ બહુ શિઘ્રતાથી બોલતા હતા, ત્યારે ઘંટિકા ( હડ્ડીઆનું ચલન ) મારાથી ગણી શકાણી નથી. " સૂરિએ તે સાંભળીને વિચાર કર્યો કે–" અહો ! આ ખરેખર કુત્સિત પુરૂષ દેખાય છે, અમારી જેવા તેના હિત ઇચ્છકની પણ તે આવી રીતે મશ્કરી કરે છે. નાટકના પરિશ્રમની જેવો મારો આ શ્રમ અસ્થાને હોવાથી નિષ્ફળ થયો છે. પ્રજ્વળિત થયેલા અગ્નિની જેમ ધમધમતા એવા અવ્યવસ્થિત મગજવાળા માણસ પાસે તે ગમે તેવો વહાલો હોય તોપણ ઉત્તમ ધર્મ કહેવો નહિ. તેમ કરવાથી ઉલટું મુખ મલીન થાય છે." આ પ્રમાણે વિચારી વિલખા થઈ જઈને મહા સભામાં ઘણા જનોને આકર્ષનાર ગુરૂ મહારાજ ચુપ થઈ ગયા. કમળ પણ જેવો આવ્યો હતો તેવો ચાલતો થયો. અને ' આ વૃદ્ધની ઠીક મશ્કરી કરી, ' એ પ્રમાણે લોકોમાં તે કહેવા લાગ્યો. તેના પિતાએ પણ તે પુત્રનો સર્વ વૃત્તાંત લોકપરંપરાથી જાણ્યો, તે પણ બહુ ખિન્ન થયો. પુત્રને અયોગ્ય જાણીને તેણે કાંઈ ઠબકો પણ આપ્યો નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમુક કાળ ગયા પછી વળી કોઈ સમયે શીલસાગર નામના સૂરિ નગરના ઉપવનમાં પધાર્યા. કર્ણોપકર્ણ તેમના આગમનની વાત સાંભળીને પિતાની પ્રેરણાથી તેમની પણ હાંસી કરવા માટે મોટા સમૂહ સાથે કમળ સૂરિ પાસે ગયો. પ્રથમ આવેલ આચાર્યની કરેલી હાંસી તેમણે સાંભળી હતી, તેથી તે આવ્યો કે તરતજ પ્રથમ આવેલા સભાજનો પાસેથી " આ તેજ કમળ છે " એવો નિશ્ચય સૂરિએ કરી લીધો. તેણે ગુરૂને વિધિ સહિત વાંદ્યા, તેથી આ શઠોમાં અગ્રેસર પણ અત્યંત ભોળો હોવાથી ઉપદેશને લાયક છે તેમ માનતાં તે આચાર્યે સરસ્વતીના પગમાં રહેલા મણિના નેઉર જેવી મધુર ધ્વનિવડે તેને બોલાવ્યો કે–" અહો કમળ ! શ્રવણોપાસક ! ધર્મમાર્ગમાં તારૂં કુશળ વર્તે છે ? " કમળ પણ જાણે કે અંતરમાં ભક્તિ ભરેલી હોય તેમ સ્કંધ નમાવીને મધુર સ્વરે બોલ્યો કે–" દેવગુરૂના પ્રસાદથી કુશળ છે. " આચાર્યે તેને કહ્યું કે–" તારે નીચું મુખ રાખીને ભૂમિ સામું જોઈને અમારા ઉપદેશનો સારી રીતે વિચાર કરવો– તેનું મનન કરવું. " પૂર્વ સૂરિનું વૃત્તાંત તેઓ જાણતા હતા તેથી તેઓએ તે પ્રમાણે કહ્યું. કમળ પણ તે પ્રમાણે નીચી દૃષ્ટિ રાખીને બેઠો. ગળું શોષાઈ જાય તેટલા લાંબા કાળ સુધી સૂરિએ ઉપદેશ આપ્યો, પછી કમળને તેમણે પૂછયું કે:–" કેમ શું સમજ્યો ? " કમળે કહ્યું કે:–" આ પાસે રહેલી કીડીના દરમાંથી વારા ફરતી એકસો દશ કીડી બહાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નીકળી તે મેં ગણી, પણ જ્યારે તેઓ એક સાથે સમૂહમાં નીકળતી ત્યારે તેને હું ગણી શકતો નહિ, તેથી મારો મનોરથ ભગ્ન થવાથી હું દુ:ખી થઈને બેઠો છું. " આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને તે આચાર્ય જાણે કે પોતાનું બધું લુંટાઈ ગયું હોય તેમ ખિન્ન વદનવાળા થઈ તેનાથી પરાઙ્મુખ થયા. તે વિચારવા લાગ્યા કે:–" આ બિચારો અપાત્ર છે તેથી તેણે કાંઈ ન જાણ્યું, વળી અમે પણ ઓછી મતિવાળા ખરા કે જેથી આવા અધર્મપ્રિયને માટે આટલો પ્રયાસ કર્યો. " પછી કમળ તે સ્થળેથી ચાલ્યો ગયો.

ત્યારપછી ત્યાં ઘણા સૂરિ આવતા પણ કોઈ તેને બોલાવતા નહિ, તેથી પોતાને પંડિત માનતો ગર્વયુક્ત તે સ્વેચ્છાપૂર્વક નગરમાં ફરતો હતો. અન્યદા વિપત્તિમાં પડેલા મનવાળા મનુષ્યોના મનોવનને વિકસાવવા માટે વસંત ઋતુ જેવા કોઈ આચાર્ય તે ઉદ્યાનમાં પધાર્યા. તેણે કમળની બધી કથા–સર્વ વૃત્તાંત લોકો પાસેથી સાંભળ્યો. તે ઉપરથી 'મારે તેને અવશ્ય પ્રતિબોધ કરવો ' એવો તેમણે મનમાં નિશ્ચય કર્યો. સૂરિને વંદન કરવા માટે શ્રીપતિ શ્રેષ્ઠી આવ્યા, તેને સૂરિ મહારાજે કહ્યું કે:–" હું તમારા પુત્રને જરૂર પ્રતિબોધ કરીશ. " આ પ્રમાણે સાંભળીને દિનતા પૂર્વક ગદ્‌ગદ્ સ્વરે શેઠ બોલ્યા કે:–"ભગવન્! તેને બોધ આપવાથી સર્યું! સર્પના કરંડીઆની અંદર હસ્તક્ષેપન કરવાની કશી જરૂર નથી. તે મારો પુત્ર દુરાત્મા અપાત્ર છે, ઉપદેશને લાયક નથી.

તાજેજ જ્વર આવ્યો હોય તેને એકદમ સમાવવાથી ઉલટી જેમ દોષોત્પત્તિ થાય છે, તેમ અપ્રશાંત મતિવાળાને શાસ્ત્રનો ઉપદેશ આપવો તે દોષને માટેજ થાય છે." ગુરૂએ કહ્યું કે:–" પ્રથમના બે આચાર્યોની થયેલી આશાતનાથી ચકિત થઈને તમે આ પ્રમાણે બોલો છો, પણ તમે બીક રાખશો નહિ. જો ભવિતવ્યતા અનુકૂળ થઈને સહાય આપનાર થશે, તો હું જરૂર તમારા પુત્રને ધર્મમાં સ્થાપન કરીશ." ગુરૂનો આવો નિશ્ચય સાંભળીને શ્રેષ્ઠી ઘેર ગયા અને કમળને આચાર્ય પાસે મોકલ્યો. સૂરિ પાસે આવી નમસ્કાર કરીને કમળ બેઠો.

ગીતાર્થ આચાર્ય પણ પ્રથમથી પૂછેલી હકીકતવડે 'આ તેજ કમળ શ્રેષ્ઠીપુત્ર છે' તેમ જાણીને તેને ઉદ્દેશીને બોલ્યા કે:–" અહો! કમળ! આવ, આવ. કામશાસ્ત્રનું રહસ્ય તું જાણે છે?" કમળે કહ્યું કે:–" હું શું જાણું? આપ પૂજ્ય કૃપા કરીને થોડું રહસ્ય સમજાવો." આચાર્યે કહ્યું કે:–" પ્રથમ તો કામરસના અર્થી પુરૂષે સ્ત્રીના ગુણો જાણવા, ગુણોમાં પણ ભાવનું સ્વરૂપ પ્રધાન છે. કહ્યું છે કે–" વ્યભિચારીણી સ્ત્રી કોઈક આકારથી, કુટીલ વાણીથી અને કોઈક સ્મિતથી કામદેવના બાણના વ્યાપારને વશ અન્ય જનોના મનને કરે છે અને કોઈકિ અતિ સુકોમળ એવા પોતાના અંગમાં રહેલો એવો કામનો ભાવ કાચના ડાબડામાં રહેલા કમળની જેમ પ્રત્યક્ષ બતાવી આપે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી સ્ત્રીઓની આઠ અવસ્થા કહેલી છે. (૧) સ્વાધીન પતિકા ( પતિ જેને આધિન હોય તેવી ), (૨) પ્રોષિત ભર્તૃકા ( પતિથી જેનું ચિત્ત ઉદ્વિગ્ન થયું હોય તેવી ), ( ૩ ) ખંડિતા ( પતિથી જેની ઇચ્છા ખંડિત થઈ હોય તેવી ), ( ૪ ) કલહાંતરિતા ( કળહથી જેનું ચિત્ત વ્યાપ્ત થયેલ હોય તેવી ), ( ૫ ) વાશકશય્યા ( શય્યા તૈયાર કરીને પતિની રાહ જોતી ), ( ૬ ) વિરહોત્કંઠિતા ( પતિના વિરહથી અન્ય પ્રત્યે ઉત્કંઠિત મનવાળી ), ( ૭ ) વિપ્રલબ્ધા ( પર પુરૂષથી ઠગાયેલી–છેતરાયેલી ), ( ૮ ) અભિસારિકા ( પર પુરૂષની સોબતી ). આ આઠમાં છેલ્લી ત્રણ અવસ્થા પરસ્ત્રી સંબંધી છે." આ પ્રમાણે કામકથાથી કમળનું હૃદય બહુજ આકર્ષાયું અને તે બોલ્યો કે–" ભગવન્! અન્ય બીજો કોણ આવું કહેવા સમર્થ છે? પૂર્વે આવેલા સૂરિઓનો વાણીવિલાસ તદન નિરસ હતો, પરંતુ તમારા વચનરૂપી અમૃતરસથી મારૂં મનરૂપી વૃક્ષ બહુ ઉલ્લસાયમાન થયું છે, હવે હું હમેશા આપને વાંદવા માટે આવીશ."

આ પ્રમાણે નિશ્ચય કરીને કમળ પોતાને ઘેર ગયો. પછી કોઇ વખત અર્થની કથાવડે, કોઈ વખત ઇંદ્રજાળના વિનોદવડે, કોઈ વખત સમશ્યાદિ ટુંકી વાર્તાઓવડે કમળને વિનોદ કરાવતાં એક માસ વીતી ગયો. માસ પૂર્ણ થયો અને વિહારનો સમય નજીક આવ્યો, એટલે ઘણા શ્રાવકો વ્રતનિયમાદિ ગ્રહણ કરવા માટે આચાર્ય પાસે આવવા

લાગ્યા. કમળ પણ વિનયપૂર્વક ગુરૂ પાસે આવ્યો. ગુરૂએ તેને કહ્યું કે–" ભાઈ ! હવે અમે વિહાર કરીએ છીએ તેથી કાંઇક નિયમ ગ્રહણ કર. સર્વ પુરૂષાર્થોમાં ધર્મ મુખ્ય પુરૂષાર્થ છે. તે ધર્મ સંયમથી સાધ્ય કરી શકાય છે અને સંયમ વ્રત, નિયમ ધારણ કરવાથી સાધી શકાય છે." ઉત્તર દેવામાં ચતુર કમળે તરતજ કહ્યું કે–" મહારાજ ! મેં તો ઘણા નિયમો ગ્રહણ કરેલા છે. તે આ પ્રમાણે–( ૧ ) ભેંસીને સુવું, ઉભા ઉભા ઉંઘવું નહિ, ( ૨ ) પોતાની ઇચ્છાથી મરવું નહિ, ( ૩ ) રાંધેલું ભોજન ખાવું, કાચલાં–ઈંટ વિગેરે ન ખાવું, ( ૪ ) દુધમાં આકડાનું અને થોર વિગેરેનું દુધ ન પીવું, ( ૫ ) આખું નાળીએર મોઢામાં નાંખવું નહિ, ( ૬ ) પારકું ધન ગ્રહણ કર્યા પછી ઘણો કળહ થયા વિના પાછું આપવું નહિ. વિગેરે." સૂરિએ કહ્યું કે— " ભાઈ ! આ હાંસીનો સમય નથી, માટે કાંઈક તો નિયમરત્ન જરૂર ગ્રહણ કર." કમળે કહ્યું કે–" સ્વામિન્ ! જો આપનો બહુ આગ્રહ છે, તો અમારા પાડોશી વૃદ્ધ કુંભારની હમેશા ખીલેલા બિલ્વપત્ર જેવી તાલ ( વાળ વિનાનું માથું ) જોયા પછીજ હું ભોજન કરીશ, અન્યથા કરીશ નહિ." સૂરિએ સર્વની સાક્ષીએ તેને તે નિયમ દ્રઢતાપૂર્વક ગ્રહણ કરાવીને તે સ્થળેથી વિહાર કર્યો.

કમળ તે નિયમ કાંઈક લોકલાજથી, કાંઇક વચન ભંગથી થતા પાપની બીકથી અને કાંઈક આચાર્યના સંસ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ર્યથી ઉત્પન્ન થયેલી શ્રદ્ધાથી બરોબર પાળવા લાગ્યો. એક દિવસ કોઈ કાર્યપ્રસંગે રાજકુળમાં બપોરસુધી તેને રોકાઈ રહેવું પડ્યું. તે સ્થળેથી છુટીને તે ઘેર આવ્યો, અને જમવા બેઠો. ગ્રાસ લેવાની તૈયારી કરતો હતો, તેવામાં તેને તે નિયમ સાંભર્યો. તરતજ તે ઉભો થયો, અને ઘરના ઉપરના ભાગમાં ચઢીને તે કુંભારને જોવા લાગ્યો. ત્યાં તેણે કુંભારણને જોઈ; એટલે 'અંતિક કુંભાર કયાં ગયો છે ?' એમ પૂછ્યું. તેણે 'માટી લેવા ખાણે ગયા છે' એમ કહ્યું.

એટલે કમળ ખાણ પાસે ગયો. તે વખતે કુંભારને ભૂમિમાંથી નિધાન નીકળ્યું હતું તેને તે બહાર કાઢતો હતો. તેવામાં તેની તાલ દેખીને કમળ ઉંચે સ્વરે બોલ્યો કે–" દીઠું ! દીઠું ! " એટલે કુંભારે ભય લાગવાથી બહાર નીકળી ઘરે જતા કમળના પગમાં પડીને પ્રણામપૂર્વક કહ્યું કે–" સ્વામિન્ ! જીવાડો ! જીવાડો ! તાણીને ઉચ્ચ સ્વરે કાંઈ બોલશો નહિ, આ નિધિના કટાહમાંથી અર્ધું અથવા તો બધું તમે લઈ લેજો. " ધૂર્તોમાં શિરોમણિ કમળે આ પ્રમાણે પરમાર્થ જાણ્યા પછી તેને વારંવાર બીવરાવીને પ્રાયઃ આખો નિધિ પોતે લઈ લીધો. અનુકંપા માત્રથી થોડું દ્રવ્ય તે કુંભારને આપ્યું. 'ચોરના નશીબમાં બહુ દ્રવ્ય હોતું નથી.'

પછી ઘરમાં આવી જમીને કમળ સુઈ ગયો. બીજે દિવસે સવારે ઉઠ્યો ત્યારે સ્વચ્છ બુદ્ધિવડે તે વિચારવા લાગ્યો કે–" માત્ર મશ્કરી કરવા માટે હાસ્યપાત્ર લીધેલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિયમ પણ મને સફળ થયો. ખરેખર જ્ઞાની ગુરૂએ આવો નિયમ આપીને અન્ય વ્રતાદિ ગ્રહણ કરવામાં મને નિશ્ચળ કર્યો છે. સુકૃત્ય તો આલોકમાં પણ ફળ આપનાર થાય છે, તેથી તેજ ખરા ગુરૂ છે. તેમના મુખકમળથી ઉચ્ચારાયેલ શુદ્ધ ધર્મનુંજ મારે શરણ છે. હવે મિથ્યા દર્શનનું મારે પ્રયોજન નથી." આ પ્રમાણે સમજીને તે ગુરૂ તરફ કમળની બુદ્ધિ વિશેષ ખેંચાણી, તેથી તે ગુરૂ પાસે જઈને વિજ્ઞપ્તિ કરી તે પોતાના નગરમાં આગ્રહથી તેડી લાવ્યો, અને તેમની પાસેથી દ્વાદશ વ્રતરૂપ શ્રાવકધર્મ તેણે અંગીકાર કર્યો. ગુરૂના ચરણની તેણે બહુ આદરથી સેવા કરી અને ગ્રહણ કરેલ ધર્મને સારી રીતે પાળ્યો. અનુક્રમે તે કમળ સ્વર્ગે ગયો, અને ત્યાંથી ચ્યવીને મોક્ષપદ પ્રાપ્ત કરશે.

**સાર**—થોડો પણ લીધેલ નિયમ અવશ્ય અત્યુત્તમ ફળ આપનાર થાય છે. ઇંદ્રિયદમન, મનોનિગ્રહ વિગેરે માટે નિયમ લેવાની ખાસ જરૂર છે. ઇંદ્રિયોને છુટી રાખવાથી તે આ ભવ તથા પરભવમાં બહુ દુઃખ આપનાર થાય છે, તેથી તેના ઉપર દબાણ રાખવા—તે આપણા સ્વાધિનમાં રહે તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા યથાશક્તિ બને તેટલા નિયમ દરેક બંધુએ અવશ્ય લેવાની જરૂર છે. થોડો પણ નિયમ લઈ તેને શુદ્ધ રીતે પાળવાથી કમળ શ્રેષ્ઠીની માફક પરિણામે સર્વ સુખને આપનાર તે થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૨ જી.

## બહેરા કુટુંબની વાર્ત્તા.

'સારી રીતે કહેલ વાત પણ મૂર્ખ માણસને વિપરીતપણે પરિણમે છે. તે ઉપર બહેરા કુટુંબની કથા કહેવામાં આવે છે.'

સુગ્રામ નામના ગામમાં એક બહેરૂં કુટુંબ રહેતું હતું. વૃદ્ધ સાસુ સસરા, તથા યુવાન પુત્ર અને પુત્રવધુ ચારે બહેરાં હતાં. સાસુ સુતર કાંતતી હતી અને રાંધતી હતી. સસરો ધાન્યાદિકની રક્ષા કરતો હતો. પુત્રવધુ ક્ષેત્રમાં ભાત લઈને જતી હતી. યુવાન પુત્ર હળ ખેડતો હતો. એક વખતે હળ ખેડતા તે યુવાનને પંથે ચાલ્યા જતા મુસાફરોએ પૂછ્યું કે–" આ રસ્તો અમુક ગામ તરફ જાય છે કે નથી જતો ? " તે સાંભળી હળ ખેડતો તે યુવાન બોલ્યો કે–" અરે ! પારકું ધન ગ્રહણ કરવાની ઈચ્છાવાળા ! આ બળદો મારે ઘેર જન્મેલા છે અને અમે તેને પાળીને મોટા કરેલા છે. શું પૂછો છો આ સારા છે કે નહિ ? " તે સાંભળીને ' આ ઘેલો થઈ ગયેલો, વાયડો અગર તો ભૂતાદિથી ગ્રસ્ત થયેલો લાગે છે ' તેમ ગણીને તેઓ ઈચ્છાનુસાર માર્ગે ચાલતા થયા. મધ્યાન્હ સમયે તેની પત્નીએ ભાત આણ્યો. તે ભાત ખાવા બેઠો. પછી પોતાની પત્ની આગળ મૂછે હાથ દઈને કહેવા લાગ્યો કે–" મેં તે દુષ્ટોને બહુ સાવચેતીથી કાઢી મૂક્યા. " તે સાંભળી બહેરી પત્ની બોલી કે–" શું કહ્યું ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાતમાં મીઠું વધારે છે કે મીઠું નથી ? શું તે લુખો છે કે બહુ સ્નિગ્ધ છે ? શું ઓછો છે કે વધારે છે ? વહેલો કરેલો છે કે મોડો કરેલો છે? તેમાં મને શું કહો છો ? તમારી માતા તે જાણે છે. જે ઠપકો આપવો હોય તે તેને આપજો." પછી તે ક્ષેત્રથી સાસુ પાસે ગઈ અને આક્ષેપપૂર્વક પોતે સમજી હતી તદનુસાર સાસુને કહેવા લાગી. સાસુ બોલી કે:– "અરે કપાળ કુટેલી ! સુતર જાડું વણાય છે કે પાતળું તેની તારે ચર્ચા શી કરવી ? જાડું સુતર હશે તો પણ વૃદ્ધ કણબીનું વસ્ત્ર તો જરૂર થશે. શું તને એટલી પણ ખબર પડતી નથી ? ધિક્કાર છે તને !" પછી તે વૃદ્ધ ડોસા તરફ અશ્રુથી ભરેલા મુખ સહિત જોતી મનમાં આવ્યું તેમ બોલવા લાગી. વૃદ્ધ શ્વસુરે જવાબ આપ્યો કે:–"જ્યાં સુધી હું રક્ષા કરનાર છું ત્યાં સુધી દાણાનો એક પણ કણ નાશ પામે તો હું તપાવેલું ફળું ગ્રહણ કરૂં. તપાવેલી કોડી ગ્રહણ કરૂં. આ તો વૃદ્ધ માણસોને જેમ તેમ હલકા પાડવા એવો તમારા કુટુંબનો આચાર જણાય છે." આ પ્રમાણે એક કાંઈ, બીજો કાંઈ, ત્રીજો કાંઈ અને ચોથો કાંઈ બુદ્ધિવાનને ગ્રાહ્ય ન થાય તેવું બોલે છે. તેવે સ્થળે ડાહ્યા માણસોએ મૌન ધારણ કરવું, બોલવું જ નહિ તે શ્રેષ્ઠ છે.

**સાર:**–ધર્મ માર્ગમાં બધિર એટલે ધર્મક્રિયામાં અનાદર મતિવાળાઓ આ બહેરાઓની જેવાજ છે, તેથી તેવાઓની સાથે નકામો વાદવિવાદ કરવો તે ડાહ્યા માણસનું ભૂષણ નથી.

# કથા ૩ જી.

## લોભ ઉપર મોદકીની કથા.

'જે સ્થળે બધા લોભીજ રહેતા હોય, જે સ્થળે મંદ બુદ્ધિવાળા જ રહેલા હોય તે સ્થળે જવું તેમાં સાર નથી. તે ઉપર મોદકીની કથા આ પ્રમાણે છે.'

સુઘોષ ગામમાં એક **સર્વપશુ** નામે તાપસ રહેતો હતો; તે તાપસને કાકડી, રીંગણા, જમરૂખ, દાડમડી વિગેરે વૃક્ષોની ઘટાથી વ્યાપ્ત એક વાડી હતી. તેના ઉપર બરાબર ધ્યાન આપીને તે તેની રક્ષા કરતો હતો. એક દિવસ તે વાડીમાં ગાયોનાં પગલાં જુદે જુદે માર્ગે પડેલા તેણે દીઠા; તેથી તે રોષપૂર્વક વિચારવા લાગ્યો કે:–"કોણ હરામખોર આ મારી વાડીમાં ગાયોને ચારી જાય છે?" પછી રાત્રે હાથમાં એક મોટી ડાંગ લઈને સાવધાન થઈ તે જાગતો બેઠો. તેવામાં તે વાડીમાં આકાશમાંથી ઉતરીને એક ગાય લીલું ઘાસ અને વેલાઓનું ભક્ષણ કરવા લાગી. તાપસ તે ગાયને પુંછડે વળગી પડ્યો. તે ગાય પણ તરતજ પક્ષીની માફક આકાશમાં ઉડી; અને સ્વર્ગમાં રહેલા ફરતા કીલ્લાવાળા એક ઉંચા મહેલ પાસે તે તાપસ સહિત ગઈ. પછી તે મહેલમાં વસનારી તે ગાયે તાપસને બોલાવીને કહ્યું કે:-"અરે તાપસ! હું કામધેનુ ગાય છું, આ મારૂં ઘર છે. સર્વ સ્થળેથી પુષ્પ, ફળ, ધાન્ય, દુધ વિગેરે મને પુષ્કળ મળે તેવું છે, પણ ગાયના સ્વભાવને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનુસારે અન્યના ક્ષેત્રમાં ચરવા જવાની ઈચ્છાથી રાત્રે તારા સુંદર લીલા વનની કુંજોમાં ચરવા માટે હું હમેશાં આવું છું. તે ક્ષેત્રનાં પત્ર તથા ફળાદિકનો હું સ્વાદ લઉં છું. તું હમેશાં મારે પુંછડે વળગીને અહીં મારા મહેલમાં આવજે અને મોદક ( લાડવા ) ખાઈ જજે. હું હમેશાં તારી વાડીમાં આવીશ. ”

આ પ્રમાણે કહીને તે બ્રાહ્મણને મોદક ખવરાવ્યા. મોદકો ખાઈને તે તાપસ સંતુષ્ટ થયો, અને તે દિવસે ત્યાંજ રહીને રાત્રે ગાયના પુંછડાને વળગીને પોતાના મઠમાં ઉતરી ગયો. પછી જ્યારે જ્યારે મોદકો ખાવાની ઈચ્છા થતી, ત્યારે ત્યારે પુર્વોક્ત રીતે તે પોતાનો મનોરથ પૂરતો હતો. એક દિવસ તે કામધેનુને તેણે કહ્યું કે–“જો તમારી રજા હોય તો એક દિવસ મારા સર્વ પરિવારને તમારા મોદકના અતિથિ હું કરૂં. આટલી રજા કૃપા કરીને તમે આપો, અને તમારાં વિશેષ પ્રસાદપાત્ર મને કરો. જે ઘણાંઓ દેખે તે વિશેષ મીઠું લાગે છે. વળી તમને દેવાને તેમાં અસમર્થપણું નથી.” કામધેનુએ તે કબુલ કર્યું અને પ્રત્યુત્તર આપ્યો કે, “તું મારા પુંછડાને વળગજે, તારો શિષ્ય તારા પગને વળગે, તેની નીચે તેના પગને બીજો શિષ્ય વળગે, આ પ્રમાણે એક બીજાના પગોને વળગીને સુખેથી તમે બધા અત્રે આવજો. મને તેમાં વાંધો નથી.” તાપસ તે સાંભળીને સંતુષ્ટ થયો. પછી પરિજન પાસે જઈને યજમાનને અને અન્ય પણ ઈષ્ટ માણસોને બોલા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વીને કહ્યું કે-"સર્વે સારી સંખ્યામાં એકઠા થજો, કામધેનુ ગાયના સિંહકેશરીઆ મોદકો ખાવા જવાનું છે." તે સાંભળીને તે બધા પણ લોભાયા, આનંદિત થયા અને વાડીમાં એકઠા થયા. સમય થયો ત્યારે તે ગાય આવી. તાપસ તેને પુંછડે વળગી ગયો. તેના બંને પગે એક શિષ્ય વળગ્યો, તે પ્રમાણે આખું ટોળું એક બીજાને પગે વળગી ગયું. ગાય ઉડી, તે સાથે તે બધા ઉડ્યા. આકાશમાર્ગે જતાં તેમાંથી એક શિષ્યે પૂછયું-"ગુરૂ મહારાજ ! જે મોદકો માટે આપ અમને લઈ જાઓ છો તે કેટલા મોટા છે?" તેનાં ઉત્તરમાં તત્ત્વનો અજ્ઞાન તે તાપસ હાથ પ્રસારીને દેખાડવા ગયો કે-"તે આટલા મોટા છે." પરંતુ હાથ પસારતાં તેનો હાથ ગાયના પુંછડેથી છુટી ગયો, અને સર્વે વળગેલાઓ નીચે પડ્યા. તેને બધાને શરીરે મોટા ક્ષત પડી ગયા અને પરિણામે બધા મૃત્યુ પામ્યા.

સાર-અતિ લોભ તે પાપનું મૂળ છે. લોભ સર્વવિનાશી છે, માટે અતિશય લોભ કોઈએ કરવો નહિ. લોભ કરવાથી બીજા પણ ઘણા ગુણોનો નાશ થાય છે, અને અંત સુધી લોભ હેરાન કરનાર તથા છેવટે અધોગતિએ લઈ જનાર છે, તેથી લોભનો મૂળથી ત્યાગ કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૪ થી.

## અસ્થાને ગુણ પ્રગટ કરવાથી થતી હાનિ ઉપર એક વ્યાસની કથા.

'અગુણી-અજ્ઞાની પુરૂષોની મધ્યમાં કોઈ ગુણવંત માણસ પોતાના ગુણો પ્રગટ કરવા જાય તો કુગ્રામમાં રહેલ અજ્ઞાની માણસોએ સંતુષ્ટ થઈને ઉલટી વ્યાસજીની કદર્થના કરી તેમ થાય.'

ગુર્જર દેશમાં એક ઉત્તમ નગરમાં કોઈ વ્યાસ શ્રુતિ, વેદ, પુરાણ, સૂકતાવળી વિગેરેમાં કુશળ વસતો હતો. તે ઉત્તમ સ્વરવાળો હતો, વળી વકતા હતો, ઉમર લાયક હતો, વળી તે કવિ, વાદી અને વૈયાકરણી હતો. તેણે ઘણા રાજાઓને રંજિત કર્યા હતા. બહુ જ્ઞાનનો મદ થવાથી એક વખતે તે વ્યાસે વિચાર કર્યો કે:-મરૂ દેશમાં લોકો સ્થૂળ બુદ્ધિવાળા સંભળાય છે, વળી તે દુર્બોધ્ય-જલદી બોધ ન પામે તેવા હોય છે, તેઓને પણ હું બોધ પમાડું." આવો વિચાર કરીને તે દેશ તરફ જવાની તૈયારી કરવા લાગ્યો. તે સમયે મિત્રોએ તેને પૂછ્યું કે-" અરે વ્યાસજી ! કયા દેશ તરફ જવા તૈયારી કરો છો ?" તેણે કહ્યું કે:-"મરૂ દેશ તરફ જવાની ઈચ્છા છે." તેઓએ કહ્યું કે-" વ્યાસજી ! તે તરફના રહેવાસીઓ તો પશુ જેવા જડ બુદ્ધિવાળા છે, તમારાથી બોધ પામે તેવા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું છે કે-વ્યુત્પત્તિ વિગેરેમાં કુશળ માણસો પણ જડબુદ્ધિવાળાને રાજી કરી શકતા નથી. પથ્થર ટાંકવાના કાર્યમાં વપરાતી છીણી મોતીને છિદ્ર પાડી શકતી નથી." આ પ્રમાણે તેઓએ તેને વાર્યો, તો પણ વાયડાની જેમ કોઇનું પણ માન્યા વગર વ્યાસ તે તરફ ગયો. તે દેશમાં તેણે કોઈ મ્હોટું ગામ દીઠું. તે ગામમાં તેણે પ્રવેશ કર્યો. પછી કોઇ ગૃહમાં બેઠેલી ખેડુત જાતિની એક વૃદ્ધા ડોસી પાસે તે ગયો અને આશિર્વાદ આપી તેની પાસે બેસી મોટે સ્વરે તેને કથા કહેવા લાગ્યો. પછી ઉઠી સ્વદ્રવ્યવ્યય વડે એક નોકર પાસે ખાવાનું મંગાવીને તેણે ભોજન કર્યું. આ પ્રમાણે પાંચ સાત દિવસ સુધી તે વૃદ્ધા પાસે જઈને ગર્જના કરીને ઉંચે સ્વરે તે કથા કહેતો હતો. જ્યારે જ્યારે તે વ્યાસ ગાઢ સ્વરવડે બોલતો હતો ત્યારે ત્યારે તે ડોશી આંસુ પાડતી હતી. વ્યાસ મનમાં રાજી થતો અને કહેતો કે:-" આ વૃદ્ધા રાજી થઈને મને દ્રવ્ય આપશે." એક દિવસે તે વૃદ્ધાએ પોતાના સ્થૂળ શરીરવાળા અને પોતાને બહુ ચતુર માનતા મૂર્ખ પુત્રોને કહ્યું કે:-" અરે પુત્રો ! એક વિપ્ર બીજા દેશથી રોગાર્ત્ત થઈને અત્રે આવેલો છે. આપણા યુવાન બળદને જેવો રોગ હતો તેવોજ રોગ તેને થયો છે, તેથી તે ગાઢ સ્વરવડે તાણીતાણીને પોકાર કરે છે. તેને દેખીને મને બહુ ખેદ થાય છે. આ રોગાર્ત્ત આપણે આશ્રયે આવીને રહેલ છે." તેઓએ કહ્યું કે:-" અમે પણ તેને બરાડા પાડતાં સાંભળ્યો છે, આ બિચારાની અમે જરૂર

ચિકિત્સા કરશું. તેના પેટ ઉપર ડામ દેશું, તેથી તે સાજો થઈ જશે." વૃદ્ધાએ કહ્યું કેઃ—"તમારો વિચાર બરાબર છે."

બીજે દિવસે કથા કરવા માટે વિપ્ર આવ્યો, ત્યારે ચારે બંધુઓ અને તેનો બધો પરિવાર એકઠો થઈ ગયો, અને તેને નીચે પાડી નાખીને તેની ઉપર બેસી ગયા, અને આગ્રહ-પૂર્વક તેને ડામ દેવા લાગ્યા. વ્યાસજી બુમ પાડવા મંડ્યા, ત્યારે તેઓએ કહ્યું કેઃ—"હજુ મર્મસ્થળમાં ડામની બરોબર અસર થઈ નથી. તે સ્થળે ડામની અસર લાગશે, એટલે સુખેથી આંખો મીંચીને તં સુઈ જશે." વ્યાસ તે સાંભળી આંખો મીંચીને ચુપ થઈ ગયો અને શાંતિથી પડ્યો રહ્યો. વળી તેઓ બોલ્યા કેઃ—"અહીં જરા જોરથી ડામ દો, તપેલું લોઢું બરોબર દબાવીએ નહિ તો મર્મસ્થાનમાં ડામની અસર થતી નથી." આ પ્રમાણે ઈચ્છાપૂર્વક તે વ્યાસજીને કદર્થના કરીને તેઓએ છુટો કર્યો. જ્યારે તે બધા ડામ સુકાઈ ગયા, ત્યારે વ્યાસ પાછો પોતાના દેશમાં પોતાને ઘેર આવ્યો. લોકોએ પૂછયું કેઃ—"વ્યાસજી ! મરૂદેશમાં જઈને શું કમાઈ આવ્યા." તેણે હાસ્યપૂર્વક ડામ દેખાડીને કહ્યું કેઃ—"આ પદક મળ્યું. આ છાપ મળી."

સાર—સર્વને આ કથા સંભળાવીને શિખામણ આપવાની કેઃ-"ગુણ પણ ગુણવંત પાસે પ્રકટ થાય તો તે ગુણરૂપે પરિણમે છે, નિર્ગુણી પાસે પ્રકટ થતાં તે દોષરૂપ દેખાય છે. નદીનું પાણી સુંદર, સ્વાદવાળું અને મીઠું હોય છે, તે પણ સમુદ્રને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મળે એટલે અપેય, ખરાબ સ્વાદવાળું અને ખારૂં થઈ જાય છે; તેથી અયોગ્ય માણસો પાસે અને અયોગ્ય સ્થળે સ્વગુણોનો પણ પ્રકાશ કરવો નહિ."

# કથા ૫ મી.

## નિંદકની કથા.

"પરની નિંદા કરવી તે મહા પાપ છે. પારકી નિંદા કરનાર નહીં કરેલા એવા પાપથી પણ લીંપાય છે. તે ઊપર એક વૃદ્ધ ડોશીની પુરાણોક્ત કથા છે."

શાલિગ્રામમાં સુંદર નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે દયાળુ અને દાતા હતો. "જેને ઘેરથી આશાભંગ થઈને અતિથિ પાછો ફરે છે તે અતિથિ તેને પોતાનું પાપ આપતો જાય છે; અને નહિ દેનારના પુન્યનું હરણ કરતો જાય છે." આ પ્રમાણે શાસ્ત્રોક્ત વાકયોને તે શ્રેષ્ઠી જાણતો હતો, તેથી તે શ્રેષ્ઠી દીન, અનાથ, દરિદ્રી, રોગી, પથિક વિગેરે જે કોઈ આવે તેને દહીં, છાશ, દુધ, માખણ, વસ્ત્ર, અન્ન, આશ્રય, તેલ, ઘી, અભ્યંગ વિગેરે આપીને સર્વ ઉપર ઉપકાર કરતો હતો. તેના આવા કાર્યોથી તેની ઘણા દેશાવરોમાં દૂર સુધી કીર્ત્તિ ફેલાયેલી હતી. 'લોકો દાતાનેજ વાંછે છે, પણ અદાતા એવા ધનવાનને કોઈ ઈચ્છતું નથી. લોકો વરસાદ આવે તેમ ઈચ્છે છે, પણ સમુદ્ર આવે તેમ કોઈ ઈચ્છતું નથી."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેના પાડોશમાં રહેનારી એક વૃદ્ધ સ્ત્રી તેની હમેશાં નિંદા કરતી કે-"અહો ! આ વિદેશીઓને જમાડે છે પણ ધનના લોભથી કેટલાએકને તે ખવરાવીને ખાડામાં નાખી દે છે. વળી કેટલાએકની તો થાપણ રાખીને તે પાછી આપતો નથી, થાપણ મૂકનારા પરદેશમાં મરી જાય છે, અને આ શેઠને ઉત્સવ થાય છે. લાખો રૂપિયા લે છે, અને જુજ પાછું આપે છે. જાણ્યો એ શ્રેષ્ઠીને અને તેના ધર્મીપણાને ! " એક દિવસ રાત્રે કોઈ ક્ષુધાર્ત અને તૃષાતુર કાપડી તેને ઘેર આવ્યો. તે વખતે તે શ્રેષ્ઠીના ગ્રહમાં ખાવા લાયક ચીજ નહોતી તેમ પાણી પણ નહોતું; તેથી તે દાનવ્રતી શ્રેષ્ઠી કોઈ આભીરીને ઘેર જઈને છાશ લઈ આવ્યો, અને તેને પાઈ. તે અત્યંત તૃષાતુર કાપડી ત્યારપછી મરણ પામ્યો. તે છાશ જ્યારે ગોવાલણી માથે લઈને આવતી હતી ત્યારે છાશવાળા ઠામનું મુખ ઉઘાડું હોવાથી એક ગરૂડ પક્ષીએ પકડેલો સર્પ ઉંધો લટકતો હતો, તેના મુખમાંથી તે છાશમાં વિષ પડ્યું હતું, તેથી તેવી છાશ પીવાને લીધેજ કાપડી મૃત્યુ પામ્યો હતો.

સવારે તે કાપડીને મરેલો દેખીને વૃદ્ધા ડોશી આનંદ પામી અને બોલવા લાગી કે-"આ દાતારનું ચરિત્ર જુઓ. આ કાપડીનું મૃત્યુ તે તેના ધૂર્તપણાની નિશાની તુલ્ય છે. " એ અવસરે તે કાપડીની હત્યા ભમતી ભમતી વિચારતી હતી કે-"હું કોને ચોટું ? આ દાતારતો વિશુદ્ધ આત્માવાળો છે, સર્પ પણ અજ્ઞાની અને પરવશ છે, ગરૂડ પક્ષીનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્પને ખાવાનો ધર્મ છે, આભીરી (ગોવાળણી)સર્વથા અજ્ઞાન છે, તેથી મારે કોને લાગવું?" આ પ્રમાણે વિચાર કરીને હત્યાદેવી નિંદામાં તત્પર એવી પેલી વૃદ્ધા ડોશીને ચોટી; તેથી તરતજ તે ડોશી શ્યામ, કુબડી, કુટ્ટિની, કુસ્વરવાળી તથા બહેરી થઈ ગઈ. હત્યાએ સ્વસ્થ થઈને બધી હકીકત લોકોને કહી, અને સર્વ લોકોના સાંભળતાં તેણે એક પદ્ય કહ્યું. તેનો સાર એ હતો કે:–'માતા તો પુત્રની વીષ્ટા ઠીંકરામાં લે છે, પણ દુર્જન તો પારકો મળ તેની નિંદા કરવા વડે પોતાની જીભથી ગ્રહણ કરે છે, તેથી તે માતા કરતાં પણ વિશેષ છે.'

"આ વૃદ્ધા ડોશી બહુ નિંદા કરનાર હોવાથી પાપી છે, આ દાતા વિશુદ્ધ છે." આ પ્રમાણે સાંભળીને લોકોએ સત્ય હકીકત જાણીને નિંદારૂપ દુર્ગુણને પ્રાયે છોડી દીધો.

**સાર:**–નિંદા કરવાથી કાંઈ લાભ મળતો નથી. ઉલટો નિંદા કરનારજ સત્ય હકીકત બહાર પડતાં ફસાઈ જાય છે, અને માનહાનિ ભોગવવી પડે છે, માટે નિંદાનો સર્વેએ ત્યાગ કરવો. નિંદા કરવાની ટેવવાળા માણસની લોકોમાં પ્રાંતે બહુ અપકીર્તિ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૬ ડી.

## અતિ લાભ ન કરવા ઉપર કથા.

"અતિ લોભ કરવો નહિ; તેમ તદ્દન લોભ મુકી પણ દેવો નહિ. અતિ લોભથી ગ્રસાયેલા આત્માઓની બુદ્ધિ પ્રાયે અંધ થઈ જાય છે."

એક ગામમાં બે વૃદ્ધ ડોશીઓ રહેતી હતી, તેનાં બુદ્ધિ અને સિદ્ધિ એવાં નામ હતાં. તેઓની સ્થિતિ સારી નહોતી; તેથી હમેશાં દુઃખી અવસ્થામાંજ તેઓ રહેતી હતી. તે ગામની બહાર જરા દૂર ઈચ્છિત ધન દેવા માટે પ્રખ્યાત થયેલા સાધિષ્ઠાન યક્ષનું એક મંદિર હતું. એક વખતે બુદ્ધિ ડોશીએ તે યક્ષની સારી રીતે આરાધના કરવા માંડી. ત્રણે કાળ તે દેવમંદિરનું વાસીદું કાઢવા લાગી અને હમેશાં તેની પાસે બહુ ઉત્તમ નૈવેદ્ય ધરવા લાગી. યક્ષ તેની ભક્તિથી સંતુષ્ટ થયો અને બોલ્યો કે:-"હે બુદ્ધિ ડોશી! તું નિશ્ચિંત થા, હમેશાં મારા પગ ઉપર રહેલી અકેક સોનામહોર તને મળશે." તે દિવસથી તેને હમેશાં અકેક સોનામહોર મળવા લાગી; તેથી તે અધિક ઋદ્ધિવાળી થઈ. પહેલાં તે જીર્ણ વસ્રો પહેરતી હતી, તે પછીથી રેશમી અને ભારે વસ્ત્રો પહેરવાં લાગી. પ્રથમ તો કોદરા તથા કળથી ભારે મુશ્કેલીથી મળતી હતી, પછીથી સ્નિગ્ધ ઘૃતાદિ તથા દુધ વિગેરે ખાવા લાગી. પ્રથમ તે ઘાસની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઝુંપડીમાં ઘર કરીને રહેતી હતી પણ યક્ષની પ્રસાદી મેળવ્યા પછી બારીઓ તથા મેડીઓથી શોભતા મહેલમાં તે રહેવા લાગી. પ્રથમ ખાંડવું, દળવું, પાણી લાવવું વિગેરે પારકા ઘરનું દાસી તરીકે કામ કરતી હતી, પછીથી ઉત્તમ રૂપવંતી દાસીઓથી તે સેવાવા લાગી.

બુદ્ધિ ડોશીનો આવો વૈભવ દેખીને સિદ્ધિને તેની બહુ ઈર્ષ્યા આવી અને તે વિચારવા લાગી કે:–" આ બુદ્ધિને આવો વૈભવ કેવી રીતે કયાંથી પ્રાપ્ત થયો ? હું તેની સખી છું, તેથી તેની પાસે જઈને તેને વિશ્વાસ પમાડીને હું પૂછી લઉં. " આવો વિચાર કરીને સિદ્ધિ બુદ્ધિની પાસે ગઈ અને તેને પૃછયું કે:–" બ્હેન ! તમને આવી સમૃદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ ?" બુદ્ધિ ડોશી ભોળા હૃદયવાળી હતી, તેથી તેણે યક્ષની પ્રસાદીથી પ્રાપ્ત થયેલા વૈભવ સંબંધીની બધી હકીકત કહી બતાવી. સિદ્ધિ પોતાને ઘેર ગઈ. પછી તે દેવમંદિરમાં જઈને મંડલાદિકની રચના, આંગણામાં કુંકુમના સાથિયાની રચના, સ્નાન, વિવિધ પ્રકારના પુષ્પાદિકવડે પૂજન, ધૂપ પ્રગટન, નૈવેદ્ય ઢોકન, દાન, તપ વિગેરે આચરણાથી તેણે તે યક્ષની સવિશેષ આરાધના કરી. આ પ્રમાણે હમેશાં સેવા કરતાં તે યક્ષ પ્રસન્ન થયો અને તેણે સિદ્ધિને કહ્યું કે:–"હે પુન્યવતિ ! હું તારા ઉપર સંતુષ્ટ થયો છું. તારે જે જોઈએ તેની ઈચ્છાનુસાર માગણી કર." તેણીએ તે યક્ષને કહ્યું કે:–" જે તમે મારી સખી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બુદ્ધિને આપ્યું છે, તેના કરતાં મને બેવડું આપો.” “તથાસ્તુ” એમ કહીને યક્ષ અદૃશ્ય થયો. સિદ્ધિએ પણ બુદ્ધિ કરતાં અધિક વિભૂતિ મેળવી, અને તેના કરતાં વિશેષ શોભાને પામી.

બુદ્ધિએ સિદ્ધિને પોતાના કરતાં અધિક સમૃદ્ધિવાન્ થયેલી દેખીને ફરીથી તે યક્ષની સેવા કરી. યક્ષે ફરીથી સંતુષ્ટ થઇને તેને સિદ્ધિ કરતાં બેવડું ધનાદિ આપ્યું. ફરીથી વળી સિદ્ધિએ યક્ષની આરાધના કરી. તે તુષ્ટમાન થઇને બોલ્યો કે:–“માગ, માગ.” આ પ્રમાણેનાં યક્ષનાં વચનો સાંભળીને અત્યંત દ્વેષથી અંધ થઇ ગયેલી સિદ્ધિએ વિચાર કર્યો કે:– “જે કાંઈ પણ હું માગીશ, તે સર્વ મારા કરતાં બમણું બુદ્ધિ યક્ષને આરાધીને તેની પાસે માગશે. તે મારી ઉપર બહુ ઈર્ષ્યા રાખે છે અને સ્પર્ધા કરે છે; તેથી હવે હું એવું માગું કે જેનાથી તે મારા કરતાં દ્વિગુણ માગે તો તે તેને મોટો અનર્થ કરનાર થઈ પડે.” આમ વિચારીને તે સિદ્ધિએ માગણી કરી કે:–“હે યક્ષ દેવ ! મારી એક આંખ કાણી કરો.” યક્ષે કહ્યું “ તથાસ્તુ. ” સિદ્ધિ તરતજ કાણી થઈ; છતાં બહુ ઋદ્ધિ સહિત તે સર્વત્ર ભમવા લાગી. બુદ્ધિએ તેની સમૃદ્ધિ જોઈને ફરીથી યક્ષની આરાધના કરી, અને સિદ્ધિ કરતાં દરેક બાબત બમણી માગી. યક્ષે કહ્યું “ તથાસ્તુ. ” તેમ થતાં તે બુદ્ધિબાઈ બંને આંખે અંધ થઈ ગઈ.

**સાર:**–‘ અતિ લોભ તે પાપનું મૂળ. ’ બહુ લોભ કરવાથી અંતે સર્વનો મૂળમાંથી નાશ થાય છે. માટે લોભને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યજી દઈ સંતોષને સેવવો. તેના સેવનથી દરેક જાતના સુખ મળી શકે છે. વળી લોભી મનુષ્યમાં સદ્ગુણો હોય તે પણ દુર્ગુણો થઈ જાય છે; માટે લોભને તો દૂરથીજ નમસ્કાર કરવા.

# કથા ૭ મી.

## બુદ્ધિવૈભવ ઉપર રોહકની કથા.

'બુદ્ધિમાન્ મનુષ્યની મોટી ભક્તિથી આરાધના કરવી, પણ તેને કોપાવવો નહિ. બુદ્ધિમાન્ પુરૂષ સર્વ કાર્યોમાં રોહકાદિકની જેમ સહાય કરનાર થાય છે.'

માળવા દેશમાં ઉજ્જયિની નામે નગરી છે. તે નગરની નજીક એક નટોનું ગામ હતું. તેમાં **ભરત** નામે **નટ** રહેતો હતો. તેની પત્ની મરી ગઈ હતી. તેને **રોહક** નામનો એક દીકરો થયેલો હતો, પણ તે બાલ્યવયનો હતો. પોતાની તથા પોતાના પુત્રની સેવા કરવા માટે તે નટ તરતજ બીજી સ્ત્રી પરણ્યો. તે રોહકની અન્ન પાન વિગેરેની બરોબર ભક્તિ કરતી નહોતી. તેથી રોહકે તેને કહ્યું કે:-"માતા તમે મારી સાથે બરોબર સરખાઈથી વર્તતા નથી, તો તમારે સહન કરવું પડશે." તે સ્ત્રીએ ઇર્ષ્યાથી કહ્યું કે:-"અરે રોહક ! તું શું કરવાનો છું ?" રોહકે કહ્યું કે-"એવું કરીશ કે જેથી તું આવીને મારે પગે પડીશ." આમ કહ્યા છતાં તેની અવજ્ઞા કરીને તે સ્ત્રી ચુપ રહી. રોહકને પણ તે દિવસથી

આરંભીને અપર માતાને શિક્ષા આપવાનો ઘણો દ્રઢ આગ્રહ થઈ ગયો.

એક દિવસ રાત્રે તે અચાનક તેના બાપને કહેવા લાગ્યો કે–"અરે પિતાજી! પિતાજી! આ કોઈ પુરૂષ નાસીને ચાલ્યો જાય છે." આ પ્રમાણે તે બાળકનું વચન સાંભળીને તેના પિતાના મનમાં શંકા પડી કે–"ખરેખર! મારી પત્ની કુમાર્ગ-ગામિની હોવી જોઈએ." આ પ્રમાણેની શંકાને વશ થવાથી તેનો તેની ઉપરનો રાગ શિથિળ થયો. ત્યારથી તે તેની સાથે સારી રીતે બોલતો નહોતો, પુષ્પ તાંબુળાદિ તેને આપતો નહોતો, ખાનગી કહેવા લાયક વાતોથી તેને દૂર રાખતો હતો. તે સ્ત્રીએ આપ્રમાણે દેખીને વિચાર્યું કે–"ખરેખર, આ બધું આ બાળકનું જ ચેષ્ટિત દેખાય છે. નહિતો એકદમ મારામાં દોષનો અભાવ છતાં મારા પતિ મારાથી વિમુખ શા માટે થઈ જાય?" પછી તેણીએ રોહકને કહ્યું કે–"વત્સ! શું તારૂં આ કામ છે કે જેથી તારા પિતા મારાથી પરાડમુખ થઈ ગયા છે?" રોહકે કહ્યું કે–"તું કેમ મને સારી રીતે રાખતી નથી?" તેણીએ કહ્યું કે–"હવે પછીથી સારી રીતે રાખીશ." પછી બાળકે કહ્યું કે–"તો સારૂં, હવે ખેદ કરીશ નહિ, તારી સાથે મારા પિતા પ્રથમની જેમજ વર્તે તેવું કરી દઈશ." ત્યારપછીથી તે સ્ત્રી રોહકને સારી રીતે રાખવા લાગી. રોહક પણ એક દિવસ રાત્રીએ ચંદ્રમા પ્રકાશતો હતો ત્યારે પ્રથમની શંકા દૂર કરવા માટે બાળચેષ્ટા કરતાં કરતાં પોતાની છાયા આંગળીના અગ્ર-

બાળકે પિતાને દેખાડીને બોલ્યો કે–"અરે પિતાજી ! જુઓ આ પુરૂષ જાય છે, જાય છે!" તેણે તેમ કહ્યું, એટલે તરતજ તેનો પિતા પરપુરૂષના પ્રવેશને નિવારવા અને તેનો નાશ કરવા તીક્ષ્ણ અણીવાળું શસ્ત્ર ઉપાડીને દોડ્યો અને બાળકને પૂછવા લાગ્યો કે–"અરે પુત્ર ! બોલ, કયાં તે જાય છે ? " પછી તે રોહકે બાળચેષ્ટા કરતાં કરતાં અંગુળીવડે પોતાની છાયા દેખાડીને કહ્યું કે–"પિતાજી ! આ જુઓ તે માણસ જાય છે." તે દેખીને લજ્જા પામી તેનો પિતા પાછો વળ્યો અને અંતઃકરણમાં વિચારવા લાગ્યો કે–"પહેલાં પણ આવોજ પુરૂષ દીઠો હશે, બાળકના વચનથી મારી પત્નીને મેં વ્યભિચારિણી ચિંતવી અને તેની સાથે રાગ ઓછો કર્યો તેથી મને ધિક્કાર છે ! " પછી પશ્ચાત્તાપપૂર્વક તેના ઉપર પ્રથમ કરતાં પણ અધિક રાગવાળો તે થયો. રોહકે વિચાર્યું કેઃ– "મેં આ સ્ત્રીનું વાંકું કર્યું છે તેથી ખેદ પામેલી તે કોઈ વખત મને મારી નાખશે." આમ વિચારીને તે હમેશાં પોતાના પિતાની સાથેજ જમતો હતો,એકલો જમતો નહોતો.

એક દિવસ તે તેના પિતા સાથે ઉજ્જયિની ગયો. પોતાના ગામ જેવીજ ઉજ્જયિનીને દેખીને વિસ્મિત મનવાળો તે રોહક આસપાસ જોતો વિચાર કરવા લાગ્યો. પછી પિતાની સાથે તે નગર બહાર નીકળ્યો. તે વખતે 'હું કાંઈક ભૂલી ગયો.' તેમ યાદ આવવાથી ક્ષિપ્રા નદીના કાંઠા ઉપર તેને બેસાડીને તેનો પિતા તે વસ્તુ લાવવા માટે પાછો ઉજ્જયિનીમાં ગયો.

રોહકે નદીતીરે બેસીને ક્ષિપ્રાની રેતીમાં બાળપણાની ક્રિડા કરતાં ચિત્રામણ કાઢી આખી ઉજ્જયિની નગરી ચીતરી. તેવામાં ઉજ્જયિનીનો રાજા અશ્વક્રીડા કરતો એકલો તે સ્થળે આવ્યો. રાજા તેનો ઘોડો રોહકે આળેખેલી ઉજ્જયિનીની વચ્ચે થઇને ચલાવવા લાગ્યો. તે દેખીને રોહકે કહ્યું કે:–"અરે રાજપુત્ર! આ રસ્તે થઈને ઘોડો ચલાવશો નહિ." રાજાએ પૂછયું કે:– "કેમ?" રોહકે કહ્યું કે:– "શું તમે આ રાજકુળ વિગેરે દેખતા નથી?" પછી કૌતુકથી રાજાએ અશ્વ ઉપરથી ઉતરીને ચિત્રામણ જોયું, તો આખી નગરી ચિત્રેલી તેણે જોઈ. તેણે તે બાળકને પૂછયું કે:–"અરે! તેં પહેલા કોઈ વખત આ નગરી જોઈ હતી?" રોહકે કહ્યું કે:–"કોઈ વખત જોઈ નહોતી, આજેજ મારે ગામથી હું અહીં આવેલ છું." રાજાએ તે સાંભળીને વિચાર્યું કે:–"અહો! આ બાળકનું બુદ્ધિકૌશલ્ય કેટલું છે?" પછી રાજાએ રોહકને પૂછયું કે:-"વત્સ! તારૂં નામ શું? અને તું કયા ગામનો રહેવાસી છું?" રોહકે કહ્યું કે:–"મારૂં નામ રોહક છે અને પાસેના ગામમાં હું રહું છું." આ સમયે રોહકનો બાપ નગરીમાંથી આવ્યો. બંને પછી પોતાનાં ગામ તરફ ચાલ્યા.

રાજા સ્વસ્થાને જઈને વિચારવા લાગ્યો કે:–"મારે પાંચશેમાં એક મંત્રી ઓછો છે, જો આ રોહકને સર્વ મંત્રી મંડળમાં શ્રેષ્ઠ મંત્રીપદે સ્થાપીને મહાબુદ્ધિશાળી એવા તેને પ્રથમ મંત્રી કરૂં, તો મારૂં રાજ્ય બહુ સારી રીતે ચાલે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાયે બુદ્ધિબળથી યુક્ત એવા રાજા અલ્પ બળવાળો હોય તો પણ બહુજ બળવાળા અલ્પબુદ્ધિથી જીતી શકાતો નથી. પરંતુ બુદ્ધિબળવાળો સુખેથી લીલા માત્રમાં વિજય પ્રાપ્ત કરેછે."

આ પ્રમાણે વિચાર કરીને કેટલાક દિવસ પછી રોહકની બુદ્ધિની પરીક્ષા કરવા માટે સામાન્ય રીતે તે ગામના મુખ્ય પુરૂષોને ઉદ્દેશીને તેણે હુકમ મોકલ્યો કે:–"તમારા ગામની બહાર એક મોટી શિલા છે, તેને ઉપાડીને રાજાના મંડપને યોગ્ય એવી તેની છત્રી બનાવરાવો." આવા રાજાનો હુકમ આવવાથી રાજાનો તે હુકમ અશક્ય છે તેમ વિચારીને સર્વે મનમાં આકુળવ્યાકુળ થઈગયા, નગરની બહાર તેઓ એકઠા થયા અને પરસ્પર પૂછવા લાગ્યા કે:–"રાજાના આ હુકમનું શું કરવું ? રાજાનો આ આદેશ દુષ્કર છે, તે કાર્ય કોઈ રીતે બની શકે તેમ નથી; પરંતુ જો તેના આદેશાનુસાર કરશું નહિ તો પણ મોટો અનર્થ થવા સંભવ છે." આ પ્રમાણે આકુળ વ્યાકુળ થયેલા તે સર્વેને વિચાર કરતાં કરતાં મધ્યાન્હ થયો. રોહક તેના બાપની સાથેજ જમતો હતો, અને તેનો પિતા તો ગામના લોકો એકઠા થયા હતા ત્યાં ગયો હતો, તેથી ભોજનનો સમય થયો તોપણ તે આવ્યો નહિ, તેથી રોહક તેના બાપ પાસે ગયો અને રોતો રોતો કહેવા લાગ્યો કે:–"હું બહુ ક્ષુધાથી પીડાઉં છું, તેથી ભોજન માટે એકદમ ઘેર ચાલો." તેના બાપ ભરતે કહ્યું કે:–"વત્સ ! તું બાળક હોવાથી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુખી છો, આપણા ગામ ઉપર આવેલ કષ્ટ તું જાણતો નથી.” રોહકે પૂછયું કે:-“શું કષ્ટ આવ્યું છે?” ભરતે તેને રાજાનો હુકમ સવિસ્તર કહી સંભળાવ્યો. બુદ્ધિની વિશિષ્ટતાથી તરતજ કાર્યસિદ્ધિનું તાત્પર્ય જાણીને રોહક બોલ્યો કે:-“તમે આમાં આકુળવ્યાકુળ શા માટે થાઓ છો? તે શિલાની નીચે રાજાને યોગ્ય મંડપ થાય તેટલું ખોદો, યથાસ્થાને સ્તંભો ગોઠવો, અને ભિંત વિગેરેને કળીચુના વિગેરેથી તથા ચિત્રામણથી શણગારીને શોભીતી અતિ રમણિક બનાવી રાજાને ખબર આપો.” તેનું આ કથન સાંભળીને સર્વેએ કહ્યું કે:-“બરોબર, બરોબર.” પછી બધા લોકો સ્વગૃહે ભોજન લેવા ગયા. જમીને તે શિલાવાળી જગ્યાએ બધા આવ્યા અને રોહકે કહ્યું પ્રમાણે કાર્ય આરંભ્યું. કેટલેક દિવસે તે મંડપનું કાર્ય પૂર્ણ થયું. અને તે મંડપની ઉપર શિલા આચ્છાદન રૂપ થઈ ગઈ. રાજાએ નિયોજેલા માણસોએ જઈને રાજાને કહ્યું કે:-“મહારાજ! તે ગામના લોકોએ આપની આજ્ઞાનુસાર મંડપ તૈયાર કર્યો છે.” રાજાએ પૂછયું:-“કેવી રીતે તૈયાર કર્યો?” પછી બધાએ મંડપ જે પ્રમાણે બનાવ્યો હતો તે સમગ્ર હકીકત રાજાને કહી. રાજાએ પૂછયું કે:-“આ કાર્ય કોની બુદ્ધિથી થયું?” તેઓએ કહ્યું કે:-“ભરતના પુત્ર રોહકની બુદ્ધિથી આ કાર્ય કરવામાં આવ્યું છે.”

પછી ફરીથી રોહકની બુદ્ધિની પરીક્ષા કરવા માટે રાજાએ એક મેંઢાને મોકલ્યું અને કહેવરાવ્યું કે:-“આ ઘેટું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાલમાં એક પલ પ્રમાણ વજનમાં છે, પંદર દિવસ પછી પણ તેટલાને તેટલાજ વજનવાળું તેને રાખીને અત્રે મોકલજો, તે વજનમાં વધે પણ નહિ અને ઘટે પણ નહિ તેમ કરજો." આ પ્રમાણેનો રાજાનો હુકમ આવવાથી લોકો બધા આકુળવ્યાકુળ થયા અને ફરીથી તે બાબતનો વિચાર કરવા એકઠા થયા; રોહકને પણ વિચાર કરવા માટે માનપૂર્વક તેઓએ બોલાવ્યો. અગ્રેસર પુરૂષોએ રોહકને કહ્યું કે:–"વત્સ! પહેલાં પણ રાજાના આદેશરૂપી દુર્લંઘ્ય સમુદ્રથી તારી બુદ્ધિરૂપી સેતુવડે તેં અમને સર્વને તાર્યા છે, અત્યારે પણ તારી બુદ્ધિથી ઉત્તમ સેતુ બાંધ, કે જેના ઉપયોગથી રાજાના આ નવા આદેશરૂપ સમુદ્રને પણ આપણે તરી જઈએ." તે સાંભળીને રોહકે કહ્યું કે–"એક વરૂને પાસે રાખો અને ઘાસ વિગેરે સારી રીતે આને ખવરાવીને પુષ્ટ કરો, ઘાસાદિ ખાવાથી તે દુર્બળ થશે નહિ અને વરૂને દેખીને તે પુષ્ટ થશે નહિ." તેઓએ તે પ્રમાણે કર્યું. પખવાડીઉં પૂર્ણ થયું એટલે તે ઘેટો તેઓએ રાજા પાસે મોકલી દીધો. તેનો તોલ કરતાં તે પ્રથમની જેટલોજ તોલમાં થયો.

વળી કેટલાક દિવસ પછી રાજાએ એક કુકડો મોકલ્યો, અને કહેવરાવ્યું કે–"આ કુકડાને બીજા કુકડા વિના યુદ્ધ કરાવજો." આ પ્રમાણે રાજાનો હુકમ આવવાથી ફરીથી સર્વે એકઠા થયા. રોહકને તેઓએ બોલાવ્યો. રાજાજ્ઞા તેને સંભળાવી. તરતજ રોહકે એક મોટો કાચ મંગાવ્યો અને તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બરોબર સારી રીતે સાફ કરાવ્યો. પછી તે કાચને તે કુકડા પાસે મૂકયો; એટલે તે રાજાનો કુકડો પોતાનું જ પ્રતિબિંબ કાચમાં દેખીને "આ મારો પ્રતિપક્ષી બીજો કુકડો આવ્યો છે" તેમ માનીને અહંકારપૂર્વક તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. 'તિર્યંચો ઘણું કરીને જડ બુદ્ધિવાળા હોય છે.' આ પ્રમાણે બીજા કુકડા વગર પણ તે રાજ્ય તરફથી આવેલા કુકડાને યુદ્ધ કરતો જોઈને સર્વે લોકો વિસ્મિત થયા. રાજાને તે હકીકત નિવેદન કરવામાં આવી.

વળી કેટલાક દિવસ પછી રાજાએ હુકમ મોકલ્યો કે—"તમારા ગામમાં અતિ સુંદર વેળુ (રેતી) છે, તેથી તે સુંદર વેળુમાંથી કેટલાક સારા દોરડાં બનાવરાવીને અત્રે મોકલજો." આવો રાજાનો હુકમ આવવાથી ફરીથી સર્વે એકઠા થયા, અને રોહકને પૂછયું. તેણે રાજાને પ્રત્યુત્તર કહેવરાવ્યો કે—"અમે તો નટ છીએ, નૃત્યાદિ જાણીએ છીએ, દોરડાં કેવાં હોય તે જાણતા નથી, પરંતુ રાજાના હુકમનો તો અવશ્ય અમલ કરવોજ જોઈએ, માટે રાજદરબાર મોટો છે, ત્યાં જુના વખતના ઘણા વેળુનાં દોરડાં પડ્યાં હશે, તેમાંથી એક દોરડું નમુના તરીકે અત્રે મોકલજો, તેથી તે નમુના પ્રમાણે નવાં વેળુનાં દોરડાં બનાવીને અમે મોકલશું." રાજપુરૂષોએ આ સંદેશો રાજાને કહ્યો. રાજા નિરૂત્તર થઈ ગયો અને કાંઈ પણ પ્રત્યુત્તર મોકલી શકયો નહિ.

વળી કેટલાક દિવસ પછી એક રોગગ્રસ્ત મરી જાય તેવા વૃદ્ધ હસ્તીને તે ગામ મોકલ્યો અને કહેવરાવ્યું કે—"આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાથી મરી જાય તોપણ મરી ગયો છે એવા સમાચાર કહેવરાવશો નહિ, અને તેના સમાચાર હમેશાં કહેવરાવજો, જો હમેશાં નહિ કહેવરાવો તો ગામનો મોટો દંડ કરવામાં આવશે." આવો હુકમ આવવાથી ગામના લોકો એકઠા થયા અને રોહકને તે બાબતમાં શું કરવું તે પૂછયું. તેણે કહ્યું કે-"આ હાથીને ઘાસાદિ ખવરાવો, પછી જે યોગ્ય હશે તે કરશું." રોહકના કથનાનુસાર તેઓએ તેને ઘાસાદિ નાખ્યું, છતાં રાત્રે તે હાથી મરણ પામ્યો. પછી રોહકના વચનથી ગામના અગ્રપુરૂષોએ રાજા પાસે જઈને કહ્યું કે-"મહારાજ! આજે તે હસ્તી બેસતો નથી, ઉઠતો નથી, ઘાસ ખાતો નથી, નિહારાદિ કરતો નથી, ઉચ્છ્વાસ નિઃશ્વાસ મુકતો નથી, શું કહીએ? કોઈ પણ જાતની ચેષ્ટા હાલ તે કરતો નથી." ત્યારે રાજાએ પૂછયું કે-"શું તે હસ્તી મરી ગયો?" ત્યારે તે લોકોએ કહ્યું કે-આપ તેમ કહી શકો છો, અમે તેમ કહેતા નથી." તેઓએ આ પ્રમાણે કહ્યું, એટલે રાજાએ મૌનનું અવલંબન કર્યું. ગામના લોકો સ્વગૃહે ગયા.

વળી ફરીથી રાજાએ આદેશ મોકલ્યો કે-"તમારા ગામમાં સ્વચ્છ સ્વાદીષ્ટ જળથી ભરેલો કુવો છે તે અત્રે તાકીદે મોકલવો." આ હુકમના અમલ માટે ગ્રામ્યલોકોએ રોહકને પૂછયું. તેણે પ્રત્યુત્તર કહેવરાવ્યો કે-"અમારો ગામડાનો કુવો સ્વભાવથી બહુ શરમાળ અને બીકણ હોય છે, તે પોતાની જાતિના કુવા વગર અન્ય કોઈનો વિશ્વાસ કરતો નથી, તેથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગરના કોઈ એક કુવાને અત્રે મોકલજો, જેથી તેના ઉપરના વિશ્વાસથી તેની સાથે અમારો કુવો તરતજ ત્યાં આવશે." આ પ્રમાણે રાજસેવકોને નિરૂત્તર કરીને પાછા મોકલ્યા.તેઓએ તે હકીકત રાજાને નિવેદન કરી. પોતાના અંતઃકરણમાં રોહકની બુદ્ધિના અતિશાયીપણાના વખાણ કરતો રાજા મૌન ધારી રહ્યો.

વળી કેટલાક દિવસ પછી "ગામના પૂર્વ દિશાના વનખંડને પશ્ચિમ દિશામાં ફેરવી નાખજો." આવો રાજાનો હુકમ થવાથી રોહકને પૂછીને ગ્રામ્ય લોકોએ પોતાનો રહેવાસ વનખંડની પૂર્વ દિશાએ ફેરવી નાખ્યો, તેથી ગામની પશ્ચિમ દિશામાં વન આવી ગયું. તે હકીકતની રાજાને ખબર આપવામાં આવી.

વળી ફરીથી રાજાએ કહેવરાવ્યું કે-"અગ્નિ વિના ક્ષીર રાંધીને મોકલજો." તેથી સર્વેએ એકઠા થઈને રોહકને તે બાબતમાં પૂછયું. રોહકે કહ્યું કે-"ચોખાને પાણીથી પલાળીને સૂર્યના કિરણોથી ગરમ થઈ ગયેલા ઘાસ તથા પલાલાદિની ગરમીમાં ચોખાથી ભરેલી થાળી મૂકવી, એટલે ખીર રંધાઈ જશે." તેઓએ તે પ્રમાણે કર્યું. ક્ષીર તૈયાર થઈ, રાજાને તે હકીકત નિવેદન કરી. તે સાંભળીને રાજા ચિત્તમાં બહુ ચમત્કાર પામ્યો.

પછી રાજાએ રોહકનો અતિશય બુદ્ધિવૈભવ માનીને તેને બોલાવવા માટે હુકમ મોકલ્યો કે-"જે બાળકે મારા પ્રાય:

બધા આદેશો પોતાના બુદ્ધિબળથી અમલમાં મૂક્યા, તેણે અવશ્ય અત્રે આવવું, પરંતુ તેણે શુક્લ પક્ષ અગર કૃષ્ણ-પક્ષમાં આવવું નહિ, રાત્રે અગર દિવસે આવવું નહિ, છાયા અગર તાપમાં આવવું નહિ, અધર ઉડતા આવવું નહિ, તેમ પગે ચાલીને પણ આવવું નહિ, માર્ગે અગર ઉન્માર્ગે આવવું નહિ, નાહીને તેમજ નાહ્યા વગર આવવું નહિ." આ પ્રમાણેનો હુકમ આવવાથી રોહકે કંઠ સુધી સ્નાન કર્યું અને બળદગાડીના બે પૈડાના વચલા ભાગ ઉપર એક ઘેટાને નીચે રાખી તેના ઉપર બેસીને માથે ચાલણીને છત્ર તરીકે રાખીને અમાવાસ્યા અને એકમના સંગમના સમયે સંધ્યાકાળે રાજા પાસે આવ્યો. વળી "ખાલી હાથે રાજા, દેવ અને ગુરૂ પાસે જવું નહિ." તેમ વિચારીને હાથમાં માટીનો પિંડ રાખી તે નજરાણા તરીકે મૂક્યો. રાજાએ રોહકને પૂછયું કે:-"અરે રોહક! આ આ શું?" તેણે કહ્યું કે:-"મહારાજ! આપ પૃથ્વીના નાથ છો, તેથી આ પૃથ્વીપિંડ હું સાથે લાવ્યો છું." આ પ્રમાણે પ્રથમ દર્શનમાંજ માંગળિક શબ્દ સાંભળીને રાજા સંતોષ પામ્યો. બીજા ગામના લોકો પોતાને ગામ ગયા.

રોહકને રાજાએ પોતાની પાસે સુવાડયો. રાત્રીના પ્રથમ પહોર ગયો, ત્યારે રાજાએ રોહકને પૂછયું કે:-"અરે રોહક! જાગે છે કે ઉંઘે છે?" રોહકે કહ્યું કે:-" મહારાજ! જાગું છું." રાજાએ પૂછયું કે:-" શું વિચાર કરે છે ?" રોહકે કહ્યું કે:-" પીપળાના પાંદડામાં શું મોટું? દાંડલી

કે શિખા? તે બાબતનો હું વિચાર કરતો હતો." રાજા પણ તે બાબતનો સંશય થવાથી બોલ્યો કે:–" તેં વિચાર બહુ સારો કર્યો, પણ તેનો નિર્ણય શું કર્યો ?" રોહકે કહ્યું કે:–"જ્યાં સુધી શિખાનો અગ્રભાગ સુકાતો નથી, ત્યાં સુધી બંને સરખા હોય છે." રાજાએ આનંદ પામીને પાસે રહેલા ઓને તે હકીકત પૂછી, તે બધાએ પણ તે કબુલ કર્યું. પછી રોહક સુઇ ગયો.

વળી ફરીથી રાત્રીના બીજે પ્રહરે રાજાએ પૂછયું કે:–"અરે રોહક ! જાગે છે કે ઉંઘે છે?" "તેણે કહ્યું:–"મહારાજ ! જાગું છું." રાજાએ પૂછયું:–"શું વિચાર કરે છે ?" રોહકે કહ્યું કે:–"દેવ ! બકરીના પેટમાં લીંડીઓ ગોળ કેમ થઈ જાય છે ?" આ પ્રમાણે કહેવાથી રાજાને પણ તે વાતનો સંશય થયો. તેથી તેણે રોહકને જ પૂછયું કે:–" તે કેમ થતી હશે ?" રોહકે કહ્યું કે:–" મહારાજ ! તેના ઉદરમાં સંવર્તક નામનો ફરતો પવન હોય છે, તેને લીધે લીંડીઓ ગોળ થઈ જાય છે." પછી તે સુઈ ગયો.

ત્રીજે પ્રહરે રાજાએ તેજ પ્રમાણે પૂછવાથી રોહકે કહ્યું કે:–"મહારાજ ! હું જાગું છું." રાજાએ પૂછયું કે:– "શું વિચાર કરતો હતો ?" તેણે કહ્યું કે:–"દેવ ! ખીસકો-લીનું શરીર જેવડું જ પુંછડું હોય કે કાંઈ ન્યૂનાધિક હોય?" એટલે તેનો નિર્ણય કરવાને અશકત રાજાએ તેનેજ

પૂછયું કે:–"પછી તેનો શું નિર્ણય કર્યો?" તેણે કહ્યું કે:–" મહારાજ ! બંને સરખા હોય છે." પછી તે સૂઈ ગયો.

ચોથા પ્રહરે પ્રભાત થયું, મંગળ ધ્વનિ ગવાવા લાગ્યા, અને સર્વ સ્થળે અજવાળું પ્રસરવા માંડયું. ત્યારે રાજા જાગૃત થયા અને રોહકને બોલાવ્યો. અતિશય નિદ્રામાં લીન થઈ જવાથી કાંઈ પણ પ્રત્યુત્તર તેણે આપ્યો નહિ. તેથી રાજાએ રમવાની લાકડીવડે જરા તેને સ્પર્શ કર્યો કે તરતજ તે સાવધાન થઈ ગયો. રાજાએ પૂછયું કે:–" કેમ ઉંઘી ગયો હતો કે ? " તેણે કહ્યું કે:–" દેવ ! હું જાગતો હતો." રાજાએ પૂછયું કે:–"ત્યારે શું વિચાર કરતો હતો?" તેણે કહ્યું કે:–"મહારાજ! હું વિચાર કરતો હતો કે આ રાજાને કેટલા બાપ હશે ?" તેણે આમ કહ્યું, તેથી થોડીવાર લજ્જાથી રાજા મૌન ધારીને રહ્યો. એક ક્ષણ પછી આશ્ચર્ય થવાથી તેણે પૂછયું કે:–" અરે રોહક ! બોલ, મારા કેટલા બાપ ?" રોહકે કહ્યું કે:–"તમારે પાંચ બાપ છે." રાજાએ પૂછયું કે:–" કોણ, કોણ?" રોહકે કહ્યું કે:–" એક તમારો બાપ કુબેર છે, કે જેને લીધે તમારામાં દાનની શકિત દેખાય છે. બીજો તમારો બાપ ચાંડાળ છે, કારણ કે વૈરીસમૂહ ઉપર ચાંડાળની જેમ તમે કોપ દર્શાવો છો. ત્રીજો તમારો બાપ ધોબી છે, કારણ કે ધોબી વસ્ત્રને નીચોવી નાખે છે, તેવી રીતે લોકોનું સર્વસ્વ તમે હરણ કરી લેતા દેખાઓ છો. ચોથો તમારો બાપ વીંછી છે, કે કારણમારી જેવા ભરનિદ્રામાં સુતેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાળકને ક્રીડાયષ્ટિ વડે વીંછીની જેમ નિર્દય રીતે તમે પીડો છો. પાંચમા બાપ તમારા પિતા છે, કે જેને લીધે યથાવસ્થિત ન્યાય અને રાજ્યનું તમે પરિપાલન કરો છો." આ પ્રમાણે રોહકે કહ્યું, તે સાંભળીને રાજા મૌન રહ્યો અને પ્રાતઃ કૃત્યાદિ કરવામાં પ્રવર્ત્ત થયો. પછી માતાને નમસ્કાર કરીને એકાંતે તેણે તેને પૂછયું કે:–"માતા કહો, મારે કેટલા બાપ છે?" માતાએ કહ્યું કે:–"વત્સ! આવું શા માટે પૂછે છે? તારા પિતાથીજ તારો જન્મ થયો છે." પછી રોહકે જે કહ્યું હતું તે રાજાએ બધું માતાને કહી સંભળાવ્યું અને કહ્યું કે:–"માતા! પ્રાયે તે રોહક જૂઠું બોલતો નથી, તેથી સાચી હકીકત હોય તે કહો." આ પ્રમાણે રાજાએ અત્યંત આગ્રહ કર્યો, ત્યારે તેની માતાએ કહ્યું કે:–"જ્યારે તું ગર્ભમાં હતો, ત્યારે બહારના ઉદ્યાનમાં વૈશ્રવણ (કુબેર) ની પૂજા કરવા હું ગઈ હતી, તે યક્ષને અતિશય સ્વરૂપવાન્ દેખીને તેના હસ્તનો મેં સ્પર્શ કર્યો, તે વખતે કામદેવનો મને ઉન્માદ થયો હતો અને તેની સાથે વિષયવિલાસ ભોગવવાની મેં ઇચ્છા કરી હતી. તે વખતે એક ચાંડાળ યુવાન અતિશય રૂપવંત ત્યાં આવ્યો, તેથી તેની સાથે પણ ભોગ ભોગવવાની સ્પૃહા મને થઈ હતી. પછી હું અહીં પાછી આવતી હતી ત્યારે ધોબીને દેખીને પણ મને તેવીજ અભિલાષા થઈ હતી. પછી હું ઘેર આવી, તે સમયે ઉન્માદવશવર્તી મેં નાગરવેલનું પાન ખાવા હાથમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લીધું. તેની ઉપર એક વીંછી હતો, તેનો મને સ્પર્શ થયો, તે વખતે કામના અત્યુદ્રેક પણાથી તેની સાથે ભોગ ભોગવવાની પણ મને ઈચ્છા થઈ ગઈ. આ પ્રમાણે સ્પૃહા માત્રથીજ તે તારા પિતા છે, બાકી ખરા તો તારા પિતા છે તેજ છે કે જે વાત જગત્પ્રસિદ્ધ છે." આ પ્રમાણેની માતાએ કહેલી હકીકત સાંભળીને રાજાએ નમસ્કાર કર્યો. પછી રોહકના બુદ્ધિચાતુર્યથી મનમાં વિસ્મિત થતો તે પોતાના આવાસે ગયો. અને સર્વે મંત્રીઓમાં અગ્રેસર પ્રથમ મંત્રીપદે તેને સ્થાપ્યો.

સાર–બુદ્ધિ પૂર્વકૃત કર્મનું ઉત્કૃષ્ટ ફળ છે. જ્ઞાનદાનાદિથી આવી રોહક જેવી શ્રેષ્ઠ બુદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. આવી બુદ્ધિથી સર્વત્ર પૂજનિક થઈ શકાય છે. આવી બુદ્ધિ સર્વદા પ્રાપ્ત થાય તેવી જાતનો પ્રયત્ન જ્ઞાનની ભક્તિ વિગેરેથી અવશ્ય કરવો. તે આ કથા વાંચવાનો સાર છે.

# કથા ૮ મી.

## બુદ્ધિપ્રાગલ્ભ્ય ઉપર ક્ષુલ્લકની કથા.

બેનાતટ નગરમાં કોઈ એક દિગંબર સાધુએ શ્વેતાંબર ક્ષુલ્લક સાધુને પૂછયું કે–"અરે ક્ષુલ્લક! તમારા અરિહંત સર્વજ્ઞ છે, તમે તેના પુત્ર છો, તો તમે કહો કે આ નગરમાં કેટલા કાગડાઓ વસે છે?" ક્ષુલ્લકે વિચાર કર્યો કે–"શઠની

સાથે શઠપણું કરીનેજ હરાવવો. ” પછી તે બોલ્યો કે-“આ બેનાતટ નગરમાં સાઠ હજાર કાગડાઓ વસે છે. કદિ તેમાંથી ઓછા થાય તો તેટલા બીજે ચરવા ગયા છે એમ સમજજો અને વધે તો પ્રાહુણાઓ-અતિથિઓ આવેલા છે એમ સમજજો.” તેવો ઉત્તર સાંભળીને પ્રત્યુત્તર દેવાને અશક્ત તે ભિક્ષુક જાણે કે કોઇએ મસ્તક ઉપર લાકડીનો પ્રહાર કર્યો હોય તેવી રીતે માથું ખંજવાળતો ચુપ થઈને ચાલ્યો ગયો.

સાર-ક્ષુલ્લકે દિગંબરને યુક્તિવાળો જવાબ આપી બોલતો ચુપ કરી દીધો, તેવી યુક્તિ વાપરતાં આવડવી જોઇએ.

## કથા ૯ મી.

### બુદ્ધિપ્રાગલ્ભ્ય ઉપર ગજતોલનની કથા.

વસંતપુર નગરમાં કોઈ રાજાએ બહુ નિપુણ બુદ્ધિવાળા મંત્રીને શોધવા માટે રાજમાર્ગમાં એક મોટા હસ્તીને આલાન સ્તંભે બાંધીને આ પ્રમાણે ઉદ્ઘોષણા કરાવી કે-“જે આ હસ્તીનો તોલ કરી આપશે, તેને રાજા મોટો પગાર આપી નોકરીમાં રાખશે. ”આવી પટહોદ્ઘોષણા સાંભળીને કોઈ એક બુદ્ધિશાળી પુરૂષે તે હાથીને એક મોટા તળાવમાં લઈ જઇ વહાણ ઉપર ચડાવ્યો. હસ્તી જ્યારે બરોબર વહાણ ઉપર ચડી ગયો ત્યારે તે વહાણ જેટલું પાણીમાં ડુબ્યું તેટલા ઉપર નિશાની કરી લીધી; ને હસ્તીને વહાણમાંથી ઉતારી લીધો. પછી તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વહાણમાં જ્યાં સુધી નિશાની પ્રમાણે વહાણ પાણીમાં ડુબ્યું ત્યાં સુધી પથરા ભર્યા. અને તે બધા પથરા બહાર કાઢીને તોળ્યા. પછી તે સર્વનો એકઠો સરવાળો કરીને રાજાને કહ્યું કે–"મહારાજ ! હસ્તીનું આટલા પલ પ્રમાણ વજન છે." તે સાંભળીને રાજા સંતુષ્ટ થયો અને સર્વ મંત્રીઓમાં અગ્રેસર મંત્રી તરીકે મોટા પગારથી તેને નિયુક્ત કર્યો.

સાર–બુદ્ધિવાન્ માણસ જે ધારે તે બુદ્ધિ વાપરીને કરી શકે છે. અને તેવી બુદ્ધિ પ્રાપ્ત થવી તે જ્ઞાનારાધનનું ફળ છે.

# કથા ૧૦ મી.

## બુદ્ધિપ્રાગલ્ભ્ય ઉપર શોક્ય (સપત્ની) ની કથા.

એક નગરમાં એક વણિક રહેતો હતો, તેને બે પત્ની હતી. તેમાંથી એકને પુત્ર હતો, અને બીજીને પુત્ર નહોતો, પરંતુ તે બીજી પણ તે પુત્રનું સારી રીતે પાલન કરતી હતી. પુત્રને 'આ મારી માતા, આ નહિં' તેમ બરોબર ખબર પણ નહોતી. એક વખતે તે વણિક પુત્ર અને બંને પત્નીઓને લઇને પરદેશમાં ગયો. ત્યાં ગયા પછી તે મૃત્યુ પામ્યો. ત્યારપછી તે બંને પત્નીઓ વચ્ચે કળહ થયો. એક કહે કે:–"આ મારો પુત્ર છે." બીજી પણ તેમજ કહેતી હતી. એક કહેતી કે:–"હું ઘરની સ્વામિની છું." બીજી કહેતી:–"હું સ્વામિની છું." આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાણે બંનેને કળહ થયો, તેથી તેઓએ રાજદરબારમાં ફરિયાદ નોંધાવી. તેની ફરિયાદ સાંભળી વિચાર કરી બુદ્ધિવંત પ્રધાને પોતાના સેવકોને હુકમ કર્યો કે:–"અરે ! પહેલાં બધા દ્રવ્યના બે ભાગ પાડો પછી આ બાળકના પણ તરવારથી બે ભાગ કરીને એક ભાગ એકને, અને બીજો ભાગ બીજી સ્ત્રીને આપો." મગજમાં હજારો જ્વાળા સળગે તેવું, અને વજ્રના પાતતુલ્ય અમાત્યનું આ વચન સાંભળીને તે પુત્રની ખરી માતા હૃદયમાં શલ્ય પેઠું હોય તે પ્રમાણે કંપાયમાન થતી દુઃખથી આકુળવ્યાકુળ થઈ જઈને બોલી કે:–" અરે સ્વામિન્ ! અરે મહામંત્રી! આ મારો પુત્ર નથી, મારે તેનું કાંઈ પ્રયોજન પણ નથી. આ મારી બીજી બ્હેનનોજ તે પુત્ર છે. વળી ગૃહસ્વામીની પણ તેજ છે. હું દૂર રહીને પારકા ગૃહમાં દરિદ્રાવસ્થા ભોગવીને પણ આ પુત્રને જીવતો જોઈ સુખી થઈશ. તેટલાથી પણ હું મારા આત્માને કૃતકૃત્ય માનીશ. બાકી આ પુત્રના મૃત્યુથી તો આ આખા જીવલોકનો નાશ થવા જેવું મારા મનમાં થઈ આવે છે." બીજી સ્ત્રી તો અમાત્યનો ઉપરોક્ત ન્યાય સાંભળીને કાંઈ પણ બોલી નહિ; એટલે તે દુઃખી થયેલી સ્ત્રી તરફ જોઈને અમાત્ય બોલ્યો કે–"આ પહેલી સ્ત્રીનો પુત્ર છે, બીજીનો નથી." પછી તે સ્ત્રીને સર્વ ધનની સ્વામિની કરી, અને બીજીને કાઢી મૂકી.

સાર–બુદ્ધિથી સર્વ વસ્તુનો પ્રત્યક્ષ સ્ફોટ થાય છે. બુદ્ધિના વિલાસ પાસે કાંઈ પણ છાનું રહી શકતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૧૧ મી.

## બુદ્ધિ પ્રાગલ્ભ્ય ઉપર નિધિપતિની કથા.

બે પુરૂષો બહુજ મિત્રભાવ ધરાવતા હતા. એક વખતે તે બંનેએ કોઈ પ્રદેશમાં ફરતાં ફરતાં નિધાન પ્રાપ્ત કર્યું. પછી તેમાંથી એક માયાવી મિત્ર બોલ્યો કે-"સારે દિવસે શુભ નક્ષત્રે આપણે તે લઈ જશું." બીજાએ સરલ પરિણામથી તે વાત સ્વીકારી. પછી તે માયાવી મિત્રે તે સ્થળે રાત્રે આવીને તે નિધાન ગ્રહણ કરી તે સ્થળે કોલસા નાંખી તે સ્થળ ઢાંકી દીધું. બીજે દિવસે તે બંને ત્યાં આવ્યા, અને નિધાનનું સ્થળ જોતાં ત્યાં કોલસા દીઠા. પછી તે માયાવી કપટ કરીને ગાઢ રૂદન કરતો બોલવા લાગ્યો કે-"અરે, આપણે ઓછા પુન્યવાળા છીએ, દૈવે પ્રથમ આપણને આંખો આપીને પછી તે ફોડી નાખી. કારણ કે પ્રથમ નિધાન દેખાડીને પછી ત્યાં કોલસા દેખાડ્યા." આ પ્રમાણે બોલતો વારંવાર બીજા મિત્રના મુખ સામુ જોવા લાગ્યો. બીજાએ જાણ્યું કે-"ખરેખર, આ કપટીએજ અત્રેથી ધન હરણ કર્યું જણાય છે." પછી તેણે પણ મુખાકૃતિનું સંવર કરીને તેને શિખામણ આપવાના હેતુથી કહ્યું કે-"મિત્ર! ખેદ કરવાથી કાંઈ ગયેલું નિધાન પાછું આવશે નહિ." પછી બંને પોતપોતાને ઘેર ગયા. બીજા મિત્રે ઘેર જઈને તે માયાવી મિત્ર જેવીજ એક પથ્થરની મૂર્તિ કરાવી, અને બે વાંદરા વેચાણ લીધા. અને તે મિત્રની પ્રતિમાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્સંગમાં, હસ્તમાં, સ્કંધ ઉપર, મસ્તક ઉપર એમ સર્વ સ્થળે વાંદરાઓને ખાવા યોગ્ય ભક્ષ્ય મૂક્યું. પછી બંને મર્કટોને ત્યાં લાવીને તે મૂર્તિ પાસે છુટા મૂક્યા, એટલે ક્ષુધાતુર તે વાંદરાઓ મૂર્તિ ઉપરથી ભક્ષ્ય ખાવા મંડ્યા. આ પ્રમાણે હમેશાં કરવાથી તે વાંદરાઓને તેવો સ્વભાવ થઈ ગયો. પછી એક વખતે કોઈ પર્વના દિવસે તે બીજા મિત્રે માયાવી મિત્રના પુત્રોને જમવાનું નિમંત્રણ કર્યું. ભોજન સમયે તે બંને તેને ઘેર આવ્યા. મોટા ગૌરવથી તે બંનેને જમાડ્યા. ભોજન કરી રહ્યા પછી સુખમાં રહી શકાય તેવે સ્થળે તે બંનેને ગોપવી દીધા. બે ત્રણ દિવસ સુધી પુત્રો પાછા ન આવ્યા તેથી તેની તપાસ કરવા માટે માયાવી મિત્ર તેના ઘરપાસે આવ્યો અને પોતાના પુત્રો કેમ ન આવ્યા? એમ પૂછયું. બીજા મિત્રે માયાવી મિત્રને કહ્યું કે–"ભાઈ! તારા બંને પુત્રો તો વાંદરા થઈ ગયા છે." તે સાંભળી ખેદપૂર્વક મનમાં આશ્ચર્ય પામતો તે મિત્રના ઘરમાં આવ્યો. એટલે જે સ્થળે તેની મૂર્તિ રાખી હતી તે સ્થળેથી મૂર્તિ ખસેડી લઇને માયાવી મિત્રને તેણે બેસાડ્યો, અને પછી વાંદરાઓને છુટા મૂકી દીધા. એટલે તે બંને કિલકિલ શબ્દ કરતા તેના ઉત્સંગમાં, માથા ઉપર, સ્કંધ ઉપર વળગી પડ્યા. બીજા મિત્રે તેને કહ્યું કે–"મિત્ર! આ તારા પુત્રો છે, તેથી તારા ઉપરનો સ્નેહ તેઓ તને દેખાડે છે તે જો." માયાવી મિત્રે પૂછયું કે–"અરે મિત્ર! મારા બંને પુત્રો તો મનુષ્ય હતા તે વાંદરા કેવી રીતે થઈ ગયા?" તે મિત્રે કહ્યું કે–"તારા કર્મના પ્રતિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૂળપણાથી તેમ થયું છે; વિચાર કરો કે શું સોનાના અંગારા થઈ જાય છે? પરંતુ આપણા કર્મના પ્રતિકુળ પણાથી જેવી રીતે સુવર્ણના અંગારા થઈ ગયા તેવીજ રીતે તારા પુત્રો પણ વાંદરા થઈ ગયા છે." આ પ્રમાણે સાંભળીને તે માયાવી મિત્રે વિચાર કર્યો કે-"ખરેખર, આ મિત્રે મને ઓળખી લીધો છે, તેથી જો હવે ઉંચા સ્વરે બોલીશ તો મને રાજ્યદરબારમાં લઈ જઈને બધી વાત પ્રગટ કરી દેશે, અને મારા પુત્રો મનુષ્ય થશેજ નહિ." પછી તે મિત્રે બધી હકીકત કબુલ કરી, અને નિધાન-માંથી તેનો ભાગ આપી દીધો; એટલે બીજા મિત્રે તેને પુત્રો આપી દીધા.

**સાર**–બુદ્ધિવંત મનુષ્યને કાંઈ અપ્રાપ્ય નથી. યુક્તિથી સર્વ વસ્તુ થોડા પ્રયત્ને તે મેળવી શકે છે.

# કથા ૧૨ મી.

## બુદ્ધિ આગલભ્ય ઉપર ભિક્ષુના ખપ્પરની કથા.

એક પરિવ્રાજક હતો, તેની પાસે મોટા પ્રમાણવાળું રૂપાનું એક ખપ્પર હતું. તે પરિવ્રાજક જે એકવાર સાંભળતો તે તરતજ યાદ રાખી શકતો હતો, તેથી બુદ્ધિના મદથી તે સર્વત્ર જતો ત્યાં પ્રતિજ્ઞાપૂર્વક બોલતો કે-"જે કોઈ મને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન આવડતું હોય તેવું અપૂર્વ સંભળાવશે તેને આ ખપ્પર આપી દઈશ." પરંતુ કોઈ તેને અપૂર્વ શ્લોકાદિ સંભળાવવા શક્તિવંત થતું નહિ. જે કાંઈ તે સાંભળતો તે તરતજ અસ્ખલિતપણે સામું કહી સંભળાવતો હતો, અને કહેતો કે "આ તો મેં પૂર્વે પણ સાંભળ્યું છે, નહિતો હું અસ્ખલિતપણે કેમ બોલી શકું?" તે પરિવ્રાજકની આ રીતિથી સર્વત્ર ખ્યાતિ થઈ. એક વખત કોઈ એક સિદ્ધ પુત્રે તેની તેવી પ્રતિજ્ઞા સાંભળીને તેને કહ્યું કે--" હું તને અપૂર્વ શ્લોક સંભળાવીશ." ઘણા માણસો તે સાંભળવાને એકઠા થયા. રાજાની પાસે બંને મળ્યા. સિદ્ધપુત્રે શ્લોક સંભળાવ્યો કે.–

**तुज्झ पिया महपिउणो, धीरेइ अणूणगं सयसहस्सं !**
**जइ सुयपूव्वं दिज्जइ,अह न सूयं खोरयं देसु ॥ १ ॥**

" મારા પિતાએ તારા પિતાને લક્ષ્ય સોનામહોર ધીરેલ છે, જો તેં આ હકીકત પ્રથમ સાંભળી હોય તો તે સોનામહોરો આપ અને ન સાંભળી હોય તો આ ખપ્પર આપ." તે સાંભળીને પરિવ્રાજક મુંઝાણો, એટલે ખપ્પર આપી દીધું અને સિદ્ધપુત્રની જીત કબુલ કરી.

**સાર**–બુદ્ધિબળ આગળ બીજું સર્વ બળ તુચ્છ થઈ જાય છે; બુદ્ધિબળથી સર્વના ગર્વને અપહરી શકાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૧૩ મી.

## બુદ્ધિપ્રાગલ્ભ્ય ઉપર નૈમિત્તિકની કથા.

કોઈ એક નગરમાં એક સિદ્ધપુત્ર રહેતો હતો. તેને બે શિષ્યો હતા, તેઓ તેની પાસે નિમિત્ત શાસ્ત્ર શીખતા હતા. તે બેમાંથી એક બહુમાનપૂર્વક ગુરૂના વિનય–વૈયાવચ્ચમાં હમેશાં તત્પર રહેતો, અને જે કાંઈ ગુરૂ ઉપદેશ કરતા તે બધું 'તથા' કહીને તેના ઉપર પોતાના મનમાં હમેશાં મનન કર્યા કરતો હતો. તે પ્રમાણે મનન કરતાં કાંઈ શંકા ઉપજતી, તો ફરીથી ગુરૂ પાસે જઈને વિનયથી પૂછતો હતો. આ પ્રમાણે વારંવાર પૂછવાથી અને હમેશાં મનન કરવાથી–શાસ્ત્રાર્થનો વિચાર કરવાથી તે નિમિત્તાદિ શાસ્ત્રમાં ઘણો કુશળ થયો. બીજો શિષ્ય વિનયાદિ ગુણથી રહિત હતો તે અકુશળ રહ્યો. એકદા ગુરૂના આદેશથી તેઓ બંને કોઈ નજીકના ગામે જવા તૈયાર થયા. રસ્તે તે બંનેએ કોઈનાં મોટાં પગલાં દીઠાં. વિનયવંત શિષ્યે બીજાને પૂછયું કે–"અરે ભાઈ! આ કોનાં પગલાં છે ?" બીજાએ કહ્યું કે–"અરે, તેમાં શું પૂછોછો? આ હાથીનાં પગલાં છે." પેલા વિનીત શિષ્યે કહ્યું કે–"આ હાથિણીનાં પગલાં છે, તે હાથિણી ડાબી આંખે કાણી છે, તેની ઉપર બેસીને કોઈ રાજપત્ની જાય છે, તેનો ભર્તાર તેની સાથે છે, તે ગર્ભવતી છે, તેને પ્રસૂતિ થવાની તૈયારી છે, આજે અથવા કાલેજ તે પ્રસવશે અને તેને પુત્ર આવશે." તેણે આ પ્રમાણે કહ્યું; તે સાંભળી બીજાએ પૂછયું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે–"અહો, તેં આટલું બધું શી રીતે જાણ્યું ?" વિનયવંત શિષ્ય બોલ્યો કે–"એ જાણવાનું સાધન જ્ઞાનજ છે, આપણે આગળ જશું અને જોશું એટલે સર્વ સ્પષ્ટ થઈ જશે." પછી તેઓ તે ગામ પહોંચ્યા, અને આસપાસ જોવા લાગ્યા; એટલે તે ગામની બહારના પ્રદેશમાં મોટા સરોવરને કાંઠે તેઓએ રાણીને આવાસ કરીને રહેલી દીઠી. તેની પાસે હાથિણી હતી. તે ડાબી આંખે કાણી હતી. તેઓ ત્યાં ફરતા હતા, તેવામાં એક દાસીને મોટા પ્રધાનને કહેતી તેઓએ સાંભળી કે–"રાણીજીએ પુત્રને જન્મ આપ્યો છે, માટે રાજાજીને વધામણી આપો." વિનયવંત શિષ્યે બીજાને કહ્યું કે–"ભાઈ! આ દાસીનું વચન સાંભળ." તેણે કહ્યું કે–"મેં સર્વ સાંભળ્યું છે. તારૂં જ્ઞાન બરોબર છે, તેમાં ફેરફાર નથી."

પછી તે સરોવરને કીનારે મોટા વટવૃક્ષની નીચે વિસામો લેવા તેઓ બેઠા. તે સરોવરને કાંઠે પાણી ભરવા આવેલ એક વૃદ્ધા સ્ત્રીએ તે બંનેને દીઠા. તેમની આકૃતિ જોઈને તે સ્ત્રીએ વિચાર્યું કે આ બંને વિદ્વાન જણાય છે, તેથી દેશાંતર ગયેલો મારો પુત્ર ક્યારે આવશે તે હું તેને પૂછું" તેણીએ તેમને તે પૂછ્યું પરંતુ પ્રશ્નના સમયેજ તેના માથા ઉપરથી માટીનો ઘડો ભૂમિ ઉપર પડી ગયો, અને તેનાં સેંકડો કટકા થઈ ગયા. તે દેખીને બીજો અવિનયી શિષ્ય ઊતાવળથી બોલી ઉઠયો કે "તારો પુત્ર તો મરી ગયો છે." પછી વિચારવંત વિનયી શિષ્ય બોલ્યો કે–"અરે ભાઈ! આ પ્રમાણે બોલ નહિ. તેનો પુત્ર તો ઘેર આવેલો છે. હે વૃદ્ધ માતા!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમે ઘેર જાઓ, અને તમારા પુત્રનું મુખ જુઓ." તે પ્રમાણે સાંભળીને "તું ચિરંજીવ. સો વરસનો થા." એવી સેંકડો આશિષો આપીને તે વૃદ્ધા પોતાને ઘેર ગઈ, એટલે જેના પગ ઉપર રજ ચોટેલી છે તેવા પુત્રને તેણે ઘેર આવેલો દીઠો. પુત્રે માતાને પ્રણામ કર્યા. ડોશીએ નૈમિત્તિકનું વૃત્તાંત પુત્રને કહ્યું. પછી પુત્રને પૂછીને વસ્ત્રયુગળ અને કેટલાક રૂપિયા તે વિચારવંત શિષ્યને તે ડોશીએ ત્યાં જઈને અર્પણ કર્યા. તે વખતે બીજો શિષ્ય પોતાના હૃદયમાં ખેદ ધરતો વિચારવા લાગ્યો કેઃ– "ખરેખર, મને ગુરૂએ બરાબર ભણાવ્યોજ નહિ, નહિ તો આ જે જાણે, તે બધું હું કેમ ન જાણું?" એટલે ગુરૂને તે બાબતનો ઠપકો આપવાનો તેણે વિચાર કર્યો. અનુક્રમે તે બંને ગુરૂ પાસે આવ્યા. વિનયવંત શિષ્યે ગુરૂને દેખ્યા કે તરતજ શિર નમાવીને અંજલિપુટ કરી બહુમાનપૂર્વક હર્ષાશ્રુથી નેત્રોને પૂરી દઈ ગુરૂના બંને પગમાં માથું નાખીને ગુરૂને પ્રણામ કર્યા. બીજો પથ્થરના સ્તંભની જેમ જરાપણ માથું કે અંગ નમાવ્યા વગર માત્સર્યરૂપી અગ્નિના સંયોગથી બળતો ચુપ ઉભો રહ્યો. પછી ગુરૂએ તેને પૂછયું કે– "અરે, તું કેમ પગમાં પડીને પ્રણામ કરતો નથી ?" તેણે કહ્યું કે–"જેને તમે સારી રીતે ભણાવ્યો તેજ તમારા પગમાં પડે, હું પડીશ નહિ" ગુરૂએ કહ્યુ કેઃ–"આને કેમ સારી રીતે ભણાવ્યો અને તને ન ભણાવ્યો?" પછી તેણે રસ્તે બનેલું બધું વૃત્તાંત કહી દેખાડયું અને કહ્યું કે–"તેનું જ્ઞાન સારૂં છે. તે બધું જાણી શકે છે, મારૂં જ્ઞાન બરોબર નથી." પછી તે વિનય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વંત શિષ્યને ગુરૂએ પૂછયું કે–"વત્સ! તેં આ બધું કેવી રીતે જાણ્યું તે કહે." તેણે કહ્યુ કે–"તમારા ચરણની સેવા કરવાથી આવેલા વિચારોવડે મેં જાણ્યું છે. મેં વિચાર્યું કે હસ્તિના પગલાં તો પ્રસિદ્ધજ દેખાય છે, પણ વિશેષ વિચાર કરતાં અને પગલાના ચિન્હ જોતાં તે હસ્તિનીનાં પગલાં છે એમ મને લાગ્યું. વળી જમણી બાજુએ તેણે વેલાઓ ખાધા હતા તેથી તે બાજુના ઝાડની ડાળીઓ કપાયેલી દીઠી અને વામ બાજુએ કાંઈ ખાધેલું દેખ્યું નહિં તેથી તે હાથણી ડાબી આંખે કાંણી છે તેમ મને લાગ્યું. આવી રીતે પરિવાર સહિત હાથી ઉપર બેસીને બીજુ કોઈ જાય નહિ તેમ વિચારતાં તે કોઈ રાજદરબારી માણસ હોવું જોઇએ તેવો મને નિર્ણય થયો. તે હાથી ઉપર બેઠેલા મનુષ્યે નીચે ઉતરીને શરીરચિંતા[1] કરેલી દેખી, તેની કાયાનાં ચિહ્નાદિ ઉપરથી તે રાણી હોવી જોઈએ એવો મેં નિર્ણય કર્યો. વૃક્ષે લાગેલા રાતા વસ્ત્રના ટુકડાને દેખવાથી તે ભર્ત્તાર સહિત છે તેમ મને લાગ્યું, વળી ભૂમિ ઉપર હાથ મૂકીને ઉઠેલી હોવાથી ગર્ભવતી છે અને ચાલતાં દક્ષિણ પગ પહેલો ઉપાડેલ હતો તે જોવાથી પુત્ર પ્રસવશે અને જોરથી પગ મૂકેલ હોવાથી તરતમાંજ પ્રસૂતિ થશે તેમ મને લાગ્યું. વળી વૃદ્ધ સ્ત્રીએ પૂછયું તે વખતે ઘટ તેના મસ્તક ઉપરથી પડી ગયો; તેથી મેં વિચાર કર્યો કે આ ઘટ જેવી રીતે જ્યાંથી ઉત્પન્ન થયો ત્યાંજ માટીમાં મળી ગયો, તેવીજ રીતે તેનો પુત્ર પણ તેને આજે મળવો જોઈએ." આ પ્રમાણેનું તેનું

૧ મુત્રોત્સર્ગ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કથન સાંભળીને તે વિનયવંત શિષ્યની બુદ્ધિના ગુરૂએ વખાણ કર્યા અને આનંદિત ચક્ષુથી તેની તરફ જોયું. પછી બીજાને ઉદ્દેશીને કહ્યું કે-" અરે, તું વિચાર કરી શકતો નથી, તેમાં તારોજ દોષ છે, પણ મારો દોષ નથી. અમારો તો શાસ્ત્રનો ઉપદેશ કરવાનો અધિકાર છે, પછી વિચાર કરી બુદ્ધિ ચલાવવી તે તમારૂં કામ છે. "

**સાર**-બુદ્ધિવંતને કાંઇ પણ અગ્રાહ્ય નથી. વિનયથી જ્ઞાન સંપાદન કરી યથાયોગ્ય રીતે વિચારપૂર્વક બુદ્ધિ વાપરતાં અવશ્ય ઉત્તમ ફળ આપનારી તે થાય છે. બુદ્ધિ આગળ કાંઇ પ્રછન્ન રહી શકતું નથી.

# કથા ૧૪ મી.

## બુદ્ધિપ્રાગલ્ભ્ય ઉપર અમાત્યની કથા.

કોઈ એક અપુન્યવંતને જે કાંઇ તે કરતો તે સર્વ આપત્તિ માટેજ થતું હતું. એક દિવસ તે મિત્ર પાસેથી બળદો લઇ હળ ખેડતો હતો. મધ્યાહ્ન સમયે તે બળદોને તેણે રસ્તા ઉપર રાખ્યા. તે વખતે તેનો મિત્ર ભોજન કરતો હતો તેથી તે તેની પાસે સોંપવા ગયો નહિ, પણ 'તેણે દૃષ્ટિએ દીઠા છે તેથી લઇ લેશે.' તેમ વિચારી કહ્યા વિના ઘેર ચાલ્યો ગયો. તે બંને બળદ રસ્તા ઉપર આગળ ચાલ્યા. તે વખતે આગળ જવાથી ચોરો તેને ઉપાડી ગયા. પછી તે બળદનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વામી તે અપુન્યવંત પાસે બળદો લેવા આવ્યો. તે બળદો આપવા શક્તિવંત થયો નહિ, તેથી તેનો મિત્ર તેને રાજદરબારમાં લઈ ગયો. તે રસ્તે જતા હતા તે વખતે કોઈ અશ્વ ઉપર બેઠેલો મનુષ્ય તેમની સન્મુખ આવતો હતો. ઘોડાએ તોફાન કરી તે માણસને પછાડ્યો. પછી અશ્વ દોડતો ભાગી જતો હતો, તેથી તે પડી ગયેલો માણસ બોલ્યો કે–"આ ઘોડાને લાકડીથી મારીને પણ થોભાવો." તે અપુન્યવંતે ઘોડાના મર્મસ્થળમાં એક લાકડી મારી, તેથી ઘોડો મરી ગયો. તે ઘોડાવાળાએ પણ તે રાંકને પકડ્યો. પછી તેઓ નગરમાં આવ્યા. તે વખતે સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો, તેથી નગરની બહારના ભાગમાં તેઓ સુતા. તે સ્થળે ઘણા નટો સુતેલા હતા. પેલો રાંક વિચારવા લાગ્યો કે–"આ આપત્તિરૂપી સમુદ્રમાંથી મારો પાર આવે તેમ નથી. તેથી ગળે ફાંસો ખાઈને હું મરી જાઉં તો સારૂં." તેણે તે પ્રમાણે કરવાનો આરંભ કર્યો, પરંતુ ગળે બાંધેલ વસ્ત્ર જીર્ણ થઈ ગયેલું હોવાથી તુટી ગયું, તેથી તે રાંક નીચે સુતેલા નટોના ઉપરી ઉપર જ પડ્યો. તે નટોના અધિપતિનું તે રાંક માણસના ભારથી ગળું દબાવાને લીધે તે તરતજ મૃત્યુ પામ્યો, તેથી નટોએ પણ તેને પકડ્યો. પ્રભાત થઈ ત્યારે બધા એકઠા થઈને રાજા પાસે ગયા. સર્વેએ પોતપોતાનો વ્યતિકર કહી સંભળાવ્યો. રાજકુમાર તથા અમાત્યે તે રંકને બધું પૂછ્યું. તે રાંકે દીન મુખવાળા થઈને કહ્યું કે–"દેવ! તે બધા જે કહે છે તે સર્વ સત્ય છે." તેના ઉપર અત્યંત દયા આવવાથી અમાત્ય બળદવાળા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરફ જોઈને બોલ્યો કે—"આ માણસ તને બળદ આપશે; પરંતુ તે તારી આંખો કાઢી લેશે. જ્યારે તેં ચક્ષુવતી બળદ જોયા ત્યારેજ તે તારો અનૃણી થયો છે. જો તેં ચક્ષુવતી બળદ જોયા ન હોત તો તે ઘેર જાત નહિ. જે વસ્તુ જેણે જેને આપી છે તે વસ્તુ લેનાર જો તે કબુલ ન કરે તો તે વસ્તુ તેને આપી દેવી જોઈએ, તેથી તેમ કરીને તું તારે ઘેર જા." ઘોડાના સ્વામીને અમાત્યે કહ્યું કે "આ રાંક તને તારો ઘોડો જરૂર પાછો આપશે, પરંતુ તે તારી જિહ્વા કાપી લેશે; કારણ કે તેં જીહ્વાવડે કહ્યું છે કે-'આ ઘોડાને લાકડીવતી મારીને પણ થોભાવો.' તારા એવા કથનથી આ રાંકે મારેલ લાકડીથી તારો ઘોડો હણાઈ ગયો. તારી આ ફરિયાદથી આ રાંકનો દંડ કરવામાં આવે, તો તારી જીહ્વાને પણ શિક્ષા શા માટે ન કરવી?" પછી નટ તરફ જોઈને અમાત્યે કહ્યું કે "આની પાસે કાંઈ છે નહિ, તેથી તેની પાસેથી તમને શું અપાવું ? પરંતુ એટલું તે કરશે કે તે નીચે સુવે અને તમારામાંથી કોઈ મોટો માણસ હોય તે જીર્ણ વસ્ત્રવડે ઝાડ ઉપર ગળાફાંસો બાંધે, અને પછી તે માણસ આ રાંક ઉપર પડે. પછી ભલે આ ગરીબનું થવાનું હોય તે થાય." આ પ્રમાણેનો ન્યાય સાંભળીને બધા ફરિયાદ કરનારાઓ તે રાંકને મુક્ત કરીને ચાલ્યા ગયા.

**સાર**—બુદ્ધિવૈભવ આગળ સર્વ કાર્યની સિદ્ધિ થઈ શકે છે, અને બુદ્ધિ કેળવવાથી સર્વ સ્થળે પારગામી થઈ શકાય છે. બુદ્ધિવંત પુરૂષ કયે વખતે કેવી રીતે બુદ્ધિનો ઉપયોગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરશે તે સમજી શકાતું નથી. ગમે તેવા દુસ્તર કષ્ટસમુદ્રનો પણ બુદ્ધિવંત પુરૂષ સહેલાઇથી પાર પામી શકે છે. જ્ઞાનની આરાધના તથા જ્ઞાનીની પૂજા-ભક્તિ કરવાથી અને જ્ઞાનની આશાતના ત્યજવાથી ઉત્તમ અને સર્વ શાસ્ત્રમાં પારગામી બુદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

# કથા ૧૫ મી.

## અનિવાર્ય મૃત્યુ ઉપર વણિકની કથા.

"જ્યારે મૃત્યુ પ્રાપ્ત થવાનું હોય છે, ત્યારે તે અન્યથા થતું નથી. યમને આરાધવાથી તે તુષ્ટમાન થયો, ત્યારે દૈવ-યોગથી વણિક મૃત્યુ પામ્યો." તેની કથા આ પ્રમાણે-

લક્ષ્મીનિવાસ નગરમાં લક્ષ્મીના ક્રીડા સ્વરૂપ, વિનયવંત, ન્યાયનિપુણ અને સુવચનો રૂપી માણિક્યની ખાણ જેવો શંકર નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને ચાર પુત્રો હતા. તે ચારે ઉપર કુટુંબના ભરણપોષણનો ભાર નાખીને ન્યાયોત્પન્ન લક્ષ્મીને સુપાત્રાદિમાં વાપરતો તે શ્રેષ્ઠી એક વખત વિચારવા લાગ્યો કે:-"યૌવનનો નાશ થયો છે, વૃદ્ધાવસ્થા આવતી જાય છે, વૃદ્ધાવસ્થા પછી અવશ્ય મૃત્યુ આવશે, મૃત્યુ જેવું ભીષણ બીજું કોઈ કાર્ય નથી. કહ્યું છે કે:-'જ્યાં સુધી મૃત્યુરૂપી હસ્તીનાં કાર્યોનો વિચાર આવતો નથી, ત્યાં સુધીજ. મનોરથરૂપી તરૂઓનો

ઉલ્લાસ હૃદયમાં થાય છે'. વૈભવોથી થતો મહા ઉન્માદ 'મૃત્યુ' એવા બે અક્ષર સાંભળતાંજ જેનો શાંત થઈ જતો નથી, તેને મદ્યપાની કરતાં પણ વધારે બુદ્ધિવિકલ જાણવો. તેથી મારે એવો પ્રયત્ન કરવો, કે જેથી યમદેવ પ્રસન્ન થઈને મારૂં નામ મૃત્યુના પત્રમાંથી કાઢી નાંખે." આ પ્રમાણે વિચાર કરીને નજીકના પર્વતની તળેટીમાં કૃષ્ણ વર્ણવાળા દેવમંદિરમાં શ્યામ આકૃતિવાળી ને શ્યામ વસ્ત્રાદિવાળી પથ્થરની યમની મૂર્તિને શ્યામ વસ્ત્રો પહેરીને તે પૂજવા લાગ્યો. નૈવેદ્યાદિકથી તેને ખુશી કરવા લાગ્યો. જિતેંદ્રિયપણે અલ્પ પરિગ્રહ યુક્ત તે સ્થળે રહીને યમદેવની સેવા કરતાં કેટલોક કાળ ગયો. પછી તેનું મૃત્યુ નજીક આવ્યું, એટલે યમરાજનાં સેવકો ભમતાં ભમતાં ત્યાં આવ્યા. તે સ્થળે યમદેવની એકાગ્ર ચિત્તથી સેવા કરતો તે શ્રેષ્ઠીને જોઇને તેઓ વિસ્મિત થયા, અને તેઓએ યમરાજને વિજ્ઞપ્તિ કરીને પૂછયું કેઃ–"હે દેવ ! આ શ્રેષ્ઠી તો તમારી સારી રીતે હમેશાં આરાધના કરે છે અને અમે તો તેના પ્રાણ લેવા આવ્યા છીએ. તેથી શું કરવું? તે સાંભળીને યમરાજ સંતુષ્ટ થઈ તે શ્રેષ્ઠીને કહેવા લાગ્યો કેઃ–"અરે શ્રેષ્ઠી! મારી આવી રીતે કોઈ આરાધના કરતું નથી. તારી ભક્તિથી હું તારી ઉપર સંતુષ્ટ થયો છું, તેથી જે ઇચ્છા હોય તે માગ." તે સાંભળીને શ્રેષ્ઠી બોલ્યો કેઃ–"મારૂં નામ તમારા મૃત્યુપત્રમાંથી કમી કરી નાંખો કે જેથી હું મરૂં નહિ." યમે કહ્યું કેઃ–"બહુ સારૂં."

P. P. Ac. Gunratansuriji M.S.                                                   Jin Gun Aaradhak Trust

પછી ચિત્ર વિચિત્ર નામના તે કાર્ય કરનારા બંને સેવકોને બોલાવીને તેઓને બહારની પટશાળમાં બેસાડ્યા, અને તેઓને યમે હુકમ કર્યો. એટલે તેઓએ તેનું મૃત્યુપત્ર વાંચ્યું કે "જ્યારે શંકર શ્રેષ્ઠી પોતાના અમરપણા માટે યમદેવને પ્રાર્થના કરશે, અને તે ચિત્ર વિચિત્રને બોલાવશે તેજ સમયે અકસ્માત્ જર્જરિત થઈ ગયેલ દેવમંદિરનો ભારવટ તેના ઉપર પડશે અને તે મૃત્યુ પામશે." આ પ્રમાણે તેઓ વાંચતા હતા, તેવામાં તો ભારવટ તેના પર ત્રુટી પડ્યો, અને તે મૃત્યુ પામ્યો. યમને ખેદ થયો કે:-" અહો ! મારી સેવાનું આને કાંઈ ફળ મળ્યું નહિ." આ પ્રમાણે શોક કરતો યમ સ્વસ્થાને ગયો.

**સાર**–મૃત્યુ જ્યારે થવાનું હોય છે ત્યારે અવશ્ય થાયજ છે. તેની વિરૂદ્ધનો પ્રયત્ન કરતાં ઉલટો જે સંયોગ તે માટે જરૂરનો મળવો બાકી હોય તે સંયોગ મેળવી દેનાર થઈ જવાય છે; તેથી મૃત્યુથી ભય પામ્યા કરતાં આનંદથી તેને ભેટવું અને તેના ઉપર જીત મેળવવા પ્રયત્ન કરવો. તેજ ખરો પુરૂષાર્થ છે.

# કથા ૧૬ મી.

## બાળક પાસેથી પણ પ્રબોધ લેવા ઉપર શ્રેષ્ઠીપુત્રની કથા.

"કોઈ કોઈ વખત લઘુ બાળક પણ મોટાને પ્રબોધ માટે થાય છે. જેવી રીતે એક પુત્રે બાપને બોધ કર્યો હતો." તેની કથા આ પ્રમાણે—

હરિપુરમાં જળ અને સ્થળના વ્યાપારોમાં કુશળ, ઘણા પુરૂષોના પરિવારવાળો શંખ નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને ચાર પુત્રો હતા. તેઓનાં કુમુદ, તિલક, અશોક અને વીર એ નામો હતાં. કુમુદને કુંતલ નામે એક પુત્ર થયો હતો. અનુક્રમે છોકરાઓ ઉપર વિશ્વાસ આવવાથી શંખશ્રેષ્ઠીએ ચારે પુત્રોને નિધિના સ્થાનાદિ દેખાડ્યા, અને રાજદરબારમાં પણ તેઓને દાખલ કર્યા; વળી વ્યવહારની ધુરા પણ પુત્ર તથા પૌત્રાદિ ઉપર આરોપીને પોતે વ્યાપાર તથા દ્રવ્યથી રહિત થઈને રહ્યો. પુત્રો ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી આપત્તિ માટે પણ તેણે પૃથક્ દ્રવ્ય રાખ્યું નહિ. અનુક્રમે તે વૃદ્ધ થયો, તેની પત્ની મૃત્યુ પામી. એટલે પુત્રો તેની સેવા ચાકરી બીલકુલ કરતા નહિ, પુત્રવધુઓ પણ તેની સામું જોતી નહોતી; માત્ર ઉત્તમ શૃંગારાદિ ધારણ કરીને તથા તાંબુળાદિ પદાર્થો ખાઈને ઈચ્છાનુસાર ભમતી હતી. વૃદ્ધ શંખશ્રેષ્ઠી વૃદ્ધાવસ્થાથી જર્જરિત થયેલો ઘરના પછવાડેના ભાગમાં પડ્યો રહેતો હતો. તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષુધાર્ત થતો ત્યારે સેંકડો આર્તધ્યાન કરતો અને નિઃશ્વાસ-મુકતો. નિદ્રાથી તદ્દન રહિત થયેલો તે સેંકડો સુખના ચાળા કરતો રાંકની જેમ પથારીમાં આળોટ્યા કરતો હતો. એક વખતે શિયાળાની રૂતુમાં પ્રાણને પણ હરી જાય તેવો અને હૃદય વિદારે તેવો ઠંડો પવન વાતો હતો અને રાતો બહુ લાંબી થઈ હતી તે વખતે ઘરની અંદર તો અગ્નિ હતો, પણ ડોસો રહેતો હતો ત્યાં બહુ ઠંડી હતી, તેથી ડોસો કંપતો હતો, તે વખતે તે વૃદ્ધે શીતથી બચવા માટે જ્યેષ્ટ પુત્ર કુમુદ પાસે એક જાડું વસ્ત્ર માગ્યું. કહ્યું છે કે:-"વૃદ્ધ, જેની પત્ની મરી ગઈ હોય તે વિધુર, જેની લક્ષ્મી પુત્રને આધીન થયેલી હોય તે, અને પુત્રવધુના વચનથી બળેલ હોય તે સર્વ માટે જીવિતવ્ય કરતાં મૃત્યુ વધારે ઉત્તમ છે."

કુમુદે કુંતલને આદેશ કર્યો કે:-"આ વૃદ્ધને અમુક વસ્ત્ર આપ." કુંતલે વૃદ્ધને તે જીર્ણ વસ્ત્રમાંથી અર્ધું આપ્યું. ડોસાએ તે જીર્ણ વસ્ત્રનો આપેલ ખંડ કુમુદને દેખાડ્યો. કુમુદે કોપ કરીને પુત્રને કહ્યું કે-"અરે! આ જીર્ણ વસ્ત્ર મૂળમાં નાનું તો હતું, છતાં તેના પણ બે ભાગ કરીને અર્ધું તેં વૃદ્ધને કેમ આપ્યું? તેનું કારણ શું? તેમ આખું વસ્ત્ર કેમ ન આપ્યું?" બુદ્ધિશાળી કુંતલે અંજલિ જોડીને કહ્યું કે:-"તાત! તમે પણ હવે મોટી ઉમરના થયા છો, તમારે હવે વૃદ્ધાવસ્થા નજીક આવતી જાય છે, તેથી બીજું અર્ધું વસ્ત્ર તમારે યોગ્ય હોવાથી તમારે માટે રાખ્યું છે; કેમકે તે વખતે તમને પણ તે આપવા જોઈશે." આ પ્રમાણેનાં પુત્રનાં વચનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળીને કુમુદ લજ્જા પામ્યો અને બોલ્યો કે-"પુત્ર ! તેં મને ખરેખરો પ્રતિબોધ કર્યો છે ! પ્રભુત્વ અને વૈભવરૂપી મદિરાના મદથી ભરાયેલા મનવાળા અમને ખાડામાં પડેલાને હાથનું અવલંબન આપીને તેં બહાર કાઢ્યા છે." આ પ્રમાણે કુંતલને કહીને કુમુદે પિતાની ભક્તિ બરોબર કરવા માંડી. તેને અનુસરીને પછી કુટુંબના બધા માણસો તે વૃદ્ધની યથાયોગ્ય સેવા કરવા લાગ્યા.

**સાર**-બાળક પાસેથી પણ હિતની વાત સાંભળવી, અને તે વાત ગ્રહણ કરીને-સમજીને તદનુસાર વર્તવું. બાળક પણ ઘણી વખત એવી ઉપદેશક વાત કહે છે કે તદનુસાર વર્તવાથી ફરજમાંથી ચ્યુત થતાં બચી જવાય છે. ગમે તે ઉમરે પણ માતાપિતાની સેવા કરવી તે દરેક સુજ્ઞ પુત્ર અને પુત્રવધુની અવશ્ય ફરજ છે.

# કથા ૧૭ મી.

## પારકાનો દ્રોહ કરવા ઉપર સાસુવહુની કથા.

"પોતાનું કુશળ ઈચ્છતા માણસે કદિ પણ પરદ્રોહ કરવો નહિ. પારકો દ્રોહ કરવાથી જેવી રીતે સ્થવિર સાસુનો દ્રોહ કરનાર વધુનું પતન થયું તેમ થાય છે." તેની કથા આ પ્રમાણે—

ચંદ્રપુરમાં વીર નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને વીરમતી નામે પત્ની હતી. તે શ્રેષ્ઠીની માતાનું નામ જયા હતું. તે વૃદ્ધ હતી, તેનો પતિ મરી ગયો હતો, તેથી રીઢા થયેલા પાત્રની જેમ પુત્રને તે માતા ઉપર રાગ રહ્યો નહોતો. કહ્યું છે કે-"પશુને માતા સાથે સંબંધ સ્તનપાન સુધી હોય છે, અધમ મનુષ્યોને આહાર પ્રાપ્તિ સુધી,અર્થાતિ્ પોતાના ઘરમાં સ્ત્રી ન આવે ને રાંધી દેનાર ન હોય ત્યાં સુધી માતા સાથે સંબંધ હોય છે, મધ્યમ પુરૂષોને ગૃહનાં કાર્યો માતા કરે ત્યાં સુધી સંબંધ હોય છે, પણ ઉત્તમ મનુષ્યો તો તીર્થની જેમ જીવિતવ્ય સુધી માતા સાથે રાગ રાખે છે." "પુત્ર ઉત્પન્ન થાય ત્યારપછી પતિનો, પત્ની આવે ત્યારપછી માતાનો, કાર્ય સફળ થાય ત્યારપછી શેઠનો અને રોગ જાય ત્યાર પછી વૈદ્યનો દ્વેષ થાય છે; અર્થાતિ્ પ્રથમ જેવો તેના પર ભાવ રહેતો નથી."

સ્વચ્છંદપણે વર્તવા ઇચ્છતી પુત્રવધુ વિશેષ વિશેષ સાસુ ઉપર દ્વેષ કરતી હતી. એકવખતે પર્વનો દિવસ આવ્યો ત્યારે સાસુએ વહુને કહ્યું કે-"વત્સ ! દુકાને જઇને પકવાન્નાદિ કરવા માટે કાષ્ટ તથા ઘઉં મોકલવાનું કહી આવ." પુત્રવધુએ દુકાને જઇને કહ્યું કે-"તમારી માતા જરાને રોગથી મુંઝાઈ ગયેલ છે, તેથી કાષ્ટની માગણી કરે છે." પુત્ર ઘેર ગયો અને માતાને પૂછયું કે:-" માતા! તમે લાકડાં શા માટે મંગાવ્યાં"? વૃદ્ધાએ વિચાર કર્યો કે:-"મારી વધૂએ કરેલા વાણીના વિલાસથીજ આ મારો પુત્ર આમ

પૂછે છે, તેથી મને લાગે છે કે તે બંને હવે મારૂં મરણ ઈચ્છે છે, તેથી તેમનીજ વાણીનું સમર્થન કરૂં." તેમ વિચારીને તે વૃદ્ધા બોલી કેઃ-" પુત્ર ! મને કાષ્ટ ભક્ષણ આપ." તે સાંભળીને તે બંનેએ નગર બહાર કાષ્ટની સામગ્રી એકઠી કરી. સ્વજનલોકો એકઠા થયા અને નગર બહાર આવીને તે વૃદ્ધાને લાકડાની વચમાં મૂકી; પરંતુ તે બંને સાથે અગ્નિ લાવવો ભૂલી ગયા. તેથી ભર્તારે પત્નીને કહ્યું કે:-" ભદ્રે! અગ્નિ લાવવાને હું નગરમાં જાઉં છું, તું અહીંજ રહેજે." તેણીએ કહ્યું "કે આવા કવખતે હું અહીં એકલી રહી શકીશ નહિ, મને બીક લાગશે, તેથી બંને સાથે જઈએ." તેમ વિચારી બંને અગ્નિ લાવવા ગામમાં સાથે ગયા. વૃદ્ધાએ વિચાર્યું કે:-" આ બંને દુષ્ટો તો ગયા પરંતુ મૃત્યુ પામેલાઓ શીતળ જળ, મિષ્ટાન્ન, ઈષ્ટ સંયોગ અને એવું બીજું કાંઈ પણ મેળવી શકતા નથી, માટે મારે મરવું યોગ્ય નથી." આ પ્રમાણે વિચારીને તે ડોશી કાષ્ટની વચ્ચેથી બહાર નીકળી, અને પાસે રહેલા ન્યગ્રોધ તરૂની ઉપર ચઢીને બેઠી. અહીં તો અગ્નિ લાવીને પુત્ર તથા પુત્રવધુએ લાકડાં સળગાવ્યાં, અને પછી ઘેર જઈને તેઓ સુઈ ગયાં.

તેજ રાત્રીએ એક શ્રીમંત શ્રેષ્ઠીનું ગૃહ લુંટીને ચોરો તે ઝાડની નીચે આવ્યા; અને લુંટેલી વસ્તુઓનો ભાગ પાડવા માટે અરણીથી અગ્નિનો પ્રકાશ કરીને ત્યાં બેઠા. આ સમયે બુદ્ધિ ઉત્પન્ન થવાથી તે વૃદ્ધા ડોશી કેશ છુટા કરીને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"ખાઉં છું, ખાઉં છું" તેમ બોલતી તે ચોરોની ઉપર પડી. એટલે "આ કોઈ રાક્ષસી છે" તેમ ધારીને ચોરો બધા નાશી ગયા. પછી આવી મોટી સમૃદ્ધિ મળવાથી વૃદ્ધા બહુ સંતુષ્ટ થઈ; અને વસ્ત્ર તથા આભરણાદિવડે શરીરને શોભાવીને રાત્રી એક પ્રહર શેષ રહી ત્યારે પોતાને ઘેર ગઈ. તેનો પુત્ર તથા પુત્રવધુ નિદ્રામાંથી ઉઠ્યા, અને ડોશીને જોઈને ચમત્કાર પામીને બોલ્યા કે:–"અહો! પૂજ્ય માતા! તમે ક્યાંથી આવ્યા?" તે બોલી કે:–"વત્સો! હું સ્વેચ્છાથી મરણ પામી, તેથી સ્વર્ગમાં ગઈ, અને ત્યાં મારા પતિએ હેમ વિગેરેથી તથા વસ્ત્રાદિથી મારો સત્કાર કર્યો, તેથી મારી શરીર વિભૂષાને દેખાડવા માટે હું તમારી પાસે આવી છું; જો કોઈ તરૂણ યુવાન સ્ત્રી આ પ્રમાણે સ્વેચ્છાથી કાષ્ટ ભક્ષણ કરે તો તો મોટા મહેંદ્ર તેની પૂજા કરે છે." આ પ્રમાણે સાંભળીને તેવા લાભથી લોભાઈ પુત્રવધુએ આગ્રહથી કાષ્ટ ભક્ષણ કર્યું. બીજે દિવસે પુત્ર તેની રાહ જોવા લાગ્યો કે:–"તે ક્યારે આવશે?" માતાએ કહ્યું કે:–"વત્સ! મરી ગયેલા માણસો કદિ પણ પાછા આવતા નથી, તે તો મેં ફક્ત મારૂં વૈર શાંત કરવા માટેજ ઉપાય કર્યો હતો." પછી માતાએ પોતાની સવિસ્તર કથા કહી.

તે સાંભળીને પુત્ર મૌન કરી રહ્યો. થોડીવાર પછી વિચાર કરીને પુત્રે કહ્યું કે–"હે માતા! જે પારકા માટે વિચારીએ છીએ તેજ પોતા માટે અવશ્ય બને છે તે સત્ય છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર-દ્વેષ તે મોટો દુર્ગુણ છે, તે પારકા અવગુણને દેખાડે છે, અને બીજાનું સારૂં થતું દેખી શકાતું નથી. કોઈ આનંદ ભોગવતો હોય, સુખી હોય તે દ્વેષીથી ખમાતું નથી, અને અન્યનું માઠું ચિંતવ્યા કરે છે. પ્રાંતે તો જેવું બીજા માટે ચાહીએ તેવું પોતા માટે થાય છે. તેથી દ્વેષનો અવગુણ મનન પૂર્વક છોડી દેવો તે દરેકનું કર્તવ્ય છે. 'ખાડો ખોદે તે પડે' આ કહેવત આ પ્રસંગે યાદ કરવાની છે.

## કથા ૧૮ મી.

### સ્વઅવગુણ ન પ્રગટ કરવા ઉપર જટાધારીની કથા.

"કોઇ કોઇ મંદમતિ વગર પૂછયા પણ પોતાનો અવગુણ પ્રગટ કરે છે. છીપાના ઘરમાં અન્ન ખાઇને જેવી રીતે જટાધારીએ સ્વયં પ્રકાશિત કર્યું હતું." તેની કથા આ પ્રમાણે-

કોઈ તપસ્વી દેશાંતરોમાં ભમતો ભમતો મહારાષ્ટ્રમાં ગયો. ત્યાં કોઇક ગામમાં ભમતાં તેને ભિક્ષા મળી નહિ, તેથી મધ્યાહ્ન સમયે ક્ષુધાથી પીડાયેલો તે આમ તેમ જોવા લાગ્યો. પછી એક છીપાનું ઘર દેખીને તે તેમાં પેઠો. તે ઘરમાં કાંઈક ઉત્સવ હતો, તેથી મિષ્ટાન્નાદિ ભોજન જમવા ઘણા મનુષ્યો એકઠા થયા હતા; એટલે ભિક્ષુક ઉપર કૃપા કરીને તેઓએ તેને ભોજન ખાવા આપ્યું, તેણે તે ખાધું. અનુક્રમે તે જટા-

ઘર ગુર્જર દેશમાં પાછો આવ્યો. અન્યદા કોઈ નગરમાં મઠાધિપતિએ તેને પદવી આપવાથી કર્મયોગે તે મઠાધિપતિ થયો. તે મઠાધિપતિને ખેતી વિગેરે ગ્રાસ સંબંધી મોટી આવક હતી અને તેનો પરિવાર પણ બહુ મોટો હતો. એક વખતે રાજ્ય દરબારમાં ફરનારા કોઇ ગવૈયા અને નાચવાવાળા પોતાની કળા બતાવીને ધનની ઇચ્છાથી તેની પાસે આવ્યા. આસપાસના માણસોએ પ્રાર્થના કરવાથી તે મઠાધિપતિ પણ તે જોવા બેઠો. તે કળાવંત પુરૂષોએ અનેક પ્રકારની રાગરાગણીથી બહુ વખત સુધી ગાયન કર્યું, તોપણ જટાધારીએ તેને કાંઈ આપ્યું નહિ; ત્યારે તે લુચ્ચા ગાયકોએ વિચાર્યું કે-"આની પાસે કોઈ ગ્રામ્ય છંદ વિસ્તારીએ તો તે પ્રસન્ન થશે." આવો વિચાર કરીને તેઓએ સલોકાદિ બોલવા માંડ્યા. તેમાં તેઓ શરૂઆતમાં બોલ્યા કે-"કહઉં જિ ભરડઈ જં જં કિઉં[1]" આ સાંભળીને જટાધારી વિચારવા લાગ્યો કે-"છીપાને ઘેર મેં ભોજન કર્યું છે તે બનાવ આ ગાયકો જાણી ગયા લાગે છે, કદાચ તે તેઓ પ્રગટ કરશે." આ પ્રમાણે વિચારીને કેટલાક રેશમી વસ્ત્રો, અને સોનાના હાર વિગેરે બક્ષીશમાં તેને આપ્યા. તેઓને આ પ્રમાણે ધન મળવાથી તેઓને તેની પાસે આવવામાં ઉત્સાહ આવ્યો, તેથી ફરીથી આવીને પણ તેજ પ્રમાણે તેઓએ શરૂઆત કરી. રૂદ્રના ચરિત્રની શરૂઆતનું આ વાક્ય હતું, પણ જટાધારી તો પોતાને માટેજ આશંકા કરતો હતો. તેઓ ફરીથી પણ

---

૧ તમે જે જે કર્યું છે તે કહી દેખાડીએ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેજ વાક્ય બોલ્યા, એટલે તે તપસ્વી ક્રોધે ભરાણો અને તેને બોલાવીને કહ્યું કે–"અરે દુષ્ટો ! શું કહી દેશો ? મેં જટાધારીએ છીપાને ઘેર ભોજન કર્યું, કર્યું, કર્યું, તેમાં શું કોઈની ચોરી તો નથી કરી ?" આવાં તેનાં વચનો સાંભળીને ગવૈયા ચાલ્યા ગયા, પણ છીપાને ઘેર ખાધાની વાત બધે પ્રસરી ગઈ.

**સાર**–આસપાસનાં સંયોગ, સ્થિતિ વિગેરે તપાસીને બોલનાર માન પામે છે, બાકી જીવનમાં એક વખત પણ ખોટું કાર્ય થઈ જાય તો તે હૃદયને ડંખ્યા કરે છે, અને સમય મળતાં બોલી જવાય છે, તેથી હૃદયમાં ડંખે તેવું કાર્ય કરતાંજ અટકવું અને સત્કૃત્યમાંજ ઉદ્યમવંત રહેવું.

## કથા ૧૯ મી.

### સ્ત્રીના માયાવીપણા ઉપર વેશ્યાની કથા.

"સ્ત્રીઓ માયાવી અને વાચાળ હોય છે, તેથી તેનો વિશ્વાસ કરવો ઉચિત નથી. જે સ્ત્રીજાતિ ઉપર વિશ્વાસ કરે છે તે જેવી રીતે માયાથી વેશ્યાએ વણિકને ઠગ્યો હતો, તેમ ઠગાય છે." તેની કથા આ પ્રમાણે—

કુંકુમપુરમાં હીરક નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને મકરંદ નામે બુદ્ધિશાળી પુત્ર હતો. તે બહુ બુદ્ધિવંત છતાં વેશ્યાને ઘેર કપટવિદ્યા શીખવા માટે રહ્યો. ત્યાં તે સર્વ કપટવિદ્યા

શીખ્યો. વેશ્યાનાં સર્વ ચરિત્ર શીખ્યા પછી કુટ્ટિનીએ મકરંદને શ્રેષ્ઠીને પાછો સોંપ્યો. અને તે શીખવવા માટે એક લક્ષ દ્રવ્ય લીધું; પરંતુ તે કુટ્ટિનીએ પ્રતિજ્ઞા કરી કે-"હે શ્રેષ્ઠિન્! આ મેં ભણાવેલો તારો પુત્ર દેશાંતરમાં જઈને પણ કોઈ માયાવી વેશ્યાથી ઠગાય તો મારો દંડ કરજો."

બીજે દિવસે શ્રેષ્ઠીના આદેશથી મકરંદ અમરપુર ગયો; અને રાજાએ પ્રસન્ન થઈને આપેલા આવાસમાં ક્રય વિક્રય કરતો તે સુખેથી રહેવા લાગ્યો. તે નગરીમાં તરૂણ હરિણ જેવી ચપળ અને ચોસઠ કળાઓમાં કુશળ મદિરા નામની વેશ્યા રહેતી હતી, તે ગણિકાને તેની વૃદ્ધાએ કહ્યું કે-"એવું કર કે જેથી આ યુવાન શ્રેષ્ઠી રંજિત થાય." તે ગણિકા મદ પૂર્વક બોલી કે-"આ કોમળ મનવાળા ગૃહસ્થને રાજી કરવો તેમાં તે શી મોટી વાત છે? તીવ્ર વૈરાગ્યથી કઠિન મનવાળા થઈ ગયેલા યોગીઓની પણ ક્ષણમાત્રમાં સમાધિ ભંગાવવામાં હું કુશળ તેમજ સમર્થ છું." આ પ્રમાણે કહીને તે શ્રેષ્ઠીપુત્રને પોતાના મંદિરે લાવવા દૂતીને મોકલી. તે દૂતી શ્રેષ્ઠી પાસે જઈ તેને પ્રણામ કરીને વિનયપૂર્વક તેની અનુજ્ઞાથી નીચા આસન ઉપર બેસીને બોલી કે-"હે સ્વામિન્! આ નગરમાં સર્વ ગુણને જાણનાર, મારી સ્વામિની મદિરા નામે ગણિકા છે. તેણે તે રસ્તે નીકળેલા આપને જોયા, ત્યારથી જર્જરિત થઈ ગઈ છે. હે સાધુ પુરૂષ! તમે ફેંકેલા પ્રેમ નામના નવી જાતના બાણથી વિંધાયેલી તે કેવી દશા પામી છે તે સાંભળો. તે સવે છે. બેસે છે. તેને તમર આવે છે. બોલ

બોલ કરે છે, મ્લાન વદનવાળી થાય છે, આસપાસ જોયા કરે છે, ભમ્યા કરે છે, પથારીમાં આળોટ્યા કરે છે, મુંઝાયા કરે છે, મૂર્છા પામે છે અને સર્વ ઉપર ક્રોધ કર્યા કરે છે." આ પ્રમાણે વિસ્તારથી કહીને કસ્તુરી વિગેરે ઉત્તમ વસ્તુઓથી સુગંધિત કરેલું પાનનું બીડું તેણે તેને આપ્યું, અને આવવાનું વચન માગ્યું. મકરંદે કાંઈપણ દાક્ષિણ્યતા રાખ્યા વગર કહ્યું કે:-"આવી તેની જે સ્થિતિ તું વર્ણવે છે તે સર્વથી હું અજાણ્યો નથી, માટે આવી તારી વાણીની યુક્તિનો ઉપયોગ બીજે સ્થળે કરજે." તે સાંભળીને દૂતી શ્યામ મુખવાળી થઈ ગઈ, અને વેશ્યા પાસે જઈ નમીને તેને બધી હકીકત કહી. તે યૌવનવતી ગણિકા તે સાંભળીને ફાળ ચુકેલી વાંદરીની જેમ વિલક્ષ વદનવાળી થઈ ગઈ; તથાપિ ખેદ પામ્યા વગર વારંવાર ખુશામતના શબ્દોથી ભરેલા કામદેવના અસ્ત્રરૂપી પત્રો તેણે મોકલ્યા. તોપણ મેરૂની જેવો નિશ્ચળ મકરંદ જરા પણ ચળાયમાન થયો નહિ.

એક દિવસે મદિરા ગણિકાએ પોતાની ખાસ દાસી સાથે કહેવરાવ્યું કે:-"તમે તો પથરની જેવા કઠણ છો, પરંતુ તમારા ઉપરના રાગને લીધે અત્યંત મૃદુ સ્વભાવવાળી થઈ જવાથી હું તમારા વિના જીવવાને સમર્થ નથી. તમને જાણ્યા! તમારૂં કલ્યાણ થાઓ. પુનર્ભવમાં દર્શન આપજો, હું હવે કાષ્ટ ભક્ષણ કરીને મૃત્યુ પામીશ." મકરંદ તે સાંભળીને કાંઈ-પણ જવાબ દીધા વગર ઉઠીને ચાલ્યો ગયો. દાસીએ તે બધું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેની સ્વામિનીને નિવેદન કર્યું. પછી તે ગણિકાએ આપ્ત પુરૂષો પાસે નગરથી દૂર બહારના ભાગમાં પોતાને ઘેર આવી શકાય તેવી રીતે ભોંયમાં એક સુરંગ ખોદાવી, અને બહારના ભાગમાં ભૂમિ ઉપર જમીનના એક પડ જેટલું ઢાંકણ કરાવ્યું. તે દ્વારને સ્થળે તેની ઉપર લાકડાં એવી રીતે ગોઠવ્યાં કે દ્વારની ખબર પડે નહિ. તે પ્રમાણે તૈયાર થયું ત્યારે સ્નાન કરીને, દાન દઈને, મોટા પુરૂષો સાથે અશ્વ ઉપર બેસીને ચિતામાં બળી મરવાના મિષથી તે તરફ ચાલી. આ વૃત્તાંત કર્ણોપકર્ણ સાંભળીને 'આ સત્ય છે કે અસત્ય ?" તેની પોતાની ચક્ષુથો તપાસ કરવા માટે વેષ બદલાવીને મેળો મળ્યો હતો તે સ્થળે મકરંદ પણ ગયો. તે ચિતાની પાસેજ ઉભો રહ્યો. તે ચકોર જેવી યુવાન્ વેશ્યા પણ ઘોડા ઉપરથી ઉતરી કાંઈક ઉંચી થઈને બોલી કે:–"હે પરમેશ્વર ! હે લોકપાલ ! હું મકરંદ નામના નિષ્ઠુર શ્રેષ્ઠીપુત્ર તરફ મદનને જીતે તેવા તેના રૂપ તથા ગુણથી આકર્ષાઈ હતી, મેં તેની પ્રાર્થના પણ કરી હતી; તે વ્યાપારીઓમાં શ્રેષ્ઠ શ્રેષ્ઠીએ 'ગણિકા માત્ર માયાવી હોય છે' તેમ કહીને મારી પ્રાર્થનાનો અસ્વીકાર કર્યો, તેથી નિરાશા, વિષાદ તથા ખેદથી ગભરાયેલા અને મુંઝાયેલા મારા આત્માને હું તજી દઉં છું. હે મહાજનો! તમે જુઓ !" આ પ્રમાણે બોલીને તેણે તરતજ ચિતામાં પ્રવેશ કર્યો. થોડીવાર પછી તેના આપ્ત પુરૂષોએ કાષ્ટને અગ્નિ લગાડ્યો. પગના પ્રહારવડે ભૂમિપટ ખોલી નાખીને

વેશ્યા સુખેથી ઘેર આવી, અને માયાકપટમાં કુશળ એવી તે ગણિકા સુખેથી પ્રચ્છન્ન રીતે ઘરમાં રહેવા લાગી. મકરંદ તો તે ગણિકાની આ સ્થિતિ જોઈને તે સર્વને સત્ય માનતો "અરે હું બહુ નિષ્ઠુર, પાપી, જડબુદ્ધિવાળો છું," તે પ્રમાણે પોતાને નિંદતો સ્વગૃહે આવ્યો. મહાજનના લોકો પણ જુદી જુદી વિચિત્ર વાતો કરતાં સ્વસ્થાને ગયા. અહીં શ્રેષ્ઠીપુત્ર મકરંદ ખાતો નહોતો, સુતો નહોતો, બોલતો નહોતો, વિલેપન કરાવતો નહોતો, સ્નાન પણ કરતો નહોતો, માત્ર તેના દુઃખથી દુઃખિત થઈને મૃત્યુ પામેલાની જેમ કાંઈ પણ કાર્ય કર્યા વગર બેસી રહેતો હતો. આંતરે આંતરે મદિરાને ઘેર જતો હતો. તેને ઘેર મદિરાના સંબંધીઓ તે શ્રેષ્ઠીપુત્રના દેખતાં ઔર્ધ્વદૈહિક કૃત્યાદિ કરતા હતા, દાનાદિ આપતા હતા, તેનો પરિજન વિલાપ કરતો હતો અને હૃદયમાં હણાયેલી હોય તેવી રીતે તેની અક્કા બહુ શોકવડે ગાઢ સ્વરે રૂદન કરતી હતી. આ પ્રમાણે કેટલાક દિવસ ગયા; એટલે તેનો વિરહ સહેવાને અસમર્થ એવો તે મકરંદ અક્કાને કહેવા લાગ્યો કે:–"હું મદિરાનો વિરહ સહવાને અસમર્થ છું, તેથી હું પણ અગ્નિવડે મરણ અંગીકાર કરીશ." વૃદ્ધાએ તે હકીકત જાણી, તેનો વિશ્વાસ આવ્યો, એટલે પૂછયું કે:–"શા માટે મરીશ?" તેણે કહ્યું કે:–"તારી પુત્રીએ મારાપર સ્નેહવડે પોતાના દેહનું દહન કર્યું. તેથી હવે તેના વિરહરૂપી દહનના પ્રતિકારમાં ચિતાનો અગ્નિજ ચંદનરસ તુલ્ય છે એમ મને લાગે છે." તે સાંભળીને અક્કા બોલી કે:–"અમારો જાણીતો અને માનીતો એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નૈમિત્તિક છે, તેને પૂછીને પછી જેમ રૂચે તેમ કરજો." પછી અક્કાએ તે જ્યોતિષીને બોલાવ્યો, અને બધી મર્મની વાત તેને કહીને ખેદ પામેલા શ્રેષ્ઠી પાસે તેને મોકલ્યો. શ્રેષ્ઠીએ પૂછયું કે:–"અરે જોશી! મદિરાનો યોગ મારી સાથે મળે છે કે નહિ? તે બરોબર તપાસીને કહો, એટલે હું અગ્નિમાં પડીને મરણનું શરણ અંગીકાર કરૂં." તે સાંભળી શઠરાજ એવો તે જોશી બોલ્યો કે:–"તમે વૃથા દુ:ખ ધરો નહિ, એક પખવાડીઆ પછી તે તમને અહીંજ મળશે." આ પ્રમાણેનાં તેનાં મધુર વચનો સાંભળીને મકરંદ સંતુષ્ટ થયો અને તેને ઘણું ધન આપ્યું.

પછી મદિરા તરફની પ્રીતિથી તે નવ–દશ દિવસ સુધી તો તેને ધીરજ રહી. એક વખતે રાત્રીના સમયે ચંદ્રમા સંપૂર્ણ ખીલ્યો હતો, નવી ખીલેલી પુષ્પકળીઓથી આસપાસ સુગંધી પ્રસરી રહી હતી, પવન મંદ મંદ વાતો હતો, અને કામદેવના બાણોની વૃષ્ટિ થતી હતી. તેવે સમયે મદિરાનો પ્રેમ સંભારતો શ્રેષ્ઠીનંદન બોલ્યો કે:–"હે પ્રિયા! હે ગૌરાંગિ! હે સુકેશિ! હે કૃશોદરિ! હે પદ્મવર્ણી! તું કયાં ગઇ? કયાં ગઈ?" આવું તે બોલતો હતો તે સમયે અવસરને ઓળખનારી વૃદ્ધ માતાએ મ્હોઢામાં તાંબુળ રાખેલી, મોતી સુવર્ણ અને માણિક્યના અલંકારોથી શોભતી, મોતીઓના સમૂહથી ઉજ્વળ રોહિણીના કરતાં બમણી મનોહર લાગતી, ઉત્તમ શ્વેત વસ્ત્ર ધારણ કરેલી, હાથણીની જેવી મંદ ગતિથી ચાલતી, પુષ્પોના ગજરાથી હસ્તકમળ જેના

શોભતા છે એવી મદિરાને મકરંદ પાસે મોકલી. શ્રેષ્ઠીપુત્ર આમ તેમ જોતો હતો, અને મોહગર્ભિત વાક્યો બોલતો હતો, તેવામાં તો સાચે સાચી પાસે ઉભેલી મદિરાને તેણે જોઈ. મકરંદે તેને પૂછયું કે–"યુવાન જનોને ઉન્માદરૂપી મદિરા પાનાર શું તું તેજ મદિરા છો?" તેણી પણ આંબાના વૃક્ષ ઉપર બેઠેલા ભ્રમરસમૂહના ગુંજારવ કરતા અવાજની જેવા તથા કોકિલાના મીઠા, મનોહર તથા કોમળ સ્વર જેવા સ્વરવડે બોલી કે–"હા, હું તેજ મદિરા છું." શ્રેષ્ઠીએ પૂછયું કે–"અરે! જગતના જીવોને ઉત્તમ દર્શન આપવાવાળી! તું જીવતી થઇને કેવી રીતે આવી?" તેણીએ કહ્યું કે–"અરે શૃંગાર રસના ભોગી ભ્રમર! તારા ધ્યાનમાં મગ્ન થયેલી મેં અગ્નિમાં પડીને તેની સાધના કરી, તેથી હું સ્વર્ગમાં ગઈ ત્યાં શક્રેદ્રે ગૌરવ સહિત મારી તરફ જોયું અને કહ્યું કે–'હે સાત્વિક શિરોમણિ! જે કાંઈ જોઈતું હોય તે માગ.' મેં વિજ્ઞપ્તિ કરી કે–'જો તમે સંતુષ્ટ થયા હો તો મારા મર્ત્યદેહવડે મને મકરંદ શ્રેષ્ઠી સાથે સંયોગ થાય તેમ કરી આપો, કે જેના અનાદરથી મેં આ પ્રમાણેનું સાહસ કર્યું છે.' તે સાંભળીને તે ભગવાન્ શક્રેદ્રે મને તેવો વર આપીને સ્વર્ગ લોકમાંથી અહીં મોકલી છે."

આ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠીપુત્ર તે સમયને અમૃતમય, કામદેવના ભોગમય, અને મહોત્સવ તુલ્ય માનવા લાગ્યો. પછી તે તેની પાસેજ રહ્યો અને તેની સાથે ભોગ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિલાસ કરવા લાગ્યો, તેનામાંજ ચિત્ત લીન થવાથી તે ગણિકાએ ધીમે ધીમે તેનું બધું દ્રવ્ય હરણ કરી લીધું. "વેશ્યામાં અને કવિતામાં તલ્લીન થયેલ માણસ રસના આકુળપણાથી અપશબ્દ, વૃત્તભંગ તથા અર્થના ક્ષયને[1] જાણતા નથી."

અનુક્રમે તે નિર્દ્રવ્ય-થઈ ગયો. ત્યારપછી વેશ્યા તેનો બહુ આદર સત્કારાદિ કરતી નહિ. તેને ત્યાં જ્યારે બહુમાન મળતું બંધ થયું, ત્યારે મકરંદે આપ્ત પુરૂષો દ્વારા બધી હકીકત તેના પિતા હીરક શ્રેષ્ઠીને જણાવી. તે શ્રેષ્ઠી તે સાંભળીને બહુ ખેદ પામ્યો અને કોપ કરીને તેવી શિક્ષા આપનાર કુટ્ટિની પાસે જઈ કહેવા લાગ્યો કે-"મારા પુત્રને શીખવવા માટે આપેલ લક્ષ દ્રવ્ય તું પાછું આપ, તારી પાસે ભણેલ છતાં પણ દેશાંતરમાં ગયેલ તે આવી સામાન્ય ગણિકાથી છેતરાઈ ગયો છે." તે કુટ્ટિની પણ તેમનું વચન ધ્યાનપૂર્વક સાંભળીને બોલી કે- "શ્રેષ્ઠિન્! જીવતી અવસ્થામાં કરેલા પ્રપંચોને તો તે અવશ્ય જીત્યો પણ મૃત્યુ અવસ્થા બતાવીને કરેલા પ્રપંચોને તે જીતી શક્યો નહિ, તોપણ વિષાદ કરશો નહિ, હું બધું પાછું લાવી આપીશ, મારી સાથે તમે તે ગામ ચાલો." આ પ્રમાણે વિચાર કરીને તે બંને તે નગરીએ ગયા અને તે નગરીમાં પ્રવેશ કર્યો. શ્રેષ્ઠીએ ડુમનો અને કુટ્ટિનીએ ડુમીનો વેષ લીધો; અને પોતાની ધારણાનો બધો સંકેત મકરંદને એકલા બોલાવીને સમજાવી દીધો. પછી એક દિવસ મકરંદ શ્રેષ્ઠી મદિરાની

---

૧ બંને પક્ષે ત્રણે શબ્દોના જુદા જુદા અર્થ સમજી શકાય તેવા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે દાતણ કરવાની જાજમ ઉપર ગૃહદ્વારના મંડપમાં બેઠો હતો, અને દાસીઓ ચંદનરસથી તેમના ચરણની સેવા કરતી હતી, તે વખતે બંને જણા તેની પાસે ગયા. મકરંદને દેખીને તેને ઉદ્દેશીને કુમી બોલી કે-"હે વત્સ ! અરે અમને છોડીને તું ક્યાં ગયો હતો ? અરે શું તેં કાગળદ્વારા અમને સમાચાર પણ મોકલ્યા નહિ ? અરે ! હવે ચાલ, ચાલ, તારા આખા શરીરના આલિંગનરૂપી અમૃતરસવડે મારા બધા અંગોને સિંચ; અરે ! તારૂં આટલું બધું ધન ક્યાં ગયું ?" આ પ્રમાણે બોલીને તે રૂદન કરવા લાગી. તે સાંભળીને વેશ્યાનો બધો પરિવાર એકઠો થઈ ગયો. વૃદ્ધા ખેદ પામીને બોલી કે-"અરે, હવે ક્યાં જવું ? શું આપીને છુટવું ? કોના શરણને અંગીકાર કરવું ?" પછી ગુપ્ત રીતે તેઓએ તે બંનેને કહ્યું કે-"તમારે ખોટું ગાંડપણ પ્રગટ કરવું અને સાંજ સમયે બધું લઇને ચાલ્યા જવું, ફરીથી આ તરફ આવવું નહિ." તે પ્રમાણે નક્કી કર્યું. પછી બધું દ્રવ્ય લઈને વેશ્યાથી ઉત્પન્ન થયેલા પુત્રને તેને સોંપી દઈને મકરંદને સાથે લઈ તે શ્રેષ્ઠી અને કુટ્ટિની દ્રવ્ય સહિત પોતાને ગામ આવ્યા. પછી પુત્રને પોતાના પદ ઉપર સ્થાપી અનેક પ્રકારની શિખામણ દઈ પિતાએ દીક્ષા ગ્રહણ કરી અને અનુક્રમે જન્મ, જરા, મરણ રહિત ઉત્તમ શિવસ્થાનને તેણે પ્રાપ્ત કર્યું.

સાર-વેશ્યાના પ્રપંચોથી ઘણું કરીને સવ જાણીતા છે. ધૂર્તકળાનો તે ભંડાર હોય છે. અનેક પ્રકારનાં છળ પ્રપંચો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી પાસમાં આવેલાને તેઓ છેતરી ધનથી અને કાય શક્તિથી રહિત કરે છે, અને તેનું સર્વસ્વ લુંટી લીધા પછી દ્રવ્ય રહિત દેખાતાં તિરસ્કાર કરીને કાઢી મૂકે છે. તેથી તેની સોબતથી સર્વદા દૂર રહેવું તેમાંજ શોભા અને સુખ છે.

# કથા ૨૦ મી.

## એક સરખી મતિ ઉપર પંડિતોની કથા.

"જેવું એક બુદ્ધિમાન્ કરે છે, તદનુસાર બધા કરે છે. જેવી રીતે રાજાના બધા પંડિતોએ દુધના સ્થાનમાં પાણી નાખ્યું હતું તેમ." તેની કથા આ પ્રમાણે—

એક નગરમાં શ્રીપુંજ નામે રાજા રાજ્ય કરતો હતો. સકળ વિદ્યાના પારગામી એવા પાંચસે કવિઓ અને પંડિતોને ગામ ગરાસાદિ નિર્વાહાર્થે આપીને તેણે એકઠા કર્યા હતા. એક દિવસે પોતાની પુત્રીના પાણિગ્રહણ સમયે ભોજન વેળાએ પાંચસે પંડિતોને રાજાએ આદેશ કર્યો કે—"અરે પંડિતો! ધવલગૃહમાં નાંદીપાત્રમાં[1] એક એક દુધનો ઘડો તમે નાખી આવો." એટલે બધા પંડિતો ઉઠીને તે સ્થળે ગયા. પછી તેમાંના એકે વિચાર કર્યો કે—"બધા દુધનો ઘડો નાખશે તેમાં હું એક પાણીનો ઘડો નાખીશ તેની કોને ખબર પડશે?"

૧ યજ્ઞ માટે યોજાયેલ વાસણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવો વિચાર કરીને તેણે દુધના ઘડાને બદલે પાણીનો ઘડો નાખ્યો. આ પ્રમાણે પૃથગ્ પૃથગ્ દરેકે વિચાર કર્યો, અને તે પ્રમાણે કર્યું. જ્યારે કામ કરનારાઓ દુધ લેવા માટે ત્યાં આવ્યા ત્યારે દુધને બદલે તેમણે પાણી દીઠું. રાજાને તેઓએ વિનંતિ કરી, તેથી કૌતુકથી રાજા પણ તે જોવા ત્યાં આવ્યો, તો તે પ્રમાણેજ તેણે દીઠું, તેથી હાસ્ય-પૂર્વક તે બોલ્યો કે:-"સર્વે પંડિતોની સરખીજ મતિ હોય છે."

**સાર**:-'સો શાણાનો એક મત' એ કહેવત પ્રમાણે બુદ્ધિવંત મનુષ્યોની બુદ્ધિ પ્રાયે સરખીજ હોય છે. પૃથગ્ પૃથગ્ વિચારતાં પણ તેની મતિ સરખીજ પહોંચે છે.

---

# કથા ૨૧ મી.

## કલહ કરનારી સ્ત્રીની કથા.

"અરે ! સ્ત્રીઓ કલેશ કરનારી હોવાથી તે કોને કોને ઉદ્વેગ પમાડતી નથી ? 'તે અહીં આવેલ છે' તેમ સાંભળીને પાત્ર છોડીને એક અમર (દેવ) ચાલ્યો ગયો હતો." તેની કથા આ પ્રમાણે:-

કેતકપુરમાં કોકશિવ નામે બ્રાહ્મણ રહેતો હતો. તે જન્મથીજ દરિદ્રી અને મૂર્ખ હતો, કાંઈ પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શીખ્યો નહોતો. વળી તેની પત્ની કલેશી સ્વભાવવાળી, કાણી, કુરૂપા, કુટિલ મતિવાળી, કૃપણ, કલંકિત આચારવાળી, બહુ બોલનારી, નિર્દય, ક્રોધી, સ્વચ્છતા વગરની અને મર્મ વચનો બોલનારી હતી. પોતાના ભર્તારની સ્નાન તથા ભોજનાદિની તે મુદ્દલ ચિંતા કરે તેવી નહોતી, માત્ર પોતાનું ઉદર ભરવામાંજ તે કુશળ હતી. ભિક્ષુકોને આક્ષેપો કરી હાંકી કહાડતી, બાળકોને મારતી, ધર્મ કે દેવગુરૂનું નામ પણ જાણતી નહોતી. તેના ઘરની પાસે રહેલા વૃક્ષ ઉપર **ઝોટીંગ** નામના એક વ્યંતરનો વાસ હતો. તે ઝાડ નીચે તે સ્ત્રી એઠવાડ નાખતી હતી અને કળહના સમયે ત્યાં બરાડા પાડતી હતી. તેની બુમો સાંભળીને તે વ્યંતરને બહુ ખેદ થતો, તેથી છેવટ તે વૃક્ષ છોડી દઈને તે બીજા દેશમાં ચાલ્યો ગયો. કોકશિવ બ્રાહ્મણ પણ દુર્વિનીત પત્નીના ગ્રીષ્મ સમયના દાવાનળની જેવાં વચનોને નહિ સહી શકવાથી તથા દારિદ્રથી પીડાઈને એક દિવસ રાત્રે ત્યાંથી નાશીને બીજે ગામ ચાલ્યો ગયો. પછી એક ગામથી બીજે ગામ ભટકતો તે એક મોટા નગરની પાસે આવ્યો. તે નગરમાં જવાના રસ્તામાં એક વિશાળ વૃક્ષની છાયામાં તે બેઠો. પેલો વ્યંતર પણ તેજ ઝાડ ઉપર આવીને રહેલો હતો. તે બ્રાહ્મણને દેખીને તેણે તેને ઓળખ્યો, અને છાંયારૂપે તેની પાસે રહીને તે બોલ્યો કે:-"અરે ભાઈ કોકશિવ! તું મને (વ્યંતરને) ઓળખે છે?" કોકશિવે પૂછયું કે:-"તું કોણ છે અને કયાં રહેવાવાળો છે?" વ્યંતરે કહ્યું કે:—"તારા ઘરની પાસે રહેલા વૃક્ષ ઉપર રહે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નારો હું વ્યંતર છું. તારી પત્નીના ક્રૂરતાવાળા કલહના શબ્દોથી અને એઠવાડથી હું બહુ મુંઝાણો, તેથી ત્યાંથી નાશીને અહિં આરામ સ્થળમાં આવીને હું રહેલો છું અને કાળ આનંદથી ગુમાવું છું. જ્યારે ખાવાની ઇચ્છા થાય ત્યારે કોઈ પણ સ્ત્રી યા પુરૂષને હું પકડું છું, અને ભોજન મેળવું છું. હવે તું અહીં શામાટે આવ્યો છે? તે તારી હકીકત કહે."

આ પ્રમાણે સાંભળીને તે બ્રાહ્મણ બોલ્યો કે:--"જેવી રીતે તું તેવીજ રીતે હું પણ તે પત્નીના પાપથી બ્હીને રખડતો રખડતો અત્રે આવેલ છું." વ્યંતરને તેની દયા આવી, તેથી પૂછયું કે-"તું ક્યાં જમીશ?" બ્રાહ્મણે કહ્યું કે-"જેવી રીતે તું ભોજન કરે છે, તેવી રીતે હું પણ કરી લઈશ." વ્યંતરે કહ્યું કે-"ઉઠ, એક ઉપાય બતાવું, શાલિભદ્ર શ્રેષ્ઠીના પુત્રને હું નગરમાં જઈને વળગીશ, ત્યાં તું મંત્રવાદી થઈને આવજે ને પાઠ કરજે, તેની પાસે પાંચસે દીનાર માગજે, વિશેષ લોભ કરીશ નહિ, તારા મંત્રવાદના મિથ્યા આડંબરથી હું તે શ્રેષ્ઠીપુત્રને છોડી દઈશ." આ પ્રમાણે નિર્ણય કરી તદનુસાર કાર્ય કરતાં બ્રાહ્મણને પાંચસે સોનામહોર મળી, એટલે બ્રાહ્મણને તો લોભ લાગ્યો, તેથી વિચાર્યું કે-"ફરીથી પણ સોનામહોરો મળે તો સારૂં." પછી એક દિવસે તે વ્યંતરે કોઇ મંત્રીનાં બાળકને પકડ્યો. તે બ્રાહ્મણે વિચાર્યું કે-"ખરેખર અહીં પણ તેજ વ્યંતર હશે." આ પ્રમાણે વિચારીને તે મંત્રીને ઘેર ગયો; અને મંત્રવાદનો પ્રારંભ કર્યો.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે પડદા પાછળ અંતરીક્ષમાં રહીને તે વ્યંતર બોલ્યો કે-"એક વખત તો તારૂં આતિથ્ય કરવા માટે તને સોના-મહોરો અપાવી. ફરીથી લોભવશ થઈને તું મને હેરાન કરવા આવ્યો છું, તો હવે તનેજ મારી નાખીશ." આ પ્રમાણે કહીને તેને મારવા માટે તેણે મુઠી ઉપાડી; એટલે તે લુચ્ચો બ્રાહ્મણ બોલ્યો કે-"હું કાંઈ લોભવશ થઈને અહીં આવ્યો નથી, પરંતુ તને 'તે દુષ્ટ બ્રાહ્મણી અત્રે આવેલી છે' તે જણાવવા માટે આવ્યો છું." આ પ્રમાણે સાંભળીને "અરે, શું તે અત્રે આવી છે!" તેમ કહીને તેની બ્હીકથી તે મંત્રીપુત્રને છોડી દઈને ચાલ્યો ગયો; એટલે બ્રાહ્મણને જીવિત પર્યંત ચાલે તેટલું ધન મળ્યું.

**સાર**-કળહ કરનારી સ્ત્રીથી વ્યંતર પણ દૂર ભાગી જાય છે. કળહ જગત્‌માં કોઈને લાભકારી નથી. કળહથી સંસારમાં સુખનો તદ્દન નાશ થઈ જાય છે, અને મન ઉદ્વેગમાં રહ્યા કરે છે. સ્ત્રી અને પુરૂષ સર્વેએ કળહથી દૂર રહેવું તેમાંજ શોભા અને સુખ છે.

# કથા ૨૨ મી.

## પારકે મુખે દુઃખી થનાર ગૃહભંજકની કથા.

"અસંમજસ બોલનારાઓનો કાચા કાનવાળાએ વિશ્વાસ કરવો નહિ. તેમ કરનાર એક ગૃહભંજકે સ્ત્રી પુરૂષને કળહ કરાવ્યો હતો." તેની કથા આ પ્રમાણે:—

શાંતિપુરમાં તિલક નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને વિજયા નામે પત્ની હતી. બંને વચ્ચે ઘણો સ્નેહ હતો. તેમને સંતાન જીવતાં નહોતાં, તેથી તે જ્યોતિષીઓને પૂછતા, વેદપાઠ કરાવતા, અને સ્નાનાદિ કરી તીર્થસ્થળે દાન દેતા. એક દિવસ તેના ઘરમાં એક લુચ્ચો પરદેશી આવીને ઉતર્યો. તેણે ભોજનની માગણી કરી, પણ ભોજન આપ્યું નહિ, તેથી તે કોપાયમાન થયો. લોકોને મુખેથી તેણે સાંભળ્યું કે-"આ શ્રેષ્ઠીને ઘેર બાળક જીવતું નથી." પછી આખે શરીરે ટીલા-ટપકા કરી ગળામાં માળા નાંખીને જ્યોતિષી થઇને તે ફરીથી તે શ્રેષ્ઠીને ઘેર આવ્યો. શેઠાણીએ પૂછયું કે:-અરે, તમે કોણ છો અને શું જાણો છો?" તેણે કહ્યું કે:-હું મોટો જ્યોતિષી છું. ત્રિકાળનું સ્વરૂપ જાણનારો છું, મુહૂર્ત જોનાર છું." શેઠાણીએ કહ્યું કે:-"જો એમ છે તો તમે જોશ જોઇને કહો કે મારે બાળકો કેમ જીવતાં નથી?" તે ધૂર્ત બોલ્યો કે:-"તારો પતિ રાક્ષસ છે, દુર્ધર મંત્રશક્તિવડે તે તારા બાળકોને ખાઇ જાય છે." તેણીએ પૂછયું કે:-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

“ તે બાબતની ખાત્રી શું ?” તે દુષ્ટ બોલ્યો કે:–“તેનું શરીર ખારૂં છે, તેને ચાટીને તું ખાત્રી કરજે.” આ પ્રમાણે એકાંતમાં તેની સાથે વાત કરીને પછી તે લુચ્ચો દુકાને ગયો. શ્રેષ્ઠીએ તેને આદરથી બોલાવ્યો અને પૂછયું કે:–“અરે ભવિષ્યવેત્તા ! તમે કાંઇ જાણો છો ? ” તેણે કહ્યું કે:– “ હું સર્વ જાણું છું.” તેથી ખુશી થઇને શ્રેષ્ઠીએ તેને પૂછયું કે:–“અરે, મારા પુત્રો જન્મીને તરતજ મરી કેમ જાય છે?.” તેણે ઉત્તર આપ્યો કે:–“ તારી પત્ની ડાકીણી છે, તે જન્મે કે તરતજ છોકરાંઓને ખાઈ જાય છે.” શ્રેષ્ઠીએ પૂછયું કે–“ તે હકીકતની સાબીતી શું ? ” તેણે કહ્યું કે–“ આજે તમે ઘેર જશો ત્યારે તે તમારૂં અંગ ચાટશે. ” શ્રેષ્ઠીએ જોશીને રજા આપી. પછી શ્રેષ્ઠી ઘેર જઇને બપોરે પલંગ ઉપર સુતો. શેઠાણી તે વખતે પાસે આવી. એટલે શ્રેષ્ઠી કપટથી ભરનિદ્રામાં સુતો. તે વખતે જ્યોતિષીના વચનની પ્રતીતિ કરવા માટે તે તેનો વાંસો ચાટવા લાગી. શ્રેષ્ઠી તરતજ બેઠો થયો અને રાડ પાડીને બોલી ઉઠ્યો કે–“અરે, જાણ્યું, જાણ્યું, તું ડાકણી છું.” શેઠાણી નિષ્ઠુરતાથી બોલી કે–“અરે રાક્ષસ ! તને જાણ્યો, ઓળખ્યો. ” આ પ્રમાણે એક ઘડી સુધી બંને વચ્ચે કળહ થયો. લોકો એકઠા થઈ ગયા અને બધી હકીકત સાંભળીને તેઓએ વિચાર્યું કે–“જરૂર આ કોઈ ઘર ભંગાવનાર–કલેશ ઉત્પન્ન કરાવનારનું કાર્ય છે. ” તે વખતે કલેશ કરવામાં નારદ તુલ્ય પેલો ભિક્ષુક

પણ કળહ થતો દેખીને તે સ્થળે આવ્યો; અને બધા એકઠા થયેલા માણસો પાસે તેણે બધી હકીકત વિગતથી કહી બતાવી.

સાર—પારકે સુખે દુઃખી થનારા ઘણા માણસો આ સૃષ્ટિમાં હોય છે. કોઈને તેઓ સુખી જોઇ શકતા નથી. કોઈને સુખી દેખે તો વિનાકારણ તેનું હૃદય બળે છે. તેવા હલકા સ્વભાવવાળા માણસોથી ચેતતા રહેવું, અને આપણે તેવો સ્વભાવ ન રાખવો. દરેકને સુખી દેખીને આનંદિત થવું તેમાંજ ખરૂં સુખ અને મહત્વતા છે.

# કથા ૨૩ મી.

## લોભ ઉપર મૂઢ ડોશીની કથા.

"પરાક્રમવંત સ્ત્રી પુરૂષે યુવાવસ્થામાં દ્રવ્યનું દાન આપવું. તેમ ન કરનાર એક વૃદ્ધ ડોશીને મરણ પાસે આવ્યું ત્યારે આપવાનું કહેતાં વહુઓએ વિડંબના કરી હતી." તેની કથા આ પ્રમાણે:—

કુંતલપુર નગરમાં દેવધર નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને શોભિની નામે સ્ત્રી હતી. તેને ચાર પુત્રો અને ચાર વધુઓ હતી. દેવધર અનુક્રમે મૃત્યુ પામ્યો. ત્યારપછી શોભિનીના વિચાર પ્રમાણે કુટુંબનિર્વાહ ચાલતો હતો. શોભિની બહુ કૃપણ હતી, તે બહુ કરકસરથી સંસારનિર્વાહ કરતી હતી.

ચાર વહુરૂઓને ચાર વસ્તુઓ તેણે સાચવવા આપી હતી. પહેલી વહુને સોનાની સાંકળી, બીજી વહુને હાથના કંકણ, ત્રીજીને સોનાનું પગે પહેરવાનું સાંકળું, અને ચોથી વહુને ત્રણસો રૂપિયા રોકડા સાચવવા આપ્યા હતા. આ બધી વાત બીજા કુટુંબીઓથી તેણે ગુપ્ત રાખી હતી. એક વખતે તે વૃદ્ધ ડોશીને ક્ષયરોગ થયો, તેની જઠરાગ્નિ મંદ થઈ ગઇ, એક પગલું પણ ચાલવાની શક્તિ રહી નહિ, મહા કષ્ટથી બોલાતું હતું. જ્યારે વૈદ્યોએ તે ડોશીની જીવવાની આશા તદ્દન છોડી દીધી, ત્યારે તેને ભૂમિ ઉપર નાંખી. તેના શરીર ઉપરથી મુદ્રાદિક ઘરેણા લેવા પુત્રો તૈયાર થયા. સ્વજન વર્ગ એકઠો થયો, અને 'અનશન કરાવો, અનશન કરાવો' તેમ બધા કહેવા લાગ્યા. નવકારમંત્રનાં પદો બધા બોલવા લાગ્યા. તે વખતે મનમાં ડોશી વિચાર કરવા લાગી કે:–"વધુઓને આપેલા મારા દ્રવ્યનો ઉપયોગ કરવાનો આ અવસર છે." એમ વિચારીને તેણે પહેલી વધુને બોલાવીને કહ્યું કે–"વત્સ! સાંકળી." લોકોએ પૂછ્યું કે–"વહુ! સાસુ શું કહે છે?" કપટ કરીને તે વહુએ કહ્યું કે–'સાંગરી, સાંગરી."[1] આ શાક તેમને પ્રથમ બહુ વહાલું હતું. બીજીને બોલાવીને સાસુએ કહ્યું કે– વત્સે! અંગુથળ."[2] તેણે પૂછવાથી કહ્યું–કે "સાસુ કહે છે કે અંગ દાબો." ત્રીજી પાસે 'સાંકળુ" માંગ્યું. તેણે કહ્યું કે–"સાસુજી ઘર સાચવવાનું કહે છે." ચોથી પાસે 'ત્રણસે

૧ સરગવાનું શાક. ૨ હાથનાં કંકણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂપિયા ' માગ્યા. તેણે કહ્યું કે–"ટીડથી ખેતરની રક્ષા કરવાનું કહે છે." ડોશી થોડીવાર પછી મૃત્યુ પામી, અને સાથે કાંઈ પણ પાથેય લીધા વિના પરલોકમાં ગઈ.

સાર–જીવતાં સુધી કૃપણતાથી દ્રવ્યનો ધર્મમાર્ગે વ્યય ન કરવો, દાન–દયા પરોપકાર આચરવાં નહિ, અને મૃત્યુ સમયે કરવાનો વિચાર રાખવો તે મૂર્ખાઈ છે. તેમ કરવાથી ઘણી વખત કાંઈ પણ ભાતું લીધા વગરજ મૃત્યુ થાય છે. સ્વાર્થવશ થયેલા કુટુંબીજનો તે સમયે કાંઈ કરવા દેતા નથી. ઉપરના દેખાવની ખાતર નામ માત્ર કરે છે. માટે 'હાથે તે સાથે' તે કહેવત હમેશા વિચારવી અને સર્વદા પરોપકાર-પરાયણ રહેવું.

# કથા ૨૪ મી.

## મૂર્ખાઇ ઉપર કુલપુત્રની કથા.

"તત્ત્વાતત્ત્વની વિચારણાવાળા માણસોએ પોતાની બુદ્ધિનો પોતેજ ઉપયોગ કરવો. અન્ય દુર્બુદ્ધિને કરેલો ઉપદેશ કુલપુત્રને કહ્યાની જેમ વિફળ થાય છે." તેની કથા આ પ્રમાણે–

સુધાન્ય નામના નગરમાં એક ડોશી રહેતી હતી. તેનો પતિ યુવાવસ્થામાંજ મૃત્યુ પામ્યો હતો. તેને એક પુત્ર હતો. પારકા ઘરનાં કામ કરીને, દરણાં દળીને, પાણી ભરીને વિગેરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાર્યો કરીને, તેણે ઘણા વખત સુધી તે પુત્રનું પાલન કર્યું. તે પુત્ર પશુ જેવો, હમેશાં ખાવામાં શૂરવીર, નિરક્ષર, સ્થૂલ શરીરવાળો જાડી બુદ્ધિવાળો અને અરણ્યવાસી પશુની જેવો વ્યવહારાદિમાં તદ્દન અજાણ હતો. એક દિવસે વૃદ્ધાએ પ્રેમાળ શબ્દોથી તેને કહ્યું કે:–" વત્સ ! તને પાળી પોષીને મોટો કર્યો, તું મૂછોવાળો થયો, હવે કાંઈક તારા અને મારા નિર્વાહની ચિંતા કર." પુત્રે પૂછ્યું કે:–" માતા ! શું ઉપાય કરૂં ? માતાએ કહ્યું કે:–"આ પાસેના નગરમાં તારા પિતાનો સ્વામી એક મોટો રાજપુત્ર રહે છે, ઘણા વરસો સુધી તેણે તેની સેવા કરી હતી, તેની સેવા કરવા માટે તું જા." આ પ્રમાણે કહીને જીર્ણ, મ્યાનમાં રહેલી, બહુ કાટ ચઢી ગયેલી તરવાર તેને આપીને આશિર્વાદ દઈને તે રાજપુત્ર પાસે તેને મોકલ્યો.

તે જતાં જતાં પૂછવા લાગ્યો કે:–" માતા ! લોકોને રીઝવવાનો શું ઉપાય ? તે મને કહે, હું તે કદિપણ શીખ્યો નથી." માતાએ કહ્યું કે:–" વત્સ! જ્યારે મનુષ્યોનો મેળાપ થાય ત્યારે મોટે સ્વરે 'નમસ્કાર–નમસ્કાર' તેમ બોલવું." તે મૂઢમતિવાળો મૂર્ખ ત્યાંથી ચાલ્યો, અને અરણ્યમાં ગયો. તે સ્થળે મૃગયા કરવા આવેલાઓએ મૃગોને પકડવા જાળ નાખી હતી અને ગીતનાદથી મૃગોને આકર્ષ્યા હતા. મૃગો તેઓની પાસે આવતા હતા, તે વખતે આ મૂર્ખે બહુ મોટા અવાજથી મૃગ પકડનારાઓને 'નમસ્કાર–નમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્કાર' એમ કહ્યું. તે સાંભળીને હરણો ભય પામ્યા, અને નાશી ગયા. મૃગ પકડનારાને બહુ ક્રોધ ચઢ્યો, અને મુઠી, લાકડી તથા ચાબખા વિગેરેથી તેને બહુ માર્યો. તે મૂર્ખે કહ્યું કે:–"મને મારી માતાએ તે પ્રમાણે શીખવ્યું છે, માટે મને મારશો નહિ, મારશો નહિ." પછી તેણે તે મૃગ પકડનારાઓને પૂછયું કે:–"અહીંથી બીજે સ્થળે જાઉં ત્યાં મારે શું કરવું?" આ પ્રમાણે પૂછવાથી તે દુષ્ટોએ તેને શીખવ્યું કે:–" માણસોને દેખવાં કે તરતજ નીચા નીચા નમવું; અને બહુજ નમ્રતા બતાવવી." પછી તેઓએ તેને છોડી દીધો. તે પુચ્છ વગરનો પશુ અનુક્રમે નગરની સમીપ આવ્યો. તે સ્થળે પૂર્વે ધોબીઓનાં કપડાં ચોર ચોરી ગયા હતા. ગુપ્ત પુરૂષોને તેઓએ તપાસ કરવા રાખ્યા હતા. તેઓ ચોરની તપાસ કરતા હતા. તે વખતે તે મૂર્ખ કુળપુત્ર તે સ્થળે આવ્યો અને લુગડાં પડેલાં હતાં તે સ્થળે રહેલા બે ત્રણ માણસોને તેણે ધીમેથી નમસ્કાર કર્યા. નમતો નમતો તેને આવતો દેખીને 'આજ ચોર છે' તેમ ધારીને ધોબીઓએ તેને બાંધ્યો, અને બહુ માર્યો. ત્યાં પણ સત્ય હકીકત કહેવાથી તેઓએ તેને છોડી મૂક્યો. મૂર્ખે તેને પૂછયું કે:–" મને એવી રીતે શિક્ષા આપો કે જેથી બીજાઓ મારો પરાભવ કરી શકે નહિં." તેમ પૂછવાથી 'આ ગાંડો છે' તેમ ધારીને તેઓએ તેને શિખવ્યું કે:–જ્યારે ઘણા લોકો મળે ત્યારે 'તમારા માથા ઉપર ઉષ પડો' તેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલવું." આ પ્રમાણે સાંભળીને નગર તરફ જતાં ઉદ્યાનમાં યાત્રાર્થે જતાં માણસોને દેખીને 'તમારા શરીર ઉપર ઉષ પડો." તે પ્રમાણે તેણે કહ્યું. તે સાંભળીને તેઓએ તેને માર્યો. સત્ય હકીકત સાંભળીને તેઓએ પણ છોડી દીધો, અને શીખવ્યું કે-"ઘણા લોકો સાથે રહેલા દેખાય ત્યારે 'સર્વદા આ પ્રમાણે થાઓ' તેમ બોલવું." આગળ જતાં એક મૃતક લઈને જતાં માણસો તેને મળ્યા. તેને જોઈને તે મૂર્ખ બોલ્યો કે-"સર્વદા આ પ્રમાણે થાઓ." તે સાંભળી એકઠા થઈ ગયેલા લોકોએ ક્ષત ઉપર ક્ષારની જેવું બોલનારા તેને માર્યો. પછી સત્ય હકીકત કહેવાથી તેને મુક્ત કરી શિખવ્યું કે-'કોઈ દિવસ આમ થાઓ નહિ' તેમ બોલવું." આગળ વિવાહ નિમિત્તે જતાં જનવૃંદને દેખીને 'આવું કદાપિ થાઓ નહિ' તે પ્રમાણે બોલતો સાંભળીને તે લોકોએ લોટની કણિકની જેમ તેને સારી રીતે માર્યો. આ પ્રમાણે મોટા મહોત્સવ પૂર્વક પોતાના ગુણો દેખાડતો તે મૂર્ખ કુળપુત્ર અનુક્રમે નગરમાં પેઠો અને રાજપુત્રને ઘેર ગયો. તેણે તેને પોતાની પાસે રાખ્યો.

તેણે તેને કહ્યું કે-"ઢોલ વગાડીને લાવ'.' ત્યારે લોઢાના સળીયાવડે ઢોલ વગાડતાં ઢોલ ભાંગી નાખ્યો. 'પશુ બાંધ' તેમ હુકમ કર્યો, ત્યારે દોરડાંવડે પશુને વીંટવાજ માંડયું. એક દિવસ દાસીએ માથે છાણની ટોપલી લીધી, અને આ મૂર્ખને ખેતરનું ખળું લીંપવા માટે પાણીનો ઘડો લઈને સાથે મોક-

ર્યો. જતાં જતાં તેણે પૂછયું કે–"મારે શું કરવું?" સ્વામીએ કહ્યું કે–"જે આ દાસી કરે તે તારે કરવું." ખેતરમાં જઈ દાસીએ ઉંચેથી છાણનો સુંડલો નીચે નાંખ્યો, એટલે તે મૂર્ખે પણ પાણીનો ઘડો ભૂમિ ઉપર ફેંકયો. ઘડો ભાંગી ગયો અને બધું ખળું પાણીમય થઈ ગયું. દાસીએ ક્રોધ કરીને તેને માર્યો. સ્વામીએ હુકમ કર્યો હતો કે–"દાસી જે કરે તે તારે કરવું." તે યાદ આવવાથી તે પણ તેને મુષ્ટિપ્રહારોવડે મારવા મંડ્યો. દાસી નાસીને ઘેર આવી, એટલે તે પણ પછવાડે દોડીને ઘેર આવ્યો. સ્વામીએ પૂછયું કે–"આ શું?" બંનેએ યથાસ્થિત વૃત્તાંત કહી દેખાડ્યો. કુટુંબ આખું મશ્કરી કરવા માંડયું. પરમાર્થ જાણ્યા વગર તે સ્વામીને ઠપકો આપવા માંડ્યો. એક દિવસ ગ્રામ્યસભામાં તેનો સ્વામી બેઠો હતો, તે વખતે તે મૂર્ખ ત્યાં જઈને ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યો કે–"રાજપુત્ર ! રાબડી થઈ ગઇ છે, ઉઠો, ઉઠો." સ્વામી તે સાંભળીને તે વાત ખાનગી રાખવાની હતી, તેથી લજ્જા પામતો ઉઠ્યો, અને તેને શિખામણ આપી કે–"અવસર જોઈને ઘરની વાત કાન પાસે આવીને ખાનગી રીતે કહેવી." થોડો કાળ ગયા પછી એક દિવસે રાજપુત્રને ઘેર આગ લાગી. રાજપુત્ર રાજકાર્યમાં રોકાયેલ હતો. ઘરમાં રહેલાઓએ તે મૂર્ખ જડ બુદ્ધિવાળાને કહ્યું કે–"અરે, ઉતાવળો જઈને ગૃહપતિને કહે કે માણસોનું ટોળું લઈને જલદી આવે અને આગ ઓલવી નખાવે." તે ત્યાં ગયો, ત્યાં ઘણા માણસોને બેઠેલા દેખીને 'આ અવસર નથી' તેમ વિચારીને તે નજીકમાં ચુપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉભો રહ્યો. થોડીવાર પછી કાન પાસે જઈને તેણે કહ્યું કે–"તમારા ઘરમાં આગ લાગી છે." રાજપુત્રે ભ્રકુટી ચડાવીને કહ્યું કે–"અરે મૂર્ખ! તેં આવીને તરતજ કેમ ન કહ્યું?" તેણે જવાબ આપ્યો કે:–"યોગ્ય સમય નહોતો. તમે કહ્યું હતું કે સમય વિચારીને ખાનગીમાં કહેવું." સ્વામી પણ વિષાદ, હાસ્ય, દિનતા તથા ચિંતાપૂર્વક વિચારવા લાગ્યો કે:–"આ ખરેખર મહા જડ છે." કહ્યું છે કે:–"જેને બુદ્ધિજ ન હોય તેને શાસ્ત્રો શું કરે? લોચન રહિત મનુષ્યને દર્પણ શું કામ આવે.?" પછી તરતજ ઉઠીને તે ઘેર આવ્યો, તો ઘર આખું બળીને ભસ્મીભૂત થઈ ગયું હતું. પછી હાથ પકડીને તે મૂર્ખને સ્વામીએ કહ્યું કે:–"અરે મૂર્ખ! જો, તેં લાંબા વખત સુધી ઢીલ કરીને કહ્યું તેથી આ બધાનો નાશ થઇ ગયો; તેથી આજથી જે સ્થળે લેશ માત્ર પણ અગ્નિ કે અગ્નિનો ધુમાડો દેખાય તે સ્થળે જળ, કચરો, ધૂળ કે મૂત્ર જે હાજર હોય તે નાંખવું." તે પ્રમાણે શિખામણ આપી. પછી એક દિવસે તે રાજપુત્ર સ્નાન કરીને પોતાના વાળ સુકાવવા સગડીમાં દેવતા રાખીને તેની પાસે બેઠો હતો. અગ્નિ બળતો હતો, તેનો મસ્તક પરથી ધુમાડો નીકળતો હતો; પેલા કુળપુત્રે તેનો ઉપદેશ સંભારીને એક પાત્રમાં રાખેલ મલીન જળ તરતજ લાવીને રાજપુત્રના માથા ઉપર નાખ્યું. રાજપુત્રને બહુ ક્રોધ ચઢ્યો, તેથી તેણે તેને માથામાં મારીને કાઢી મૂકયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રજ્ઞા રહિત પશુતુલ્ય તે જડ પણ રખડી રખડીને જીવન પૂરૂં કરી મૃત્યુ પામ્યો.

**સાર**–બુદ્ધિ રહિત માણસોને ગમે તેવો ઉપદેશ કરીએ તોપણ તેના લાભાર્થે તે થતો નથી. વિચાર કર્યા વગર માત્ર સાંભળ્યા પ્રમાણેજ કરનારની આવી દશા થાય છે. દરેક કાર્ય કરતાં વિચારવાની ખાસ જરૂર છે. વિચાર કર્યા વગર કાર્ય કરનાર મનુષ્ય પશુતૂલ્યજ છે. વિચાર કરીને–સમજીને કાર્ય કરનાર ફત્તેહમંદ થાય છે.

# કથા ૨૫ મી.

## છેતરવાની કળા ઉપર એક શ્રેષ્ઠીની કથા.

"દાંભિક માણસો દેવોને પણ છેતરે છે, તો પછી મનુષ્યને છેતરે તેમાં તો શી નવાઇ? દેવી અને યક્ષ બંનેને એક વાણિયાએ છેતર્યા હતા." તેની કથા આ પ્રમાણે:—

દેવપુર નામના શહેરમાં કુલાનંદ નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. મદનકલિકા નામે તેને સ્ત્રી હતી. તેમને પુત્ર થતો નહોતો, તેથી શેઠાણીએ ગામની અધિષ્ટાયિકા પ્રભાવવાળી ચામુંડા દેવીની બાધા રાખી કે–"હે દેવિ! જો તારા પ્રસાદથી મને પુત્ર થશે તો ત્રણ લાખ દ્રવ્ય ખર્ચીને હું તારી પૂજા કરીશ." અનુક્રમે તેને પુત્ર થયો. પોતે જે બાધા રાખી હતી તે ભર્તારને

કહી. તેણે કહ્યું કે–"સારૂં કર્યું." પછી એક એક લાખ દ્રવ્ય ખર્ચીને તેણે રત્ન જડેલા સોનાનાં ત્રણ પુષ્પો કરાવ્યા. પછી પોતાના પરિજન સાથે દેવી પાસે જઈને તેની યથાવિધિ પૂજા કરી અને તે ત્રણે ફુલો દેવીની બે ભુજા પર બે અને એક ભાળ-સ્થળે એમ ત્રણ સ્થળે ચઢાવ્યા. શ્રેષ્ઠીએ ત્યાર પછી પોતાની, પત્નીની અને પુત્રનીં ત્રણેની શેષ તરીકે તે ત્રણે ફુલો પાછા લઇ લીધા, અને તે શઠશિરોમણિ શ્રેષ્ઠી પોતાને ઘેર આવ્યો. દેવી તો તે જોઈને વિલખી થઇ ગઈ, અને તેના મિત્ર સહિયડ નામના દેવ પાસે પોતાનું મનોદુઃખ કહેવા માટે ગઈ. તેને કહ્યું કે–"હે દેવ! કુલાનંદ નામે વાણિયાએ ત્રણ પુષ્પો મને અર્પણ કરીને યુક્તિપૂર્વક તે પાછા લઈ લીધા અને મને છે-તરી, હવે હું શું કરૂં?" સહિયડ દુઃખપૂર્વક બોલ્યો કે–"તું તો સુખેથી છુટી, તેથી ભાગ્યશાળી છો. સાંભળ તે શ્રેષ્ઠીએ મારી કેવી કદર્થના કરી છે તે કહું છું. પૂર્વે તેનું એક વહાણ મધ્ય સમુદ્રમાં પ્રવાસ કરતાં ખોવાઈ ગયું. તેની નિશાની પણ જણાતી નહોતી; તેથી તે મારી પાસે આવ્યો અને કહ્યું કે–'મારૂં વહાણ પાછું લાવી આપશો તો હું તમને એક પાડો આપીશ.' મેં મારી શક્તિથી તે વહાણ પાછું લાવી આપ્યું, તેને વધામણી મળી, તેને ઘેર ઉત્સવ થયો, ક્ષેમકુશળ વહાણ કાંઠે આવ્યું, તેની વસ્તુઓ વેચી નાખી, તેને ઘણો લાભ થયો. પછી મેં સ્વપ્નમાં પાડાની માગણી કરી. તેથી તે એક તરૂણ પાડો લાવ્યો, અને તેના ગળામાં રહેલ દોરડું મારે ગળે બાંધ્યું. પછી તે ભેરી, ભુંગલ, મૃદંગ વિગેરે વાજીંત્રો એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે વગડાવવા લાગ્યો. વાજીંત્રોના અવાજથી પાડો ચમક્યો, કારણ કે તે ઘણા વખતથી વગડામાં રહેતો હતો; એટલે પોતાની સાથે દોરડાવડે તે પાડો મને પણ ખેંચીને લઈ ગયો. મારે આખે શરીરે ચાંઠાં પડ્યા; તે હજુ પણ સુકાતા નથી. એવા નિઃશુક ઉપર હું પણ પ્રભાવ પાડી શકતો નથી, માટે તું રૂદન કરીશ નહિ. તારૂં મ્હોટું ભાગ્ય છે કે હજુ તારૂં કાંઈ લઈ તો ગયો નથી; માટે ઘેર જા. શું તેં સાંભળ્યું નથી કે– "કોણ મનુષ્ય અર્થની પ્રાપ્તિથી ગર્વિત થતો નથી ? દુનિયામાં સ્ત્રી જેના માનનું ખંડન ન કરે એવું કોણ છે? રાજાને કોણ વહાલું હોય છે ? કાળના પંજામાંથી કોણ છુટે છે ? ભિખારી કોણ માન પામે છે? અને દુર્જનની જાળમાં સપડાઈને કોણ સત્પુરૂષ ક્ષેમકુશળ છુટી શકે છે ? " આ બધા પ્રશ્નોનો જવાબ 'કોઈ નહીં' એવો છે. એ પ્રમાણે સાંભળીને દેવી સ્વસ્થાને ગઈ.

**સાર**–બુદ્ધિબળથી દેવ–દેવી પણ ઠગાય છે. અને દુર્જન મનુષ્યને કોઇ જીતી શકતું નથી; પરંતુ આવી દુર્જનતા પ્રાંતે તેને દુઃખ દેનારી થાય છે. દુર્જન મનુષ્યનો અંતે કોઈ વિશ્વાસ કરતું નથી. બુદ્ધિનો ઉપયોગ અન્યને ઠગવામાં કરવો તે પ્રત્યક્ષ મૂર્ખાઈ છે. તેનાથી એકવાર કદાચ કાર્યસિદ્ધિ થાય છે, પણ અંતે તો પસ્તાવોજ કરવાનો વખત આવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૨૬ મો.

## બુદ્ધિના જડપણા ઉપર મૂર્ખ શિષ્યની કથા.

"મૂળ અને ચૂલિકા સહિત સંપૂર્ણ સાંભળવું, અંશમાત્ર સાંભળવું નહિ. આવો શાસ્ત્ર નિયમ છતાં પરંપરા જાણ્યાં વગર એક શિષ્યે ફોગટ ગુરૂને માર માર્યો હતો." તેની કથા આ પ્રમાણે:—

વીરપુર નામના નગરમાં કોઇ એક જટાધારી રહેતો હતો, તે વૃદ્ધ થઇ ગયો હતો, અને બહેરો હતો. તેને એક વિધિ વિધાન કરવાવાળો શિષ્ય હતો. એક દિવસ ગુરૂએ શિષ્યને કહ્યું કે-"વત્સ ! હું બહેરો થઇ ગયો છું, તેથી કાંઈ સાંભળતો નથી; માટે વૈદ્ય પાસે જઈને કાંઇક ઔષધ લઈ આવ." શિષ્ય ચાલ્યો અને મધ્યાહ્ન સમયે તે કાઇક વૈદ્યના ઘર પાસે આવ્યો. વૈદ્યના ઘર બહાર ઉભો રહ્યો. તે વખતે વૈદ્ય પણ નગરમાં ભમીને ઘેર આવ્યો હતો. સવારે બહાર ફરવા જતીવખતે તે પોતાના જ્યેષ્ટ પુત્રને નાના પુત્રને ભણાવવાનું કહીને ગયો હતો. વૈદ્યે બહારથી આવીને મોટા પુત્રને પૂછયું કે-"અરે ! તેં આ બાળકને ભણાવવાનો યત્ન કર્યો કે નહિ ? તે પાઠ શીખ્યો કે નહિ ?" મોટાએ કહ્યું કે-"પિતાજી ! તે મારૂં વચન સાંભળતો નથી, તેથી ભણવા બોલાવું છું ત્યારે નાશીને બીજે ચાલ્યો જાય છે." તે સાંભળીને તે વૈદ્યને બહુજ ક્રોધ ચઢ્યો, તેથી તેને ઘણા વખત સુધી થપાટ વિગેરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારીને કહ્યું કે–" અરે ! હવે સાંભળે છે કે નહિ ? " તેમ વારંવાર કહ્યું.

આ પ્રમાણે વારંવાર વૈદ્યને તેના પુત્રને કહેતો સાંભળીને બહાર ઉભેલા તાપસના શિષ્યો 'બધિરપણું મટાડવાનો ઉપાય આવી રીતે તાડન કરવું તે છે' તેવો નિર્ણય કરીને પોતાના મઠમાં જઈ ગુરૂને હાથવતી પકડીને ભૂમિ ઉપર પછાડ્યા, અને ઘણી સખત થપાટો વિગેરે મારીને પૂછયું કે–"કેમ હજુ પણ સાંભળો છો કે નહિ ? " લોકો શિષ્યને મારતા દેખીને એકઠા થઈ ગયા, અને તેમ કરવાનું કારણ પૂછયું. તેણે કહ્યું કે–" બહેરાપણું મટાડવાનો તેજ ઉપાય છે." તેઓએ પૂછયું કે–" આ ઉપાય તમને કોણે બતાવ્યો છે ? " તેણે કહ્યું કે–"વૈદ્યે બતાવ્યો છે." તેઓએ પૂછયું કે–" કયા વૈદ્યે ? " તેણે કહ્યું કે–" અમુક વૈદ્યે. " તેઓ વૈદ્ય પાસે ગયા અને પૂછયું તો તેના મૂળમાં કાંઈ પણ સાર દેખાણો નહિ; તેથી બહુ ક્રૂરતાથી મારતા તે શિષ્યને લોકોએ સમજાવીને બહુ મુશ્કેલીથી નિવાર્યા. આ બરાબર ન સમજવાનું ફળ છે.

**સાર**—કેવળ વેદાધ્યયન કરવાથી અગર બીજું પણ ભણી જવાથી કાંઈ ફળ મળતું નથી. ભણવા સાથે ગણવાની ખાસ જરૂર છે. માત્ર અભ્યાસ કરી જવાથી વ્યવહારમાં આગળ વધાતું નથી. વળી દરેક કાર્ય કરતાં તેનો ઉપયોગ શું છે તેનો પણ વિચાર કરવાની ખાસ જરૂર છે. કાંઈ પણ સાંભળીને તે સંબંધી હેતુ પૂછયા વિના કે જાણ્યા વિના તે પ્રમાણે કરવાથી મૂર્ખાઈ જાહેર થાય છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૨૭ મી.

## વ્યવહાર અજ્ઞને શિક્ષા આપવા ઉપર તાપસની કથા.

"જે માણસને જેવી રીતે બોધ થાય તેને તેવી રીતે ડાહ્યા માણસે બોધ કરવો. એક ગૃહસ્થે ક–ખ બોલનારને દ–ધ–ન ના પ્રયોગથી બોધ કર્યો હતો." તેની કથા આ પ્રમાણે–

કોઈ ગામમાં ધન ધાન્યથી સમૃદ્ધ એક શ્રેષ્ઠી રહેતો હતો. તે તાપસભક્ત, દાતા, વિનયી અને બુદ્ધિશાળી હતો. તેણે એક દૂરના ગામથી ટટ્ટારશિવ નામના તાપસને બોલાવીને પોતાના ગામમાં વસાવ્યો. તે ત્યાં ચાતુર્માસ રહ્યો. અર્ધું ચોમાસું ગયા પછી એક રાત્રે ગામમાં ધાડું પડ્યું અને તેણે ગામ બાળી નાંખ્યું. સર્વ ઘરોમાં અનાજાદિ બળી ગયું, લોકો નાશી ગયા. જ્યારે પેલો નિયમવાળો શ્રેષ્ઠી ગુરૂને નમવા આવ્યો, ત્યારે તેને ઘેર પણ આગ લાગી. અન્ન, વસ્ત્ર, કપાસ વિગેરે સર્વ બળી ગયું. સવારે ગુરૂ ક્ષુધાર્ત્ત થયા. શિષ્યને ભિક્ષા લાવવા માટે મોકલ્યો. તે યજમાનને ઘેર ગયો, અને કાંઈક અન્ન આપવાની યાચના કરી; એટલે આખી રાત્રી જાગેલા, અગ્નિના તાપથી તાપિત અંગવાળા અને દાહના દુઃખથી દુઃખિત અંતઃકરણવાળા કૌટુમ્બિકોએ તેને યોગ્ય ઉત્તર દઈને પાછો કાઢ્યો. તે ગુરૂપાસે પાછો આવ્યો. અન્ન નહિ મળવાથી દુઃખી થયેલા ગુરૂએ તેને કહ્યું કે–" ગમે તે

ખાવાનું લાવ." આમ કહીને તેને પાછો મોકલ્યો; એટલે એક લીંબડાના વૃક્ષ ઉપર રાત્રે લાગેલ અગ્નિજ્વાળાથી મરી ગયેલ કાગડાના રંધાઇ ગયેલ શરીરને તે શિષ્ય લઈ આવ્યો. ખાવાની ઇચ્છાથી ભુંજાઈ ગયેલા તે કલેવરને ગુરૂ સરખું કરવા લાગ્યા, તેવામાં તે યજમાન ત્યાં આવ્યો; અને ગુરૂનું આવું વિરૂદ્ધ આચરણ દેખીને તેણે ગુરૂને ઠપકો આપ્યો કે-" અરે ગુરૂ ! સ્મૃતિ, વેદ, પુરાણ વિગેરે સર્વ શાસ્ત્રમાં કાગડાના માંસભક્ષણનો સ્પષ્ટ નિષેધ કરેલ છે, તેમ છતાં તમે આ શું આરંભ્યું છે ? " ગુરૂએ કહ્યું કે-" યજમાન ! મને ક્ષુધા બહુજ લાગી છે, અગ્નિ લાગવાથી તારા ઘરમાં અન્નાદિ કાંઈ તૈયાર નથી. તેથી હું કાગડાનું કલેવર ખાઈશ, બીજું હું કાંઈ જાણતો નથી, માતૃકાપુરાણ ને ગુરૂપરંપરાથી હું જાણું છું. તેમાં 'ક-ખ' તેવો પાઠ છે. તેનો અર્થ એવો થાય છે. -' કાગડા ખાવા " શાસ્ત્રોક્ત હકીકત હોવાથી તે પ્રમાણેના આચારમાં શું દોષ છે ? " યજમાને તેની આવી પાત્રતા જોઈને કહ્યું કે-" ભગવન્ ! માતૃકાપુરાણ તમારે પ્રમાણ હોય તો તેમાં 'દ-ધ-ન' છે, તે પાઠનો વિચાર કરો. તેનો અર્થ એવો છે કે-' દગ્ધ થયેલા કાગડા ન ખાવા ' ગુરૂએ તે સાંભળીને કહ્યું કે-"હવે હું સમજ્યો, હવે હું કાગડા ખાઈશ નહિ." તેમ કહી તે કલેવર ફેંકી દીધું.

સાર—અજ્ઞાન છતાં વિરૂદ્ધ આચરણ કરનાર સાથે પ્રસંગ પડે ત્યારે તેના ધ્યાનમાં આવે તેવી યુક્તિઓથી તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજાવી શુદ્ધ આચારવાળો કરવો. ગાળો દેવાથી, વાંકુ બોલવાથી કે નિંદા કરવાથી કોઇ સમજતું નથી. યુક્તિપૂર્વક સમજાવવાથી કોઈ પણ માણસ સત્ય હકીકત સમજી શકે છે.

# કથા ૨૮ મી.

## અર્થના અનર્થપણા ઉપર ચાર મિત્રની કથા.

"અર્થ એટલે ધન મનુષ્યના જીવિતને હરણ કરનાર થાય છે, તેનો લાભ કાંઈ નથી, જુઓ ! હેમપુરૂષ મળ્યા છતાં ચારે મિત્રો મૃત્યુ પામ્યા." તેની કથા આ પ્રમાણે—

હેમપુરમાં રાજપુત્ર, મંત્રીપુત્ર, પુરોહિતપુત્ર અને શ્રેષ્ઠીપુત્ર તે ચાર સમાન વયવાળા મિત્રો હતા. તે એક બીજાના સુખે સુખી, દુઃખે દુઃખી, આખો દિવસ સાથે રહેનારા અને સરખી ઉમરવાળા હતા. એક વખતે તે ચારે મિત્રો દેશાંતરમાં કૌતુક જોવા માટે માબાપની રજા લીધા વગર ચાલ્યા. ઘણો માર્ગ ઉલ્લંઘ્યા પછી સાંજરે અટવીમાં એક ઝાડ નીચે તેઓ રાત્રીવાસો રહ્યા. અને 'એક એક પહોર ચારે જણાએ જાગવું' તેવો તેઓએ નિર્ણય કર્યો. પહેલે પહોરે શ્રેષ્ઠીપુત્ર જાગતો બેઠો; બીજા બધા સુઇ ગયા. તે વખતે ઝાડના ઉપરથી અવાજ થયો કે–"હું ધન છું, પરંતુ અનર્થથી વીંટાયેલ છું. મારી ઈચ્છા હોય તો ઝાડ ઉપર ચઢીને લઈ જા." અનર્થની બીકથી વણિક પુત્રે નિર્ણય કર્યો કે–"મારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ધન જોતું નથી, માટે લેવા જઈશ નહિ. ” બીજે પ્રહરે પુરોહિતપુત્રે અને ત્રીજે પ્રહરે મંત્રીપુત્રે પણ તે પ્રમાણેજ વિચાર્યું. તેઓએ પણ તે શબ્દ સાંભળીને અનર્થથી બ્હીને તે લેવા જવાનો વિચાર કર્યો નહિ. ચોથા પ્રહરે એકલો રાજપુત્ર જાગતો હતો, બીજા બધા સુઈ ગયા હતા. તેણે પણ તે શબ્દ સાંભળ્યો. તે સત્ત્વવંત હતો. તેણે વિચાર્યું કે-“ ધૈર્યવાન્ સત્ત્વવંત પુરૂષોનેજ દ્રવ્ય મળે છે, ભીરૂને મળતું નથી. શસ્ત્રથી છેદાય તોજ કાનને સુવર્ણનાં અલંકારો મળે છે. બાકી આંખને તો કાળા કાજળનીજ રેખા કરવામાં આવે છે. ” આ પ્રમાણે વિચારીને તે બોલ્યો કે-“ તમારી ઇચ્છા હોય તો સ્વયમેવ પડ.” એટલે તરતજ એક સુવર્ણપુરૂષ વૃક્ષ ઉપરથી નીચે પડ્યો. તે વિશાળ કાંચનના તેજથી દીપતો હતો. પછી પ્રાત:કાળ થયો. રાત્રીની હકીકત અન્યોઅન્યને કહી સુવર્ણપુરૂષને એક જગ્યાએ દાટી દઈને તેઓ આગળ ચાલ્યા. તેઓ એક ગામ પાસે આવ્યા, એટલે મધ્યાન્હ સમયે તેમાંથી બે જણ આહારાદિ લાવવા ગામમાં ગયા. “ આપણે બંને તે હેમપુરૂષના સ્વામી થઇએ. ” તેમ વિચારીને તેઓ વિષ ભેળવેલું અન્ન લઈ મિત્રો પાસે આવ્યા. બહાર રહેલા બંને જણાએ પણ તેવીજ ઇચ્છાથી તેઓ અન્ન લઈ આવ્યા કે તરતજ અચિંત્યો તેની ઉપર હલ્લો કરીને તેને મારી નાખ્યા. પછી વિષમિશ્રિત અન્ન ખાઇને તે બંને જણા પણ મૃત્યુ પામ્યા. આ પ્રમાણે અંતે તે અર્થે અનર્થ કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**સાર**—ધન સર્વદા અનર્થકારીજ છે, પણ સંસારનો બધો વ્યવહાર તેનાવડે ચાલતો હોવાથી માણસોથી તે છોડાતું નથી. તો પણ ધન પ્રાપ્ત કરતાં અને તેનો વ્યય કરતાં સન્માર્ગ તરફ લક્ષ્ય આપવાની ખાસ જરૂર છે, તેમ કરે તોજ તે સદ્દરસ્તે ધન મેળવે છે. અને તેનો સદુપયોગ થાય છે. સંસાર વ્યવહારમાં એકલા ધનનેજ શ્રેષ્ઠપદ આપવાથી ઘણા અનર્થ થાય છે. ધનને મેળવતાં ધર્મનો વિચાર સાથે કરવાથી બહુ સુખ થાય છે.

# કથા ૨૯ મી.

## એક જડ તાપસની કથા.

“કેટલાક મનુષ્યોમાં પશુ જેવા ગુણ હોય છે, તેમને તત્ત્વની કથા કહેવાથી લાભ થતો નથી. સ્થૂળ વ્યવહારને પણ એક મૂર્ખ તપસ્વીની જેમ કેટલાક સમજતા નથી.” તેની કથા આ પ્રમાણે:—

કોઈ આશ્રમમાં એક મૂર્ખ તાપસ રહેતો હતો. તેનો શિષ્ય તેના કરતાં અધિક મૂર્ખ હતો. એક વખતે નજીકના ગામડામાં રહેનારી, પોતાના માબાપ સાથે રહેતી પોતાની પત્નીને તેડી લાવવા માટે ગુરૂએ શિષ્યને મોકલ્યો. તેણે પૂછયું કે–“ત્યાં જઈ મારે શું બોલવું ?” ગુરૂએ કહ્યું કે–“ઉંડા

અને વક્તાવાળા મોટાં મોટાં વાક્યો બોલજે.” પછી શિષ્ય તે ગામે ગયો. સગાઓને મળ્યો. તેઓએ પૂછયું કે–“તારા ગુરૂ કુશળ છે ?” તેણે કહ્યું કે–“કુવો, કુવો.” સગાઓએ પૂછયું કે–“ તેનો શું અર્થ ?” શિષ્ય કહે–“ ગુરૂએ કહ્યું છે કે ઉંડા શબ્દો બોલવા, તો કુવાથી બીજું શું ઉંડું હોય ?” ફરીથી તેઓએ શિષ્યને પૂછયું કે–“તારા ગુરૂ ક્ષેમકુશળ છે ?” ગુરૂએ કહ્યું હતું કે ‘વક્ર શબ્દો બોલજે.’ એટલે તે વિચારીને શિષ્યે પ્રત્યુત્તર આપ્યો કે–“દાત્રમ્.” ફરીથી ક્ષેમકુશળ પૂછયું, ત્યારે ઉંચા શબ્દો બોલવાનું કહેલ હતું તે સંભારીને કહ્યું કે–“ડુંગર–ડુંગર.” તે કુટુંબ આખું આવા ઉત્તર સાંભળીને ચકિત થઇ ગયું. તેઓએ વિચાર્યું કે–“ ખરેખર, તે તાપસ દાતરડું લઇને તૃણ કાપવા ડુંગર ઉપર ગયા હશે, તે સ્થળેથી સ્ખલના થવાથી નીચે ઉંડા કુવામાં પડીને મરણ પામ્યા જણાય છે, તેથીજ આ શિષ્ય કંઇ બોલતો નથી.” આવો વિચાર કરીને તેઓ મોટે સ્વરે તેને પૂછવા લાગ્યા કે–“તારા ગુરૂ કુશળ છે કે નહિ ?” તેના ઉત્તરમાં વારંવાર પ્રથમ કહ્યા તેટલા અક્ષરોજ બોલતો હતો. તેથી તપસ્વીનું મરણ થયું તેવો નિશ્ચય કરીને “હા ! હા ! રાવલપત્ની રાંડી ! રાંડી !” તેમ કહેતાં મોટે સ્વરે તેઓ રૂદન કરવા લાગ્યા. શિષ્ય પણ સાથે રોવા લાગ્યો. આ પ્રમાણે ઘણા દિવસો ગયા ત્યારે શોક મૂકાવીને તેઓએ શિષ્યને પાછો મોકલ્યો. તે ગુરૂને મઠે આવીને મુક્તકંઠે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રોવા લાગ્યો. ગુરૂએ પૂછયું કે-"અરે શિષ્ય ! તું શા માટે રૂદન કરે છે ? " શિષ્યે કહ્યું કે-"રાવલપત્નીની રાંડી તેવું મેં સાંભળ્યું છે. " રાવલ પણ તે સાંભળીને રૂદન કરવા મંડ્યો, અને તેજ પ્રમાણે વારંવાર બોલવા લાગ્યો. લોકો એકઠા થઈ ગયા અને તેઓએ પૂછયું કે-"અરે ગુરૂ ! શા માટે રૂદન કરો છો. ?" તાપસે જે બન્યું હતું તે કહ્યું. લોકોએ પૂછયું કે-"તમે જીવતાં છતાં તે કેવી રીતે રાંડી ? " તે કોપ કરીને બોલ્યો કે-" અરે ! દુષ્ટો ! આ ચેલો હમણાજ તેને પિયરથી આવે છે, તે શું ખોટું બોલે છે ? તમને ધિક્કાર છે ! ધિક્કાર છે ! " આ પ્રમાણે સાંભળીને આશ્ચર્ય પામેલા લોકો તેને છોડીને ચાલ્યા ગયા. ખાસ બૃહસ્પતિ આવીને તેને સમજાવે તોપણ "મારા જીવતાં મારી પત્ની કેવી રીતે રાંડે ? " તે વાત ગુરૂ કે શિષ્ય સમજે તેમ ન હતું.

**સાર**-મૂર્ખ લોકો જડપણાથી વ્યવહારને કે તત્ત્વને સમજતા નથી. મગજની ધુન પ્રમાણે વર્ત્યા કરે છે. તેવા માણસોને સમજાવવાની ખટપટમાં પડવાથી વખતનો મિથ્યા વ્યય થાય છે અને માથું દુખવા આવે છે. આવા મૂઢ માણસોને સમજાવવા જવાનો પ્રયત્ન કરવો તે નિષ્ફળ છે, તેથી તેવા વ્યવસાયમાં પડવાથી દૂર રહેવું તે હિતકર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૩૦ મી.

## વ્યવહારના અજાણ ચાર વિદ્વાનની કથા.

"વિદ્યાથી માત્ર ભૂષિત થવાથી કાર્યની સિદ્ધિ થતી નથી. વ્યવહાર જાણવાની પણ જરૂર છે. આ પ્રસંગ ઉપર વ્યવહારને નહિ જાણનારા ચાર મિત્રનું દૃષ્ટાંત છે." તે આ પ્રમાણે—

અષ્ટાપદપુરમાં કુલશેખર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુબુદ્ધિ નામે મંત્રી, ચંદ્ર નામે પુરોહિત અને કમળગુપ્ત નામે શ્રેષ્ઠી હતો. તે ચારેને બુદ્ધિશાળી એક એક પુત્ર થયો હતો, પૃથક્ પૃથક્ પંડિતને ઘેર ભણતાં તે ચારે પુત્રો બહુ હુશિયાર થયા અને એકમનવાળા મિત્ર થયા. રાજપુત્ર પંચાંગ લક્ષણમાં વિચક્ષણ થયો, મંત્રી પુત્ર અષ્ટાંગ આયુર્વેદમાં નિપુણ થયો, પુરોહિત પુત્ર ષડ્ દર્શનના કર્કશ તર્કશાસ્ત્રમાં હુશિયાર થયો, અને શ્રેષ્ઠીપુત્ર બીજ ગ્રંથ–ફળ ગ્રંથ વિગેરે જુદા જુદા જ્યોતિષ ગ્રંથની વિદ્યામાં બહુ ચતુર થયો. અભ્યાસ પૂરો કરી તેઓ ઘેર આવ્યા, અને પંડિતજનોથી પૂજાવા લાગ્યા. એક વખતે રાજાએ પર્ષદામાં કહ્યું કે:–"અહો! આ સૃષ્ટિમાં વિદ્યા બળવાન્ છે, મોટી છે. કહ્યું છે કે:– વિવિધ પ્રકારના શાસ્ત્ર તથા સુભાષિતાદિ અમૃતરસવડે કર્ણને આનંદ પમાડતા જરાપણ ખેદ પામ્યા વગરના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે પંડિતજનોના દિવસો સુખેથી પસાર થાય છે તેનો જન્મ અને જીવિત સફળ છે, અને તેનાથીજ પૃથ્વી શોભે છે; પંડિતાઈ વગરના વિવેકવિકળ પશુતુલ્ય લોકો આ સૃષ્ટિમાં શું ઉપયોગના છે ?" તે સાંભળીને ગંભીર, મધુર અને સત્યવાણીથી મંત્રી બોલ્યો કે—" સ્વામિન્ ! વિદ્યા માટે આપનું આ કથન સત્ય છે, પરંતુ વ્યવહારના જ્ઞાન વિના તે નકામું છે. ' વ્યવહાર જાણનાર માણસ એક ક્ષણમાત્રમાં જે કાર્ય સિદ્ધ કરે છે તે વિદ્યાથી જડ થયેલો માણસ હજારો કલેશ સહેતાં પણ સિદ્ધ કરી શકતો નથી.' વળી કવિતાથી તેનો સ્વાદ જુદો છે, રૂપથી લાવણ્ય ભિન્ન છે, નૃત્ય કરતાં ભાવ જુદા છે, તેવીજ રીતે અભ્યાસ કરતાં વ્યવહારપણું જુદુંજ છે. જો મહારાજને આ બાબતની પ્રતીતિ ન આવતી હોય તો આપણા આ નવશિક્ષિત ચારે કુમારોને કાંઈક અમુક કાર્યમાં જોડો. જો જડપણાથી તેઓ કાર્ય બગાડે નહિ, તો પછી મહારાજના સિંહાસન પાસે હું કદિ પણ બેસીશ નહિ."

આ પ્રમાણે સાંભળીને ચારે કુમારોને બોલાવીને રાજાએ કહ્યું કે:—" અરે પુત્રો ! આ પાસે રહેલા નારંગપુર ગામમાંથી મારા હુકમથી બે હજાર તોલા સોનું ત્યાંના અધિકારી પાસેથી લઈ આવો." તેઓએ કહ્યું કે:—" આપનો હુકમ પ્રમાણ છે." પછી બળદ ઉપર ભોજનની સામગ્રી તથા ભાતું નાખીને તે ચારે જણા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાલ્યા. તે ગામ પાસે જઈને એક ડુંગરની તળેટીમાં તેઓ રહ્યા. જ્યોતિષી હતો તે બળદની રક્ષા કરવા રહ્યો. તાર્કિક હતો તે ઘી લાવવા માટે ઠામ લઈને ઘીવાળાની દુકાને ગયો. વૈદ્ય હતો તે આરોગ્યદાયી શાક લાવવા માટે શાકવાળાની દુકાને ગયો. લાક્ષણિક હતો તે રસોઇ બનાવવા માટે તે સ્થળે ચુલો વિગેરે કરવાની તૈયારી કરવા લાગ્યો. જે સ્થળે જ્યોતિષી બેઠો હતો તે સ્થળે એક લુંટારો તેના બળદની પછવાડે લાગ્યો હતો. તેણે બળદને છોડી મૂકયો, એટલે યુથથી ભ્રષ્ટ થયેલા મૃગની જેમ તે આમ તેમ દોડવા લાગ્યો. ચારે દિશામાં દૃષ્ટિ ફેરવતાં જ્યોતિષીએ તેને દીઠો, પણ તેની પછવાડે દોડ્યો નહિ, પરંતુ ટીપણું હાથમાં લઈને જોવા લાગ્યો કે–" આ બળદ પાછો મળે તેવો યોગ છે કે નહિ ?" તેટલામાં તો ચોર બળદ લઈને ચાલ્યો ગયો. જ્યોતિષી દીન થઈને બેસી રહ્યો. તાર્કિક ઘી લઈને આવતો હતો, તે સમયે તે પાત્રમાં રહેલ ઘીને જોઈને તે વિચારવા લાગ્યો કે–" આ પાત્રનો ઘીને આધાર છે કે ઘીનો પાત્રને આધાર છે ? " આ વાતનો નિર્ણય કરવાનું કુતુહળ થવાથી તેણે પાત્રને નીચું નમાવ્યું એટલે ઘી ઢળીને ભૂમિ ઉપર પડી ગયું. વૈદ્ય શાક લેવા ગયો હતો તે વિચારવા લાગ્યો કે–" આ શાક વાયુ કરશે, આ પિત્ત કરશે, આ કફ જનક છે. " તે પ્રમાણે જુદા જુદા શાકના જુદા જુદા ગુણનો વિચાર કરીને ત્રણ દોષને હરનાર લીંબડાનાં પાંદડાં લઈને તે આવ્યો. વૈયાકરણી

ચોખા રાંધતો હતો, તે વખતે હાંડલામાં અવ્યક્ત પાણીનો શબ્દ ' ખદબદ ' સાંભળીને તે વિચારવા લાગ્યો કે–"અરે ! રૂઢ, યૌગિક અને મિશ્રભેદથી શબ્દ ત્રણ પ્રકારના છે. તેમાં આખંડલાદિક રૂઢ શબ્દો છે, નીલકંઠાદિક યૌગિક શબ્દો છે અને મિશ્રશબ્દો પરાવૃત્તિને સહન નહીં કરનાર ગીર્વાણ વિગેરે છે. પરંતુ આ હાંડલીમાં થતો કલકલ શબ્દ તો સ્થાલીથી ઉત્પન્ન થયેલ અપશબ્દ છે. " તેમ વિચારી ક્રોધ કરીને તેણે તે મૃત્પાત્ર ભાંગી નાંખ્યું. પછી વનમાં રહેલા તે ચારે જણાએ અન્ન, તાંબુલ કે દીવા વગર આખી રાત્રી પસાર કરી. રાજાનો આદેશપત્ર બળદની સાથે જ ચાલ્યો ગયો, કે જે પત્ર દેખાડીને સોનું લેવાનું હતુ. રાજાએ નિયોજેલા ગુપ્ત પુરૂષોએ આ બધું રાજાને નિવેદન કર્યું અને ચારે જણા છાનામાના પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. રાજાએ મંત્રીનો સત્કાર કર્યો. છેવટે ચારે જણા વ્યવહારાદિ શીખીને પછી વ્યાપારાદિમાં કુશળ થયા.

સાર—ભણવા કરતાં ગણવામાં વધારે ફાયદો છે. ફક્ત અભ્યાસજ કરીએ, અને તેનું મનન તથા વ્યવહારમાં તેનો ઉપયોગ શું તે ન સમજીએ તો તેવો અભ્યાસ સંસાર વ્યવહારમાં ઉપયોગી થતો નથી. વિદ્યા સાથે વ્યવહારનું જાણપણું પ્રાપ્ત થાય ત્યારેજ મનુષ્ય સાંસારિક પ્રવૃત્તિઓમાં કુશળ થાય છે અને કાર્યસિદ્ધિ કરી શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરેક સ્થળે અભ્યાસની સાથે તેનો વ્યવહારોપયોગ શીખવાની પૂરી જરૂર છે, તોજ ભણનારને ભવિષ્યમાં વિદ્યાથી સંપૂર્ણ ફાયદો થાય છે.

# કથા ૩૧ મી.

## અવિચારી રાજાની કથા.

" રાજા જ્યારે અવિચારી હોય ત્યારે તત્વનો વિચાર કોણ કરે ? જુઓ રાજાના કથનથી રાજાના સાળાને શૂળી ઉપર ચઢાવ્યો. " તેની કથા આ પ્રમાણે–

કોઈ અવિચારી નગરમાં સાતે વ્યસન સેવનારો એક પશુજેવી જડ બુદ્ધિવાળો રાજા રાજ્ય કરતો હતો. દાવાગ્નિ જેવા તેના મંત્રીઓ સર્વભક્ષી હતા. કોટવાળ પ્રજાને ક્ષયના વ્યાધિ જેવો હતો. પુરોહિત ક્રૂરતામાં પિશાચ જેવો હતો. દાસ દાસીઓ યમકિંકર જેવી હતી. વિધવાના પુત્રો જેવા ચોરો રાત્રે અને દિવસે સ્વચ્છંદતાથી ચોરી કરતા હતા. પાપીની જેવા સાધુલોક પણ હમેશાં શંકાસ્પદ આચરણવાળા હતા. અંતઃપુરની સ્ત્રીઓ પણ ગણિકા જેવી હતી. આવી રીતે રાજ્ય ચાલતું હતું. તેવે સમયે એક દિવસ એક વૃદ્ધ ડોશી પ્રાતઃકાળમાં માથા ઉપર ઘાસનો પૂળો ઉપાડીને રાજદ્વાર પાસે આવી અને પોકાર કરવા લાગી કે:–" અરે, હું લુંટાણી, હું લુંટાણી."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ તેને બોલાવીને તેના દુઃખનું કારણ પૂછ્યું. તે ડોશીએ કહ્યું કે:-" મહારાજ ! તમારા નગરમાં મહાજન અને ચોરનો સરખો ન્યાય હોવાથી મારા પુત્રે ગોવિંદ શ્રેષ્ઠીને ઘેર ખાતર પાડયું, તે મારો પુત્ર નવયૌવનવાળો હતો, ઘણા લોકોના આધારભૂત હતો, તે તે શ્રેષ્ઠીના ઘરની ભીંત પડી તેથી દબાઈને મરણ પામ્યો છે, તેના દુઃખથી દુઃખિત થયેલી હું રૂદન કરૂં છું." રાજાએ કહ્યું કે-"અહો ! આ શ્રેષ્ઠી ખરેખરો અન્યાય કરનાર છે કે તેણે આવી ભીંત કરાવી. માટે તેને ધિક્કાર છે."

પછી તે શ્રેષ્ઠીને બોલાવીને રાજાએ તેને કહ્યું કે-"અરે ! તું ખરેખરો અન્યાય કરનારો છે, તારી ભીંત પડી જવાથી ચોર મરણ પામ્યો." તે રાજ્યનાં ધર્મો જાણનાર શ્રેષ્ઠી બોલ્યો કે-"મહારાજ ! તે ભીંત તુટી પડી તેમાં મારો શું દોષ ? મેં તો ચુનો વિગેરે પુષ્કળ આપ્યું હતું, પરંતુ કડિયાએ તે સારી બનાવી નહિ." રાજાએ કહ્યું કે-"બરોબર છે." પછી કડિયાને બોલાવીને રાજાએ તેને કહ્યું કે-"અરે ! તેં ભીંત આવી નબળી અને ખરાબ કેમ બનાવી ?" કડિયાએ બરોબર ધ્યાન રાખી નિશ્ચળતાથી પ્રત્યુત્તર આપ્યો કે-"મહારાજ ! તેમાં હું શું કરૂં ? જ્યારે હું ચુનો તથા માટી વિગેરે કેળવતો હતો, ત્યારે કામદેવની રાજધાની જેવી, ઘણા શૃંગાર ધારણ કરેલી, અમૃતની સાક્ષાત્ નદી હોય તેવી, સુંદર લોચનવાળી ગોપાળ શ્રેષ્ઠીની પત્ની તે રસ્તે થઈને નીકળી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેને જોવામાં મારૂં ચિત્ત પરોવાવાથી મારૂં મન અસ્થિર થયું, તેથી ચુનો બરોબર કેળવાયો નહિ, અને તેવા ચુનાથી ચણેલી ભીંત તુટી પડી, તેથી આ પુરૂષરત્ન એવા ચોરનું સત્યુ થયું છે." તરતજ રાજાએ તે શ્રેષ્ઠીપત્નીને બોલાવી અને થયેલ અન્યાય તેને જણાવ્યો. શ્રેષ્ઠીપત્નીએ કહ્યું કે– "અમુક બાવો આ રસ્તે થઈને જતો હતો, તેની શરમ આ-વવાથી મેં તે રસ્તો લીધો હતો, નહિ તો હું તે શ્રેષ્ઠીના ઘરને રસ્તે ચાલતીજ નથી." આ પ્રમાણે સાંભળીને તે શ્રેષ્ઠીપત્નીને છોડી દીધી, અને તે બાવાને બોલાવ્યો અને રાજાએ તેને પૂછ્યું કે–"તું તે રસ્તે શા માટે નીકળ્યો, કે જેથી પરિણામે આ શ્રેષ્ઠીની ભીંત તુટી પડી?" તેમ ક-હીને રાજાએ તેના ઉપર કોપાયમાન થઈ તેનું બહુ અપ-માન કર્યું. બાવો કાંઈ પણ ઉત્તર આપી શકયો નહિ, તેથી લાકડી લાતો વિગેરેથી તેને ઘણા પ્રહાર કરીને શૂળી ઉપર ચઢાવવાનો રાજાએ હુકમ કર્યો. "જેને કોઇ રોનાર નથી, તે ભલે શૂલી ઉપર ચઢે." તેમ ધારી લોકોએ તે બાવાને શૂળી ઉપર ચડાવવા લઈ જવા દીધો. જ્યારે તે બાવાને શૂળી ઉપર ચઢાવવા લઈ ગયા, ત્યારે મંત્રીઓએ શૂળી વિગેરે જોઇને રાજા પાસે આવી રાજાને કહ્યું કે–"મહા-રાજ! શૂળી નાની છે, અને બાવો તો બહુ સ્થૂળ શરીર-વાળો છે, તેથી શૂળીના પાટીઆ ઉપર તે સમાઈ શકતો નથી." તે સાંભળીને રાજાએ હુકમ કર્યો. કે–"એમ હોય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો તે શૂળીના પાટીઆ ઉપર સમાય તેવા શરીરવાળા કોઈને પકડી શૂળીએ ચઢાવો.” આ પ્રમાણેનો રાજાનો આદેશ થવાથી રાજાનો સાળો, જે લોકોને બહુ હેરાન કરતો હતો તથા રાજાના નોકરોને પીડતો હતો તેને શોધી કાઢીને મંત્રીઓએ તેને શૂળીએ ચઢાવી દીધો. રાજાએ પછી તે વાતની મુદલ ચર્ચા કરી નહિ.

**સાર**—કોઈ વખત મૂર્ખ અન્યાયી માણસનો પ્રસંગ પડતાં તેને પ્રત્યુત્તર આપતી વખતે તેવીજ મૂર્ખાઈ દેખાડવી પડે છે. તેમ ન કરીએ તો નકામી ઉપાધિ આવી પડે છે અને અનેક પ્રકારની હાનિ થવાનો સંભવ રહે છે, વળી આવા મૂર્ખ રાજાઓ જે સ્થળે રાજ્ય કરતા હોય તેવા રાજ્યમાં ન રહેવું તેજ શ્રેષ્ઠ છે, મૂર્ખ રાજા મૂર્ખ મંત્રી તથા મૂર્ખ ન્યાયધીશ હોય તો ઘણી વખત અન્યાય થવાનો અને અણધાર્યા આપત્તિ આવવાનો સંભવ રહે છે.

## કથા ૬૨ મી.

**પુન્યથી થતી હિતપ્રાપ્તિ ઉપર એક શ્રેષ્ઠીની કથા.**

“પુન્યના યોગથી કેટલીક વખત હાનિ પણ વૃદ્ધિ માટે આર્થાત્ નુકશાની પણ પરિણામે લાભ માટે થાય છે. તેથી એક શેઠને ‘**જે થાય તે સારા માટે**’ એમ બોલવાની ટેવ હતી તે સાચી પડી.” તેની કથા આ પ્રમાણે–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારાપુરમાં દેવાનંદ નામે શ્રેષ્ઠી રહેતા હતા, તેને તારા નામે પત્ની હતી. તેમની એક વધુ વિધવા થઈ હતી. તેઓના ઘરમાં એક નોકર કામકાજ કરનાર હતો. એક વખતે કંકાસથી કોપાયમાન થયેલી વિધવા વધુ તેના પિતાને ઘેર ગઇ અને તરતમાં પાછી ન આવી, એટલે શેઠાણીએ શેઠને કહ્યું કે–" સ્વામી ! કોપાયમાન થઇને ગયેલી વધુ હજુ પાછી આવી નથી, માટે તમે જઇને તેને તેડી આવો." શ્રેષ્ઠીએ કહ્યું કે–" જે થાય તે સારા માટે." શેઠ આ શબ્દ વારંવાર બોલતા. એક વખત તેનો વહાલો કુતરો મરી ગયો, ત્યારે બીજો કુતરો લાવવાનું શેઠાણીએ કહ્યું. શેઠે કહ્યું કે–"તે મરી ગયો તે પણ સારા માટેજ હશે." વળી બીજે દિવસે ખડકીના બારણા તુટીને પડી ગયા. શેઠાણીએ તે ફરીથી સારા કરાવવાનું કહ્યું, ત્યારે શેઠે તેજ પ્રત્યુત્તર આપ્યો. એક વખત કોઇ દૂર દેશના રાજાના ગાણસો ગધેડાઓ ઉપર સોનામહોરો લાદીને બીજે ગામ દેવા જતા હતા. રાત્રીના સમયે રાજસેવકોની નજર ચુકાવીને બહુ ભારથી મુંઝાયેલ એક ગધેડો તેમાંથી છુટો પડી ગયો, અને તે શેઠની ખડકી ઉઘાડી હતી તેમાં પેસી ગયો, અને સોનામહોરની એક ગુણ તેના ઉપરથી પડી ગઈ. પાછો તે ગધેડો તો બીજા ગધેડાઓ ભેગો થઇ ગયો. શ્રેષ્ઠી સવારે ઉઠ્યા, એટલે સોનામહોરોથી ભરેલી ગુણ ઘરના આંગણામાં પડેલી દેખીને તેણે શેઠાણીને ઉંઘમાંથી ઉઠાડી અને કહ્યું કે–"ભોળી સ્ત્રી !



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો ખડકી બંધ હોત તો ગધેડો કેવી રીતે આવત ? અને જો કુતરો જીવતો હોત તો ગધેડાને તે પેસવા કેમ દેત ? જો વધુ હાજર હોત તો તે બહુ બોલવાના સ્વભાવવાળી હોવાથી બીજાને કહી દેત, તેથી રાજદરબારમાં પૂછપરછ અને વધ બંધાદિ પણ થાત, માટે મેં કહ્યું હતું કે–' જે થાય તે સારા માટે ' તે બરોબર છે. " શેઠાણીએ પતિનું વચન પ્રમાણ કર્યું.

સાર–પુન્ય પાંશરાં હોય ત્યારે જેમ કરીએ તેમ પાંશરૂં પડે છે. લક્ષ્મી, ધનસંપત્તિ કે ભોગવૈભવ સર્વ પુન્યાધીન છે. પુન્યહીનને ઉદ્યમ કરતાં પણ લક્ષ્મી મળતી નથી. માટે સર્વ પ્રસંગે પુન્યની રાશી વધે તેવા પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. પુન્યવંતને પગે પગે ઋદ્ધિ મળે છે, માટે પાપ કરતાં બીવું અને પુન્યનો જેમ બને તેમ વધુ સંચય કરવો.

## કથા ૩૩ મી.

### યોગ્ય ઉપાય કરનાર એક વણિકની કથા.

"જે શક્તિથી સાધ્ય થતું નથી, તે ડાહ્યો માણસ બુદ્ધિથી સાધે છે. એક વાણિયાએ ગાંઠ બંધાવવાની યુક્તિથી એક ચોરને હણ્યો હતો. " તેની કથા આ પ્રમાણે:—

કોદ્રવપુરમાં વીરંગ નામે એક શ્રેષ્ઠી રહેતો હતો, તેને માયા નામે પત્ની હતી. એક વખતે સોયથી પણ ભેદાય તેવા ગાઢ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંધકારવાળી રાત્રીએ તે દંપતી સુતા હતા. તે વખતે એક ચોર પાછલી ભીંતથી તેના ઘરમાં ખાતર પાડવાની તૈયારી કરતો હતો. શ્રેષ્ઠી તથા તેની પત્નીએ તે જાણ્યું, પરંતુ બીકને લીધે રાડ પાડી શક્યા નહિ. તે સમયે મુત્કલસિંહ નામનો કોટવાળ પાસેના રાજરસ્તે થઇને જતો હતો, તેની ખોંખારો વિગેરે ખાવાથી તથા તેના અશ્વના પગના અવાજથી તથા ઘણા સિપાઇઓ સાથે હતા તેના અવાજથી ખબર પડી. આ કોટવાળ સાથે શ્રેષ્ઠીનો સારો સંબંધ હતો. એટલે આશ્ચર્ય થયું હોય તેવી રીતે તે દંપતીએ અન્યોઅન્ય વાતો કરવા માંડી કે-" જ્યારે આપણને પુત્ર થશે ત્યારે મુત્કલસિંહ એવું તેનું નામ પાડશું, અને અનુક્રમે તે મોટો થશે ત્યારે 'મુત્કલસિંહ ! મુત્કલસિંહ ! અહીં આવ' તેમ આપણે તેને બોલાવશું." આ પ્રમાણે તેઓ તાણીને બોલવા લાગ્યા, તેથી પરિચિત શબ્દ સાંભળીને કોટવાળ તેના ઘર પાસે આવ્યો. શ્રેષ્ઠીએ તેને બોલાવ્યો, શેઠે પાનનો દાબડો કાઢ્યો, અને કોટવાળને કહ્યું કેઃ-" દીવો બરાબર નથી, તેથી દરેકના નામ લઇને અથવા પૂછીને પાનનું બીડું આપો." હવે જે ઓરડામાં તેઓ બેઠા હતા, તેજ ઓરડામાં તે વખતે પેલો ચોર પણ ચોરી કરવા આવેલ હતો, અને સિપાઇઓ ભેગો તે પણ ભળી ગયો હતો. અનુક્રમે તેનું નામ પૂછીને પાન દેવાનો વખત આવ્યો, ત્યારે તે નામ કહીને પાન બીડું ગ્રહણ કરવાને શક્તિમાન્ થયો નહિ. શ્રેષ્ઠીએ કોટવાળને પૂછયું કેઃ-

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

"અરે કોટવાળ સાહેબ ! આ તમારો માણસ છે ?" કોટવાળે કહ્યું કે:–" ના" શ્રેષ્ઠીએ ખાતર પાડયું હતું તે સ્થળ દેખાડીને કહ્યું કે:– "આ માણસ તો આ રસ્તે આવ્યો જણાય છે." તે જોતાં ખાતર પડેલું દેખવાથી તરતજ સિપાઈઓએ તેને પકડીને બાંધી લીધો. સવાર થઈ એટલે ચોરને કેદખાનામાં લઈ ગયા. પછી તેને દેહાંત દંડની સજા થઈ. તેને ફાંસીએ લટકાવવા માટે એક વડના ઝાડ પાસે લઈ ગયા. તેના ગળામાં દોરડું નાંખવામાં આવ્યું, પણ તે દોરડાની ગાંઠ ગળાથી વધારે છેટી અને તિરછી હતી, તેથી કદાચ તે છુટી જશે એવી શંકાથી શ્રેષ્ઠીએ કોટવાળને કહ્યું કે:–" અરે નગર રક્ષક ! અમારો એવો આચાર છે કે પેલું તોળીને પછી ઉપર ગાંઠ બાંધીએ." તળા રક્ષકે તેનો ભાવ જાણી લીધો કે:–" આ ગાંઠ છુટી જાય તો તે જીવતો છુટી જાય, તેમ શેઠને થવા દેવું નથી." તેથી દોરડાની ગાંઠ ફરીથી મજબુત બંધાવી, એટલે તે ચોર તરતજ મૃત્યુ પામ્યો, અને વાણિયો નિઃશલ્ય થયો.

**સાર—**બુદ્ધિનો ઉપયોગ બુદ્ધિવંત માણસ ગમે તે પ્રકારે કરે છે. પોતાને જરા પણ નુકશાન ન થાય અને શલ્ય નીકળી જાય તે પ્રમાણે બુદ્ધિવંત બુદ્ધિનો ઉપયોગ કરે છે. જ્યાં સુધી શલ્ય હોય ત્યાં સુધી જીવવું અને ઘર સંસાર ચલાવવો આકરો પડે છે, તેથી શલ્ય કાઢવાની પણ કેટલીક વખત જરૂરીઆત હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૩૪ મી.

—:૦:—

## બહુ મનોરથ કરતાં મૂળથી નાશ થવા ઉપર એક બ્રાહ્મણની કથા.

"બહુ મનોરથ કરવા જતાં કાર્યનો મૂળમાંથી નાશ થાય છે. ઘણા પુન્યહીન માણસોને જવના લોટથી ભરેલા ઘડાવાળા વિપ્રની જેમ તે પ્રમાણે બને છે." તેની કથા આ પ્રમાણે:—

આનંદપુરમાં એક ધનહીન, પુન્યરહિત, સગા સંબંધી. વગરનો યુવાન્ બ્રાહ્મણપુત્ર રહેતો હતો. તે ભિક્ષામાત્રથી પોતાની આજીવિકા ચલાવતો હતો. તે તદ્દન નિરક્ષર હતો, તેણે માથે શિખા રાખી હતી, અને માત્ર કૌપીન પહેરીને ફરતો હતો. એક અમાવાસ્યા પર્વણીને દિવસે ભિક્ષા માગવા જતાં તેને ઘણો જવનો લોટ મળ્યો, તેથી તેનું ભિક્ષાપાત્ર ભરાઈ ગયું. પોતાના પગ પાસે તે પાત્ર મૂકીને તે સુઇ ગયો. રાત્રે ઉંઘમાં તે વિચારવા લાગ્યો કે– "આજે તો લોટથી ઠામ ભરાઈગયું છે. એ એકઠો થયેલો લોટ વેચવા જતાં તેના બે દ્રમ[1] આવશે. પ્રથમ એકઠા કરેલા સાત દ્રમ મારી ગાંઠે બાંધેલા છે. તે એમાં એકઠા કરીને હું નાની દુકાન માંડીશ. હવે આ લઘુતા પમાડનારી ભિક્ષાવૃત્તિનો હું ત્યાગ કરીશ. વ્યાપાર કરતાં

---

૧ ચલણી નાણું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારી પાસે સો દ્રમ તો સહેજે થઈ જશે, કારણ કે વ્યાપાર ધનવૃદ્ધિનું કારણ છે. પછી ઘણો મ્હોટો વ્યાપાર કરવાથી મારી પાસે હજાર દ્રમ થશે, તેમ કરતાં લાખ દ્રમ થઈ જશે; પછી હું એક વિપ્રકન્યાને પરણીશ. જ્યાં સુધી તેને પુત્રાદિ સંતતી થશે નહિ, ત્યાંસુધી તે મારી સેવા કરશે. જ્યારે પુત્રો થશે ત્યારે જો કોઈ વખત નિરાદરવાળા થઈને તે મારી અવલેહણા કરશે, તો તે સમયે આવી રીતે પાટુ મારી તેને હું શિક્ષા કરીશ." આમ કહીને પાટુ મારવા જતાં પેલું માટીનું ઠામ પગ પાસે પડયું હતું તે ઉડી ગયું અને ભાંગી ગયું, લોટ બધો ઢોળાઈ ગયો અને તેના બધા મનોરથનો એક સાથે નાશ થઈ ગયો.

**સાર**—ઘણી વખત મનુષ્યો નકામી ચિંતા, મનોરથો અને કલ્પનાઓ કરીને મનરૂપી ઘોડાને અહીં તહીં દોડાવે છે. આવી કલ્પનાઓનું ફળ કાંઈ મળતું નથી. તેમજ અતિ લોભ તે પાપનું મૂળ કહેવાય છે. લક્ષ્મી માટે કલ્પના કરતાં તદનુસાર મળતું નથી, અને ઉલટી હાનિ થવાનો પણ સંભવ થાય છે; માટે નકામી કલ્પનાઓ કરવી નહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૩૫ મી.

## નિર્વાહ થાય તેટલીજ આજ્ઞા કરવા ઉપર એક તાપસની કથા.

"વિવેકી પુરૂષે જેટલી આજ્ઞાનો નિર્વાહ થાય તેટલીજ કરવી. તે ઉપર એક તાપસની કથા સાંભળવા લાયક છે." તે આ પ્રમાણે—

ચંદનિકા નામે ગામમાં ધન, ધાન્ય વિગેરેથી સમૃદ્ધ એક વિષરાશી નામે જટાધારી રહેતો હતો. તેને ઘણા શિષ્યો હતા, તેઓ બધા બુદ્ધિ રહિત હતા. તેથી અભ્યાસ કરતી વખતે 'કુંતી' ને બદલે 'કુત્તી,' લક્ષ્મણને બદલે 'લાખણુ,' હનુમાનને સ્થાને 'હણુઆ,' પરશુરામને સ્થાને 'સરફરા,' ધુંધુમારને સ્થાને 'ઢુંઢણમાર.' 'યુધિષ્ઠિર'ને બદલે 'જૂઠિલ,' વિગેરે ખોટા ઉચ્ચાર કરતા હતા. એક વખતે ચોમાસાની રાત્રીએ તે ગુરૂ શિષ્યોની સાથે બેઠા હતા. ભાદરવા માસ સુધી વૃષ્ટિનો અભાવ હોવાથી ખેતર અને અનાજ સુકાઈ જતા હતા, તેવે વખતે તે ગુરૂના એક યજમાને ખેદપૂર્વક તેને કહ્યું કે-"ગુરૂ મહારાજ! પાણીના અભાવે અનાજ વિગેરે સુકાઈ જાય છે." ગુરૂએ કહ્યું કે-"ખેદ કરીશ નહિ. કાલે સવારે જળથી પલ્લવિત થયેલા તારા ધાન્યના છોડાને તું જોઈશ." તે સાંભળી સંતોષિત થઈને તે પોતાને ઘેર ગયો. ગુરૂએ રાત્રીને સમયે પાસેના સરોવર-

માંથી શિષ્યો પાસે સેંકડો ઘડા પાણી મંગાવીને તે ક્ષેત્રને સિંચાવ્યું. સવારમાં પેલો ક્ષેત્રરક્ષક જળથી ભરેલા ક્ષેત્રને દેખીને બહુ ખુશી થયો. તે સરલાત્મા યજમાન પરિવાર સહિત ગુરૂને પગે લાગ્યો, તેની સ્તુતિ કરવા મંડ્યો, ભોજનાદિથી ભક્તિ કરીને તેને ખુશી કર્યા, અને કોઈ દેવની ગુરૂ ઉપર પરમ કૃપા છે તેવી તેને દ્રઢ પ્રતિતી થઇ.તેનું શરીર હર્ષથી ઉભરાઈ ગયું. બીજે દિવસે ગુરૂની ખ્યાતિ ઘણી થઇ, તેથી બીજા યજમાન ખેડુતે વિનંતિ કરી, અને શિષ્યોએ તેના ક્ષેત્રને પણ રાત્રે સિંચ્યું. તેજ પ્રમાણે ત્રીજે અને ચોથે દિવસે પણ જુદા જુદા ખેડુતના ખેતરો સિંચ્યા. તેમ કરવાથી શિષ્યો બહુ ખેદાણા અને એકઠા થઇને તેઓએ નિર્ણય કર્યો કે-"મહા લોભને વશ થઈને ગુરૂ આપણી પાસે પાણી વહેવરાવે છે, પોતે કાંઈ પાણી વહેતા નથી, તેથી આપણે હવે આ કાર્ય બંધ કરવાની ગુરૂને વિનંતિ કરીએ. અને કહી દઈએ કે હવે પછી જે બોલશે તે કરશે." આ પ્રમાણે વિચારીને તેઓએ ગુરૂને વિનંતિ કરી. ગુરૂએ કહ્યું કે-"અરે શિષ્યો ! જો તમે જળ નહિ વહન કરો તો તમે શું કરશો?" શિષ્યો ચુપ રહ્યા, કોઈ બોલ્યા નહિ. ત્યાર પછી કોઈ યજમાને ગુરૂને વિજ્ઞપ્તિ કરી. ત્યારે શિષ્યોએ ઉદ્દઘોષણા કરી કે-"જે કહે તે વહન કરે." યજમાને પૂછયું કે-"તેનો શું અર્થ ?" શિષ્યોએ કહ્યું કે-"અરે ભાઈ ! આટલા કાળ સુધી ગુરૂનાં વચનથી અમે પાણી વહન કરી ક્ષેત્ર સિંચ્યા, હવે અમે તે કાર્યથી કંટાળ્યા છીએ, તેથી ગુરૂજ પાણી વહન કરી ક્ષેત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભલે સિંચે." આ વાત જાણતાં ગુરૂ ઉપરની દેવકૃપાનો મર્મ પામી જવાથી લોકોએ તે ગુરૂને તજી દીધા.

**સાર**–ગમે તેવી વિવેક વગરની અજ્ઞાનતા યુક્ત આજ્ઞાઓ કરીને પોતાના હાથ નીચેના માણસો ઉપર સખ્તાઈ કરવાથી અંતે સ્વમાન ખોવાનો પ્રસંગ આવે છે, અને લોકોમાં હાંસીપાત્ર થવાય છે. આજ્ઞા પણ હદમાં રહીને કરવી અને બોલવું તે પણ વિચાર કરીને બોલવું. ખોટો દંભ દેખાડવા, મહત્વતા વધારવા, ખોટી બડાઈ હાંકવાથી અંતે નાસીપાસ થવાનોજ સમય આવે છે.

## કથા ૩૬ મી.

### સશંક અને નિઃશંકપણે કાર્ય કરવા ઉપર ક્ષત્રિય અને વણિકની કથા.

"નિઃશંક પુરૂષ સર્વ કાર્યમાં ફળ મેળવે છે. જુઓ નિઃશંકપણે કાર્ય કરનાર ક્ષત્રિયને દેવતાએ અર્થનો લાભ કર્યો અને શંકાથી કાર્ય કરનાર વણિકનો દંડ કર્યો." તેની કથા આ પ્રમાણે:—

કલિકા નામે નગરમાં એક મોટી પ્રતિમા હતી. તે યક્ષાધિષ્ટિત અને કાષ્ટમય હતી. તેની પૂજા બહુ ચાલતી હતી, અને તેનો વિશ્વાસ તે ગામમાં બહુ હતો. તે ગામમાં નિર્ભય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને ગમે તે પ્રકારે આજીવિકા મેળવનાર વાઘજી નામે એક રજપુત સકુટુંબ રહેતો હતો. તે રજપુતના પાડોશમાં સિંદુરક નામે એક વાણિયો રહેતો હતો, તે તદન નિર્ધન હતો. એક વખતે ક્ષત્રિયપુત્ર વાઘજી વિચારવા લાગ્યો કે-“ આજે તો કાંઈ આજીવિકાનું સાધન મળ્યું નથી. અને હવે અત્યારે બીજો કાંઈ ઉપાય નથી, તેથી આ ગામની નજીકમાં જે યક્ષ છે તેની પાસેથી આજીવિકા મેળવવાનો પ્રયાસ કરૂં. ” આ પ્રમાણે વિચાર કરીને તીક્ષ્ણ હાથાવાળો એક કુહાડો હાથમાં લઈને તે વીર યક્ષની પાસે ગયો; અને પોતાના બંને હાથવડે યક્ષની પ્રતિમાને હલહલાવીને કહ્યું કે-“અરે ! મને કાંઈક આપ; નહિ તો આ તારી મૂર્ત્તિ હવે રહેવા દઈશ નહિ. આ કુહાડાવડે તેના કકડા કરીને તેનું બળતણ કરી નાખીશ. ” આ પ્રમાણે સાંભળી યક્ષ ભય પામ્યો અને સાક્ષાત પ્રગટ થઈને તેણે કહ્યું કે-“આવતી કાલે હું તને ગોધમ (ઘઉં)નો એક મોટો કોઠાર આપીશ; ત્યાં સુધી તારી સ્ત્રીની આંગળી ઉપર રહેલી સોનાની વીંટીવડે આજીવિકા ચલાવ. ” તે સાંભળી ક્ષત્રિય સંતુષ્ટ થયો અને પોતાને ઘેર ગયો.

બીજે દિવસ ધાન્ય મળનાર છે તેવી આશાથી યક્ષની આજ્ઞાનુસાર મુદ્રિકા વેચીને તે દિવસે તેણે નિર્વાહ કર્યો. તે દિવસે તેના ઘરમાં ઉંચી જાતના ચોખા તથા દુધ વિગેરેથી મિશ્રિત ક્ષીરાન્નાદિકનું ભોજન જોઈને સિંદુરક વણિકની પત્નીએ પોતાની સખીને પૂછયું કે-“અરે બહેન ! આજે તારા ઘરમાં આ શું ? આવી રસોઈ વિગેરે કયાંથી ? ”

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણીએ પતિના પરાક્રમથી પરાભવ પામેલા યક્ષે આપેલ ધાન્યાદિકની હકીકત કહી. વણિકપત્નીએ વિચાર્યું કે-" આ ઉપાય સારો છે. " પછી ઘેર જઈને તેણે પતિને કહ્યું કે-"તમે પણ પાડોશી રજપુતની જેમ સાહસ કરો. " તેમ કહીને બધી હકીકત કહી. એટલે વણિક પણ કુહાડો લઇને યક્ષની પ્રતિમા પાસે ગયો. પણ પ્રતિમાને જોતાંજ તેના હૃદયમાં શંકા થઈ, તેથી તે ભયભીત થયો. પછી જેવું તે રજપુત પ્રમાણે કરવા ગયો કે તરતજ યક્ષે તેને બાંધી લીધો. એટલે બહુ બુમો પાડતો તે યક્ષને કહેવા લાગ્યો કે-"અરે ! મને છોડી દો, છોડી દો. " યક્ષે કહ્યું કે-"આવતી કાલે જે ઘઉંનો કોઠાર મારે તારા પાડોશી રજપુતને આપવાનો છે તે તું આપ તો છોડું. " વણિકે તે કબુલ કર્યું. અને છુટો થયો. પછી ઘેર જઇ દેવું કરીને તેણે રજપુતને ઘઉં આપ્યા.

**સાર**–મનમાં શંકા રાખીને કાંઈ પણ કાર્ય કરવા જતાં સિદ્ધિ થતી નથી. તેથી નિઃશંકપણે કોઇની પણ ભીતિ રાખ્યા વગર દરેક કાર્યમાં પ્રવૃત્તિ કરવી. નિઃશંકપણે કાર્ય કરતાં તરતજ તેની સિદ્ધિ થાય છે. મનની મજબુતીજ કાર્યની સિદ્ધિમાં ખરૂં કારણ છે. મનમાં શલ્ય હોય અથવા ભીતિ હોય તો કાર્યારંભજ કરવો નહિ તે શ્રેષ્ઠ છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૩૭ મી.

## નિઃશૂક દ્યુતકારની કથા.

"ધીમાન્ એવા નિઃશૂક વીર પુરૂષ પાસે દેવતાઓ પણ ઓજસ વગરના થઈ જાય છે. જુઓ ! જે જે જુગારીએ કહ્યું તે તે બધું દેવતાએ કર્યું." તેની કથા આ પ્રમાણે:—

ઉજ્જયિની નગરીમાં હાલાહલ નામનો એક જુગારી રહેતો હતો, તે મોટા પેટવાળો, જાડા હોઠવાળો, માંજરી આંખોવાળો અને બહુ લાંબો હતો. વળી તે બહુ બોલ બોલ કરનારો, જૂઠું બોલનારો, વેશ્યાઓમાં આસક્ત, વિશ્વાસ રાખનારનો ઘાત કરનારો તથા લાગ આવ્યે ચોરી પણ કરનારો હતો. એક દિવસ રાત્રે તે સ્થળે વસનારી **વારવાસિની** નામની દેવીના મંદિરે તે ગયો. તેને ક્ષુધા બહુ લાગી હતી, તેથી દેવી પાસે ધરેલા નૈવેદ્ય દેખીને તેને તે ખાવાની ઇચ્છા થઈ. તે ખાધા પછી દેવીના સ્કંધ તથા પગ વિગેરે ઉપર રાખેલા ઉંચી જાતના નૈવેદ્યો પણ ખાવા લાગ્યો. દેવીને બહુ ક્રોધ ચઢ્યો, અને તેને બીવરાવવાને તેણે જીહ્વા બહાર કાઢી. તે બુદ્ધિશાળી તથા ભય રહિત હતો; તેથી તેણે તરતજ પોતાના મ્હોડામાં ચવાતું નૈવેદ્ય દેવીની જીભ ઉપર મૂક્યું, એટલે દેવીને બહુ સૂગ ચઢી, તેથી જીભ બહાર કાઢેલી એક હાથ લાંબી તેણીએ રહેવા દીધી અને સ્વસ્થાનકે ચાલી ગઈ. સવારમાં લોકો એકઠા થયા, અને જીભ બહાર દેખીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશ્ચર્ય પામ્યા. રાજા પણ તે સાંભળીને ત્યાં જોવા આવ્યો, અને 'મહા ઉત્પાત થશે' તેવી ભીતિથી તે બહુ ખેદ પામ્યો. પછી તે નિવારણ માટે રાજાએ બ્રાહ્મણોને બોલાવ્યા, યજ્ઞો આરંભ્યા, શાંતિકર્મ કરાવ્યા, ઘણા દાન દીધા, જાપ કરાવ્યા પણ દેવીની જીભ તો જેમની તેમજ રહી. પછી રાજાએ નગરમાં પડહ વગડાવીને ઉદ્‌ઘોષણા કરાવી કે-"જે દેવીની આવી વિકૃતિ પામેલી જીભ પાછી સરખી કરશે, તેને રાજા લક્ષ દ્રવ્ય આપશે." તે સાંભળી હાલાહલ ઘરમાંથી બહાર નીકળ્યો અને તેણે પડહ છબ્યો. તે દ્યુતકારને રાજા પાસે લઈ જવામાં આવ્યો. રાજાને નમીને તેણે વિનંતિ કરી કે-"મહારાજ ! તમારી ઈચ્છાનુસાર કાર્ય હું કરી આપીશ. પરંતુ અર્ધ લક્ષ દ્રવ્ય હાલ મને આપો, બીજું પછી આપજો. વળી મારી પણ રક્ષા માટે આઠ સિપાઇઓ મારી સાથે મોકલો કે જેથી હું નાશી શકું નહિ." રાજાએ તે પ્રમાણે કર્યું. તે દ્યુતકાર દેવી પાસે ગયો, અને કાને લાગીને તેણે કહ્યું કે-"જો તારી જીભ પાછી અંદર નહિ લે, તો પથરાવડે તારા કકડા કરી નાખીશ." તે સાંભળીને દેવીને નિઃશંકપણે બોલનારા આ જુગારીની બીક લાગી; તેથી તરતજ જીભ સંહરી લઇને મૂળરૂપે તે રહી; એટલે અશિવોપદ્રવની શંકા સર્વેની નાશ પામી. રાજાએ બાકીનું દ્રવ્ય તેને આપ્યું.

**સાર**—કોઈ પણ કાર્ય કરતાં મનમાં જરા પણ શંકા લાવવી નહિ. શંકા સહિત કાર્ય કરવા જતાં કાર્યની સિદ્ધિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થતી નથી. શંકા રહિતપણે કરવાથી મન સંપૂર્ણાંશે તેમાં પ્રેરાય છે, અને બીક વગર આગળ વધી શકાય છે, માટે દરેક કાર્ય નિઃશંકપણે કોઈની પણ ભીતિ રાખ્યા વગર મનના પ્રફુલ્લપણાથી કરવું.

## કથા ૩૮ મી.

### વ્યંતરને છેતરનાર વણિકની કથા.

" બુદ્ધિવાન માણસ દેવને પણ છળે છે, તો પછી મનુષ્યને છળે તેમાં શું નવાઈ ? બુદ્ધિવાન એક વણિકે વ્યંતરને છેતર્યો હતો. " તેની કથા આ પ્રમાણે—

કદલીપુર નગરમાં કુલવીર નામે એક શેઠ રહેતો હતો. તે વ્યવહારકુશળ અને વિદ્વાન્ હતો. એક દિવસ એક જાતનું વિશિષ્ટ પ્રકારનું કાષ્ટ લેવાને માટે તે એકલો વનમાં ગયો. એક સુંદર વૃક્ષને જોઇને તે તે વૃક્ષ કાપવા લાગ્યો. તેવામાં તેની અંદર રહેનાર એક વ્યંતર પ્રત્યક્ષ થઇ અંજળિ જોડીને વિનયપૂર્વક તેને કહેવા લાગ્યો કે-"અરે શ્રેષ્ઠી ! મારે રહેવાના સ્થાનરૂપ આ વૃક્ષને તું છેદીશ નહિ. ચિંતામણિની જેમ હું તારા સર્વે મનોવાંછિત પૂરીશ. જ્યારે તું મને કાંઇ કામ આપીશ નહિ ત્યારે હું તારો છળ કરીશ. " વણિકે કહ્યું કે-" ભલે તેમ કરજે. " પછી વ્યંતરની સાથે તે પો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાને ઘેર ગયો. તેણે વ્યંતરને હુકમ કર્યો કે–" મારે માટે ઉંચા માળાવાળો એક સુંદર પ્રાસાદ તૈયાર કરી આપ." વ્યંતરે શિઘ્રતાથી તે કરી આપ્યો. પછી તે ગ્રહ માટે ધન, વસ્ત્ર, ધાન્ય, સુગંધી દ્રવ્યો, કર્પૂરાદિ સર્વ વસ્તુઓ લાવવાનો તેણે હુકમ કર્યો, તે સર્વ તે વ્યંતરે લાવી આપ્યું. તેનું વાકય બરોબર સંભારી રાખનાર તે શ્રેષ્ઠીએ જ્યારે કાંઈ કાર્ય રહ્યું નહિ ત્યારે વ્યંતરને હુકમ કર્યો કે–"એક પર્વત જેવડો ઉંચો વાંસ લઈ આવ." તે તેવો વાંસ લઈ આવ્યો. શ્રેષ્ઠીએ કહ્યું કે–"જ્યારે હું કાંઈ પણ કાર્ય કરવાનું ન આપું, ત્યારે તારે આ વાંસ ઉપર ચઢવા ઉતરવાનું સતત્ કાર્ય કર્યા કરવું." વ્યંતરે સ્મિત કરીને કહ્યું કે–" તેં મને ખરેખરો છેતર્યો છે." પછી શેઠને નમી ખમાવીને તે વ્યંતર સ્વસ્થાને ગયો.

**સાર**—બુદ્ધિનો ઉપયોગ કરવાથી ધારેલ કાર્ય સિદ્ધ થઈ શકે છે, અને પોતાને કોઇ જાતના જોખમમાં રહેવું પડતું નથી. બુદ્ધિને કેળવીને તેનો યોગ્ય ઉપયોગ કરવો તેમાંજ ખરૂં ડહાપણ છે. આવી બુદ્ધિ ઈચ્છા કરવા માત્રથી આવતી નથી, કેળવવાથી પ્રાપ્ત થઈ શકે છે. બુદ્ધિવંત મનુષ્યને કાંઈ દુસ્તર નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૩૯ મા.

## એક ધૂર્તની કથા.

" બુદ્ધિવંતે ધુર્ત માણસનો જરાપણ વિશ્વાસ કરવો નહિ, એક ધૂર્તેશ્વરે ગંધર્વનેઆપવાનો કહેલ અશ્વ ધૂર્તકળા કેળવીને તેને આપ્યો નહિ. " તેની કથા આ પ્રમાણે——

દેવપુરમાં કુંતપાલ નામે રાજા હતો. તે વક્ર હૃદયવાળો હતો. તેની સેવા કરવા માટે કોઈ એક ગાયન કરનાર દેશાંતરથી દેવપુરમાં આવ્યો. રાત્રે શ્રુતિ, મૂર્છના, તાન, ગ્રામ વિગેરેથી સુંદર ગાયન તેણે ગાયા. રાજાએ કહ્યું કે-" જાતિમય તુરંગ તને બક્ષિશ આપીશ. ". તે સાંભળી તુષ્ટમાન થઇને તે ગયો. પછી તે હમેશાં ઘોડો માગતો હતો, પણ તેને મળતો નહોતો. તેથી ક્રોધ કરીને તેણે કહ્યું કે-"મહારાજ ! ઘોડો કેમ આપતા નથી ? " રાજાએ કહ્યું કે-" તું કયા કારણને લીધે ઘોડો માગે છે ? " તેણે કહ્યું કે-" મેં સુંદર ગાયનો સંભળાવીને તમારા કાનને આનંદ આપ્યો છે, તેના બદલામાં ઘોડો માગું છું. " રાજાએ પ્રત્યુત્તર આપ્યો કે-" મેં પણ તેજ પ્રમાણે અશ્વ આપવાનું કહીને તારા કાનને સુખ આપ્યું છે, હવે માગ્યા શું કરે છે?" તે ગાયક રાજાનાં તેવાંશબ્દો સાંભળીને માથું ખંજવાળતો પોતાને સ્થાને ચાલ્યો ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર—ધૂર્ત માણસો ગમે તેવી રીતે બીજાને છેતરે છે. તેઓ બીજાને છેતરતી વખતે તેને કેવું દુઃખ થશે તેની કલ્પના કરતા નથી. આવા ધૂર્તશિરોમણિ ન થવું. તથા તેવા ધૂર્ત પાસે પોતાની કળાનો પ્રકાશ કરી ખાલી મહેનત પણ ન કરવી. ધુતારાઓથી દરેક કાર્યમાં ચેતીને ચાલવાથી પ્રાંતે લાભ થાય છે.

—✻—

## કથા ૪૦ મી.

### સુખને ઇચ્છનાર કરીર શ્રેષ્ઠીની કથા.

"સુખની પ્રાપ્તિ થયા છતાં અત્યંત સુખની ઈચ્છા ન કરવી. તેમ કરવાથી પ્રાપ્ત અવસ્થાથી ભ્રષ્ટ થવાય છે અને કરીર શ્રેષ્ઠીપુત્રની માફક બીજાના હાંસીપાત્ર થવું પડે છે." તેની કથા આ પ્રમાણે—

કરવીરપુરમાં કોરક નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને કમળા નામે પત્ની હતી. તેમને કરીર નામનો એક પુત્ર હતો. અનુક્રમે આ પુત્ર કામક્રીડાના વનરૂપ યૌવન વયને પ્રાપ્ત થયો. એક સુકુળની કન્યા તેને પરણાવવામાં આવી. તે તેની સાથે ઇપ્સિત ભોગો ભોગવતો હતો. પિતાનું તેના ઉપર વાત્સલ્ય બહુ હતું અને તે ધનવંત તથા મોટો શ્રેષ્ઠી હતો. કહ્યું છે કે—"ધનવંત પિતા તથા સ્વામી, દક્ષિણ દિશાનો પવન, વિ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનની સોબત અને વનિતાનો સંગ તે વસ્તુઓ સ્વર્ગથી પણ વધારે સુખ આપનાર આ સંસારમાં નિવડે છે." આવી સ્થિતિ હોવાથી કરીર ઘરના ધનની ગણના અથવા તે ઉપાર્જન કરવાની જરા પણ ચિંતા કરતો નહોતો. વળી દેવગુરૂની ભક્તિ કે સેવા પણ કરતો નહોતો. પર્વાદિક હોય ત્યારે તપસ્યા દિપણ કરતો નહોતો. માત્ર સ્નાન, વિલેપન, ભોજન, પાન, પુષ્પશય્યામાં શયન, કર્પૂરાદિ સુગંધ મિશ્રિત તેલોનો તથા સુગંધી દ્રવ્યનો ઉપભોગ વિગેરે કાળોચિત સુખમાં તે સમય વ્યતીત કરતો હતો. આવી તેની વર્તના દેખીને એક વખતે ખાનગીમાં તેના પિતાએ તેને સાચી તથા હિતાવહ શિખામણ આપી કે-" ભાઈ! આપણે તો વાણીઆ, આપણું જીવન તો વ્યવહાર અને વ્યાપાર ઉપર છે, અને તે બંને ઉદ્યમથીજ સિદ્ધ થઈ શકે તેવા છે. તેથી અતિશય શરીરસુખમાં નિમગ્નતા કરવી યોગ્ય નથી. કહ્યું છે કે- "ઇંદ્રિયોને બહુ દમવી નહિ, તેમ તેને બહુ પાળવી પણ નહિ. અકાળ મરણના ઉન્માદરૂપ આ બંને અવશ્ય ત્યાજ્ય છે." કરીરે આ બધી શિખામણ અવજ્ઞાપૂર્વક સાંભળી, પછી તેની અવગણના કરી ઉઠીને ચાલ્યો ગયો. શ્રેષ્ઠી હૃદયમાં બહુ ખિન્ન થયા અને મૌન ધરીને રહ્યા. એક દિવસ કરીરે મિત્રો સાથે વાત કરતાં પિતાને સંભળાવ્યું કે-" અરે ભાઇઓ! રાત્રે પુષ્પોથી ભરેલી શય્યામાં સુતો હતો તેમાં પણ જાણે કે કોઈએ ખડ્ગથી મને વીંધ્યો હોય તેવું મને દુઃખ થતું હતું." આ વાક્ય સાંભળીને શ્રેષ્ઠી બહુજ કોપાયમાન થયા અને પુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રને ઘર બહાર કાઢી મૂક્યો. વળી તેણે પોતાના સ્વજન તથા સગાંઓને કહેવરાવી દીધું કે—"આ કરીર તમારે ઘેર આવે તો કોઈએ તેને ઉભો રહેવા દેવો નહિ." કરીર ઘર બહાર નીકળ્યો, અને કાગડાના બચ્ચાંની માફક આશ્રય વગરનો એકલો નગરમાં ભમવા લાગ્યો. તેના પૂર્વના વૈભવને જાણનારા ધુર્ત માણસો તેના છિન્ન ભિન્ન વસ્ત્રાદિક દેખીને તેનો ઉપહાસ કરવા લાગ્યા. નિર્ધન થઈ જવાથી તેને ભોજન પણ મળતું નહોતું. આ પ્રમાણે ક્ષુધાથી પીડાવાને લીધે એક તેલ વેચનાર ઘાંચી પાસે જઈને તેણે કહ્યું કે—"મને ખોળનો એક કકડો આપ." તે બહુ નિર્દય હતો. કહ્યું છે કે—"જુગારી, કોટવાળ, ઘાંચી, માંસ વેચનાર, શિકારી, રાજા અને વૈદ્ય તે સાતે દયાથી વર્જિત હોય છે." તે ઘાંચીએ શ્રેષ્ઠીપુત્રને કહ્યું કે—"જો તું ઘાણી વહન કરે અને મારા બળદોને વિસામો આપે, તો તને ખાવા માટે ખોળ આપું, નહિતો આપીશ નહિ." તેણે તે પ્રમાણે કબુલ કર્યું. તેથીજ લોકોક્તિ પસરી છે કે—"જે જે અવસ્થા આવી પડે છે તે સર્વ શરીર સહે છે. ડાંખળાથી પુષ્પો દુભાય છે અને કરીરને[1] ઘાણી ફેરવવી પડે છે."

પુત્ર ઘાણી વહે છે તેવા લોકો પાસેથી સમાચાર સાંભળીને શ્રેષ્ઠીએ ત્યાં આવી તર્જના કરી કે—"કેમ! તારો બધો ગર્વ ક્યાં ગયો? હજુ કાંઈ સરલતા આવી છે કે નહિ?" કરીર દુઃખથી દુભાયેલો વિનયપૂર્વક પિતાને પગે પડ્યો અને

૧ શ્રેષ્ઠી પુત્ર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષમા યાચી. એટલે શેઠ તેને ઘેર લઇ ગયા. પછી ઘેર આવીને ત્રણે વર્ગની[1] અવિચ્છિન્ન સાધના કરીને તેણે સારી રીતે ગૃહ કારભાર ચલાવ્યો. અનુક્રમે તે સમજ્યો કે—"જ્યાં આપણે સ્વાભાવિક રીતે પ્રાપ્તસુખથી સંતુષ્ટ થઇને ઉદાસભાવ રાખીએ છીએ ત્યાં બહુ આનંદ મળે છે, અને જ્યાં વસ્તુ ઉપર મમતાભાવ બંધાય છે ત્યાં ઉલટો ક્લેશજ મળે છે." આમ સમજીને છેવટે સર્વ સંગનો પરિત્યાગ કરીને તે પરમપદને પામ્યો.

**સાર**—જે સ્થિતિ પ્રાપ્ત થઇ હોય તેમાં આનંદ માનવો અને તદનુસાર વ્યવહારનાં સર્વ કાર્યો કરવાં. અતિ ધન વૈભવથી ગર્વિત થઇ જઇને ફરજ ચૂકવાથી પ્રાંતે દુ:ખી થવાનો સમયજ આવે છે. ફરજ બજાવનાર, પ્રાપ્તધર્મથી ચ્યુત નહિ થનાર અનુક્રમે સર્વ સુખને પામી શકે છે. મળેલ ધન વૈભવથી તેમાંજ રક્ત થઇ રહેનારને હાંસીપાત્ર થવું પડે છે.

# કથા ૪૧ મી.

## સ્વાર્થમૂઢ બ્રાહ્મણની કથા.

"અહો ! ખળપુરૂષના વચન ઉપર વિશ્વાસ રાખવાથી તેમાંના કેટલાક નરાધમો પ્રાપ્તસુખનો નાશ કરે છે; જેવી રીતે બ્રાહ્મણે કંથા દેખાડીને સુખનો નાશ કર્યો." તેની કથા આ પ્રમાણે—

૧ ધર્મ અર્થ અને કામ.

કોઇ નગરમાં પશુ જેવી બુદ્ધિવાળો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રી બહુ કંકાસ કરનારી હતી. છોકરાઓ તેને ઘણાં હતાં, આજીવિકા બરોબર ચાલતી નહોતી; ખાવાનું પણ પૂરૂં મળતું નહોતું, તેમના વસ્ત્રો જીર્ણપ્રાય થઇ ગયા હતા, ઘરનું આંગણું પડી ગયું હતું અને તે બ્રાહ્મણના શરીરમાં માત્ર હાડકાં રહેલાં હતાં. એક વખત તે બ્રાહ્મણે ધનપ્રાપ્તિ માટે એક સિદ્ધ પુરૂષની બહુ સેવા કરી. તેની સેવાથી તુષ્ટમાન થઇને તે સિદ્ધ પુરૂષે સ્મશાનમાં છ માસ ઉપવાસ, બ્રહ્મચર્ય તથા મૌનપણે રહીને ક્રિયા કરવાથી સાધી શકાય તેવો મંત્ર તેને આપ્યો. બ્રાહ્મણે તે મંત્રની તેવી રીતે સાધના કરી. દેવતા પ્રત્યક્ષ થયો અને કહ્યું કે–" વત્સ ! આ કંથા લઇ જા. સવારમાં હમેશાં તેને ભૂમિ ઉપર ખંખેરવાથી તે પાંચસે રત્ન આપશે, પણ આ કંથાને પહોળી કરીને જોઇશ નહિ, તેમ કરીશ તો તે કંથા ઉડી જશે. " તે કંથા લઇને વિપ્રે નગરમાં પ્રવેશ કર્યો. લોકોએ તેને પૂછયું કે–"મહારાજ ! આ માથા ઉપર શું લઇને આવ્યા ?" એટલે દેવતાએ આપેલી તે કંથા તે બધા લોકોને દેખાડવા લાગ્યો. લોકોએ કહ્યું કે–"સ્મશાનમાંથી આ તું લાવ્યો છું તેથી તે જરૂર તને અનર્થ કરનારી થશે." આ પ્રમાણે બોલતા લોકો તે કંથા જોવા અને ખટપટ કરવા લાગ્યા. તે સમયે હૃદયના દુર્બળપણાથી બ્રાહ્મણે તે કંથા પહોળી કરી. જેવી તે પહોળી કરી કે તરતજ ઉડીને આકાશમાં તે ચાલી ગઇ. અને વિપ્ર તો તેવીને તેવી દીન અવસ્થામાં ઘેર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવ્યો. ગૃહિણીએ આવી રીતે ખાલી હાથે તેને આવતો દેખીને પગ ધોવાનું વાસણ તેના માથામાં મારી ઘરમાંથી કાઢી મૂક્યો.

**સાર**—લોકોના વચન ઉપર બહુ વિશ્વાસ રાખી પોતાનો સ્વાર્થ ઘણા માણસો બગાડે છે. લોકો તો અનેક રીતે બોલનાર હોય છે. દરેકની બુદ્ધિને વૃત્તિ એક સરખી હોતી નથી. તેથી પોતાનો સ્વાર્થ જોવો અને તદનુસાર વર્તવું દરેક માણસે આ બાબતનો સ્વત: વિચાર.કરવાની જરૂર છે.

# કથા ૪૨ મી.

## સ્રીવચનાનુસારી સાળવીની કથા.

"સ્રીના કહેવા પ્રમાણે ધીર પુરૂષે વર્તવું નહિં. સ્રીના વચન પ્રમાણે વર્તવાથી એક સાળવીનો નાશ થયો હતો." તેની કથા આ પ્રમાણે:—

ચંદ્રિકા નગરીમાં **વીરક** નામનો સાળવી રહેતો હતો. તેને એક વખત કોઈ વિશિષ્ટ કાષ્ટનું કામ પડવાથી તે અટવીમાં ગયો. ત્યાં એક મોટા ઝાડને તે છેદતો હતો, ત્યારે તે સ્થળે રહેનાર એક વ્યંતર દેવે તેને કહ્યું કે–"અરે પુરૂષ ! આ મારા રહેવાસના સ્થાનરૂપ વૃક્ષને તું છેદીશ નહિ, હું તને તારી ઈચ્છાનુસાર આપીશ, તારે જે જોઈએ તે કહે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણેની દેવની વાણી સાંભળીને સ્ત્રી આધીન રહેનાર તે સાળવી બાલ્યો કે–"શું માગવું તે હું મારી સ્ત્રીને પૂછીને કહીશ." પછી તે ઘેર ગયો, અને સ્ત્રીને પૂછયું કે–"અરે સુંદરી! આ પ્રમાણે મને વ્યંતરે કહ્યું છે, માટે શું માગવું?" તેણીએ વિચાર કર્યો કે–"જ્યારે પુરૂષ પાસે લક્ષ્મી વધે છે ત્યારે તે પૂર્વે સંચય કરેલ મિત્ર, સ્ત્રી અને ઘર ત્રણેનો ઉપઘાત કરે છે તે સત્ય છે; તેથી જો આની પાસે લક્ષ્મી થશે તો તે જરૂર રૂપ, યૌવન તથા લાવણ્યથી મનોહર સ્ત્રીઓ પરણશે, તેઓમાં તન્મય થશે અને મારૂં યૌવન ચાલ્યું ગયેલ હોવાથી દાસીની જેમ મને અપમાનિત કરીને ત્યજી દેશે. ચાલુ પરિચયથી અભાવ ઉત્પન્ન થાય છે, તેથી લોકો નવું નવું ઈચ્છે છે, તેથી વૃત્તિ[1] માત્ર મળે તેવી માગણી કરાવું." આવો વિચાર કરીને તેણે ભર્તારને કહ્યું કે–"પ્રિયતમ! આપણે મોટી રાજ્યલક્ષ્મીનું શું કામ છે? તમે શાળ ચલાવીને શરીર સારૂં હોય ત્યારે બે દીનાર રળો છો, તો તેના કરતાં દેવ પાસે તમારૂં શરીર બમણું થાય તેવી યાચના કરો." તે મૂર્ખ પણ તેજ પ્રમાણે કબુલ કરીને દેવની પાસે ગયો અને કહ્યું કે–"મારૂં શરીર છે તે કરતાં બેવડું થાય તેમ કરો." તે પ્રમાણે તેનું શરીર બેવડું થયું, અને તે વનમાંથી ઘર તરફ ચાલ્યો. જ્યારે કીલ્લાના દ્વાર પાસે આવ્યો ત્યારે તેને જોઈને લોકો એકઠા થઈ ગયા અને કહેવા લાગ્યા કે–"અહો! આશ્ચર્ય! આશ્ચર્ય! આ કોઈ વિકૃત મૂર્ત્તિવાળો

[1] આજીવિકા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાક્ષસ નગરના લોકોને ખાવા માટે આવે છે, માટે તેને મારી નાખો, મારી નાખો." પછી એકઠા થયેલા લોકોએ લાકડી, મુઠી, પાષાણાદિવડે તેને કુટી કુટીને મારી નાખ્યો.

સાર–સ્ત્રીઓની બુદ્ધિ અલ્પ હોય છે. તે પોતાના સ્વાર્થ પૂરતોજ વિચાર કરી શકે છે; પરંતુ પોતાનો સ્વાર્થ સધાતાં અન્યને શું નુકશાન થશે તેની તે કલ્પના કરતી નથી. આજ રીતે સ્વાર્થવશ મનુષ્યો પણ અન્યનું હિતાહિત જોતા નથી. આવા સ્વાર્થમાં રક્ત થયેલા મનુષ્યો અન્યના સુખ દુઃખની પરવા કરતા નથી. માટે સ્વાર્થવશ ન થતાં દરેક પ્રસંગે અન્યનું હિતાહિત જોવું તે ડાહ્યા માણસનું કાર્ય છે.

# કથા ૪૩ મી.

## કાર્યના તત્વને જાણનાર શ્રેષ્ઠીની કથા.

"જે કાર્ય બુદ્ધિથી મનુષ્યોને સિદ્ધ થાય છે, તે બળથી થતું નથી. જુઓ ગવૈયાનો ઉપદ્રવ વાદ્યના નાદથી વણિકે હઠાવ્યો હતો." તેની કથા આ પ્રમાણે:—

કેરલપુર ગામમાં કુંદદંત નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે વિશુદ્ધ ધર્મ બુદ્ધિવાળો, નીતિવાન્ અને લોકની સેવા કરવામાં તત્પર હતો. તેને પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર ભાણેજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિગેરેનું મોટું વિશાળ કુટુંબ હતું એક વખતે રાજાના કૃપાપાત્ર થયેલા ગંધર્વોને શ્રેષ્ઠીના ઘરની નજીકમાં મોટા મંદિરમાં રહેવાનો હુકમ મળ્યો. પછી સવાર સાંજ અને આખો દિવસ બહુ ઉંચા શબ્દોવડે તેઓ સ્વરસાધના કરતા હતા અને કરાવતા હતા. આકાશ સુધી પહોંચે તેવો કોળાહળ હમેશાં થતો હતો. તે સ્વરસાધનાથી આકર્ષાયેલા તે શ્રેષ્ઠીના કુટુંબમાંથી પુત્રવધુ, પુત્રીઓ વિગેરે શ્રવણેંદ્રિયના લોલુપીપણાથી તે સ્થળેજ મૃગની જેમ ગમનાગમન કરતા હતા. તેને લીધે ઘરનાં કાર્યો પણ વારંવાર વિણસતા હતા. શ્રેષ્ઠી તેઓને નિષેધ કરતો હતો પણ કર્ણેંદ્રિયની લોલુપતાથી શ્રેષ્ઠીની આજ્ઞા પણ તેઓ માનતા નહોતા. આમ થવાથી શ્રેષ્ઠીએ વિચાર્યું કે-"આ ગાંધર્વો રાજમાન્ય છે, તેઓ ગાતા હોય ત્યારે તેમને મારાથી કેમ નિષેધાય ? મારા કુટુંબીજનો પણ બંધન રહિત થઈ ગયા છે, ગીતવિદ્યા ધૂર્તપણાની સહચારિણી છે, તેથી જરૂર આ સ્ત્રીવર્ગમાં તે પરિણામે શિયળનો નાશ કરાવનાર થશે; તેથી પાણી પહેલાંજ પાળ બાંધવી ઉત્તમ છે." આવો વિચાર કરીને તેણે પોતાના ઘરની નજીકમાં એક મોટું દેવમંદિર કરાવ્યું ને તેમાં દેવમૂર્ત્તિની સ્થાપના કરી. પછી મોટું ભેટણું લઈને તે રાજાપાસે ગયો. રાજાએ બહુમાન આપીને કહ્યું કે-" શ્રેષ્ઠિન્ ! મારૂં કાંઈ કામ હોય તે સુખેથી કહો. કાંઈ માગવું હોય તે માગો." શ્રેષ્ઠીએ કહ્યું કે-"સેવકના ઈચ્છિત પૂરવામાં કલ્પવૃક્ષતુલ્ય હે સ્વામી ! મેં એક દેવગૃહ કરાવ્યું છે, તે સ્થળે જો આપની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રજા હોય તો વિચિત્ર નાદ તથા ઝંકાર અને ઘંટ તથા નગારા વિગેરેના શબ્દોવડે ત્રણે કાળ સંગીત કરાવું." રાજાએ કહ્યું કે–" બહુ ખુશીથી વાજીંત્રો વગડાવો. જે તેમ કરવામાં નિષેધ કરશે તેના ઉપર ગૃહદેવતા કોપાયમાન થશે એમ સમજજો." તે વાત ગાયકોએ અને અન્ય સર્વેએ સાંભળી. પછી શ્રેષ્ઠી હમેશાં ભેરી, ભાંકાર વિગેરે બહુ જોરથી વગડાવીને ગાયકોનાં કાન ફોડી નાખવા લાગ્યો. આમ થવાથી ગાંધર્વો કંટાળ્યા. તેમના ધંધામાં મંદતા આવી, તેથી તરતજ બીજું ઘર લઇને તેઓ ત્યાંથી નીકળી ગયા. શ્રેષ્ઠી પછી સુખેથી કાળ નિર્ગમતો અબાધિતપણે ત્યાં રહ્યો.

**સાર**—ઘણી વખત જે કાર્યસિદ્ધિ બુદ્ધિથી થાય છે તે બળથી થતી નથી. બળ કરવા જતાં અથવા ઉતાવળા થઇને હુકમ બજાવવા જતાં ઉલટું કાર્ય બગડે છે. કળથી કાર્યસિદ્ધિ ધારેલ સમયમાં થઈ શકે છે, તેથી જ્યાં બળનું કાર્ય ન હોય ત્યાં કળ વાપરતા શીખવું, બુદ્ધિનો ઉપયોગ કરવો તેમાંજ મહત્વતા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૪૪ મી.

## શત્રુતુલ્ય સેવક અને સ્વામીની કથા.

" સેવાના ફળને નહિ આપનાર સ્વામી નોકરો પાસે પણ સારા ચાર દાંત દેખાડનાર રાજાની જેમ હાંસીપાત્ર થાય છે. " તેની કથા આ પ્રમાણે—

બકુલપુરમાં ભદ્રશાળ અને ચંદ્રશાળ નામના બે મંત્રી-પુત્રો સાથેજ ઉછરેલા અને બાળક્રિડા કરેલી તેવા હતા. તેઓ સર્વ વિદ્યા–કળામાં કુશળ અને વ્યવહાર નિશ્ચય રૂપ લોચનવાળા હતા. તે બંનેમાં થોડો ભેદ હતો. ભદ્રશાળ અવસરનો જાણ હતો, અને ચંદ્રશાળ અવસરે શું બોલવું તે જાણતો હતો, ઉપરાંત બોલ્યા પ્રમાણે કરી શકનાર હતો. એક વખતે તે બંને ભાઇઓ ધન ક્ષીણ થઈ જવાથી નવુ ધન મેળવવાની આશાથી અમરપુરમાં દેવાનંદ રાજાની સેવા કરવા માટે ગયા. પ્રધાન પુરૂષોદ્વારા તેઓ રાજાને મળ્યા, અને તેની યથાવિધિ તેઓ સેવા કરવા લાગ્યા. જ્યારે રાજા બોલાવે ત્યારે નમ્રતાથી તેઓ સભામાં પ્રવેશ કરતા હતા, યોગ્ય સ્થાનમાં સંકોચાઇને તેઓ બેસતા હતા, સ્વામીની પાસે તેના મુખ સામે મુખ રાખી અંજળી જોડીને તેઓ ઉભા રહેતા હતા, તેનાં હૃદયનાં વિચાર જાણીને તેઓ કાર્ય કરતા હતા. તેઓ રાજાથી બહુ દૂર નહિ, બહુ નજીક નહિ, સરખા અગર ઉંચા આસન ઉપર નહિ, પછવાડે તેમજ આ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગળ નહિ તેવી રીતે રહેતા હતા. રાજાની જેના ઉપર પ્રીતિ હોય તેના ઉપર પ્રેમ અને રાજાનો દ્વેષ હોય તેના ઉપર દ્વેષ રાખતા હતા, રાજા તાંબુળાદિ આપે તો બહુમાન ગણતા હતા, પગલે પગલે રાજાના સ્તુતિવચન બોલતા હતા, રાજા આગળ અતિ અલ્પ મૂલ્યવાળો વેષ પહેરતા હતા, જનાનામાં રહેનારા લોકોની બાબતમાં મૌન ધારણ કરીને રહેતા હતા, અને સ્વામીને પસંદ હોય તેવી કળા કેળવવામાં કુશળતા દર્શાવતા હતા.

આ પ્રમાણે રહેતાં ઘણો કાળ વ્યતીત થયો, તોપણ રાજાએ તેમને એક વસ્ત્રનો ટુકડો પણ આપ્યો નહિ. ફક્ત વારંવાર સફેત ચાર દાંત ઉઘાડીને તે પ્રમુદિત થઈને આનંદ પ્રદર્શિત કરતો હતો. તેથી તે બંને બહુ ખિન્ન થયા. એક દિવસે અશ્વક્રીડા કરવા રાજા બહાર નીકળ્યો. તેઓ પછવાડે ચાલતા હતા. લશ્કર છેટે ચાલ્યું આવતું હતું. તે સમયે ઘોડાએ રાજાને પછાડ્યો. રાજાના આગળના ચારે દાંત ભાંગી ગયા. આ સમયે અવસર જાણનાર ભદ્રશાલે ચંદ્રશાલને કહ્યું કે-" અરે મિત્ર ! આપણે આપણા સ્વાર્થ માટે રાજાને ફરીથી વિનંતિ કરીએ. હે અવસરોચિત બોલવામાં ચતુર ! આ બોલવાનો સમય છે. જો ધ્યાનમાં આવે તો કાંઈક બોલ. " આ પ્રમાણેનાં વચનો સાંભળીને અંજળી જોડીને ધૂળથી ખરડાયેલા, માથાનો મુકુટ જેનો પડી ગયો છે તેવા અને દીનપ્રાય થઈ ગયેલા રાજા પાસે આવીને ચંદ્રશાલ બોલ્યો કે-"દેવ ! કૃપા કરો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને અમને હવે જવાની રજા આપો." રાજાએ કહ્યું કે-"તમે શા માટે જવાની ઇચ્છા કરો છો." ચંદ્રશાલે કહ્યું કે-"મહારાજ ! કુંદના પુષ્પ જેવા ઉજ્વળ, હાસ્ય દર્શાવનાર આ તમારા ચાર દાંતની આટલા વખત સુધી અમારે આશા હતી; હમણા અમારા પૂર્વના દુષ્કર્મના દોષથી જેની દયા ઉડી ગઈ છે તેવા વિધિએ અમારી તે આશાનો પણ નાશ કર્યો છે. અર્થાત્ તે ચાર દાંત તોડી નાખ્યા છે. હવે અમે અહીં રહીને શું કરીએ ? હવે અમને લાભ મળવાની બીલકુલ આશા રહી નથી. " આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને રાજા વિલખો થયો. પછી તેઓને તેની નોકરીનો સારી રીતે રાજાએ બદલો આપ્યો.

**સાર**—બુદ્ધિશાળી માણસ અવસરનો લાભ બરોબર લઇ લે છે. જે કાર્યસિદ્ધિ અન્યથા થતી ન હોય તે સમય સાધીને બોલવાથી તરત થઈ શકે છે. વળી સેવકની સેવાને યોગ્ય બદલો આપવો તે સ્વામીની ફરજ છે. જે સ્વામી સેવકની સેવાનો યોગ્ય બદલો આપતા નથી, તે છેવટે હાંસીનાં ભાજન થાય છે, અને અવસર જાણનાર સેવકને અંતે બદલો આપ્યા વગર ચાલતું નથી.

# કથા ૪૫ મી.

## ખરા આળસુની કથા.

" જેઓ :અસામાન્ય આળસુ હોય છે, તેઓ શરીરની પણ દરકાર કરતા નથી. અગ્નિનો ભડકો :થયો તોપણ બે આળસુઓ ત્યાથી ભાગી ગયા નહિ." તેની કથા આ પ્રમાણે–

એક ગામમાં રાજા બહુ દયાળુ હતો. તેણે ઢંઢેરો પીટાવ્યો કે–" જે રાંક આળસુ હશે તે સર્વેને અશન તથા વસ્ત્રાદિ અમારા તરફથી પૂરા પાડવામાં આવશે." તે સાંભળીને સર્વે લોકો–' હું પણ આળસુ છું, હું પણ આળસુ છું' તેમ કહેતા એકઠા થઇ ગયા. રાજા તે સર્વને ભોજન આપતો, વસ્ત્રો પહેરાવતો અને મકાનોમાં રાખતો હતો. તેમ કરતાં કરોડો આળસુ લોકો ભેગા થઈ ગયા. તેમને સર્વને નકામું ખવરાવવું પડતું હતું, તેથી રાજા અને પ્રધાન વિગેરે મુંઝાણા. પછી–"જે ખરા આળસુ હોય તેનું જ આપણે પોષણ કરવું, બીજાને કાઢી મૂકવા." તેવી બુદ્ધિથી તે સર્વના આવાસ પાસે રાજાએ આગ લગાડી. તેથી તે મકાનો બળવા લાગ્યા. જ્યારે આગ સર્વત્ર ફેલાણી ત્યારે બધા નાસવા લાગ્યા. પણ બે ખરા આળસુ મામો–ભાણેજ હતા, તેઓ માગ્ર મકાન પડવા માંડયું, તોપણ "પડીશ નહિ, પડીશ નહિ." તેમ બોલ્યા, પણ ઉભા થયા નહિ. એટલે તે બંનેને બચાવવામાં આવ્યા. ચરપુરૂષોના મુખથી તે વાત રાજાએ જાણી કે–"આ બે જણા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરા આળસુ છે અને દયાપાત્ર છે.” રાજાએ જીવિત પર્યંત દયા લાવીને તેને પાળ્યા, બીજા બધાને કાઢી મૂક્યા.

**સાર**—આળસ તે મનુષ્યનો ખરેખરો શત્રુ છે, મનુષ્યના સર્વ ગાત્રને શિથિળ કરી દેનાર–મનુષ્યની બુદ્ધિને સંકુચિત કરી દેનાર આળસ છે. શરીર ઉપર ગમે તેવું કષ્ટ પડે તોપણ આળસુ આળસ તજતો નથી, અને તેને પારકાની દયા ઉપર જીવવાનો સમય આવે છે. આળસથી શરીરશક્તિનો પણ નાશ થાય છે. રાજાની દયાના પાત્ર આળસુ મામા–ભાણેજ ખરા દયાને પાત્ર છે. આવા દયાપાત્ર થઈને જીવનારનું જીવન નકામુંજ છે.

# કથા ૪૬ મી.

## પ્રચ્છન્ન વાક્ય ધીરે બોલવા ઉપર એક આચાર્યની કથા.

“ગુપ્ત કહેવા લાયક વાક્ય હોય તે ઉચ્ચ સ્વરે કદિ બોલવું નહિ.તેમ કરવાથી આચાર્યે કહેલા ચૂર્ણની માફક અનર્થની વૃદ્ધિ થાય છે.” તેની કથા આ પ્રમાણે—

કોઇ ઉપાશ્રયમાં બહુ ગુણવાળા સૂરિ પરિવાર સહિત રહેતા હતા. તે લોકોને બોધ કરતા હતા, તપસ્યાવડે આત્માનું શ્રેય સાધતા હતા, કોઇની નિંદા કે પોતાની સ્તુતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતા નહોતા, બ્રહ્મચર્ય પાળતા હતા અને શુદ્ધ આહાર કરતા હતા. એક વખતે આ આચાર્ય શિષ્યોને ઉચ્ચ સ્વરે વાંચના આપતા હતા–અભ્યાસ કરાવતા હતા. તે અભ્યાસ સમયે યોનિપ્રાભૃત ગ્રંથનું રહસ્ય સમજાવતાં તેમણે કહ્યું કે–" શિષ્યો ! અમુક અમુક ઔષધોનું મિશ્રણ કરવાથી પાણીની યોનિમાં જન્મનારા મહાપ્રમાણવાળા ઘણા નવીન મત્સ્યો ઉત્પન્ન થાય છે. " આ રહસ્ય બહુ ઉચ્ચસ્વરે સમજાવતાં ઉપાશ્રયની પછવાડેની ભીંત પાસે થઈને ચાલ્યા જતા માછીમારે સાંભળ્યું, અને બુદ્ધિના બળથી તેણે તે બરોબર ધારણ કરી લીધું. તે ઔષધો તેણે એકઠા કર્યા. અને જળથી ભરેલા સરોવરમાં તે ચૂર્ણ નાખ્યું. એટલે તેમાં ઘણા મોટા મત્સ્યો ઉત્પન્ન થયા. આ ઉપાય હાથમાં આવવાથી તે બહુ આનંદિત થયો અને તે પ્રયોગવડે તે તે પ્રમાણે હમેશાં કરવા લાગ્યો. તેમજ તે મત્સ્યો વેચીને આજીવિકા ચલાવવા લાગ્યો.

સૂરિ તો તે સ્થળેથી અન્યત્ર વિહાર કરી ગયા. અને ઘણા વખતે કેટલાક ગામ નગરોમાં વિહાર કરીને ફરીથી તેજ સ્થળે આવ્યા. તે સૂરિને તે સ્થળે આવેલા જાણીને તે માછીમાર સોનામહોરનો થાળ ભરીને તેમની પાસે આવ્યો અને તેમની પાસે બેસીને પ્રાર્થના કરી કે–"મહારાજ ! આ ગ્રહણ કરો, ગ્રહણ કરો. આટલી મારા ઉપર અવશ્ય કૃપા કરો." સૂરિએ પૂછયું કે–" તું કોણ છે ? અને આ ભેટ શેની છે ? " માછીમારે કહ્યું કે–" પ્રથમ આપ અત્રે હતા ત્યારે

શિષ્યોને ભણાવવાના અવસરે આપ મીનોત્પાદક ચૂર્ણ તેમને શીખવતા હતા, તે મેં સાંભળ્યું હતું; પ્રયોગ કરતાં તે ચૂર્ણની મને ખાત્રી થઈ હતી. મેં અન્ય કોઈને તે શીખવ્યું નથી, મેં મહેનત વગર તેનું પુષ્કળ ફળ મેળવ્યું છે, તેથી ભક્તિવડે આપ વિદ્યાગુરૂ પાસે ભેટણું લઈને આવ્યો છું." સૂરિએ મનમાં વિચાર કર્યો કે–" અહો ! સાવદ્યકારી કાર્યમાં સહાય આપનાર મને ધિક્કાર છે, ધિક્કાર છે ! ! " પછી કૃત્રિમ હાસ્ય કરીને તેણે તે માછીમારને કહ્યું કે–" અમે નિર્ગ્રંથ સાધુ છીએ, તેથી ધન ગ્રહણ કરશું નહિં. પણ તું વિનયી અને કૃતજ્ઞ છો, તેથી વિશેષ મોટા મત્સ્યો બને તેવું ચૂર્ણ હું તને બતાવું છું." તે સાંભળી તે બોલ્યો કે–"બહુ મોટી કૃપા કરી.":તેમ કહી પોતાનું મસ્તક નમાવ્યું. પછી જે ચૂર્ણ જળમાં નાખવાથી તરતજ સિંહની ઉત્પત્તિ થાય તેવું ચૂર્ણ આચાર્યે તેને દેખાડયું. " વિશેષ અધિકરણની અને હિંસાની વૃદ્ધિ ન થાય " તેવા આશયથી બુદ્ધિવંત મનુષ્યો પણ પ્રાણાતિપાતાદિકથી થતી વિરાધના અંગીકાર કરે છે. "સાવદ્ય આરંભનો અંત તે મોટું કાર્ય છે." પછી તે માછીમાર "સૂરિએ મારી ભક્તિથી પરમ તુષ્ટમાન થઇને મોટા મોટા મત્સ્યો બનાવવાના ચૂર્ણની ઔષધિનો પ્રયોગ મને બતાવ્યો" તેવા વિચારથી મનમાં અત્યંત આનંદ પામતો ઘેર ગયો અને બધી ઔષધિઓ એકઠી કરી. પછી



P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટા સરોવરના પાણીમાં તે ચૂર્ણ નાંખ્યું કે તરતજ તેમાંથી સિંહ ઉત્પન્ન થયો. તેણે તે માછીમારને મારી નાખ્યો; એટલે ત્યાર પછીથી સાવદ્ય આરંભની વૃદ્ધિ બંધ થઇ. આ કારણને લીધે પાપકારી ગુપ્ત વચન ઉંચેથી ઉચ્ચાર કરવાનો નિષેધ કરેલ છે.

**સાર**–ગમે તેવી ગુપ્ત વાત પણ ચાર કાને જતાં પ્રગટ થઇ જવાનો ભય રહે છે. ભીંતને પણ કાન હોય છે એમ કહેવાય છે; તેથી ગુપ્ત વાત અંતરમાંજ રાખવી તે ખાસ જરૂરનું છે. વળી જેનાથી પાપની વૃદ્ધિ થાય, આરંભ સમારંભ વધે તેવાં પાપકારી કાર્યો તો ગુપ્તપણેજ સમજવા લાયક છે. તેનો ઉંચેથી ઉચ્ચાર કરતાં કોઇને તેવો દાખલો બેસાડવાનું મન થતાં બોલનાર પણ પાપનો ભાગી થાય છે. પાપથી બ્હીને તરતજ તેવી પ્રવૃત્તિથી દૂર રહેવું તે સુજ્ઞની ખાસ ફરજ છે.

# કથા ૪૭ મી.

## કુંભકારના મિથ્યાદુષ્કૃતની કથા.

"જે કાર્ય ફરીથી ન કરવું હોય તે માટે મિથ્યાદુષ્કૃત આપવો તે યોગ્ય છે, બાકી તો કુંભારની જેમ ફરીથી તે કાર્ય કરતાં મિથ્યાદુષ્કૃત નકામો જાય છે." તેની કથા આ પ્રમાણે:—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઈ એક ગામમાં એક જૈનધર્મી કુંભાર રહેતો હતો. તેના ઘરમાં ઘણા શિષ્યોથી પરવરેલા એક આચાર્ય રહેતા હતા. તેમના શિષ્યવૃંદમાં એક બાળ સાધુ બહુ ક્રિડાપ્રિય હતો. તે હાથનો અંગુઠો તથા આંગળીને એકઠી કરીને કાંકરા ફેંકીને કુંભારનાં માટીનાં વાસણો ફોડી નાખતો હતો. કુંભારે તેને તેમ કરતો દેખીને વાર્યો. ક્ષુલ્લકે કહ્યું કે–"મિચ્છામિદુક્કડમ્." આ પ્રમાણે કહીને પાછો તે પ્રમાણેજ કરવા લાગ્યો. કુંભારે વાર્યો, ત્યારે કહ્યું કે–"મિચ્છામિદુક્કડમ્." આ પ્રમાણે ચાર–પાંચ વખત કર્યું. તે દેખીને કુંભાર ખેદ પામ્યો, અને એક મોટો કાકરો હાથમાં લઈને તે ક્ષુલ્લકના કાન ઉપર ચોળવા લાગ્યો. તેથી ક્ષુલ્લક દુઃખી થઈને બુમો પાંડવા લાગ્યો. કુંભારે કહ્યું કે–"મિચ્છામિદુક્કડમ્." અને તે પ્રમાણે વારંવાર ઉંચે સ્વરે કહેવા લાગ્યો. ગુરૂએ ત્યાં આવીને પૂછયું કે–"આવું કાર્ય કરો છો, અને મિથ્યાદુષ્કૃત આપો છો તેનું શું કારણ? તેનો શો અર્થ?" કુંભારે કહ્યું કે–"જેવો આ ક્ષુલ્લક મૃષાભાષી છે, તેવો હું પણ મિથ્યાભાષી છું." તેમ કહીને પછી તે ક્ષુલ્લકને છોડી દીધો. ત્યારથી કુંભકાર અને ક્ષુલ્લકનો મિચ્છામિદુક્કડ શાસ્ત્રમાં પણ પ્રસિદ્ધ થયો.

**સાર**—ખોટું કામ કર્યા કરે, સામાનું મન દુભાય તેવું કાર્ય કર્યા કરે અને ભૂલની માફી માગે, તે માફીનો કાંઈ અર્થ નથી. માફી માગતાં ફરી તેવું કાર્ય નહિ કરવાનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પહેલો નિયમ કરવો જોઈએ. આજે એક ભૂલ માટે મિથ્યા-દુષ્કૃત માગી ફરીથી તેજ કાર્ય અગર ભૂલ બીજે દિવસ કરવા માંડીએ ત્યારે પ્રથમ માગેલી માફીનું કાંઈ પણ ફળ મળતું નથી. પ્રતિવર્ષ વાર્ષિક પર્વ સમયે મગાતા મિથ્યા-દુષ્કૃત માટે પણ આ વાત બહુ વિચારવા જેવી છે.

## કથા ૪૮ મી.

### વૈર બાંધવા ઉપર વણિક તથા ભિક્ષુકની કથા.

" બુદ્ધિમાન માણસે ગર્વથી કોઈની સાથે વૈર બાંધવું નહિ; અને વણિક તથા ભિક્ષુકના દૃષ્ટાંતની જેમ કોઈને આપત્તિમાં નાંખવો નહિ. " તેની કથા આ પ્રમાણે—

કુરૂવિંદ પુરમાં કલહંસ નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તેની પાસે ઘણી વિભૂતિ હતી. એક દિવસે તેના ઘરમાં કોઈ મહોત્સવ પ્રસંગે ઘણા ભોજ્ય, પેય અને લેહ્ય પદાર્થોયુક્ત જમણવાર હતો, અને ઘણા માણસો જમવા આવ્યા હતા. તે સમયે એક ભિક્ષુક ભિક્ષા માગવા તેને ઘેર આવ્યો. ગૃહપતિએ પાસે ઉભેલી પત્નીને કહ્યું કે–"આને ભિક્ષા આપો." તેણી આપવાની વસ્તુ લઈને તે ભિક્ષુકની સન્મુખ ગઈ. દિવ્ય રૂપ અને લાવણ્યવાળી, સુંદર અવયવોથી અતિ મનોહર લાગતી તે શ્રેષ્ઠીપત્નીને જોઈને તેનોજ વિચાર કરતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણે અંધ હોય, બહેરો હોય, મુંગો હોય, જડ હોય પત્થર જેવો નિશ્ચેષ્ટ હોય તેમ તેનામાં એક મનવાળો તે થઇ ગયો. મનમાં તેનુંજ ધ્યાન ધરતો અને તેનાજ સામું એક દૃષ્ટિથી જોતો તે ભિક્ષા ગ્રહણ કરવાનું પણ ભૂલી ગયો. શ્રેષ્ઠીપત્નીએ કહ્યું કે–" આ ભિક્ષા લે. " પણ તે શૂન્ય મનવાળો થઈ જવાથી જાણે કે કાંઈ જાણતો ન હોય તેમ શૂન્ય ઉભો રહ્યો, અને જરા પણ હાલ્યા ચાલ્યા વગર એક નજરથી તેની સામું જોવા લાગ્યો. તેની તેવી સ્થિતિ દેખીને કલહંસ શ્રેષ્ઠી ક્રોધે ભરાયો અને તેને કહ્યું કે–" અરે ભિક્ષુક ! આ મારી પત્ની સામું આંખો ફાડીને તું જોયા કરે છે, તો શું તારે એને લઈ જવી છે ? " તે સાંભળી સ્મૃતિ પ્રાપ્ત કરીને ચૈતન્ય આવવાથી તે બોલ્યો કે–" શ્રેષ્ઠિન્ ! આવું વિપરિત કેમ બોલો છો ? હું એવું અત્યાર સુધી ધારતો નથી, પરંતુ હવે તો તમારી આ પત્નીને લઈનેજ હું જઇશ; તે લઇને જતાં જો તમે મને રોકશો તો અન્ન તથા પાણીનો ત્યાગ કરીને અહીં તમારા ઘરના દ્વાર આગળજ હું મૃત્યુ અંગીકાર કરીશ. "

આ પ્રમાણે વજ્ર જેવી દૃઢ પ્રતિજ્ઞા કરીને કેડ બાંધીને ભીંતનો ટેકો લઈને તે તે સ્થળે લાંઘણ કરવા બેઠો, તેને ઉઠાડવાને કોઈ શક્તિમાન થયું નહિ. તેણે તો મરણનો નિશ્ચય કર્યો હતો. સ્વજનો જમવા એકઠા થયા હતા તે થાકી થાકીને પોતાને ઘેર ગયા. કદાગ્રહ અને ક્રોધથી તે ભિખારી

તે સ્થળેથી મુદ્દલ ખસ્યો નહિ. આ પ્રમાણે પંદર લાંઘણ થઈ. તેના શરીરમાં માત્ર ચામડી અને હાડકાં રહ્યા, તોપણ તેનામાં દીનતાની જરા પણ નિશાની દેખાતી નહોતી. શ્રેષ્ઠીએ વિચાર્યું કે:-" આ નકામો વૈર-વિરોધનો ઉદય થયો. આ ભિક્ષુકને હવે મૃત્યુ નજીક આવ્યું છે. મારા સર્વ-સ્વનો નાશ થાય તો પણ અધમપણાના પ્રસંગને લીધે હું મારી પત્ની તેને આપી શકું તેમ નથી. તેથી જો કદાચિત્ આ અહિ મરણ પામશે, તો તેના મરણનું કલંક ચઢાવીને સ્વજનો મને પંક્તિ બહાર કરવાનો પ્રયત્ન કરશે અને રાજા દંડ લેશે. વળી મારી સાથે વિરોધ ધરનારા ઘણા હોવાથી તેઓ મને નિષ્કલંકિત ગણશે કે નહિ તેની મને શંકા છે. તેથી પ્રથમ તે સર્વેનો અભિપ્રાય જાણીને પછી યોગ્ય કરૂં."

આવો વિચાર કરીને પોતાની જ્ઞાતિના અગ્રેસરોને ઘેર તે ગયો. તેમની પાસે જઈને તેણે કહ્યું કે-"અરે બાંધવો ! તમે જાણો છો કે મારી પત્નીને ગ્રહણ કરવાના દુરાગ્રહથી તે અન્યાયી ભિક્ષુક મારા આંગણામાં લાંઘણ કરે છે." તેઓએ પ્રત્યુત્તર આપ્યો કે-"બરાબર છે." કલહંસે કહ્યું કે-"તે હાલ મૃત્યુ પામ્યો છે, તો હવે શું કરવું ?" તે સાંભળીને કેટલાક આગળના વૈરવાળા, કેટલાક વિઘ્નસંતોષી, કેટલાક ઈર્ષ્યાળુ અને કેટલાક લોભી હતા તેઓ બોલ્યા કે-"અરે કલહંસ ! જો તે ભિક્ષુક તારા આંગણામાં મરી ગયો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હશે, તો તને પંક્તિભેદ કરી જ્ઞાતિબહાર કરશું." કલહંસે કહ્યું કે-"તે તેના દુરાગ્રહથી મરી ગયો તેમાં મારો શું દોષ?" પણ તે સર્વેએ તે કાંઈ સાંભળ્યું નહિ, ફક્ત પ્રથમની માફ્કજ કહેવા લાગ્યા. જ્ઞાતિજનોનું તત્ત્વ પામીને પછી તે કોટવાળ તથા મહા અમાત્ય વિગેરે અધિકારીઓ પાસે ગયો, તો તે બધાએ પણ તેમજ પ્રત્યુત્તર આપ્યો. તેઓ પણ લોભીઆ થઈને તેને દંડ કરવાને ઈચ્છતા હતા. કહ્યું છે કે-"ધનવંત ઉપર બધા લોકો ઈર્ષ્યાળુ હોય છે, અને તેની પાસેથી ધન લેવાનો પ્રયત્ન કરનારા હોય છે. આવો લોભનો ક્ષોભ મુકનારા તો કોઈ એક બેજ હોય છે."

આ પ્રમાણે જ્ઞાતિજનોનો અને અધિકારીઓનો મર્મ પામી જઈને તે કલહંસે લોકોને એકઠા કરીને તે ભિક્ષુકને કહ્યું કે-"મહેરબાની કરીને આ મારી પત્ની ગ્રહણ કર, ને તેને લઈ જા." તેમ કહી તેને અર્પણ કરી. તે સંતુષ્ટ થયો, તેનો ક્રોધ સમી ગયો અને તે બોલ્યો કે-"સારૂં થયું, તારો ગર્વ ઉતર્યો, તું હવે નમ્ર થયો, મારે તો તારી પત્ની ભગિની તુલ્યજ છે, મારે તેનો ખપ નથી, તારો ગર્વ ઉતારવાનુંજ મારે તો કામ હતું." તેમ કહીને તે સ્થળેથી ઉઠીને તે ચાલ્યો ગયો. કલહંસે ત્યાર પછી જ્ઞાતિજનને અને રાજ્યના અધિકારીઓને કહ્યું કે-"મેં તમારી હકીકત-તમારૂં તત્ત્વ જાણી લીધું. અહો લોકોનો મોટો ભાગ વાણીમાત્રવડેજ મધુર છે, પણ કાર્ય પડ્યે સહાય આપે તેવા નથી." લોકો તે

P. P. Ac. Gunratansuriji M.S.                                    Jin Gun Aaradhak Trust

સાંભળી લજ્જા પામીને પોતપોતાને સ્થળે ચાલ્યા ગયા. શ્રેષ્ઠીએ વિચાર્યું કે-" જ્ઞાનામૃતની ઉર્મિઓથી તૃપ્ત થયેલ યોગીજ ખરેખર કૃતકૃત્ય છે, જો મનુષ્ય તત્ત્વ જાણનાર ન હોય તો કાંઇ પણ કર્તવ્ય કરી શકતો નથી. તે સંસારની ઉપાધિ ભોગવે છે ને તેમાં આથડે છે." આ પ્રમાણે વિચારી સર્વ સંગનો ત્યાગ કરી તેણે યોગીપણું ધારણ કર્યું અને પરિણામે નિઃક્લેશી પદ પ્રાપ્ત કર્યું.

**સાર**—ધન-વૈભવની પ્રાપ્તિ થયેલી હોય તેવે સમયે કોઈ નિર્ધનને દેખીને તેને તુચ્છકારવો નહિ, તેમ કોઇ પણ સ્થિતિમાં ગર્વ તો કરવોજ નહિ. વળી સર્વની સાથે સારૂં રાખતા શીખવું. ધન સંપત્તિવાળે સમયે વૈર-વિરોધ કરવાથી કોઈ વખત બહુ પસ્તાવાનો અને નીચે ઉતરી જવાનો પ્રસંગ આવે છે. બોલવામાં પણ મનુષ્યે બહુ સાવધતા રાખવાની જરૂર છે. આ એક વાર્તામાં આવો બોધ બહુ રહેલો છે. વૈર વિરોધ કરનાર, અહંકાર લાવનાર તુચ્છતાના વચન બોલનારને અંતે પસ્તાવું પડે છે.

# કથા ૪૯ મી.

## કૃપણ શ્રેષ્ઠીની કથા.

"કૃપણતાથી સંચય કરેલા દ્રવ્યના ભોક્તા અન્ય મનુષ્યો થાય છે, અને સંચય કરનાર તો કેવળ એક વણિકની જેમ તેના પાપનો ભાજનજ થાય છે." તેની કથા આ પ્રમાણે—

કુંદકલિકા નામે નગરીમાં એક કુરબક નામે શ્રેષ્ઠી રહેતો હતો, તે બહુ ધનવંત છતાં બહુજ કંજુસ હતો. તે શરીરે સુકલ લાકડી જેવો, કઠોર ભાષા બોલનારો, નિષ્ઠુર હૃદયવાળો, સ્નેહની કે પ્રેમની વાતોના સ્વાદથી પણ દૂર રહેનારો, વિશ્વાસ, સંતોષ અને ક્ષમાથી રહિત મનવાળો, તદન રૂક્ષ આહાર કરનારો, સ્વજનના દર્શનથી વાંકુ મોઢું કરવાવાળો અને સ્નાનાદિ કરવાથી દૂર રહેનારો હતો. તેણે ઘણું સોનું, માણેક, રત્નાદિનો સંચય કર્યો હતો. એક દિવસ સંચિત કરેલું તમામ દ્રવ્ય એક કઢાઇ (ચરૂ) માં ભરીને માથે ઉપાડીને બહારના ઉદ્યાનમાં ભૂમિમાં દાટી દેવા માટે રાત્રે એકલો તે નીકળ્યો. ત્યાં જઈ એક સ્થળે ખાડો ખોદી તે ધન દાટયું અને ઉપર બરાબર નિશાનીઓ કરી. પછી આસપાસ બરોબર જોયું હતું, છતાં પણ તેને કોઈ હોવાની શંકા પડી, તેથી તેણે વિચાર્યું કે:—" અહીં નજીકમાં આવેલા દેવાલયમાં રહેલા કોઈએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારો ખાડો ખોદવાનો શબ્દ સાંભળ્યો હોય તો શું થાય? તેથી હું વધારે બારીકીથી નિરીક્ષણ કરૂં." આવો વિચાર કરી તે પાસેના દેવકુળમાં ગયો. તે દેવકુળમાં એક પરદેશી ધૂર્ત શિરોમણિ ભિક્ષુક સાંજરે આવીને સૂતો હતો. તેણે એકાંતમાં રાત્રે ખાડો ખોદાવાનો અવાજ સાંભળ્યો હતો. તેણે જાણ્યું કે:–" જરૂર અહીં કોઈ નિધિ દાટવા આવેલ છે." વણિક તે દેવકુળમાં આવ્યો, ત્યારે તેણે તે ભિક્ષુકને જોયો. બાળપણથી વનમાં રહેલ હોવાથી શ્વાસ રૂંધવાની ક્રિયા તે જાણતો હતો; તેથી મડદાની જેમ શ્વાસ રૂંધીને તે સુઈ રહ્યો. વણિકે તેને દીઠો, પણ અંધારૂં અને નાડીના ધબકારા જાણવાના જ્ઞાનને અભાવે તેને શ્વાસ લેતો નહિ દેખીને તેને મૃત્યુ પામેલો જાણી તેની નાશિકા તેણે છેદી નાંખી, પણ ધૂર્ત ભિક્ષુક એક જરા પણ હાલ્યોચાલ્યો નહિ. પછી તેણે તેના કાન કાપી નાખ્યા, તો પણ તેણે જરા પણ સળવળાટ કર્યો નહિ; તેથી તેને મૃત્યુ પામેલો નિશ્ચય પૂર્વક જાણીને તે સ્વગૃહે ગયો અને સુઈ ગયો. પેલો ભિખારી તેના ગયા પછી ધીમે ધીમે ઉઠીને શબ્દાનુસારે તે સ્થળે ગયો અને ખાડો ખોદીને બધું ધન તે સ્થળેથી કાઢી લઈ તે સ્થળે તેવીજ નિશાનીઓ ફરીથી કરી પછી તેજ રાત્રે બીજે સ્થળે જઈ તે ધન તેણે દાટી દીધું, અને થોડુંક દ્રવ્ય સાથે લઈને વેશ્યાને ઘેર જઈ તે ભોગવિલાસ ભોગવવા લાગ્યો, તેને કેટલોક સમય વ્યતીત થઈ ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસે તે ભિખારી આખું શરીર કપડાંથી ઢાંકીને કુરબક શ્રેષ્ઠીના નામથી અંકિત કરેલી વીંટી વેચવાને માટે એક સોનીની દુકાને ગયો. તે સ્થળે કુરબક શ્રેષ્ઠી બેઠો હતો. તે કાર્પટિકે તે મુદ્રારત્ન સોનીને દેખાડ્યું. પ્રસંગવશાત્ શ્રેષ્ઠીએ પણ તે મુદ્રા જોવા માટે હાથમાં લીધી. તેણે તેની ઉપર પોતાનું નામ દીઠું, એટલે તે મનમાં ચકિત થયો. તેણે વિચાર્યું કે-“ અહો ! મેં તે જીવતો છે કે નહિ તેની પ્રતીતિ માટે જેના નાક તથા કાન છેદ્યા હતા અને જેને મરેલો ધારીને છોડી દીધો હતો તેજ આ ભિખારી જણાય છે. ખરેખરો માયાકપટમાં કુશળ આ માણસ જીવતોજ લાગે છે, અર્થલોભથી તેણે આવી અસહ્ય પીડા પણ સહન કરી છે, અને મારૂં ધન તેણે ગ્રહણ કર્યું જણાય છે, તે સિવાય આ મારી મુદ્રા તેની પાસે કેવી રીતે આવે ? ”

આવો વિચાર કરી શ્રેષ્ઠીએ “ આ ચોર છે ” તેમ કહીને તેને અગ્રહસ્તવડે દ્રઢતાથી પકડ્યો. તે કજીઓ રાજ્યદ્વારે ગયો. રાજના અધિકારીઓએ વીંટી ઉપરની નામની નિશાનીવડે તેને ચોર ગણ્યો. શ્રેષ્ઠીએ ‘આ ભિખારીએ મારૂં બીજું ઘણું દ્રવ્ય ચોરી લીધું છે’ તેવો આરોપ તેના ઉપર મૂક્યો; એટલે નખથી શિખા પર્યંત કપડાંથી ઢંકાયેલ તે ભિખારી તેના ઉત્તરમાં બોલ્યો કે-“ મહારાજ ! મેં તો વસ્તુને બદલે વસ્તુ લીધી છે. તેમાં મારી ચોરી કેવી રીતે કહેવાય ? ” અધિકારીએ પૂછ્યું કે-“ આ શ્રેષ્ઠીને તેં બદ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લામાં શું આપ્યું છે ? " ભિખારીએ કહ્યું કે-" સારું તો થઈ ગયું છે, છતાં તે કબુલ નજ હોય તો પોતપોતાની વસ્તુ બંનેએ ગ્રહણ કરી લેવી તે ન્યાય છે, માટે જુઓ, જુઓ ! " આ પ્રમાણે કહીને શરીર ઉપર વીંટાળેલા વસ્ત્રો તેણે દૂર કર્યાં અને પોતાના નાક અને કાન શ્રેષ્ઠીએ કાપ્યાં હતાં તે દેખાડ્યાં. અધિકારીઓએ પૂછયું કે-" આ શું ? " ભિક્ષુકે કહ્યું કે-" અરે મહાપુરૂષો ! હું પરદેશી છું, સુખેથી તે દેવકુળમાં વિસામો લેવા સુતો હતો. મને મૃતપ્રાય ધારીને આ કૃપણ શ્રેષ્ઠીએ છરીવડે મારા નાક કાન છેદીને મારી વિડંબના કરી છે. મેં તેના બદલામાં શબ્દાનુસારે તેણે ખાડો ખોદેલ તે સ્થળ જાણીને તેનો દાટેલ નિધિ ગ્રહણ કરેલ છે. જો તેને તે કબુલ ન હોય તો મારી જે વસ્તુ ( નાક તથા કાન ) તે લઈ ગયો છે તે મને પાછી આપે અને તેનું બધું દ્રવ્ય લઈ લે. " આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને રાજપુરૂષોએ શ્રેષ્ઠીને પૂછયું કે-" હવે શું કરવું ? શું પ્રત્યુત્તર આપવો છે ? " શ્રેષ્ઠીએ દીર્ઘ નિઃશ્વાસ નાખીને કહ્યું કે-"તેણે તેનું કાર્ય કર્યું છે. જ્યાં વિધિજ પ્રતિકૂળ હોય ત્યાં બીજું શું કહેવું ? " તેનો આવો ઉત્તર સાંભળી અમલદારો બોલ્યા કે-" ભિક્ષુક ! તું ચાલ્યો જા, અને તને મળેલ દ્રવ્ય સુખેથી ભોગવ; અને હે શ્રેષ્ઠી ! જો તમે આનાં નાક કાન પાછા આપી શકો તેમ હો તો તમે બંને અન્યોઅન્યનું પાછું ગ્રહણ કરજો." આવો હુકમ થવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભિક્ષાચર પાસે બધું દ્રવ્ય રહ્યું. પછી લાગ જોઈને ભિખારીએ કહ્યું કે-"અહો, તમારો ન્યાય તો આવોજ છેને ! આવી રીતે અત્રેના વ્યાપારીઓ સુખે સુતેલા પરદેશીઓને વિડંબના કરે છતાં તેનો બદલો તેને કાંઈ ન મળે ? તમે આવોજ ન્યાય કરો છો ? " તે સાંભળીને રાજા શ્રેષ્ઠી પર કોપાયમાન થયો, અને તે કૃપણ શ્રેષ્ઠીના ઘર તથા બાકી રહેલી સંપત્તિ જપ્ત કર્યાં, એટલે શ્રેષ્ઠી મૂર્છા ખાઈ ગયો અને રોતો નિ:શ્વાસ મુકતો દૈવને ઉપાલંભ દેતો તેમજ આકાશ તરફ જોતો હૃદય ત્રુટી જવાથી આખરે મૃત્યુ પામ્યો.

**સાર**–અતિ લોભ કરવાથી આખરે નાશ પામવાનોજ સમય આવે છે. જે ધન ઉપયોગમાં લેવાતું નથી, દાનમાં વપરાતું નથી તેનો અંતે નાશજ થાય છે. ધન ચંચળ છે. ગમે તેટલું સાચવીને રાખીએ પણ તે નિશ્ચળ રહેતુંજ નથી. આખરે તે બીજાનાજ હાથમાં જાય છે. ખર્ચ્યું અને ભોગવ્યું તેજ ખરૂં દ્રવ્ય છે, બાકી કૃપણતાથી સંઘરી રાખનારને અંતે પસ્તાવાનોજ સમય આવે છે, અને હાય-વોય કરતાં તે પ્રાણ ગુમાવે છે.

# કથા ૫૦ મી.

## એક લોભી ધૂતારાની કથા.

"પારકાનું દ્રવ્ય લઈને શઠ લોકો એક સોનીની જેમ તે પાછું આપવાનો મનમાં પણ વિચાર કરતા નથી." તેની કથા આ પ્રમાણે:—

એલાપુર નગરમાં કલાકેલિ નામે સોની રહેતો હતો, અને ચંદન નામે શ્રેષ્ઠી રહેતો હતો. ચંદન શ્રેષ્ઠીને ઘેર એક વખત પુત્રી જન્મી. તે બાળિકા માટે સુંદર અલંકારો ઘડાવવા સારૂ શ્રેષ્ઠીએ પેલા સોનીને તોલ કરાવીને ઉંચી જાતનું સુવર્ણ આપ્યું. કેટલાક દિવસો ગયા પછી શ્રેષ્ઠી તે સોનારને હમેશા કહેતો કે–"મારૂં સોનું પાછું આપ અથવા અલંકારો આપ." સોની કહેતો કે "આપીશ, આપીશ." પણ આપતો નહોતો. તેમ કરતાં તે શ્રેષ્ઠીપુત્રી યૌવનવતી થઇ, તોપણ તેણે ઘરેણાં આપ્યાં નહિ. તે પુત્રીના કોઈ મહર્દ્ધિક યુવાન વણિક સાથે લગ્ન થયા, તે શ્વશુરગૃહે ગઇ. અનુક્રમે તે ગર્ભવતી થઇ, એટલે માતા પિતા ગૌરવપૂર્વક વાત્સલ્યથી તેને પોતાને ઘેર લઈ આવ્યા. અનુક્રમે તે કન્યાને પુત્ર અવતર્યો, ભાણેજ નિમિત્તે જ્ઞાતિરિવાજ મુજબ કરિયાવર વિગેરે આપવાની તેમની ઇચ્છા થઈ; તેથી તે સોની પાસે વારંવાર પ્રથમનું આપેલ સોનું તે માગવા લાગ્યો. તે ધૂર્ત સોની તો પ્રથમની જેમજ વાયદા કર્યા કરતો હતો. એક દિવસ ઘણા વરસના વાયદા-

ઓથી કંટાળીને ક્રોધથી રાતા નેત્ર કરતો ખિન્ન થયેલો શ્રેષ્ઠી તે સોની પાસે જઈને સોનું અગર આભૂષણો માગવા લાગ્યો. તેણે તે સમયે કાંઈ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ, ત્યારે શ્રેષ્ઠીએ નિષ્ઠુર થઈને તેને કહ્યું કે:-“ અરે ધૂર્ત ! પુત્રી માટે કરવા આપેલા આભૂષણો ભાણેજ માટે આપવાનો સમય થયો તો પણ તું આપતો નથી ? ” કલાદનો પુત્ર પાસે બેઠો હતો તે આ ઉગ્રવાણી સાંભળીને ક્રોધ કરીને બોલ્યો કે:-“ પિતા ! તમે આવા ઉતાવળીઆ કાયર પુરૂષો સાથે શામાટે વ્યવહાર રાખો છો ? તમને પુરૂષની પરીક્ષાજ આવડતી નથી !” શ્રેષ્ઠીએ કહ્યું કે:-“ પુત્રી જન્મી ત્યારે તેને માટે અલંકારો કરવા આપ્યા તે ભાણેજના અવસર સમયે હું લેવા આવ્યો છું, છતાં તું મને ઉતાવળીઓ અને અધિરો કહે છે, તો એવો કોણ ધીરજવાળો છે કે જે આટલા કાળ સુધીનો વિલંબ સહન કરે ? ” સોનીના પુત્રે પ્રત્યુત્તર આપ્યો કે:-“ અમારો એવો રિવાજ છે કે પૂર્વે જે જે લીધું હોય તે સાતમી પેઢી સુધી પણ પાછું આપવું નહિ; તો પછી મારો પિતા આ ભવમાંજ તમને સોનું આપશે એમ ધારીને તે લેવા માટે માગણી તમે કરો છો તે સાંભળી મને નવાઈ લાગી છે. રાજા વધ કે બંધન કરે તો પણ દ્રઢ ચિત્તવાળા થઈ તે સહન કરવું, પણ લીધેલ પાછું આપવું નહિ તેજ અમારો આચાર છે. જો તેમ ન કરીએ તો અમારો વ્યવહાર કેવી રીતે ચાલે ? જે સ્થળે ઘણા ભોળા અને લોભીઆ લોકો વસે છે તેવે સ્થળે નવો નવો માર્ગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શોધતાં ઘણો કાળ ચાલ્યો જાય છે." તેનાં આવાં વચનો સાંભળીને સોનાની લાલચ છોડી દઈ શ્રેષ્ઠી સ્વગૃહે ચાલ્યો ગયો.

**સાર**—ઘણા માણસોને એવી કુટેવ પડી ગઈ હોય છે કે પારકાનું જે કાંઇ લીધું હોય તે ગમે તેટલી વાર લેવા આવે તો પણ નવાં નવાં બ્હાનાં શોધીને તે ચીજ પાછી આપતાજ નથી. આવા માણસોનો વ્યવહાર પ્રથમ તો ચાલે છે, પણ તેની કુટેવોની ખબર પડી જતાં પછી તેનો કોઈ વિશ્વાસ કરતું નથી ને કોઈ તેને ચીજ આપતું નથી; માટે આવી કુટેવ છોડી દેવી તેમાંજ સાર છે. આ કુટેવથી વિશ્વાસ રહિત થઈ જવાય છે.

# કથા ૫૧ મી.

## દાન નહિ દેવા ઉપર શંકલ શ્રેષ્ઠીની કથા.

"જે સ્વોપાર્જિત ધનને યથાશક્તિ દાનાદિકમાં આપતો નથી, તે શંકલ શ્રેષ્ઠીની માફક તેમાંજ પરવશ થઈને રહે છે." તેની કથા આ પ્રમાણે—

આકાશ સુધી ઉંચા મહેલોથી અરૂણ સારથિના રથની ગતિને સ્ખલના કરનાર હેમરથ નામે એક નગર હતું. તે નગરમાં શત્રુની સ્ત્રીઓની ચક્ષુઓમાંથી હમેશા અશ્રુ વરસાવનાર અને ન્યાયનિપુણ જહ્નુ નામે રાજા રાજ્ય કરતો હતો.

તે નગરમાં કરોડો સોનામહોરોનો સ્વામી સંકલ નામે શ્રેષ્ઠી વસતો હતો. તે કૃપણતાનો ભંડાર હતો, કોઈને કાંઈ આપતો નહોતો તેમ દ્રવ્યનો ઉપભોગ પણ કરતો નહોતો. તેના કુટુંબને બપોરે એક વખત જમવાનું મળતું, તે વખતે પણ દરેકના આહારના કોળીઆ તે ગણતો હતો. કોઈ વખત કાદવવાળા કુવામાં એક કોડી પડી જતી તો તે પણ તે લઈ લેતો હતો. તે સ્થળે એક દરિદ્રી પણ બહુ વિદ્વાન્ બ્રાહ્મણ રહેતો હતો. તે એક વખતે તેની પાસે યાચના કરવા આવ્યો, સંકલે તેને કાંઇ આપ્યું નહિ, અને 'નહિ નહિ' તેમ કહ્યું, તેથી તે વિપ્રે કહ્યું કે-" લોભને વશ થઈને જે કરૂણા નિમિત્તે કાંઈ પણ દ્રવ્ય ખર્ચતો નથી, પણ સંચય કરવાના ઉત્સાહથી જે ધન એકઠું જ કર્યા કરે છે, તેને અંતે પોતે કરેલા પાપો માટે શોચ કરવાનો સમય આવે છે. " આ પ્રમાણેનાં સૂક્તોથી છેવટે શ્રેષ્ઠીએ દાન આપવાનું સ્વીકાર્યું, અને કહ્યું કે-" આવતી કાલે હું આપીશ. " બીજે દિવસે તે વિપ્ર આવ્યો, ત્યારે તે સંકલ શ્રેષ્ઠીએ કહ્યું કે-" મેં તને શું કહ્યું હતું તે સંભાર, આવતી કાલે આપીશ. " આ પ્રમાણે વચનના છળથી 'કાલ-કાલ' કરતાં એક વર્ષ ચાલ્યું ગયું, પણ તેણે વિપ્રને કાંઈ આપ્યું નહિ. બ્રાહ્મણ અંતે ક્રોધાયમાન થઈને બોલ્યો કે-" અરે કુપુરૂષ ! તેં કબુલ કર્યું છતાં કેમ આપતો નથી ? અરે લોભી ! નિઃસત્ત્વવંત પુરૂષોમાં શિરોમણિ ! તને ધિક્કાર છે, તારૂં

૧૧

P. P. Ac. Gunratansuriji M.S.                                    Jin Gun Aaradhak Trust

નામ પણ કોણ લે ? " તેનાં આવાં વચનો સાંભળીને સંકલ શ્રેષ્ઠી ક્રોધે ભરાણો, તેથી તેને ગળે પકડીને બહાર ફેંકી દીધો અને હસ્તાદિનાં પ્રહાર પણ કર્યા.

આ પ્રમાણે તિરસ્કાર થવાથી અભિમાની તે બ્રાહ્મણે નગરના નજીકમાં રહેલ મહાપ્રભાવશાળી અને ભક્તિથી સંતુષ્ટ થનારા યક્ષની તીવ્ર તપસ્યા કરીને આરાધના કરી. કહ્યું છે કે–" સત્ત્વ રહિત પુરૂષનું તૃણ જેટલું પણ કાર્ય સિદ્ધ થતું નથી, અને સાહસિક સત્ત્વવંત પુરૂષને દેવો પણ વશ થાય છે. " યક્ષ તે બ્રાહ્મણ ઉપર તુષ્ટમાન થયો અને પ્રત્યક્ષ થઈને તેણે કહ્યું કે–" અરે મહાનુભાવ ! જે તારી ઇચ્છા હોય તે માગ." બ્રાહ્મણે કહ્યું કે–" હે દેવ ! જો તમે પ્રસન્ન થયા હો તો ઇચ્છાનુસાર રૂપ કરી શકું તેવી શક્તિ મને આપો અને તેમાં જો વિષમ સમય આવે તેમ હોય તો તમે આવીને મને કહી જજો. " યક્ષે તે પ્રમાણે કબુલ કર્યું અને અદૃશ્ય થયો. પછી તે બ્રાહ્મણ પોતાને ઘેર ગયો, અને સંકલ શ્રેષ્ઠીનાં છિદ્રો જોવા લાગ્યો. એક વખતે થોડા પરિજનને લઈને સંકલ શ્રેષ્ઠી બહારગામ ગયો. તે વખતે તે બ્રાહ્મણ સંકલનો વેષ ધારણ કરીને યક્ષના વરદાનના પ્રભાવથી તે સંકલ શ્રેષ્ઠી જેવું રૂપ કરી સંકલને ઘેર આવ્યો, અને સ્વચ્છંદ રીતે અંદર પ્રવેશ કર્યો. બધા કુટુંબીજનોએ પૂછ્યું કે–" કેમ ગામ ગયા હતા ત્યાંથી તમે સત્વરજ પાછા આવ્યા ? " સંકલવેષધારી બ્રાહ્મણે કહ્યું કે–" શુકન સારા નહિ થવાથી હું પાછો આવ્યો છું. "

પછી તે વેષધારીએ ભંડારીને કહ્યું કે–“ એકઠું કરેલું દ્રવ્ય કોઈની સાથે પરભવમાં જતું નથી આમ જાણવાથી મને હવે દાન આપવાની તીવ્ર ઇચ્છા થઈ છે, તેથી રેશમી વસ્ત્રો, મોતીની માળાઓ, સુવર્ણાદિ તમે લાવો અને સ્વતંત્રતાથી ઇચ્છાનુસાર હું બધાને તે આપું.” સ્વામીના હુકમથી તેણે તે કબુલ કર્યું, અને ગૃહની સારભૂત વસ્તુઓથી ભરેલા બધા ડાબલાઓ તેણે તરતજ અર્પણ કર્યા. તેણે તે બધાં અલંકારો સંકલની પત્નીને અને પુત્રવધુઓ વિગેરેને આપ્યા, તેથી આખું કુટુંબ પ્રસન્ન થયું. ‘જે આપે તે દેવતા તે સત્ય છે. “જ્યારે ઇશ્વર ઇચ્છે ત્યારે આવીજ રીતે આપે છે” તેવી બધે વાર્તા પ્રસરી. એ પ્રમાણે ત્રણ દિવસ વ્યતીત થયા, તેટલા સમયમાં તો પ્રાયે બધું દ્રવ્ય તેણે દાનમાં આપી દીધું. એવામાં ગ્રામાંતરનું કાર્ય સંપૂર્ણ કરીને સંકલ પાછો આવ્યો. તે પોતાના ઘર પાસે આવ્યો, ત્યાં “રૂપાંતર કરીને ઘણા ઠગો હાલ ગામમાં ફરે છે, તેથી કોઈ અજાણ્યાને ઘરમાં પ્રવેશ કરવા દેવો નહિ.” તે પ્રમાણે પ્રથમથી કહી રાખેલા દ્રઢ મનવાળા દ્વારપાળોએ મૂળ શ્રેષ્ઠીને ઘરમાં પ્રવેશ કરવા દીધો નહિ. કોઈ પણ વાતની ખબર નહિ હોવાથી આ પ્રમાણે નિષેધ થવાથી સંકલ શ્રેષ્ઠીએ પૂછ્યું કે–“અરે ! આ શું ? આ શું ? કેમ તમે મને નિષેધ કરો છો ?” દ્વારપાળે કહ્યું કે–“તું કોઈ ધૂર્ત–લુચ્ચો છે, ચાલ્યો જા, ચાલ્યો જા. સાચો સંકલ શ્રેષ્ઠી તો ઘરમાં છે, અને ધનનો વિલાસ કરે છે.” સંકલ શ્રેષ્ઠી તે સાંભળી ખેદ પામ્યો, અને ઉંચે સ્વ-

રે બોલવા લાગ્યો કે–"અરે ! ઘરમાં કોઈ ચોર પેઠો જણાય છે." તેનાં શબ્દો સાંભળીને વેશધારી સંકલ બહાર આવ્યો અને કહ્યું કે–"અરે ! તું ચોર છે." આ પ્રમાણે કળહ વધતાં તે વાર્તા રાજદ્વારે ગઈ. તે બંનેને રાજાએ બોલાવ્યા. પછી સ્વર, વેષ, ભાષા, વય, ગતિ વિગેરેમાં જરા પણ અંતર નહોતો, તેથી ન્યાય આપનારા વિચારમાં પડી ગયા. ગૃહનાં નિધિ વિગેરેના નિશાનો જેવી રીતે સાચા સંકલે કહ્યા, તેવીજ રીતે યક્ષના પ્રભાવથી ખોટા સંકલે પણ કહી દીધા.

આ પ્રમાણે વાદવિવાદમાં કેટલોક સમય ગયો, તે વખતે તે સ્થળે બેઠેલા મતિસાર નામના મંત્રીએ તેનો નિર્ણય કરવા માટે એક કળશ મંગાવ્યો અને કહ્યું કે–"જે સાચો સંકલ હશે તે આ કળશની ભુંગળીમાંથી નીકળી શકશે." સાચો સંકલ તેમ કરવા સમર્થ થયો નહિ, પણ મિથ્યા સંકલ તરતજ સૂક્ષ્મ રૂપ ધારણ કરીને સૂક્ષ્મ દ્વારમાંથી નીકળી ગયો. લોકોએ તો તરતજ ખોટા સંકલને સાચા સંકલ તરીકે સ્વીકાર્યો; પણ મંત્રીએ તેને દેવી સહાય હોવાનું જણાવી ખોટા સંકલ શ્રેષ્ઠી તરીકે પ્રગટ કર્યો; ત્યારે તેણે તરતજ તે વાત કબુલ કરી. મિથ્યા સંકલને રાજાએ પૂછ્યું કે–"તું કોણ છો ?" એટલે વિપ્રે પોતાનું મૂળ રૂપ ધારણ કરીને કહ્યું કે–"હું બ્રાહ્મણ છું." રાજાએ પૂછ્યું કે–"ત્યારે તેં આમ શા માટે કર્યું ?" પછી તેણે બધી હકીકત વિસ્તારથી કહી બતાવી, અને સંકલ શ્રેષ્ઠી તરફ જોઈને કહ્યું કે–"હે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંકલ! તારી ધનસંપત્તિને હવે સુખે ભોગવજે અને દાનમાં આપજે, પણ સંચય કરીશ નહિ. જો સંચય કરીશ તો હું પાછો આવીશ." આ પ્રમાણે સંકલને પ્રતિબોધીને યક્ષના પ્રાસાદથી રાજા વિગેરેનું રંજન કરી તે દ્વિજ પોતાના સ્થાનકે ગયો. ત્યારથી સંકલ પણ દાનેશ્વરી થયો.

સાર–જે માણસ મળેલ ધન ભોગવતો નથી તે ધન અંતે પરના ઉપયોગમાંજ આવે છે. ધનનો સદ્વ્યયજ ઉત્તમ છે. ધન અંતે કોઈની સાથે જતું નથી. સંચય કરવાથી પણ અંતે તેનો નાશજ થાય છે. ધનની ત્રણ ગતિ છે. દાન, ભોગ અને નાશ. જે દાન દે નહિ અને ભોગવે નહિ, તેના ધનની છેલ્લી ગતિજ થાય છે, માટે છતી શક્તિએ અવશ્ય દાનમાં તત્પર રહેવું.

## કથા પર મી.

### વિપ્રથી બોધ પામેલ શ્રેષ્ઠીપુત્રની કથા.

"સંશયથી અંધ થયેલાને સારી વાણીરૂપી દીપકથી પ્રબોધ કરવો; જેવી રીતે સોમદત્ત બ્રાહ્મણે શ્રેષ્ઠીપુત્રને બોધ કર્યો હતો." તેની કથા આ પ્રમાણેઃ—

કક્કોલિકા નગરીમાં નંદિવર્ધન નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તેને જિનદત્ત નામે પુત્ર હતો. તે દશ પેઢીથી વિશુદ્ધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુળમાં ઉત્પન્ન થયેલી એક સ્ત્રીને પરણ્યો. તેણે કામદેવરૂપી શિકારીના શિકાર માટે લાયક યૌવન વયમાં પ્રવેશ કર્યો, અને નવા નવા વ્યવસાય શીખવા લાગ્યો. તેવામાં નંદિવર્ધન શ્રેષ્ઠી રોગથી ઘેરાયો. વૈદ્યોએ કહ્યું કે–"આ શ્રેષ્ઠીનો વ્યાધિ અસાધ્ય છે, તેથી તેથી તેની ચિકિત્સા થઇ શકે તેમ નથી." એટલે શ્રેષ્ઠીએ પાટલીપુરના રહેવાસી સોમદત્ત નામના પોતાના બાળમિત્ર બ્રાહ્મણને બોલાવીને તેનો યોગ્ય સત્કાર કરી ઘરને ભવિષ્યમાં ઉપયોગી થાય તેવાં નિધિ વિગેરે ભૂમિમાં દાટેલ હતા તે બતાવ્યા તથા ગૃહસૂત્રની સર્વ વાત કરી. પછી વસ્ત્રાદિવડે તેનો સત્કાર કરીને તથા આંખમાં અશ્રુ લાવીને તેને રજા આપી વિસર્જન કર્યો.

શ્રેષ્ઠીએ સાતે ક્ષેત્રમાં સારી રીતે ધન વ્યય કર્યો. કહ્યું છે કે–"જેણે સાત ક્ષેત્રમાં ધન ખર્ચ્યું નહિ, શિયલ પાળ્યું નહિ. તથા ભાવથી તપ આદર્યો નહિ તેણે સુખની આશા કેવી રીતે રાખવી ?" જ્યારે શ્રેષ્ઠીને મરણ સમય નજીક લાગ્યો ત્યારે જિનદત્તને પોતાની પાસે બોલાવી શિખામણ આપી કે– "વત્સ ! હું હવે પરલોકમાં જાઉં છું, તું પ્રકૃતિથી સરલ તથા ગુણવાન છો, તેથી હું તને શિખામણો આપું તે બરોબર ધ્યાનપૂર્વક સાંભળ અને તેની પાલના કરજે. તે શિખામણો આ છે કે (૧)--દાંતવડે; ગામે ગામ વાડ કરવી, (૨) દીધેલું પાછું માગવું નહિ, (૩) સ્ત્રીને બાંધીને મારવી, (૪) હમેશાં મિષ્ટ ખાવું, (૫) સુખેથી સુવું, (૬) ગામે ગામ ઘર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવાં, (૭) ગંગાના તળમાં ખોદવું, અને (૮) આજીવિકામાં વાંધો આવે તો પાટલીપુત્રમાં સોમદત્ત વિપ્ર પાસે જવું.”
આ પ્રમાણે શિખામણ આપીને તે શ્રેષ્ઠી મૃત્યુ પામ્યો.

જિનદત્તે તો પિતાની શિખામણ સંભારીને હાથીદાંતવડે ગામે ગામ વાડ કરવા માંડી. તે કાર્ય મુશ્કેલ હતું, કેમકે હાથીદાંત લોકો ઉપાડી જવા લાગ્યા. જેને આપેલું તે પાછું માગતો નહોતો, તેથી સંપત્તિ ઓછી થવા માંડી અને દુઃખી થયો. સ્ત્રીનો સહજ અપરાધ થતાં તેણે તેને બાંધીને મારી, તેથી તે ઘર છોડીને પિયર ચાલી ગઈ અને નિંદા કરવા લાગી. પરિવારની ચિંતા વગર તે હમેશાં છાનો મિષ્ટાન્ન ખાવા લાગ્યો તેથી આખા પરિવારનો દ્વેષપાત્ર થયો. સુખે સુઈ રહેવા લાગ્યો તેથી પુરૂષાર્થમાં નબળો પડ્યો ને ઉદ્યમનો નાશ થયો. ગામેગામ ઘર કરવા જતાં ધનવ્યયથી હીન થવા લાગ્યો. ગંગા નદીના કાંઠા ઉપર ખોદાવવાથી મજુરો પણ મશ્કરી કરવા લાગ્યા. એમ કરતાં દિવસે દિવસે તે નિર્ધન થઈ ગયો, અને અનુક્રમે સંબંધીઓ વગરનો, ઘર રહિત, પત્નીથી ત્યજાયેલો, પ્રતાપ તથા યશ રહિત થઈ ગયો. એક દિવસ રાત્રે પોતાની નિર્ધન દશાનો વિચાર કરતાં પિતાની છેલ્લી શિખામણ સંભારીને તે પાટલીપુત્ર તરફ ચાલ્યો અને સોમદત્ત વિપ્રને ઘેર પહોંચ્યો. પોતાના મિત્રનો પુત્ર જાણીને તેણે તેનો સત્કાર કર્યો. પછી સમય મળતાં તેણે વિપ્રને પૂછ્યું કે-“મારા પિતાની આ શિખામણોનો શું અર્થ છે ?”

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે તેનો અર્થ કહ્યો, ત્યારે શ્રેષ્ઠીપુત્રે કહ્યું કે-"તે ઉપદેશાનુસાર વર્તવાથી તો હું તદન નિર્ધન થઈ ગયો છું." વિપ્રે કહ્યું કે-"તું તેનો અર્થ સમજ્યો, પણ ભાવાર્થ સમજ્યો નથી, તેથી દુ:ખી થયો છે. તે સર્વ શિખામણોનો ભાવાર્થ હું તને સમજાવું તે સાંભળ:—

(૧) દાંતવડે દરેક ગામમાં વાડ કરવી, તેનો એવો અર્થ છે કે દરેક ગામ તથા દરેક નગરમાં મધુર વાણીવડે મિત્રો કરવા. કહ્યું છે કે-"જેટલી શિતળતા ચંદન, ચંદ્રકાંત મણિ, જળ કે ચંદ્રનાં કિરણો માણસને કરતા નથી, તે કરતાં વધારે સારી વાણી શિતળતા કરે છે." (૨) બીજું આપીને પાછું લેવું નહિ, તેનો ભાવાર્થ એ છે કે વધારે સોનું લઈને ધન ધીરવું, પરંતુ ઉધાર ધીરવું નહિ, જેથી પાછું માગવું પડે નહિ અને પગલે પગલે પરાભવ પશ્ચાત્તાપ થાય નહિ. (૩) સ્ત્રીને બાંધીને મારવી, આનો અર્થ એવો છે કે સ્ત્રીને બહુ પુત્ર પુત્રીના પરિવારવાળી કરીને બાંધી લેવી. બીજી રીતે બાંધવી નહિ, પરિવાર વાળી કરવાથી નિવૃત્ત થઈને તે પિતૃગૃહે જાયજ નહિ. (૪) મિષ્ટ ભોજન કરવું, તેનો પરમાર્થ એ છે કે જે સ્થળે બહુમાન મળતું ન હોય તેવા સ્થળે જઇને લઘુપણું થાય તેમ જમવું નહિ, પણ માન મળે ત્યાંજ જમવું. (૫) સુખે સુઈ રહેવું, તેનો ગુઢાર્થ એવો છે કે કોઈની સાથે વૈરવિરોધ કરવો નહિ, કે જેથી સુતાં ચિંતા થાય. (૬) ગામે ગામ ઘર કરવાં, તેનો રહસ્યાર્થ એ છે કે ગામેગામ મિત્રો કરવા, તે સર્વનો સત્કાર કરવો, અને તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્વનો વૃત્તાંત પુત્રાદિક પરિવારને જણાવવો, કે જે જ્ઞાનને લીધે તેઓને પણ વ્યાપારાદિમાં સવળતા થાય. (૭) ગંગા તટે ખોદવું, તેનો એવો પરમાર્થ છે કે–હે વત્સ! જ્યારે તમે ક્ષીણ ધન સંપત્તિવાળા થાઓ ત્યારે તમારા ગૃહદ્વારની પાસે જે સ્થળે તમે ગંગા નામની ગાયને બાંધો છો તે સ્થળે ખોદવું, કારણ કે તે સ્થળે તમારા પિતાએ અક્ષયનિધિ દાટેલ છે તે મળશે. (૮) અને જ્યારે મુંઝવણમાં આવ ત્યારે સોમદત્ત પાસે જજે, તેનો અર્થ તો પ્રકટ છે." જિનદત્તે તે સાંભળીને કહ્યું કે:–" મહારાજ! પિતાએ આવા વિષમ વાક્યદ્વારા મને શિખામણ આપીને શા માટે ખેદ પમાડ્યો? મને સિધોજ ઉપદેશ કેમ આપ્યો નહિ?" વિપ્રે કહ્યું કે:– "વત્સ! તેં બાળપણથીજ જરા પણ દુઃખ સહન કર્યું નથી. દુધમલ જેવો તું સુકોમળ છે, અને કષ્ટ ભોગવ્યા વગર ઉદ્યમ કરવામાં પ્રવૃત્તિ થતી નથી, પછીજ મનુષ્ય વિનીત અને ઉદ્યમવંત થાય છે. કહ્યું છે કે:– 'જરા જરામાં ગર્વથી ફુલાતો ધનવંત ખુશામતીઆઓ વચ્ચે આનંદ કરી રાજી થાય છે; તેને કષ્ટ વગર અભિમાન રહિત થવાની ગમ પડતી નથી. 'સંપૂર્ણ મંડળવાળો ચંદ્ર કાંઇ મિત્ર (સૂર્ય) પાસે જતો નથી.' જ્યારે તને કષ્ટ પડશે ત્યારે સચેતન થઇને તને પૂછવાની ઈચ્છા થશે; એમ ધારી કહેલા વાક્યોના ભાવાર્થનો નિર્ણય કરવાને તને મારી પાંસે આવવાનું બતાવી રાખેલ છે. હવે બધું વ્યક્ત કરીને મેં તને સ્પષ્ટ દેખાડ્યું છે અને તેં સમગ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તત્ત્વ જાણ્યું છે. તું પૂછીશ કે:–"તમે આ બધું કેવી રીતે જાણ્યું?" તેના પ્રત્યુત્તરમાં હું કહું છું કે શ્રેષ્ઠીએ પ્રથમથીજ આ પ્રમાણે મારી સાથે નિર્ણય કરેલો હતો અને તે પ્રમાણેજ તેણે તને કહેલ હતું, હું દૂર નહોતો અને તેમને સંપૂર્ણ વિશ્વાસપાત્ર હતો." આ પ્રમાણેનું રહસ્ય બ્રાહ્મણ પાસેથી સાંભળી કેટલોક સમય ત્યાં રહી તે શ્રેષ્ઠીપુત્ર સ્વગૃહે આવ્યો. પછી તે ધીરજવાળો, વિનીત, શાસ્ત્રપ્રિય, ગુરૂદેવનો ભક્ત, ભાર્યાના વચનને અનુસરનારો તેમજ કુટુંબયાત્રામાં કુશળ થયો અને ગૃહવાસ સારી રીતે ચલાવ્યો. પછી પ્રાંતે પુત્રાદિ ઉપર ગૃહનો ભાર નાખીને સર્વવિરતિ સામાયિક આચરી જિનદત્ત શ્રેષ્ઠી સ્વર્ગે ગયો.

સાર––માબાપે દરેક પુત્રને યોગ્ય શિખામણ આપવી અને તેનું ભવિષ્ય કેવી રીતે સુધરે તેનો બંદોબસ્ત કરવો તે તેની ફરજ છે અને તેવો બંદોબસ્ત કરવાથી તેઓ પરિણામે સુખી થાય છે. બાકી આ શ્રેષ્ઠીએ આપેલી સાતે શિખામણો ભાવાર્થ સહિત વિચારવા જેવી અને વર્તનમાં મૂકવા જેવી છે, તેમજ દરેક મનુષ્યને તદનુસાર વર્તવાથી ફાયદો થાય તેમ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૫૩ મી.

———:૦:———

## નિરંકુશ ગુરૂને દમનાર યજમાનની કથા.

" વ્યવહારને નહિ જાણનાર અને હિતવાકયોથી દૂર રહેનાર ગુરૂને પણ ધીર પુરૂષો તાપસના યજમાનની માફક નિર્દય યુક્તિવડે પણ શિખામણ આપે છે. " તેની કથા આ પ્રમાણે:—

ચંપકપુરમાં ચકોર નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તે બહુ બુદ્ધિશાળી અને તાપસોનો ભક્ત હતો. એક પર્વને દિવસે તેણે પરિવાર સહિત પોતાના ગુરૂને ભોજન માટે નિમંત્રણ કર્યું. તે ઉદર ભરનારા તાપસે જમતાં જમતાં બહુ મૂલ્યવાન શૃંગાર ધારણ કરનારી, સુંદર વર્ણવાળી યજમાનની બે પુત્રીઓને દીઠી. તેને દેખીને તે તાપસને કામવિકાર ઉદ્‌ભવ્યો. ભોજન સંપૂર્ણ થવા પછી શિષ્યોથી ગુપ્ત રીતે ગુરૂએ તેને પૂછયું કે:–" અરે યજમાન ! આ કન્યાઓ કોની છે? " તેણે કહ્યું કે–" મારી પુત્રીઓ છે. " ગુરૂએ કહ્યું કે–" તો તે બંને મને આપ." યજમાનને તે સાંભળીને ખેદ થયો, અને તેણે કહ્યું કે–" ગુરૂ ! આપની જેવા પ્રતિષ્ઠિત પુરૂષોને આવી વાતનું ચિંતવન કરવું પણ યોગ્ય નથી, તો પછી પ્રગટ રીતે આવી બાબત કેવી રીતે કહી શકાય ? " ગુરૂએ કહ્યું કે:–" જો તું તારી પુત્રીઓ મને નહિ આપે તો હું આપઘાત કરીને મારી હત્યાનું પાપ તને આ-

પીશ, માટે મને તે કન્યાઓ અવશ્ય આપ, નહિતો હું અ-ત્રેથી ઉઠીશજ નહિ.” આવો તેનો કદાગ્રહ દેખીને હાથમાં ધુળ લઈ તે શ્રેષ્ઠીએ ગુરૂને કહ્યું કે–“ ભગવન્ ! મારે તમને ન દેવા લાયક કાંઈ નથી; પણ લોકોની સમક્ષ મારી કન્યાઓ આપતાં મને શરમ થાય છે. હાલ તો તમે નગરની બહાર તમારા મઠમાં જાઓ. તેની પાસે નદી છે. તે નદીના પૂરમાં એક પેટીમાં તે બંને કન્યાઓને પૂરીને આવતી કાલે સવારે હું મૂકીશ. તે તમે લઈ લેજો. આ બાબતમાં જરા પણ સંદેહ રાખશો નહિ.” જડ બુદ્ધિવાળો તાપસ તે હ-કીકત સાંભળીને પોતાના મઠમાં ગયો. રાત્રી તે કન્યાઓ-નુંજ ધ્યાન કરવામાં તેણે પસાર કરી.

યજમાને પ્રભાતે એક પેટીમાં બે રીંછને પૂરીને નદીના પૂરમાં તે પેટી વહેતી મૂકી. પેટી મઠ પાસે આવી એટલે મ-ઠમાં તેજ બાબતનું ધ્યાન કરતા તાપસે પેટી તરતી દીઠી. તાપસ આનંદ પામ્યો અને શિષ્યોને મોકલી તે પેટી મઠમાં મંગાવી. પછી તેણે શિષ્યોને કહ્યું કે–“ અરે વિનયવંત શિષ્યો ! આ પેટીમાં ગુપ્ત વસ્તુ મૂકેલી છે, તેથી તે પેટી મારી ખાનગી ઓરડીમાં લઈ જાઓ. હું ત્યાં આવું એટલે તે ઓરડીનાં બારણાં મજબુત રીતે બંધ કરજો. મારી રજા-વિના કોઈ તે ઓરડીનાં બારણાં ઉઘાડશો નહિ.” શિષ્યોએ તે પ્રમાણે કર્યું. ગુરૂ એકલા ઓરડીમાં પેઠા, અને મોટા મનોરથો સહિત તેણે તે પેટી ઉઘાડી, એટલે તે પેટીમાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો વાળના ગુચ્છાથી ભયંકર લાગતા, તીક્ષ્ણ નખવાળા અને ભૂખ્યા બે રીંછ નીકળ્યા. તે પેટીમાંથી ઉછાળો મારીને બહાર આવ્યા, અને તે તાપસનું નાક, કપાળ, ભાલસ્થળ અને પારકા અન્નથી ફુલેલ પેટ વિગેરે ચીરી નાખ્યું. તે એકલો હતો, રીંછો બે હતા અને વળી ક્ષુધાતુર હતા. તે રાંક તાપસ તેના ઉપદ્રવની સામે કેવી રીતે થઈ શકે ? તે બુમો પાડવા લાગ્યો કે-" અરે શિષ્યો! મને ખાઇ જાય છે! ખાઇ જાય છે! ઓરડીનાં બારણાં ઉઘાડો! ઉઘાડો!" બહાર ઉભા ઉભા શિષ્યો તે સાંભળતા હતા, પણ દ્વાર ન ઉઘાડવાનો હુકમ હોવાથી ઉઘાડી શકતા નહોતા. પછી કેટલોક સમય ગયો ત્યારે તે દ્વાર ઉઘાડ્યા. ત્યાં તો આખે શરીરે લોહીથી ખરડાયેલા અને પાણી ઝરતા નિઝરણાવાળા પર્વત જેવા લોહીના પ્રવાહથી ઝરતા ગુરૂને દીઠા. બે રીંછ તેને વળગેલા હતા. શિષ્યોએ મુશ્કેલીથી રીંછ પાસેથી તેને છોડાવ્યા, અને પૂછયું કે-" મહારાજ! આ શું ?" ગુરૂએ બહુ મહેનતે સત્ય હકીકત કહી. શિષ્યોએ યોગ્ય ચિકિત્સા કરીને સાજા કર્યા. પછી હાસ્યપૂર્વક ગુરૂને કહ્યું કે-" ભગવન્! જેવો યક્ષ તેવી પૂજા, તેમાં યજમાનનો દોષ નથી; માટે હવે સુખેથી રહો અને દ્રઢ પ્રતિજ્ઞાવંત થાઓ." ગુરૂ પણ દીન વદનવાળો થઈ ગયો. ઘણા સમયે સાજા થયો. યજમાન વિગેરેએ પણ હાંસી કરી, એટલે છેવટે તે બોધ પામ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર—જેવા દેવ તેવી પૂજા. જ્યારે કોઇ માણસ આપણી સાથે લુચ્ચાઈ કરતો હોય ત્યારે તેને યોગ્ય સજા કરવી તે મનુષ્યનું કર્તવ્ય છે, સાલસાઈ રાખનારની સાથે સાલસપણે અને લુચ્ચાઈ કરનારની સાથે તેવી રીતે વર્તે તોજ સંસારનો વ્યવહાર ચાલે છે. વળી અણઘટતી માગણી કરી પોતાની આબરૂ ગુમાવવી અને દુઃખ વહોરવું તે કરતાં તેવી માગણી કરતા પહેલાંજ વિચાર કરી યોગ્ય માગણી કરવાથીજ ફાયદો થાય છે.

# કથા ૫૪ મી.

## અનુભવી વૃદ્ધના બુદ્ધિશાળીપણાની કથા.

" જે એક વૃદ્ધ અનુભવી સમજી શકે છે, તે સેંકડો યુવાનો સમજી શકતા નથી. 'જે પાદવડે રાજાને હણે તે પૂજાય ' એમ વૃદ્ધે કહ્યું હતું તે સત્ય ઠર્યું." તેની કથા આ પ્રમાણે—

કોઈ મોટા નગરમાં એક બહુ સમૃદ્ધિવાળો રાજા હતો. તેની પાસે સેંકડો તરૂણ યુવાન સેવકો હતા. તેઓ કહેતા કે—" મહારાજ ! વૃદ્ધ પુરૂષોની ગતિમાં સ્ખલના થયેલી હોય છે, તેમની મતિ ચંચળ થઇ જાય છે, કફથી તેનું મુખ હમેશાં ભરેલું હોય છે, સમુદ્રના ફીણ જેવા શ્વેત વાળ ઉગેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય છે. આવા વૃદ્ધ પુરૂષો સભાની શોભામાં ક્ષતિ પહોંચાડે છે, તેથી તેઓને તમારી પાસે રાખવા તે યોગ્ય નથી." રાજાએ પણ તે કબુલ કર્યું. "રાજા, પ્રમદા અને લતા પ્રાયે કરીને જે પાસે હોય તેનેજ વીંટળાઈ વળે છે." રાજાએ દ્વારપાળને હુકમ કર્યો કે–"કોઈ પણ મંત્રી, શ્રેષ્ઠી, વિપ્ર કે રાજ દરબારી માણસ જે વૃદ્ધ હોય તેને રાજદ્વારમાં પેસવા દેવા નહિ." તેવો રાજાનો હુકમ થવાથી ત્યારપછી કોઈ પણ વૃદ્ધ રાજદરબારમાં પ્રવેશ કરતો નહોતો, યુવાનો તો આવા હુકમથી રાજસત્તા મળવાથી અભિમાન ધારણ કરીને તગતગતી તરવારો હાથમાં લઇ પાન ચાવતાં ઉંચા કપાળ રાખીને રાજા પાસે રહેતા હતા, અને રાજયની લગામ તમામ પ્રકારની ધારણ કરી લીધી હતી.

એક વખતે રાત્રે સુતાં સુતાં રાજાને વિચાર આવ્યો કે– "આ યુવાનોના કથનથી મેં તેમનેજ મારી પાસે રાખ્યા છે, તેમનીજ સલાહ લઉં છું, અને વૃદ્ધોને દૂર કર્યા છે, તેથી કદાચ કોઈ મોટો શત્રુ ચઢાઈ કરશે તો આ યુવાનો મને સહાય આપી શકશે કે નહિ.? આ બાબતની પ્રથમથીજ મારે પરીક્ષા કરવી જોઈએ." આવો વિચાર કરીને સવારે સેવા માટે આવતા તે તરૂણોને રાજાએ કહ્યું કે–"અરે ભાઈઓ! જે મને પોતાના પગવડે મારે તેને શી શિક્ષા કરવી?" મદથી ઉન્મત્ત થયેલા, ઉંચું મુખ રાખીનેજ ચાલનારા તેઓએ તરતજ પ્રત્યુત્તર આપ્યો કે–"પ્રભુ! તેના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખંડ ખંડ ટુકડા કરી નાખવા જોઈએ.” રાજાએ તે સ્વીકાર્યું નહિ. તેઓએ તો તેજ પ્રત્યુત્તર આપ્યા કર્યો. મધ્યાહ્ન સમયે તેઓને વિસર્જન કર્યા. તેઓ ભોજન માટે પોતપોતાને ઘેર ગયા. એક યુવાનનો વૃદ્ધ દાદો હતો, તે પૌત્ર ઉપરના પ્રેમને લીધે જ્યારે પુત્ર ખાતો ત્યારપછીજ ખાતો હતો. પુત્રને આવવામાં મોડું થવાથી તે વૃદ્ધને ભૂખ્યા રહેવું પડ્યું, તેથી પુત્ર આવ્યો ત્યારે વૃદ્ધે પૂછ્યું કે–“હે વત્સ ! કેમ આજે આટલું બધું મોડું થયું ?” ત્યારે પુત્રે રાજાએ પૂછેલ પ્રશ્ન અને આપેલ ઉત્તર કહી સંભળાવ્યો. વૃદ્ધે કહ્યું કે:–“ તમે યુવાનોએ આપેલ ઉત્તર સાંભળીને રાજા સંતોષ પામ્યો કે નહિ ? ” પુત્રે કહ્યું કે:–“ રાજા સંતુષ્ટ થયો નહિ; પરંતુ મલિન મુખ કરીને તે ચુપ થઈ ગયો હતો.” વૃદ્ધે કહ્યું કે:–“ જો એમ હોય તો રાજાને મારી પાસેથી ઉત્તર અપાવજે. ” પછી જમીને તે બંને રાજદ્વારે ગયા. વૃદ્ધે રાજાને કહ્યું કે:–“ મહારાજ ! જે તમને લાત મારે તેના પગની વૈડુર્ય, મણિ, સોનું વિગેરેથી વિભૂષા કરવી. ” રાજા તે સાંભળીને હસ્યો અને બોલ્યો કે–“ આ વૃદ્ધે સત્ય કહ્યું છે. ” પછી રાજાએ તે વૃદ્ધને શિરપાવ આપ્યો. યુવાનો એકઠા થયા, તે સર્વને સંબોધીને તે વૃદ્ધે આક્ષેપપૂર્વક કહ્યું કે:–“ અરે હૃદયાંધો ! શું કહેવું તે તમે જાણતા નથી ? સમજતા નથી ? વિચાર કરો કે રાણી વિના અથવા પુત્ર વિના રાજાને લાત મારવાને કોણ શક્તિવંત છે ? તે તો પ્રેમથી અથવા લાડથી મારે છે, તેથી તે ચરણો તો આભરણનેજ યોગ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે." આ પ્રશ્નોત્તર તથા ખુલાસાથી રાજા આનંદ પામ્યો, તરૂણોને રજા આપી અને વૃદ્ધોને પોતાની પાસે રાખ્યા. પછી રાજ્યના સર્વ કાર્યો વૃદ્ધોથી સિદ્ધ કર્યા.

**સાર**—જે સમયે જેવો પ્રશ્ન પૂછાય તેવો પ્રત્યુત્તર વિચાર કરીને આપે તેજ બુદ્ધિવંત માણસ છે. વગર વિચાર્યે પ્રત્યુત્તર આપતાં વિકટ પ્રશ્નોનો ઉકેલ આવતો નથી. વૃદ્ધ અને અનુભવી માણસો તેવી બાબતોનો સરલતાથી વિચાર કરી શકે છે, અને પ્રત્યુત્તર આપે છે. યુવાનો આપી શકતા નથી. તેથી અનુભવી માણસોનો કદિપણ તિરસ્કાર કરવો નહિ. વૃદ્ધ મનુષ્યો કોઇ સમગે બહુ ઉપયોગી બાબતો કહે છે, તે ધ્યાનપૂર્વક સાંભળવી, અને તેમનો સર્વદા આદર સત્કાર કરવો.

## કથા ૫૫ મી.

### મર્યાદા વગરની સ્ત્રીની કથા.

" નિર્લજ્જ સ્ત્રીને વશ કરવાને કોણ સમર્થ છે? જુઓ બુદ્ધિગગથી એક સ્ત્રીએ અન્યાય આચરીને પોતાના પતિને કિંકર બનાવ્યો હતો. " તેની કથા આ પ્રમાણે—

વિશાલાપુરીમાં કોકિલ નામે એક ગૃહપતિ રહેતો હતો. તેને મયૂરિકા નામે પત્ની હતી. તે સ્ત્રી બહાર રખડનારી, પુરૂષો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વચ્ચે ફરનારી, ઘણા દેવદેવીઓને પૂજનારી, હમેશાં હાસ્ય કરવાવાળી, સ્વચ્છંદી અને વૈર રાખનારી હતી. નજીકના અથવા દૂર રહેલા ઘરોમાં ભટકતી ભટકતી તે સંધ્યા સમયે ઘેર આવતી હતી. તેનો પતિ એક વખત કોપાયમાન થયો અને કહેવા લાગ્યો કે:—“ અરે દુષ્ટ આચરણવાળી ! આ પ્રમાણે ઈચ્છાનુસાર ભટકે છે, પણ ગમે તેવાને વશમાં રાખનાર મને શું તું ઓળખતી નથી ? ” તેણે કહ્યું કે:—“ તમને ઓળખું છું, પણ હજાર હાથવાળાની જેમ તમે મારી તર્જના કેમ કરો છો ? હું મારી ઇચ્છાનુસાર ભટકીશ તો તમે મને શું કરશો ? ” તે સાંભળીને તેણે કહ્યું કે–“ જો સૂર્ય અસ્ત થયા પહેલાં તું ઘેર નહિ આવે, તો તને ઘરમાંથી કાઢી મૂકીશ. ” તેણે કહ્યું કે–“ ભલે, તેમ કરજો.” આ વાતને પાંચ છ દિવસ વીતી ગયા. તે તો પ્રથમની જેમજ ભટકતી હતી, તેવું દેખીને તેનો પતિ કોપાયમાન થયો અને સાંજરે ઘરનાં દ્વાર વાસીને તે અંદર રહ્યો. રાત્રીનો પહેલો પ્રહર ગયો ત્યારે રખડતી રખડતી તે સ્ત્રી ઘેર આવી અને તેણે ઘરનાં બારણાં ખખડાવ્યા. પતિએ ક્રોધથી તે ઉઘાડ્યા નહિ. તે સ્ત્રી મીઠાં વચનો બોલવા લાગી કે–“ નાથ ! આશ્રિતના ઉપર કોપ કરવો તે યોગ્ય નથી. કીડીના ઉપર કટકનો આરંભ ન હોય. હવે ફરીથી આવો અપરાધ નહિ કરૂં. અહીં પાડોશમાંજ એક સખી સાથે પ્રેમના પરવશપણાથી વાતો કરતાં સમય વીતી ગયો તેની ખબર રહી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહિ. મેં તમારાથી કાંઇ પણ પ્રતિકૂળ આચરણ કરેલ નથી.” આવા તેનાં વચનો સાંભળ્યા છતાં તેના પતિએ કાંઈ પણ ઉત્તર દીધો નહિ. પછી તે સ્ત્રી ક્રોધે ભરાણી અને વિચાર્યું કે–“ હવે એવું કરૂં કે જેથી ફરીથી તે મારો પરાભવ કરે નહિ. ” એમ વિચારી ઘરના દ્વારની પાસેજ રહેલા કુવામાં એક મોટો પથરો તેણે નાખ્યો. તે પથરો પડ્યો તેથી મોટો અવાજ થયો. તેના શબ્દથી પતિ ક્ષોભાણો અને વિચારવા લાગ્યો કે–“ ખરેખર મેં અવગણના કરી, તેથી તેણી કુવામાં પડી જણાય છે. અહો ! ‘હું સ્ત્રીહત્યા કરનાર છું’ તેવી લોકમાં મારી નિંદા થશે. ” આવા ભયથી તેણે ઘરનાં દ્વાર ઉઘાડ્યા, અને કુવામાં પડેલી પત્નીને બહાર કાઢવા માટે દીવો તથા અન્ય સાધનો એકઠા કરવા લાગ્યો. તે વખતે પેલી સ્ત્રી ઘરમાં પેસી ગઈ અને ઘરનાં દ્વાર મજબુત બંધ કરી દઈને અંદર રહી. તેનો ભર્તાર કુવામાં દોરડું હલાવતો હતો, સમયે ઉંચા સ્વરથી તે બોલી કે–“ અરે ! હું કુવામાં પડી નથી, પણ કદાચ તમે પડી જશો. જે મારે માટે ચિંતવ્યું તે તમારે પ્રાપ્ત થયું. હવે જો તમારામાં બળ હોય તો ઘરમાં આવો. ” આ ચર્ચા જોવા નગરનાં માણસો એકઠા થઈ ગયા. ઘણાએ તે સ્ત્રીને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ કોઈનું તેણે માન્યું નહિ. તે બોલી કે–“ દોષ રહિત એવી મને દોષવાળી ધારે છે, અને મને ખોટાં હુકમો કરીને હેરાન કરે છે. જો તે મને સ્વહસ્તાક્ષરથી લખી આપે કે‘ હવે હું તને અસંતોષ

ઉપજાવીશ નહિ. ' તોજ તેને ઘરમાં પેસવા દઈશ, અન્યથા પેસવા દઈશ નહિ. જો તે મારો પરાભવ કરશો, તો હું આપઘાત કરીશ, અને મારી હત્યા તેમને લાગશે. " એકઠા થયેલા લોકોના આગ્રહથી ભર્તારે તે પ્રમાણે કબુલ કર્યું. પછી તે ઈચ્છાનુસાર ભટકવા લાગી.

સાર—અજ્ઞાનતાને લીધે અજ્ઞાનવશ સ્ત્રી અગર પુરૂષ પોતાનું હિતાહિત શેમાં છે તે સમજ્યા વગર ઈચ્છાનુસાર ભટક્યા કરે છે, અને મનમાં આવે તેવાં કાર્યો કરે છે. તેમાં સ્ત્રીઓની આકળી પ્રકૃતિ વધારે હોવાથી ગમે તેવાં માઠાં આચરણ કરવા તે તત્પર થાય છે, અને પતિની પણ દરકાર કરતી નથી. આવી સ્ત્રી અગર પુરૂષને બહુ દબાવવા કરતાં તેની ઈચ્છા [illegible]ને વર્તવાથી સંસારકાર્ય વધારે સરલતાથી ચાલે છે. [illegible] સ્ત્રી અને પુરૂષ બંનેને કેળવણીરૂપી દીપકની ખાસ જરૂર છે. તે વગર અંતે દુઃખી થવાનો—ઉન્માર્ગગામી થવાનો પ્રસંગ આવે છે.

—❖—

# કથા ૫૬ મી.

## શ્રદ્ધા વગરના દાન ઉપર એક ડોશીની કથા.

" જો શ્રદ્ધા સહિત પ્રાર્થના વગર દાન આપે તો તેનું [illegible] બાકી શ્રદ્ધા વગર દાન આપવાથી પૂરતો

લાભ મળતો નથી. તે ઉપર એક ડોશીનું દષ્ટાંત છે.” તે આ પ્રમાણે:—

છદ્મસ્થાવસ્થામાં શ્રીવીર ભગવંત વિચરતા હતા, ત્યારે કોઈ નગરમાં એક પુન્યવતી સ્ત્રીએ લઘુકર્મીપણાથી અને જૈન ધર્મવાસિત તેનું અંતઃકરણ હોવાથી મિષ્ટાન્નાદિવડે પ્રભુને પ્રતિલાભ્યા. તે વખતે પ્રમુદિત થયેલા દેવોએ તે સ્થળે સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી. આકાશમાં દેવોનો સંચાર, દેવદુંદુભિનો નાદ વિગેરે પણ થયા. વળી આકાશમાંથી સુગંધી જળની તથા સુગંધીમાં લીન થયેલા ભ્રમરસમૂહોથી અનુસરાતા પુષ્પોની વૃષ્ટિ થઇ; તથા ‘અહોદાન ! અહોદાન !’ એવી રીતે ઉદ્ઘોષણા કરીને દેવતાઓ સ્વસ્થાનકે ગયા. આ બધું તે સ્ત્રીની પાડોશમાં રહેનાર એક વૃદ્ધ સ્ત્રીએ જોયું. તેથી તેણે વિચાર કર્યો. કે–“ધન મેળવવાનો આ સારો ઉપાય છે.” આવો વિચાર કર્યા પછી પાંચ સાત દિવસ ગયા, એટલે એક લંગોટી માત્ર પહેરનાર પણ મૂળ તથા ઉત્તર ગુણોથી રહિત, હમેશાં વિકથા કરનાર, હાસ્યાદિ વિનોદ જેને બહુ પ્રિય છે તેવા એક તાપસને તેણે આમંત્રણ કર્યું, અને અન્નપાનાદિકથી તેને પ્રતિલાભવા માંડ્યો. વહોરાવતાં વહોરાવતાં તે વારંવાર આકાશ સામું જોતી હતી. તેને તેમ કરતી જોઈને તે તાપસે પૂછ્યું કે–“ ભદ્રે ! તું વારંવાર આકાશમાં શું જુએ છે ? ” તેણીએ કહ્યું કે–“આકાશમાંથી સોનૈયા ક્યારે પડશે ? હજુ કેમ પડતા નથી ? ” તાપસે પૂછ્યું કે–“ આકાશમાંથી સુવર્ણની વૃષ્ટિ થવાની સંભાવના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તું શા કારણથી કરે છે ?" ડોશીએ કહ્યું કે-" કેટલાક દિવસ પહેલાં આ મારી પાડોશણે કોઈને ભિક્ષામાં અન્ન પાણી આપ્યાં હતાં, તે વખતે આકાશમાંથી સુવર્ણની વૃષ્ટિ થઈ હતી." મુનિનાવ્રત ભંગથી થયેલ તાપસે તે વૃત્તાંત જાણીને હાસ્ય કરતાં કહ્યું કે-" ભોળી ! મુગ્ધે ! જો તું આવી શ્રદ્ધાથી દાન આપતી હો તો તે આપવું બંધ કરીને ઘરમાં પેસી જા. મારી જેવાને દાન દેવાથી અને તારી આવી શ્રદ્ધા હોવાથી આકાશમાંથી સુવર્ણ નહિ પણ અંગારા પડવાનો સંભવ છે." આટલું કહીને તે તાપસ ચાલ્યો ગયો.

**સાર**—શ્રદ્ધા વગર કોઈપણ પ્રકારની આશાથી દાન આપવામાં આવે તેનું ઉંચું ફળ બેસતું નથી. ઘણી વખત તો તેવું દાન ફળરહિત થાય છે. દાન દેવામાં અથવા બીજું પણ ધર્મકૃત્ય કરવામાં કોઈ પણ પ્રકારની આશા રાખ્યા વગરજ તે કૃત્ય આચરવાથી તેનું ખરૂં ફળ મળે છે, અને તે દ્વારા હૃદયને ખરો સંતોષ થાય છે. ઇચ્છાપૂર્વક—આશીભાવવડે ધર્મકૃત્યો કરવાથી તે આ લોક સંબંધી કે પરલોક સંબંધી ફળ આપનારાં થતાં નથી, તેથી ઇચ્છા રહિત શ્રદ્ધાપૂર્વક દાનાદિ આચરવાં.

# કથા ૫૭ મી.

## એક ખુશામત કરનારની કથા.

"રીંગણાને સ્તવનાર તથા તેની નિંદા કરનાર સેવકની જેમ સ્વામીને રૂચે તેજ સેવકો પ્રમાણભૂત માને છે અને ખુશામત કરે છે." તેની કથા આ પ્રમાણે:—

અમલપુરમાં કુલતિલક નામે રાજા રાજ્ય કરતો હતો. દાન દેવામાં કલ્પવૃક્ષ જેવા તેને બહુ નોકરો હતા. તે નોકરોમાં એક મંત્રી નીતિવિચક્ષણ હતો. સર્વ શાસ્ત્રોમાં તેની બુદ્ધિ ચાલાક હતી. એક દિવસ ભોજનના સમયે રસોયાએ રીંગણા બહુ સારા કર્યા હતા. રાજાએ તે સારી રીતે ખાધા, પછી પાણી પીધું. જમી રહ્યા પછી થોડો સમય ગયો ત્યારે રાજા બહારના મંડપમાં આવીને બેઠો અને રીંગણાની બહુ પ્રશંસા કરતાં તે બોલ્યો કે—"અહો! રીંગણામાં અપૂર્વ સ્વાદ હોય છે; તેથી જગત્માં તેના જેવી પુષ્ટિ કરનાર અને ખાવા લાયક કોઇ વસ્તુ નથી." તે સાંભળીને નીતિવિચક્ષણ અને હમેશાં મીઠું બોલનાર તે મંત્રીએ કહ્યું કે—"જગતના ખરા તત્ત્વને જાણનાર સ્વામીએ બરોબર કહ્યું છે, ખરેખર રીંગણા તેવાંજ છે, પ્રભુએ તે વસ્તુમાં અમૃત રસ મૂક્યો છે. અને તે રસનું રક્ષણ કરવા માટે રીંગણા ઉપર ઢાંકણું પ્રભુએ રચ્યું છે." રાજા તે સાંભળીને રાજી થયો. થોડા દિવસ ગયા પછી સામગ્રી બરોબર નહિ હોવાથી અથવા અન્ય સ્થળે ચિત્ત હોવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેજ રસોયાએ રાંધેલા રીંગણા રાજાને ભાવ્યા નહિ, ત્યારે રાજાએ તેજ મંત્રી પાસે રીંગણાની બહુ નિંદા કરી અને કહ્યું કે–"અહો ! રસ વગરના આ રીંગણાને ધિક્કાર છે." મંત્રીએ તે સાંભળીને ખુશામતી સ્વભાવને લીધે કહ્યું કે– "મહારાજ ! પ્રભુએ આ વસ્તુ ખાવા માટે બનાવીજ નથી; તે તો ફક્ત ઉપરના ડીંટીયાથી પકડીને અહીં તહીં ઉડાડવા અને ક્રીડા કરવા માટેજ બનાવેલ છે." રાજાને તે મંત્રીના પૂર્વે કહેલ વચનો સ્મૃતિમાં હતાં, તેથી આવાં વિરૂદ્ધ વચનો સાંભળીને ચિત્તમાં ચમત્કાર પામી કહ્યું કે–"પ્રથમ તમે તેની સ્તુતિ કરી હતી, અને હવે નિંદા કેમ કરો છો ?" મંત્રીએ કહ્યું કે–" મહારાજ ! મેં કાંઇ રીંગણાનો સ્વાદ લીધો નથી, પણ તમે લીધો છે, હું તો માત્ર તમારી રૂચિ અનુસારજ બોલું છું." રાજાએ કહ્યું કે–" ખરેખર, સેવાધર્મ એવોજ છે. જે મંત્રી ખુશામતીઆ વચનો બોલવામાં ચતુર હોય, લોકોનું ધન ગ્રહણ કરવાના કાર્યમાં હુંશિયાર હોય અને ભેટ વિગેરે આપી શકે તેવો હોય, તેવો મંત્રીજ રાજાને પ્રિય થાય છે." આમ કહીને તેના વાચાળપણા માટે તેના ઉપર કૃપા દેખાડી વિસર્જન કર્યો.

**સાર**—' ખુશામત ખુદાને પણ વહાલી છે ' એમ કહેવાય છે. સારૂં, મીઠું અને મોટાની રૂચિને અનુસરતું બોલનાર પ્રિય લાગે છે, પણ પ્રાંતે આવા માણસોથી કાર્યસિદ્ધિ થઇ શકતી નથી, અને સત્ય વાત સમજી શકાતી નથી. ખુશામત અથવા મીઠાં વચન અમુક સમયે તો ઉપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગી છે, પણ પ્રાંતે નુકશાન કરનારજ છે. ખુશામતખોર થવા કરતાં સત્ય અને મિતવાદી થવું વધારે શ્રેયસ્કર અને લાભદાયી છે.

# કથા ૫૮ મો.

## પરાભવ કરનાર શુકની કથા.

"બુદ્ધિવંતે કોઇની સાથે વિરોધ કરવો નહિ. શુકજેવા પક્ષીએ પણ તેમ કરનાર એક વેશ્યાની વિડંબના કરી હતી." તેની કથા આ પ્રમાણે—

રત્નપુર નગરમાં ઘણા વૈભવવાળો રત્નસાર નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને કેદારક નામે પુત્ર હતો. તે સારી રીતે ભણેલો અને વ્યાપારમાં કુશળ હતો. તેનું લગ્ન પણ કરેલું હતું. તે શ્રેષ્ઠીને પુરાણ સ્મૃતિ વિગેરેની કથાઓ કહેવામાં વિચક્ષણ કલાકલાપ નામે એક શુક પક્ષી હતો. કેટલોક સમય ગયા પછી વ્યાધિથી પીડાયેલ તે શ્રેષ્ઠી મૃત્યુ પામવાની તૈયારીમાં હતો, તે સમયે પુત્રને પાસે બોલાવીને તેણે કહ્યું કેઃ–" હે પુત્ર ! હું તો મૃત્યુશય્યા ઉપર સુતો છું; તું નવયૌવનવાળો છે. યૌવન વયમાં વિષયરૂપી વિષમ વિષથી જેના ચક્ષુ ઘુર્ણાયમાન થઇ ગયા હોય તેવા પુરૂષો કાંઈ પણ જોઈ શકતા નથી, તે વિષના કેફથી સદ્‌ગુરૂનાં ઉપદેશામૃતનું તેઓ પાન પણ કરતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી તથા તેની ઉપર તે ઉપદેશની અસર પણ થતી નથી. તેથી હું કહું તે સદુપદેશ ગ્રહણ કરી લે. મારો ઉપદેશ તને એટલોજ છે કે–અજાણ્યાનો વિશ્વાસ કરવો નહિ, નારીને ગુહ્ય વાત કહેવી નહિ, મૂળ વસ્તુનું રક્ષણ કરવા ધનનો વ્યય કરવો, વિરોધનો મૂળથી ત્યાગ કરવો, મહાજનને રાજી રાખવું, ગુરૂને દુભાવવા નહિ, આવશ્યક કાર્યમાં પ્રમાદ કરવો નહિ, સાચું કહેનાર શત્રુને પણ દૂષણ આપવું નહિ, કોઈની છાની વાત પ્રગટ કરવી નહિ, ખુશામતીઆઓનો વિશ્વાસ કરવો નહિ, વેશ્યાઓ અને ગણિકાનો સંગ કરવો નહિ, ભાર્યા અને પુત્રને આધિન ધન કરવું નહિ, ગ્રહણ કરેલ વ્રત કષ્ટમાં પણ ત્યજવું નહિ, દાન આપ્યા વગરનો એકે દિવસ ખાલી જવા દેવો નહિ–વિગેરે." કેદારકે તે બધું કબુલ કર્યું. શ્રેષ્ઠીએ શુકને પાસે બોલાવ્યો અને કહ્યું કે-"શુક ! જો મારો આ પુત્ર કુવ્યાપારમાં પ્રવર્તે તો તારે તેનો નિષેધ કરવો." વળી પુત્રને ફરીથી કહ્યું કેઃ–"તારે આ શુકનું વચન આસ્થા રહિતપણે સાંભળવું નહિ; પણ તે કહે તેનો બરોબર વિચાર કરવો." પુત્રે તે પણ કબુલ કર્યું. ત્યારપછી શ્રેષ્ઠી મૃત્યુ પામ્યો.

બે ત્રણ વર્ષ વીતી ગયા પછી એક સમયે ગામમાં ફરતાં શ્રેષ્ઠીપુત્ર કેદારકે કામપતાકા નામની સુંદર વેશ્યાને જોઈ, અને તેનાપર તે આસક્ત થયો. પછીથી તે પ્રાયે તેનેજ ઘેર રહેવા લાગ્યો. એક દિવસ જ્યારે તે ઘેર આવ્યો ત્યારે શુકે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઠપકો આપ્યો કે:-" આટલા વખત સુધી કયાં રોકાણા હતા ? હે ભાઈ ! પિતાએ કહેલાં ઉપદેશનાં વચનો વિસરશો નહિ." કેદારક ચુપ ઉભો રહ્યો, કંઇ બોલ્યો નહિ. થોડો સમય ગયો એટલે વેશ્યાની દાસી કેદારક પાસે આવી, અને ધન માગવા લાગી. તેને ધન આપ્યું. શુકે તે દેખીને તેના સાંભળતાંજ શ્રેષ્ઠીપુત્રને કહ્યું કે:-" અરે શ્રેષ્ઠી ! ઘરને શા માટે લુંટાવો છો ? પિતાની આજ્ઞા લોપનારા એવા તમને ધિક્કાર છે." કિંકરીએ આ બધી હકીકત વેશ્યાને કહી. પછી તેઓએ વિચાર કર્યો કે:-" આ શુકને મારી નાખવો તેજ શ્રેષ્ઠ છે. કારણ કે તે આપણા આ ભક્ષ્યને વારંવાર આ પ્રમાણે અટકાવે છે." એક વખતે શ્રેષ્ઠી જમતો હતો, અને શુક પણ દાડમના દાણા, શાલિના કણ વિગેરે ખાવામાં મશગુલ હતો, તે વખતે વેશ્યાની દાસી ત્યાં આવી, અને જે કાર્ય હતું તે કહ્યું. પછી "અહો ! આ કેવો સુંદર પોપટ છે." તેમ સ્તુતિ કરતી તે દાસી શુકને હાથ ઉપર લઈ રમાડવા લાગી, અને તે શુકને પોતાની શેઠાણી વેશ્યા પાસે લઇ ગઇ. વેશ્યાએ શુકને કહ્યું કે:-"અરે નિર્દય ! શ્રેષ્ઠી તરફથી થતી અમારી વૃદ્ધિને તું કેમ હણે છે ? હવે તારી આ અંતરાય કરવાની વૃત્તિનું ફળ તું ભોગવ. " તેમ કહી તેની બંને પાંખો છેદી નાંખી. તેને માંસના પિંડ જેવો કરી નાંખ્યો. પછી 'તેનો નાશ કરવા એક તીક્ષ્ણ છરો લઈ આવું' તેમ વિચારી તે વેશ્યા છરો લેવા ગઈ. તેવામાં ધીમે ધીમે પગવતી ચાલીને તે શુક રસોડામાં વાસણ માંજવાનું સ્થળ હતું ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પહોચી ગયો, અને પોલાણમાં સંતાઈ ગયો. વેશ્યા છરો લઇને આવી ત્યારે શુકને દીઠો નહિ, તેથી તેણે વિચાર્યું કે:–" કોઈ પક્ષી માંસના લોભથી તેને ઉપાડી ગયેલ લાગે છે, હવે તેનું શું કામ છે ? " આ પ્રમાણે વિચારી તેની શોધમાં તે બેદરકાર રહી. તે શુક વેશ્યા અને તેના પરિવારની દૃષ્ટિ ભૂલવીને અંધકારના સમયે ધાન્યના કણો ખાતોજ ત્યાં રહેવા લાગ્યો. અનુક્રમે તેને ફરીથી પાંખો આવી અને પૂર્વની જેવો તે પુષ્ટ અંગવાળો થયો. પછી તે ચતુર શુક વૈરનો બદલો લેવા માટે રાત્રે તે સ્થળેથી ઉડીને જે કૃષ્ણના મંદિરમાં તે વેશ્યા ભક્તિપૂર્વક નમન કરવા દરરોજ જતી હતી તે મંદિરમાં ગયો. કૃષ્ણની મૂર્ત્તિ ઉપર ઘણા પુષ્પો ચઢાવેલા હતા. તે મૂર્ત્તિના એક ભાગમાં ફુલની નીચે તે સંતાઈ ગયો. દિવસ દોઢેક પહોર ચઢ્યો ત્યારે તે ગણિકા મંદિરમાં નમન કરવા આવી. મહા ભક્તિથી તેણે કૃષ્ણને પ્રણામ કર્યા. આ સમયે સમયને જાણનાર શુક ઉચ્ચ સ્વરે બોલ્યો કે:–"હે ભદ્રે ! તારી ભક્તિથી હું સંતુષ્ટ થયો છું. હું વૈકુંઠભવનમાં વિમાનમાં બેસાડીને તને લઇ જઈશ; તેમાં જરાપણ સંદેહ કરીશ નહિં."આ પ્રમાણે તે શુકે કહ્યું, પણ શુકને નહિ દેખવાથી તે કૃષ્ણ મૂર્તિએજ કહ્યું છે તેવી તેની ખાત્રી થઈ; તેથી બહુ ખુશી થઈને તેણે કહ્યું કે–" ભગવન્ ! મારા ઉપર આપે બહુજ કૃપા કરી. મારે બીજું શું કરવું તે કહો અને મને ત્યાં વૈકુંઠમાં કયારે લઈ જશો ? વળી મારે દાનપુન્યાદિક શું કરવું ? " તેણે આ પ્રમાણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂછયું, એટલે શુકે જવાબ આપ્યો કે–" ભદ્રે ! આ આવતી દશમીને દિવસે બધું દ્રવ્ય સુપાત્રને દાનમાં આપી દઈને, ઘર પણ સુપાત્રને આપી દઈને, પરિવારને રજા આપી દઈને, માથું મુંડાવીને, કાજળથી મુખ શ્યામ કરીને, જીર્ણ વસ્ત્ર પહેરીને, પૌરજનો સહિત મધ્યાન્હ સમયે આ મંદિરમાં આવજે, તે વખતે મારી સમીપ રહેલા આંબાના વૃક્ષ ઉપર એક શુકને બેઠેલો તું દેખીશ, તે નિશાનીવડે ઘુઘરીઓથી રણઝણાયમાન થતું કૃષ્ણનું વિમાન તરતજ અહીં આવશે એમ તું શ્રદ્ધાપૂર્વક માનજે. "

આ પ્રમાણે કહેવાથી તેને બધી હકીકતનો વિશ્વાસ આવ્યો. વેશ્યા પોતાને ઘેર ગઈ. તેણે કહ્યા પ્રમાણે બધું કર્યું. લોભીઆ ધૂતારાથીજ ઠગાય છે. દશમી આવી. વેશ્યાએ શુકના કહ્યા પ્રમાણે બધી સામગ્રી તૈયાર કરી, મહાજન એકઠું થયું, પૂર્વે કહ્યા પ્રમાણે બધું કરીને તે વેશ્યા કૃષ્ણના મંદિરમાં આવી. આખા નગરમાં તે વાત પ્રસરી ગઈ. મધ્યાહ્ન કાળ થયો ત્યારે તે સ્થળે આખા ગામના લોકો એકઠા થઈ ગયા. તે સમયે તે શુક આંબાની શાખા ઉપર આવીને બેઠો. લોકોએ તેને દેખ્યો, તેથી સર્વે બોલ્યા કે–" અહો ! લિંગના દર્શનથી લિંગીનું અનુમાન થઈ શકે છે." પછી ત્રણ પ્રહર ગયા, પણ વિમાન આવ્યું નહિ. લોકો વારંવાર ઉંચે જોવા લાગ્યા. આ પ્રમાણે ઘણીવાર રાહ જોયા પછી તે શુકે વેશ્યાને કહ્યું કે–"અરે રાક્ષસી ! કૃષ્ણ ક્યાં છે ? વિમાન ક્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે ? તારી એવી પાત્રતા પણ ક્યાં છે ? ફોગટ રાહ શેની જુએ છે ? આ તો માત્ર જે કરે તેનો તેવો પ્રતિકાર કરવો, હિંસા કરે તેની હિંસા કરવી, તેને માટે મેં કર્યું છે. તેં મારી પાંખો છેદી નાંખી તો મેં તારૂં શિર મુંડાવ્યું." લોકોએ શુકને પૂછયું કે–" આ શું ?" એટલે તેણે બધી હકીકત વિસ્તારથી કહી બતાવી. તે સાંભળી લોકો બધા હસ્યા અને વેશ્યાની મશ્કરી કરવા લાગ્યા. વેશ્યા વિલખી થઈ ગઈ અને સર્વ લોકો પોતપોતાને સ્થાનકે ગયા.

**સાર**—જેવો માણસ તેવુંજ તેની સાથે વર્તન રાખવું પડે છે. 'કરે તેવું કરીએ. તો જગતમાં સુખે રહીએ.' દુનિયાનો ઘાટ આવોજ ચાલ્યા કરે છે. દુનિયામાં રહેવું હોય તેને બધી જાતનાં પ્રસંગો આવે છે. અને વિચાર કરીને પ્રસંગાનુકૂળ રીતે રહેનારજ વ્યવહાર નભાવી શકે છે. શઠની સાથે શાઠ્યપણું કરવું તે જગતનો કાયદો જણાય છે.

## કથા ૫૯ મી.

### ખોટી સાક્ષી પૂરાવવા ઉપર કાગડાની કથા.

" ખોટી સાક્ષી જેવું પાપ થયું નથી અને થવાનું નથી. ગ્રામવાસીઓનું એવું દુશ્ચરિત્ર દેખીને એક કાગડાએ રૂદન કર્યું હતું." તેની કથા આ પ્રમાણે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુંડિલ નામના ગામમાં વૃક્ષોની ઘાટી ઝાડીથી શોભતી પાળવાળું એક સુંદર સરોવર હતું. તે સ્થળે ઘણા કાગડાઓ રહેતા હતા. ચોમાસાના પ્રારંભમાં એક વખતે એક હંસ તેની પત્ની સહિત ત્યાં આવ્યો. માનસરોવર દૂર હોવાથી તે તે સ્થળે પહોંચે તેમ નહોતો, તેથી તે રાજહંસ તે સ્થળેજ રહ્યો. કાગડાઓએ તેનું બહુ માન કરીને તેને ત્યાં રાખ્યો, અને પોતાના વૈભવોચિત ભક્તિવડે તેની તેઓએ સેવા કરી. અનુક્રમે ચોમાસું પૂર્ણ થયું, અને શરદ્ ઋતુ આવી. માનસરોવરને સંભારતો તે રાજહંસ પોતાની પત્ની સહિત તે સ્થળે જવા ચાલ્યો. કાગડાઓએ કહ્યું કે–"ભાઈ! ઘણા વખત સુધી તમે અહીં રહ્યા, ખાધું, પીધું, સુતા, બેઠા, તેમાં અમારો કાંઇ અપરાધ થયો હોય તો ખમજો. વળી તમારા ફરી દર્શન ક્યારે થશે ? " આ પ્રમાણે સાંભળતો તે રાજહંસ ચાલ્યો; તેવામાં એક કાગડે હંસીને જોઈને કહ્યું કે–"અરે! તમે આ સ્ત્રીને લઈને ક્યાં જાઓ છો ? તે તો મારી સહધર્મચારિણી છે, બાળપણામાં પિતાએ સેંકડો મનોરથો પછી પ્રાર્થના કરવાથી બહુ મહેનતે તેને મારી સાથે પરણાવી છે." હંસે કહ્યું કે–"અરે ! તું કાગડો છે, આ હંસી છે. કાગડાં અને હંસીનો મેળાપ કેવી રીતે થાય ? તેવો વિરોધી બનાવ કેમ બને ? " કાગડે કહ્યું કે–"આ બાબતમાં અહીંના ગામના લોકો સાક્ષી છે. તેઓએ તેની સાથે મારા લગ્ન થતાં દેખેલ છે." હંસે કહ્યું કે–"ભલે, તેમાં શું વાંધો છે ? ચાલો તેની પાસે જઈને પૂછીએ. " આ

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

પ્રમાણે વિવાદ કરતાં હંસીને સાથે લઈને તે હંસ તથા કાગડો ગામડીઆઓની પર્ષદા પાસે આવ્યા, અને પોતપોતાની હકીકત કહી. ગામના લોકોએ ધ્યાનથી તે સાંભળી. "હંસી કાગડાની પરિણીત સ્ત્રી કેવી રીતે થાય ? ન થાય." એવો નિશ્ચય કરી તેઓ કહેવા જતા હતા, તેવામાં કાગડાએ તેમને દૂર લઈ જઈને કહ્યું કે–"અરે! સાંભળો, મેં આ ખોટો કજીઓ ઉભો કર્યો છે; પણ જો તમે મારા પક્ષમાં ભળશો નહિ, તો તમારા બળદો, ભેંશો, ગાયો, અશ્વો અને બીજા પણ જનાવરો કે જે વૃદ્ધ થયા હશે અથવા ક્ષતાદિથી જેની પીઠો પીડિત થઈ હશે, અને અહીંના ગૌચરમાં ચરતા હશે, તે બધાને ચાંચોના સેંકડો પ્રહાર વડે હું મરણાંત વેદના નીપજાવીશ, કહો, હવે શું કરવું છે ?" વળી ફરીથી તેણે કહ્યું કે–"તમે ખેતરમાં જે ભાત તથા પાણીની માટલીઓ લઈ જાઓ છો, તેના ઉપર મળાદિ નાખીને હું તેને અપવિત્ર કરીશ, વળી વૃદ્ધોની ચક્ષુઓ ખેંચી કાઢીશ." આવું સાંભળીને તે સર્વે ભયભ્રાંત થઇ ગયા, અને એકત્રિત થઈને તેઓએ વિચાર કર્યો કે–"આ હંસ તો પરદેશી છે, તેનો પરાભવ કરશું તો તે આપણું શું અપ્રિય કરી શકશે ?" અને આ કાગડો તો અહીંનોજ રહેવાસી છે, તેથી તેની સાથે વિરોધ કરવો યુક્ત નથી, તેથી તે કહે તેમજ કરવું." આ પ્રમાણે વિચારીને તેઓએ કાગડાને કહ્યું કે–"અરે ! તનેજ હંસીનો પતિ અમે કહેશું, તું કોપ કરીશ નહિ."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી કાગડો તે બધાને સાથે લઈને પર્ષદાના સ્થળે આવ્યો, અને હંસને કહ્યું કે:–" આ બધાને પૂછો કે કોણ સાચો ને કોણ ખોટો ? " હંસ પણ પરદેશમાં હોવાથી તેજહીન થઇને મંદસ્વરે બોલ્યો કે:–"ભાઈઓ ! આ હંસી કોની પત્ની છે? સાચું કહો." તેનો જવાબ દેવાનોવિચાર ચાલતો હતો, તેવામાં કાગડો બોલ્યો કે:–"બહેન સરખા વર્ણની હોય, ભાર્યા તો પ્રતિકૂળ કુળમાંજ ઉપજેલી હોય, તેથી અન્ય કુળમાં ઉત્પન્ન થયેલી આ હંસી મારીજ પત્ની છે." આ પ્રમાણે સાંભળીને એકઠા થયેલા ગામના લોકો બોલ્યા કે–" કાગડોજ હંસીનો ખરો પતિ છે, અમે નાના હતા ત્યારથી તેને દીઠેલ છે. " આવા કાનને ઘાત થાય તેવાં કર્કશ વચનો સાંભળીને હંસ તથા હંસી બંને આંખમાંથી અશ્રુ પાડવા લાગ્યા. તે સાથે કાગડો પણ અશ્રુ પાડવા લાગ્યો. તે દેખીને ગામનાં લોકો આશ્ચર્ય પામ્યા અને કાગડાને પૂછયું. કે–".અરે ! કાગ ! અમે હંસીને તારી સ્ત્રી ઠરાવી; તેથી હંસ તો રૂદન કરે અને તેની ઉપરના રાગને લીધે તેનો વિયોગ થવાથી આ હંસી પણ રૂવે તે તો ઠીક, પરંતુ તું તો કૃતકૃત્ય થયો છે, વાદમાં જીત્યો છે, છતાં આવાં મુક્તાફળ જેવાં અશ્રુ કેમ પાડે છે ? " તે સાંભળીને કાગડો બોલ્યો કે–" અરે પુરૂષો ! તમારી જેવા ખોટી સાક્ષી આપનારની મૃત્યુ પછી શું ગતિ થશે તે વિચારથી હું રૂદન કરૂં છું. એક તુલામાં અસત્ય સાક્ષીનું પાપ અને બીજી તુલામાં

બીજાનું સર્વ પાપ રાખીએ, અને બંને તોળીએ તો અસત્યનું પાપ ઘણું વધી જાય છે." પછી રાજહંસ તરફ જોઇને તેણે કહ્યું કે-"અરે પક્ષીશ્વર! તમે જાઓ, તમારી આ પત્ની તે મારી સ્વામીની છે, માતા છે, મેં તો આ મૃષાભાષીઓનું નાટક તમને દેખાડયું. તમે સુખેથી તમારે માર્ગે જાઓ." એમ કહીને પત્ની સહિત રાજહંસને વિસર્જન કર્યો. પછી ગ્રામ્ય લોકો અને કાગડો પોતપોતાને સ્થાનકે ગયા.

(આ કથા કલ્પિત છે, વિવેકીએ કલ્પિત કથા કહેવી નહિ, એમ કહેલ છે, છતાં આ કલ્પિત કથા કેમ કહી? તેવો કોઇ પ્રશ્ન કરે તો પ્રત્યુત્તરમાં કહેવાનું કે લોકોના બોધને માટે કલ્પિત કથા કહેવામાં દોષ નથી. આગમમાં પણ બંને જાતની કથાનું પ્રતિપાદન કરેલું છે.)

**સાર**-ખોટી સાક્ષી પૂરવી, ખોટું બોલવું તે સર્વદા વર્જ્યજ છે. તેમ કરવાથી અંતે હાંસીને પાત્ર થવાનો સમય આવે છે. જૂઠી વાત અંતે પ્રગટ થયા વિના રહેતી નથી, અને પ્રગટ થયા પછી કોઇ તેનો વિશ્વાસ કરતું નથી. જૂઠું બોલનારની સાચી વાત પણ ઘણી વખત મનાતી નથી, તેને અસત્ય ગણીને ઉવેખવામાં આવે છે. ખોટી સાક્ષી પૂરવી તે તો સર્વથી વધારે ખરાબ છે; અને આ લોકમાં પણ તેનાં માઠાં ફળ ભોગવવાં પડે છે, તેથી ખોટી સાક્ષી અને ખોટી વાણીનો સર્વદા ત્યાગ કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૬૦ મી.

## કર્મના પ્રબળપણા ઉપર વિપ્રની કથા.

"જે સ્થળે જાય ત્યાં પૂર્વ કર્મ તો સાથેજ આવે છે. બાળિકાનાં આવાં વચન સાંભળીને એક વિપ્ર દેશાંતર ગયો નહિ." તેની કથા આ પ્રમાણે:—

અંગદપુરમાં ઘણી વિદ્યાઓ ભણેલ પ્રદ્યોતન નામે એક વિપ્ર રહેતો હતો. તેને કાલિકા નામે સ્ત્રી હતી. અનુક્રમે તેઅને દારિદ્રય આવ્યું. એક વખતે અત્યંત દારિદ્રયથી મુંઝાઈને તે વિચારવા લાગ્યો કે—"હવે મારે આ દેશમાં રહેવું યોગ્ય નથી; તેથી આ દેશ છોડીને બીજા દેશમાં જાઉં." આ પ્રમાણે વિચારીને કુટુંબને સાથે લઇ ઘરમાં માંગળિક માટે જગતો દીવો રાખીને તેઓ ચાલ્યા. નગર બહાર ગયા, તેવામાં સાંભર્યું કે—"લાકડી ઘેર ભૂલી ગયો." તેથી તે લેવાને વિપ્ર ઘેર આવ્યો. તે વખતે ઘરમાં એક કોઈ શ્યામ વર્ણવાળી, શ્યામ વેષ પહેરેલી, માથે વાળના જુથવાળી બાળિકાને માંગળિક માટે મૂકેલા દીવામાંથી તેલ લઈને પગરખાને ચોપડતી તેણે દીઠી. તેને દેખીને ભય લાગ્યો અને આશ્ચર્ય પણ થયું. પછી ધીરજ ધરીને તેણે તે શ્યામ વેષધારી બાળિકાને પૂછ્યું કે—"હે ભદ્રે! તું કોણ છો? અને તું જોડાંને તેલ શા માટે ચોપડે છે?" તે સાંભળીને અટ્ટહાસ્ય પૂર્વક તે બોલી કે—"અરે વિપ્ર! જે આ ઘરનો સ્વામી છે, તેની હું અર્ધાંગના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છું. હું દારિદ્રય છું. તે દેશાંતર જાય છે, તેથી તેની સાથે જવાને જોડાને તેલ લગાડીને હું તૈયારી કરૂં છું." આવું સાંભળીને વિપ્રે વિચાર્યું કે-"બીજા દેશમાં પણ જો દારિદ્રય સાથેજ આવે, તો પછી આ સ્થાન છોડવાથી શું ફાયદો ?" આવો વિચાર કરીને તે કુટુંબ સહિત પાછો વળીને ઘેર આવ્યો.

અહીં કોઈ પ્રશ્ન કરે કે-સાડા સાત વર્ષ પર્યંત અગર બાર જન્મ સુધી રહેનાર દારિદ્રયે બાળિકાના રૂપમાં દેખાવ શી રીતે આપ્યો ? તેના ઉત્તરમાં કહેવાનું કે-આ તો તેની કુળદેવીએ બાળિકાનું રૂપ વિકુર્વીને તેની ભાવી સ્થિતિ બતાવી હતી; દારિદ્ર પોતે નહોતું.

**સાર**-ગમે તે સ્થળે જઇએ પણ ભાવી મિથ્યા થતું નથી. તેવે વખતે તેને દૂર કરવા માટે કરેલા બધા ઉપાયો નિષ્ફળ જાય છે, અથવા અવળા પડે છે. ભાવી ટાળવાને કોઈ સમર્થ નથી. જો મનુષ્યના પ્રયત્નથી ભાવી ટળી શકતું હોય તો પછી બધા પ્રયત્નવડેજ વિરોધી દશા ફેરવવા મંડી પડે પણ તેમ બની શકતું નથી. આવી વિપરિત દશા દેખાય ત્યારે ધીરજ રાખી પ્રાપ્તસ્થિતિમાં સંતોષ રાખવો અને પાર ઉતરવું તેમાંજ ખરૂં ડહાપણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૬૧ મી.

## ભક્તિ ઉપર એક જટાધરની કથા.

"ખરેખરી એકાગ્ર ચિત્તવાળી ભક્તિથી દેવતા પણ તુષ્ટમાન થાય છે. જુઓ! તપસ્વી એવા શત્રુ ઉપર પણ ભક્તિથી દેવ પ્રસન્ન થયા હતા." તેની કથા આ પ્રમાણે:—

ભદ્રપુરમાં એક જડ બુદ્ધિવાળો તાપસ રહેતો હતો. તે શિવનેજ ખરા દેવ તરીકે ગણતો હતો, તેથી કૃષ્ણ ઉપર તેને દ્વેષ હતો. એક વખતે તે શંકરની યાત્રા કરવા માટે હરદ્વાર ગયો. ત્યાં હરિ તથા હરને તેણે એકઠા દીઠા. તેણે શંકરને પ્રણામ કર્યા, પરંતુ હરિને પગે લાગ્યો નહિ અને એક પગનો આશ્રય કરીને શિવના ચરણ પાસે બહુ ભક્તિથી તેણે નૃત્ય કર્યું. વળી જળ, પુષ્પ, ચંદન, પગ વિગેરેથી તેણે શિવની પૂજા કરી. જ્યારે ધુપની પૂજા કરવાનો સમય આવ્યો ત્યારે તેણે બહુ સુગંધી ધુપ કર્યો. તે વખતે હરિએ વિચાર કર્યો. કે—"ધુપની સુગંધ તો અમારા બંનેના નાક પાસે જશે, તો આ ધુપની સુગંધ લેતાં મને તે કેવી રીતે વારશે ?" આ પ્રમાણે હરિ વિચાર કરે છે, તેવામાં તેના નાકમાં ગંધનો પ્રવેશ થતો નિવારવા માટે તાપસે એકદમ પોતાના હાથના સંપુટવડે હરિનું નાક બંધ કર્યું. તેના આ કાર્યથી વિષ્ણુ બહુ આનંદ પામ્યા, અને સાક્ષાત્ પ્રત્યક્ષ થઇને કહ્યું કે—"અરે તાપસ! તેં મારી ભક્તિ કરી નથી, પણ એકાગ્રપણાથી દ્વેષો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંતુષ્ટ થાય છે, માટે હું તારાપર તુષ્ટમાન થયો છું. તારે જે જોઈએ તે માગ." વિષ્ણુનાં આવાં વચન સાંભળીને તે તાપસે કહ્યું કે—" મારે તમારી કૃપા જોઈતી નથી, અને તમારી પાસે મારે વર પણ માગવો નથી." આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને હરિ વિશેષ સંતુષ્ટ થયા. તેથી શંકર પાસેથી બાજુબંધ, મુકુટ, મણિ તથા અદૃશ્યીકરણ, વશીકરણ અને વિષનિગ્રહ વિગેરેની સિદ્ધિઓ તેને અપાવી.

**સાર**—ખરા ધર્મની પરીક્ષા કરીને એકજ દેવમાં તલ્લીનતા રાખનારનીજ કાર્યસિદ્ધિ થાય છે, પ્રત્યેક ધર્મમાં ઉપરચોટીયા ભક્તિ રાખનાર અંતે સર્વતોભ્રષ્ટ થાય છે. તેને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. એક દેવમાં દેવત્વ બુદ્ધિ રાખવાથી તથા શ્રદ્ધાપૂર્વક એકજ દેવની ભક્તિ કરવાથી અને તેના આદેશાનુસાર વર્તવાથી અંતે જય થાય છે. બધાં ધર્મશાસ્ત્રો વાંચનાર અને સર્વ દેવને પૂજનાર અંતે પ્રચ્છિત સુખ મેળવી શકતો નથી, તે વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

# કથા ૬૨ મી.

:o:

## અતૃપ્ત યતિની કથા.

"ઉપકારક મનુષ્યે સર્વને સંતોષ આપવો, કોઈને ખેદ કરાવવો નહિ. ખેદ કરવાથી એક શ્રાવકે યતિને ઉપાલંભ આપ્યો હતો." તેની કથા આ પ્રમાણે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રવાલપુરમાં કલિંગ નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને પાંચ પુત્રો હતા. તેનાં (૧) હરિષેણ, (૨) દેવ, (૩) કુલનંદન, (૪) ચંદન, અને (૫) વર્ધમાન નામ હતા. તેમાંનો પ્રથમ પુત્ર સાધુઓની સેવાભક્તિમાં બહુ તત્પર હતો. એક વખત તે ગામમાં એક સૂરિ આવ્યા. તેના ગચ્છમાં બહુ સાધુઓ હતા. તે સાધુઓમાં એક સાધુ સર્વથી વધારે ગુણી હતા, તેની સેવા કરવા માટે હરિષેણ હમેશાં આવતો હતો. એક વખતે તેના અસ્થિ, માંસ તથા ત્વચા વિગેરેની તે શ્રાવક સારી રીતે શુશ્રુષા કરતો હતો, તે મુનિને બહુ પ્રિય લાગી, તેથી 'તું હવે બંધ કર.' તેમ મુનિએ તેને કહ્યું નહિ, એમ કરતાં એક પ્રહર વીતી ગયો. એટલે શુશ્રુષાના લોભી તે સાધુએ વાતો કરવાનો આરંભ કર્યો. પ્રથમ સાધુએ પૂછયું કે-" શ્રાવકજી ! તમે કેટલ ભાઈ છો ?" હરિષેણે કહ્યું કે-" પાંચ ભાઈઓ છીએ. સાધુએ પૂછયું-" તારૂં મોશાલ કયે ગામ છે ?" શ્રાવ કહ્યું કે-" અવંતીમાં છે." સાધુએ પૂછયું કે-" તમે વ્યાપાર શાનો કરો છો ?" શ્રાવકે કહ્યું કે-" સુતરની દુકાન છે." આ પ્રમાણે વાતો કરતાં વિસ્મૃતિ થવાથી ફરી સાધુએ પૂછયું કે-" તમે કેટલા ભાઈઓ છો ?" તેણે કહ્યું કે-" ચાર ભાઈઓ છીએ." યતિએ પૂછયું કે-" પ્રથમ તેં પાંચ કહ્યા હતા, હમણા ચાર કહ્યા, તેનું શું કારણ ?" ખેદ પામેલા તે શ્રાવકે કહ્યું કે-" જે ભાઇ તમારા હાથે ચઢ્યો છે તેનું જીવિતવ્ય હવે શા કામનું છે ? તે તો હવે

જીવવાનો નથી, તેથી તેને મૃતપ્રાય ગણીને મેં બાકીના ચાર ભાઈઓ કહ્યા છે. ” તે સાંભળી સાધુ ચુપ થઈ ગયા, અને થોડીવારમાંજ શ્રાવકને શુશ્રુષા બંધ કરવાનું કહ્યું.

**સાર**—અતિશય બધું વર્જ્ય છે, થોડામાં મીઠાશ છે. અતિશય કરવા જતાં મૂળથી નાશનો પ્રસંગ આવે છે. 'અતિશય સર્વ અસાર' તે વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. જે વાતનો અંત લેવામાં આવે તેમાં અંતે સાર નીકળતો નથી, માટે અતિશય વર્જવું.

# કથા ૬૩ મી.

## એક ધર્મધૂર્ત વણિકની કથા.

“ ઘણા દેવગુરૂને નામે દંભ કરનારા પણ હોય છે; એક વાણિયાએ ધર્મને બ્હાને બીજા દ્વીપમાંથી લાવીને એ યતિને વેચ્યા હતા. ” તેની કથા આ પ્રમાણે:—

ભ્રગુક્ષેત્રમાં કોઈ આચાર્ય રહેતા હતા. તેનો ગચ્છ બહુ મોટો હતો. તે ગચ્છમાં બાળ, ગ્લાન અને શિક્ષા મેળવનારા અનેક શિષ્યો હતા. ભ્રગુક્ષેત્ર પાસે મોટી નદી હતી. તે નદીમાં એક વખતે મોટું વહાણ આવ્યું, તેમાંથી કેટલાક લોકો ઉતર્યા, તેમાં એક વણિક પણ ઉતર્યો. તે બહુ માયાવી, ઉપર ઉપરથી શ્રાવકધર્મનો અભ્યાસી પણ મહા મિથ્યા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દૃષ્ટિ હતો. તે નગરમાં આવીને આચાર્યના આવાસમાં આવ્યો. તેમને વંદના કરી. આચાર્ય સાથે પરિચય કરવા માંડ્યો. આખા ગચ્છનો વહાલો થઈ પડ્યો. તેમાં પણ બે નાના ચેલાઓ સાથે તે બહુ વાતચિત કરવા લાગ્યો. તેનું તેણે ખાસ આકર્ષણ કર્યું અને તેનો વિશ્વાસ સંપાદન કર્યો. એક વખતે તેણે તે શિષ્યોને વહાણની વાત કહી, તેથી તે શિષ્યોની વહાણ જોવાની ઈચ્છા થઈ. ગુરૂને પૂછ્યા વગરજ તેઓ તે લુચ્ચા માણસની સાથે નદીના કિનારા ઉપર ગયા. તે વખતે એક મોટું વહાણ ઉપડવાની તૈયારી કરતું હતું. તેનો દંડ ઉંભો કરેલો હતો, શઢ પહોળો કરેલો હતો, અને તેમાં પવન ભર્યો હતો. તે વણિકે "હમણા જોઈને નીચે ઉતરી જશું" એમ કહીને તે શિષ્યોને તે વહાણ ઉપર ચઢાવ્યા, એટલે વહાણ હંકારવામાં આવ્યું. અનુક્રમે તેઓ બર્બરકુળમાં આવ્યા. તે વાણિયાએ તે બંને શિષ્યોને રૂધિર કાઢનારાઓને ત્યાં વેચી નાખ્યા. તેઓ પુરૂષના રૂધિરથી વસ્ત્રો રંગવાનું કાર્ય કરતા હતા. તેઓ પાસેથી વણિકે બહુ દ્રવ્ય લીધું. તીવ્ર અસ્ત્રોવડે રૂધિર કાઢનારાઓએ તેની ચામડી ચીરીને લોહી કાઢયું. આ પ્રમાણે કરતા અસ્થિ અને ચામડી માત્ર બાકી રહ્યાં. એવી રીતે ઘણો કાળ ગયો.

એકદા ભવિતવ્યતાના યોગે ભ્રગુક્ષેત્રમાં રહેનારા પૂર્વના પરિચયવાળા શ્રાવકો ત્યાં આવ્યા. તેઓએ તે સાધુઓને ઓળખીને પૈસા આપી છોડાવ્યા, અને ભ્રગુપુરમાં તેને પાછા લઈ ગયા. પછી આલોચના તથા પ્રાયશ્ચિત્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરીને ક્રિયાતત્પર થયા. તેથી તે બંનેને ફરીથી ગચ્છમાં દાખલ કર્યા. આ વાતને બે ત્રણ વરસ વીતી ગયા. પછી ફરીથી તેજ ધૂર્ત વણિક જેણે તે શિષ્યોને વેચ્યા હતા તે ભ્રગુપુરમાં પાછો આવ્યો. 'નિસ્સિહિ' વિગેરે વિવેકના બાહ્ય ઉપચાર કરીને જ્યારે તે સાધુઓને વંદન કરવા આવ્યો, ત્યારે આ બંને શિષ્યોએ તેને ઓળખી લીધો, પણ તે વણિક તે સ્થળે તેઓ પાછા આવી શકે તેમ ન હોવાથી શિષ્યોને ઓળખી શકયો નહિ; એટલે તેણે વહાણ જોવા આવવાની તે શિષ્યોને નિમંત્રણા કરી. શિષ્યોએ કહ્યું કે–" હે શ્રાવક ! અમે બબ્બર કુળ દેખ્યું, તારૂં ચરિત્ર જાણ્યું, હવે જેઓ તારા ચરિત્રને જાણતા ન હોય તેને વંદના કર ને ભોળવ." આ વણિકની કથા આખા ગચ્છમાં અને સંઘમાં પ્રસરી ગઈ. એટલે સંઘે તે વણિકનો તિરસ્કાર કર્યો. તે વણિક પણ તે સ્થળ છોડીને ચાલ્યો ગયો, અને તે ગચ્છના સાધુઓ સુખે ચારિત્ર પાળવા લાગ્યા.

**સાર**—ધર્મને નામે ઠગાઈ કરનારા–લુચ્ચાઈ કરનારા બહુ માણસો રખડે છે. ધર્મને પણ આજીવિકાના–દ્રવ્ય મેળવવાના સાધન તરીકે તેઓ વાપરે છે. ઉપરથી દંભ દેખાડી ધર્મને નામે અનેક જાતની છેતરપિંડી કરે છે. ધર્મશ્રદ્ધાળુનો દેખાવ કરીને આવી રીતે ધર્મઠગપણું કરનારા ખરેખરા તિરસ્કારને પાત્ર છે. સંસારથી તારનાર ધર્મને નામે ઠગબાજી કરનારની ભાવી કેવી

અધમ ગતિ થાય તે કહેવાની જરૂર નથી. ઉત્તમ જીવે ધર્મ ઠગપણું કદિ ન કરવું, અને તેવી રીતે ઠગબાજી કરનારાથી સાવચેત રહેવું તેજ આ કથાનો સાર છે.

## કથા ૬૪ મી.

### અવિચારી કાર્ય કરનારની કથા.

"કેટલાએક જડ બુદ્ધિવાળા કાર્યની પરંપરા જાણતા નથી; અને વિચાર્યા વગર કાર્ય કરે છે. તેવી રીતે કાર્ય કરવાથી એક તપસ્વીએ પાત્રની બંને બાજુએ ઘી તેલ લઈને તે ઢોળી નાખ્યા હતા." તેની કથા આ પ્રમાણે—

લક્ષ્મીપુરમાં કોઈ એક જટાધારી તાપસ રહેતો હતો. તેને એક શિષ્ય હતો, તે બુદ્ધિ વગરનો હતો. એક દિવસ ગુરૂએ શિષ્યને કહ્યું કે-"વત્સ! તું આ ધુપ સળગાવવાનું પાત્ર લઈને બજારમાં જા, તેના એક પક્ષ[1]માં ઘી અને એક પક્ષમાં તેલ લઈ આવ." તે અવિચારી મૂર્ખ શિષ્ય આદેશ પ્રમાણે ઘી તેલ લેવા ચાલ્યો. તેણે વણિકને કહ્યું કે-"મને ઘી તથા તેલ આપ." તેણે તે પાત્રમાં ઘી નાંખ્યું, અને શિષ્યને કહ્યું કે-"તેલ માટે બીજું પાત્ર લઈ આવ." તેણે કહ્યું કે-"આ પાત્રને બીજો પક્ષ[2] છે, તેમાં તેલ આપો."

૧ અડધા-અડધા ભાગમાં ૨ પછવાડેનો ભાગ. 'પક્ષ' નો અર્થ નહિ સમજવાથી તે વિચાર કર્યા વગર વર્તવાથી આ ગોટાળો થાય છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમ કહીને ઠામ ઉંધું વાળ્યું, અને વણિકે હસતાં હસતાં તેમાં તેલ નાખ્યું, પ્રથમ નાંખેલ ઘી ઢોળાઈ ગયું. પછી શિષ્ય ગુરૂ પાસે આવ્યો. ગુરૂએ કહ્યું કે-"ઘી ને તેલ લાવ્યો ?" તેણે કહ્યું કે-"હા, લાવ્યો." પછી તે તેલવાળી બાજુ દેખાડવા લાગ્યો. ફક્ત તેલ દેખીને ગુરૂએ ક્રોધથી પૂછ્યું કે-"અરે ! ઘી કયાં છે ?" તેણે કહ્યું કે-"બીજી બાજુએ છે." ગુરૂએ કહ્યું કે-"દેખાડ." એટલે ઘી દેખાડવા માટે શિષ્યે પાત્ર ઉંધું વાળ્યું, એટલે તેલ પણ ઢોળાઈ ગયું. ઘી તો પ્રથમથીજ ઢોળાઈ ગયેલું હતું. શિષ્ય તો પાત્ર પ્રસારી મુખ પહોળું કરી ગુરૂની સામે જોતો ઉભો રહ્યો, અને ગુરૂનો ઠબકો સહન કર્યો.

**સાર**—વડીલ અથવા શેઠ તરફથી જે કાંઈ હુકમ થાય કે કાર્ય કરવાનું કહેવામાં આવે તે કરવાં પહેલાં બુદ્ધિનો અવશ્ય ઉપયોગ કરવો-વિચાર્યા વગર શબ્દ ઉપર લક્ષ રાખીને માત્ર કાર્ય કરવાથી કેટલીક વખત કાર્યનો વિનાશ થાય છે અને હાંસીપાત્ર થવાય છે. શિષ્ય પક્ષનો અર્થ સમજ્યો નહિ તેનું આ પરિણામ આવ્યું. જો પક્ષ એટલે બે બાના તેમ તે સમજ્યો હોત તો આમ ન થાત, અથવા પૂછ્યું હોત તોપણ ન થાત. માટે એવી બાબતમાં પ્રથમ પૂછવાની ને સમજવાની ટેવ રાખવી કે જેથી ઠબકો ખાવો ન પડે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૬૫ મી.

## બહુ લોકની જુદી જુદી વાત સાંભળનાર એક વણિકની કથા.

" રૂચિ તથા અનુકૂળતા પ્રમાણેજ બુદ્ધિવંતે કાર્ય કરવું. લોકો તો જુદી જુદી રીતે ઈચ્છાનુસાર બોલે છે. તે સાંભળતાં પાર આવતો નથી. તે ઉપર એક શ્રેષ્ઠીનું દૃષ્ટાંત છે. " તે આ પ્રમાણે—

કોઈ એક વણિક પોતાના બાળક પુત્રને ખોળામાં લઈ વૃષભ ઉપર બેસીને પોતાને ગામથી બીજે ગામ જતો હતો. વચ્ચે એક ગામ આવ્યું એટલે " લોકો મને વૃષભને દુઃખ ઉપજાવનાર નિર્દય ધારો નહિ " તેવા વિચારથી તે પોતે વૃષભ ઉપરથી ઉતરી ગયો, અને છોકરાને પણ ઉતારી નાંખ્યો. ગામમાં થઈને તે ચાલ્યો, ત્યારે લોકોએ કહ્યું કે–"આ બળદની બહુ રક્ષા કરે છે, તે શું તેને દુધ આપશે ? કેમ તેના ઉપર કોઈ બેસતું નથી. " આ પ્રમાણે સાંભળીને પુત્રને બળદ ઉપર બેસાડ્યો. તે દેખીને ગામના લોકો બોલ્યા કે– " અહો ! આ વૃદ્ધ તો મૂર્ખ દેખાય છે ! બાળકની રક્ષા કરે છે, પણ પોતે કેમ બળદ ઉપર બેસતો નથી ?" આવું સાંભળીને પુત્રને ઉતારી તે વૃદ્ધ તેની ઉપર બેઠો. તે દેખીને લોકોએ કહ્યું કે–"અહો ! વૃદ્ધ તો નિર્લજ્જ ને દયા વગરનો દેખાય છે. પોતાના બાળક પુત્રને ચલાવે છે અને પોતે લુલાની જેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બળદ ઉપર બેઠો છે." આ પ્રમાણે જુદી જુદી રીતની લોકોની વાણી સાંભળીને વણિકે મનમાં વિચાર કર્યો કે–"બહુ રીતે બોલનાર લોકોને શું કહેવું ? આપણે જેમાં પોતાનું હિત લાગતું હોય તે આચરવું. જે બધા લોકોને સંતોષ આપવા ઇચ્છે છે તેની પાસે કાંઈ પણ ઉપાય રહેતો નથી." અર્થાત્ બધા લોકો રાજી થઈ શકતાજ નથી. આમ વિચારીને બંને જણા વૃષભપર બેઠા ને ધારેલ ગામે પહોંચ્યા.

**સાર**–લોકો તો પોતપોતાની રૂચિ પ્રમાણે બોલનારા હોય છે. દરેકની રૂચિને અનુકૂળ રીતે વર્તન કરવું મુશ્કેલ છે, તેથી જે રસ્તો પોતાને હિતાવહ તથા લાભકારી જણાય તદનુસાર વર્તવું તેજ ઉતમ છે. 'ગામને મોઢે ગરણું બંધાતું નથી.' લોકો તો અનેક રીતે કહે છે, પણ તે પ્રમાણે વર્તવાથી લાભ થઈ શકતો નથી.

# કથા ૬૬ મી.

## પારકાનાં વચન ઉપર વિશ્વાસ કરનાર ચોરની કથા.

"જે પરનાં ઉપર વિશ્વાસ રાખે છે તેને દુઃખ પ્રાપ્ત થવું સહેલ છે. જુઓ વૃદ્ધાના વચન ઉપર વિશ્વાસ રાખવાથી મધમાખોએ ચોરની વિડંબના કરી હતી." તેની કથા આ પ્રમાણે:—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વીરવર્ધનપુર નામના નગરમાં એક ઘરમાં સાસુ તથા વહુ બે રહેતા હતા. એક વખતે તે ગામમાં ઘણા ચોર આવ્યા. રાત્રે તે સાસુ-વહુ બંને જાગતા હતા. ઘોર અંધકારમાં એક ચોર તેના ઘરમાં પેઠો. "કોઈ જાગે છે કે નહિ" તે જાણવા માટે મંદ મંદ પગલા મૂકતો તે ચોર એક ખુણામાં ઉભો રહ્યો. સ્ત્રીઓએ તેને જાણી લીધો. તે જાણીને તેઓ સુતી સુતી વાતો કરવા લાગી. સાસુએ કહ્યું કે-"વહુ! તુ તો બહુ ભોળી છે. કાંઈ સમજતી નથી. હમણા કોટવાળના દુર્લક્ષથી ગામમાં ચોરો બહુ ભમે છે, તે શું તું જાણતી નથી? તેં તારા હાર, અર્ધહાર, કંકણ વિગેરે આભૂષણો કોઈ ગુપ્ત સ્થાનમાં કેમ મૂકયા નથી? તેં તારા તથા મારા ઘરેણાં પણ આ પાસેના કોઠારીઆમાંજ મૂકયા છે, એટલે તેની પાસેના વૃક્ષ ઉપર ચઢીને ચોરોને લેતાં શું વાર લાગે તેમ છે?" આ પ્રમાણે સાંભળીને તે તસ્કર ધીમેથી બહાર નીકળી પાસે રહેલા લીંબડાના વૃક્ષ ઉપર ચઢ્યો. તે વૃક્ષ ઉપર એક મોટો મધપુડો હતો. ચોર ચઢયો, એટલે મધમાખો તેમાંથી ઉડી. અને ચોરને અંગે ચોંટી. ઘણી મધમાખો ચોંટવાથી તથા તીક્ષ્ણ મુખવડે તેના શરીર ઉપર ચટકા ભરવાથી તેના શરીરમાંથી લોહીનો પ્રવાહ ચાલ્યો. તે દુઃખથી દુઃખિત થઇને ચોર નીચે ભૂમિ ઉપર પડ્યો. તેનો ધબકારો સંભળાયો, એટલે ઘરમાં રહેલી વૃદ્ધાએ કહ્યું કે-"આ કોણ પડયું?" ચોરે કહ્યું કે-"તમારી વાણી ઉપર વિશ્વાસ રાખ્યો તે ચોર પડ્યો." વૃદ્ધાએ કહ્યું કે-"અરે! ધિક્કાર

છે તેને, તે એટલું પણ સમજ્યો નહિ કે વૃક્ષની પાસે કોઠારીઆમાં કોઈ ઘરેણાં રાખે ? ” તે સાંભળીને ચોર મધમાખોના ડંસથી દુ:ખી થતો ત્યાંથી ચાલ્યો ગયો.

**સાર**—સમય જોઈને પારકાનાં વચન ઉપર વિશ્વાસ રાખી શકાય. આપણને છેતરવાને માટે કોઈ પ્રપંચ રચતું હોય, ખોટું બોલતું હોય, તો તેવે વખતે તેના વચન ઉપર વિશ્વાસ રાખવાથી નુકશાનજ સહન કરવાનો સમય આવે છે. જ્યારે કોઈનો અમુક કાર્યમાં સ્વાર્થ હોય, ત્યારે સ્વાર્થવશ મનુષ્યો પ્રપંચ રચવામાં, ખોટું બોલવામાં તત્પર થઈ જાય છે, માટે સમય તથા પુરૂષનો વિચાર કરી તેનાં વચન ઉપર વિશ્વાસ રાખવો; જેના તેના વચનપર વિશ્વાસ રાખવો નહિ.

## કથા ૬૭ મી.

### જડના સંગનો ત્યાગ કરવા ઉપર ચૈત્રની કથા.

“ બુદ્ધિવંત એવા વિદ્વાનની સાથે બોલવું, જડની સાથે બોલવું પણ નહિ. પ્રજ્ઞાવગરના બોલવામાં કુશળ એક જટાધારીનું આ સંબંધમાં કથાનક છે.” તે આ પ્રમાણે—

પાટલીપુરમાં યજ્ઞદત્ત બ્રાહ્મણને મહાબુદ્ધિશાળી ચૈત્ર નામે પુત્ર હતો. તે ગુરૂ પાસે થોડું થોડું ભણ્યો. વિશેષ શાસ્ત્રાદિ શિખવામાટે તે મહોદય નામના ગામમાં ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં જ્ઞાનદર્પણ નામના ઉપાધ્યાય રહેતા હતા, તેની પાસે વિનય પૂર્વક ચૈત્રે અભ્યાસ શરૂ કર્યો. ચારે વિદ્યારૂપી સમુદ્રનો તે પાર પામ્યો, અને ખંડનવિદ્યામાં કુશળ થયો. તેણે વિદ્યા ભણી કૃતકૃત્ય થઈ માબાપ સાંભરવાથી સ્વદેશ તરફ જવાની ઈચ્છાથી ગુરૂની આજ્ઞા માગી. ગુરૂએ પણ બહુ વાત્સલ્યપૂર્વક ઘણાં પુસ્તકો આપી શિખામણ દઈને રજા આપી. ગુરૂએ ચાલતી વખતે કહ્યું કે–" વત્સ ! ખોટા પાઠ કહેનારા જટાધારીઓ સાથે બુદ્ધિભ્રંશ થવાના ભયથી સંગતિ કરવી નહિ. તેમની સાથે વાદ પણ કરવો નહિ." પછી ગુરૂની શિક્ષા મસ્તકે ચઢાવીને પુસ્તકો એક બળદ ઉપર લાદી તે ચાલ્યો. પ્રયાણને પાંચમે દિવસે તેણે એક નગરમાં પ્રવેશ કર્યો. તે સમયે વરસાદ વરસવા લાગ્યો. પુસ્તક પલળી જવાની બ્હીકથી સ્થાન શોધતા તે શિષ્યે એક જટાધારીની ઝુંપડી દીઠી. જટાધારીએ તેને બોલાવ્યો, એટલે તે મઠમાં ગયો. ગુરૂનાં વાક્યનું તેને સ્મરણ હતું પણ કાર્ય જરૂરનું હતું, તેથી ચૈત્રે તે સ્થળે પુસ્તકો ઉતાર્યાં, બળદને બાંધ્યો, અને તે મઠમાં રહ્યો. રાત્રે વાર્તાલાપના પ્રસંગે તે જટાધારીએ કહ્યું કે–" ચૈત્ર ! તને શું શું આવડે છે ?" તેણે કહ્યું કે–"હું પંડિત થયો છું; તેથી તમે જે પૂછશો તેની સ્વતંત્ર રીતે હું વ્યાખ્યા કરીશ." તે સાંભળીને જટાધારીએ કહ્યું કે–

"ज्ञातरि भुंजति भरड भसंगी मुहगारि जड पांडरी !
तड तड भुंजइ महण देइ पडतड ता धसमम ॥



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આનો અર્થ કહે.” ચૈત્રે આ વાક્ય સાંભળીને બહુ વિચાર કર્યો, પણ તેનો અર્થ આવડ્યો નહિ. તેથી તે વિલખો થઈ ગયો. વળી તે તાપસે કહ્યું કે–“આ વાક્ય સાંભળ–

**सिरिगिरि बोलइं राणा, सिरिगिरि दीज्जइं काणा ।**
**सिरिगिरि बोलइं पंडिया, तीनरिनेता सिरिगिरिसिरिगिरि॥**

ચૈત્ર તો તેનો પણ અર્થ કરી શક્યો નહિ. જટીએ કહ્યું કે–“ આનો અર્થ પણ જો તને આવડતો નથી. તો તારી પંડિતાઇ શા કામની ? ” ચૈત્ર મનમાં બહુ ઝંખવાણો પડી ગયો. તે પ્રશ્નોના ખુલાસા પૂછવા તે ઉપાધ્યાય પાસે જવા પાછો વળ્યો, અને તેની પાસે ગયો. પછી તેને વાંદીને મઠમાં બનેલી બધી હકીકત કહી તે પદ્યોના અર્થ પૂછ્યા. ગુરૂએ તે બંને પદ્યોનાં અર્થ કરતાં કહ્યું કે–“ વત્સ ! કૂટ પાઠનો અર્થ ગુઢ હોય છે, બાકી તારાથી કાંઈપણ અજ્ઞાત નથી. તેમાંનું પહેલું પદ્ય ધડા વિનાનું છે. તેનો સાર એ છે કે–“ હે ભસ્માંગી ! ( પાર્વતી ! ) જ્યાં મૂર્ખ અથવા પંડિતો જમે છે ત્યાં હું વૃષભધ્વજ ( શંકર ) જમું છું. ”

આ શ્લોક ઉમા મહેશના સંવાદમાંથી છે. બીજો શ્લોક તો જાણીતો–લોક પ્રસિદ્ધ છે. તેનો અર્થ એવો છે કે–“રાજા એકજવાર બોલે છે, કન્યા એકજવાર અપાય છે, પંડિતો પણ એકજવાર બોલે છે. આ ત્રણે એકજવાર થાય છે. ” આ પ્રમાણે પરંપરા જાણીને ચૈત્રે કહ્યું કે–“ ભગવન્ ! હું શું કરૂં ? વરસાદની વૃષ્ટિથી પરતંત્ર થઈને મેં તે મઠમાં પ્રવેશ કર્યો. હવેથી તેવા મૂર્ખોનો સંગ નહિજ કરૂં.” ગુરૂએ કહ્યું

કે–"વત્સ ! તેઓના જડપણાની આ નવાઈ નથી. પહેલાં પણ સાંભળ્યું છે કે–' નવ તાપસો એક ગામથી ચાલ્યા. વચ્ચે નદી આવી, સર્વે તરીને સામે પાર ગયા; તેમાંથી એકે કહ્યું કે–' આપણી સંખ્યા ગણો કે જેથી કોઇ ડુબી ગયો છે કે નહિ તેની ખબર પડે.' પછી તેઓ ગણવા લાગ્યા, તો આઠ થયા. સર્વે પોતપોતાને ગણતા નહોતા. આઠ થવાથી એક જળમગ્ન થઈ ગયો છે તેમ ધારી સર્વે રૂદન કરવા લાગ્યા. તેવામાં મુસાફરો આવ્યા, તેઓએ રૂદન કરવાનું કારણ પૂછ્યું. તેઓની વાત સાંભળીને બહુ મુશ્કેલીથી ' તેઓ નવજ છે ' તેમ તેઓએ સમજાવ્યું, અને સર્વે રસ્તે પડ્યા." આ હકીકત સાંભળીને ગુરૂને નમીને તે સ્વદેશ તરફ બાપને ગામ ગયો. વિદ્યાવડે તે મહાજનોને પણ પૂજનિક થયો.

સાર—'જેવી સોબત તેવી અસર' તે આ કથાનું રહસ્ય છે. જડની સાથે નહિ રહેવાનો તે માટેજ બોધ કરેલ છે. જેવાની સાથે રહીએ તેવા થઈ જવાય છે. બુદ્ધિવંતની સાથે રહેવાથી બુદ્ધિમાન્ થવાય છે, અને જડની સોબત થતાં બુદ્ધિ હોય તો તેનો પણ નાશ થઈ જાય છે. હમેશાં સોબત તો પોતાના કરતાં ઉત્કૃષ્ટ માણસનીજ શોધવી. તેમ કરવાથી ધીમે ધીમે ઉન્નત થવાનો પ્રસંગ આવી મળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૬૮ મી.

## આડંબરથી ન છેતરાવા ઉપર એક વેશ્યાની કથા.

"આડંબર દેખીને વિચક્ષણ પુરૂષે તેનો વિશ્વાસ કરવો નહિ, ને તેથી ઠગાવું નહિ. અતિ અલ્પ શીખેલ એક પોપટને બહુ શીખેલ ધારીને એક વેશ્યા ઠગાણી હતી." તેની કથા આ પ્રમાણે—

સિંદૂરપુર નગરમાં એક ચંદનક નામે બ્રાહ્મણ રહેતો હતો. તે કપટકળામાં બહુ કુશળ હતો. તેણે બજારમાંથી એક શુક વેચાતો લીધો, અને તેને ઘેર લઈ જઈને શ્લોકો, ગાથાઓ, દોધકો વિગેરે શીખવવા લાગ્યો. પણ તે પોપટ જડ બુદ્ધિવાળો હોવાથી તેને કાંઈ આવડ્યું નહિ. 'પક્ષીઓમાં પણ જ્ઞાનને અંગે તરતમતા હોય છે.' પછી વિપ્રે તેને શીખવ્યું કે-'વીસઈ વીસા.' આટલું બોલતાં પણ શુકને બહુ મહેનતે આવડ્યું. પછી યૌવનવંત તથા રૂપવંત એવા તે શુકને પાંજરામાં ઘાલીને ચતુષ્પથમાં તેને વેચવા માટે તે લઈ ગયો. તે સ્થળે એક કુટ્ટિની આવી. તેણે તે શુકને દીઠો. તેણે બ્રાહ્મણને પૂછ્યું કે-"કેમ આ શુક વેચવાનો છે?" તેણે કહ્યું કે-"હા." કુટ્ટિનીએ કહ્યું કે-"આ શુક કાંઈ ભણેલો છે?" બ્રાહ્મણે કહ્યું કે-"તે તેનેજ પૂછો." વેશ્યાએ શુકને પૂછ્યું કે:-"વત્સ કીર! તને સારી ભાષા બોલતાં

આવડે છે ?" શુકે શાંતપણે કહ્યું કે:-"વીસઇ વીસા." ફ્રીથી તેણે પૂછયું કે:-ચત્વરે ચત્વરે રામ, પર્વતે પર્વતે શિવ-તેવું બોલતાં આવડે છે ?" ફરીથી શુકે જવાબ આપ્યો કે-"વીસઇ વીસા." વેશ્યા તે સાંભળીને રાજી થઇ, અને "આ શુક મારે ઘેર આવનાર ભોગી પુરૂષોને આનંદ કરાવશે" તેમ ધારીને ઘણું સુવર્ણ આપી તે શુક તેણે વેચાતી લીધો. બ્રાહ્મણ સુવર્ણ લઇને ચાલતો થયો. કુટ્ટિની તેને લઇને ઘેર ગઇ. પછી શુકને ખવરાવ્યું. મધ્યાહ્ન સમયે તેણે શુકને પૂછયું કે:-"વત્સ શુક ! તને સારાં શ્લોકો-સુક્તો આવડે છે ?" શુક બોલ્યો કે:-"વીસઈ વીસા" વેશ્યાએ કહ્યું કે:-"ત્યારે બોલ." પણ તે બીજાં કાંઈ સૂક્ત બોલ્યો નહિ. રામાયણ, ભારત વિગેરેની વાતો પૂછી, તેના પ્રત્યુત્તરમાં માત્ર 'વીસઈ વીસા' સિવાય બીજું કાંઇ તે બોલ્યો નહિ. એટલે તેણીએ કહ્યું કે:-"ધાઠીરે ધાઠી[1]" શુકે કહ્યું કે:-"વીસઈ વીસા[2]" વેશ્યા બોલી કે:-"અહો, તે ધૂર્ત વિપ્રે મને ઠગી." શુક બોલ્યો:-"વીસઇ વીસા". એટલે તેણી ખિન્ન થઇને ચુપ થઇ ગઇ.

**સાર**--બાહ્યાડંબરથી કદિ લોભાવું નહિ. જે કોઈ વસ્તુ ખરીદવી હોય તેનો સંપૂર્ણપણે તપાસ કરવો. તેમાં પૂર્ણપણે ઉંડા ઉતર્યા પછીજ ખરીદવી. બાહ્યાડંબરથી ઘણીવાર છેતરાઈ જવાય છે, બાહ્યાડંબરથી છેતરાઇ ખરીદવાથી કાંઈ ધારીએ અને કાંઈ આવી જાય છે, અને પસ્તાવાનો

૧. છેતરાણી રે છેતરાણી. ૨ વીસે વસા-સંપૂર્ણપણે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રસંગ આવે છે. બાહ્યાડંબરથી છેતરાઈને ઘણા માણસો તપાસ કરતા નથી, પણ ઉપરથી દેખાતું સોનું પણ પછવાડેથી કથીર નીકળે છે, તેથી સંપૂર્ણ તપાસ કરીને કોઈપણ વસ્તુ ખરીદવી.

## કથા ૬૯ મી.

### દીર્ઘકાળે કાર્ય કરનાર પુત્રવધુની કથા.

" દીર્ઘકાળે કાર્ય કરનાર કોને ખેદ કરાવનાર થતો નથી ? શ્વસુર તથા પુત્રવધુની વાતચિત સાંભળીને આવેલા અતિથિ ચાલ્યા ગયા. " તેની કથા આ પ્રમાણે—

પોતનપુરમાં કામપાલ નામે વણિક રહેતો હતો. તેને મલ્લ નામે પુત્ર હતો, તેને બલાહિકા નામે પત્ની હતી. તે બહુજ આળસુ હતી. કોઈપણ ગૃહકાર્ય યોગ્ય સમયે તે કદિ પણ કરતી નહોતી. કોઈ કોઈ કામ કરતી, તો પણ મનમાં બળ્યા કરતી હતી. હર્ષપૂર્વક કોઈ કામ કરતી નહોતી. એક દિવસ પ્રભાતમાં તેને ઘેર ઘણા અતિથિ આવ્યા. શ્રેષ્ઠીએ સ્વાગતાદિ સત્કાર કર્યો. બધાને બેસાડ્યા. તે વખતે સૂર્યોદય થયો હતો ને અંધકારનો નાશ થયો હતો. ચૈત્યાદિકમાં ઘંટનો નાદ તથા અન્ય વાદ્યો વાગવા માંડ્યા હતા અને સર્વનો વ્યવહાર શરૂ થયો હતો. તે વખતે શ્રેષ્ઠીએ પુત્રવધુને કહ્યું કે:-"વહુ ! દીવો કરો." તેણે કહ્યું કે:-" કરૂં છું." અ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તિથિઓએ પૂછયું કે:–"જગત્‌ના દિપક સમાન સૂર્યનો ઉદય થયો છે, છતાં અત્યારે દીપક કરાવવાનું શું પ્રયોજન છે ?" શ્રેષ્ઠીએ કહ્યું કે:–"તમે અમારી વહુનો વ્યવહાર જાણતા નથી. તેને અત્યારે દીવો કરવાનું કહીશ, ત્યારે તે સાંજે દીવો કરશે, તેથી જે મોડું કરવાનું હોય તે પ્રથમથી કહી રાખવું પડે છે." શ્રેષ્ઠીનાં આવાં વચન સાંભળીને પ્રાહુણાઓએ વિચાર્યું કે:–"અહો, જ્યાં આવી સ્થિતિ વર્તે છે ત્યાં દેવાર્ચન ક્યારે થશે ? ભોજન ક્યારે થશે ? તાંબુલાદિ ક્યારે થશે ? તેથી અહીંથી ચાલ્યા જવું તેજ શ્રેષ્ઠ છે. કુદેશ અને કુસ્વામી હોય તે સ્થળે ન રહેવું તેમાંજ શોભા છે." આ પ્રમાણે વિચારીને અતિથિઓ કાંઈ મિષ કરીને ત્યાંથી ચાલ્યા ગયા, તે પાછા આવ્યાજ નહીં.

**સાર**—આળસ મનુષ્યના અંગમાં રહેલો ખરેખરો શત્રુ છે. તેને વશ થયેલ મનુષ્યને કામકાજ સુજતું નથી. કોઈપણ જરૂરી કાર્ય અમુક સમયે કરવાનું હોય તે આળસુ નિયત વખતે કરી શકતો નથી, અને પસ્તાવાનો પ્રસંગ આવે છે. આળસને જે વશ થયેલ હોય તે બહુ દુઃખી થાય છે, ફરજ સમજી શકતો નથી, આળસમાં મગ્ન રહે છે; તેથી તેવા કટ્ટા શત્રુની સંગતિ છોડી ઉદ્યમરૂપ મિત્રને સેવવો કે જેથી ધારેલ કાર્ય બની શકે અને ઇપ્સિત ફળ મેળવી શકાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૭૦ મી.

## સહસા લક્ષ્મી પ્રાપ્ત કરનાર વિપ્રની કથા.

" જો મનુષ્યનો ભાગ્યોદય થાય તો તેને અચાનક લક્ષ્મી મળી જાય છે. ' ખાઉં છું, ખાઉં છું, ' તેવી વાણી બોલનાર વિપ્રને પણ ભાગ્યયોગે લક્ષ્મી પ્રાપ્ત થઈ હતી." તેની કથા આ પ્રમાણે—

ગોબરપુર ગામમાં હલસેન નામે બ્રાહ્મણ રહેતો હતો. તે યુવાન હતો, પણ નિર્ભાગી, જડ બુદ્ધિવાળો, કડવી ભાષા બોલનારો, દિન, કુરૂપ તથા દરિદ્રિ હતો. તેને કૃપણ કળહ કરનારી કૃતિકા નામે સ્ત્રી હતી. તે હમેશાં સાંજે એકઠા થયેલા દાણામાંથી રાબ કરતી ને તેને ખાવા દેતી હતી. હમેશાં રાબ ખાવાથી વિપ્ર બહુ ખેદ પામ્યો, પણ સ્ત્રીની પાસે તે બોલી શકતો નહોતો. એક દિવસ તો રાબ પીરસી, એટલે વિપ્રે કહ્યું કે:–" હું આજે રાબ ખાવાનો નથી. " આ સાંભળીને તે બ્રાહ્મણીને બહુજ ક્રોધ ચઢયો, અને એક સળગતું લાકડું ચુલામાંથી લઇ તેને મારવા તે દોડી. તેના ભયથી તે વિપ્ર તે સ્થળેથી નાશી ગયો. તેણી પણ હાથમાં બળતું લાકડું લઇને ઘણા વખત સુધી તેની પછવાડે દોડી. પછી પાછી વળીને તે પોતાને ઘેર આવી. તે પછવાડે આવે છે તેવો વિચાર કરતો તે બ્રાહ્મણ તો તેની બ્હીકથી દોડતો દોડતો નગરના કિલ્લાની ફરતી બાંધેલી ખાઈના મધ્ય ભાગમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પેગ્રી ગયો. તે વખતે સૂર્યાસ્ત થયો. અંધારૂં થયું તેથી તેને ઉંઘ આવવા માંડી, અને તે વિપ્ર તો તે સ્થળે નિદ્રામાં પડ્યો. રાત્રી ચાર ઘડી બાકી રહી ત્યારે તે નગરમાં ચોરી કરીને કોઈ તસ્કરો તે બાઈમાં આવ્યા. ઘણા સમય પહેલાં ભોજન કરેલ હોવાથી તેઓ બહુ ક્ષુધાતુર થયા હતા. એક ચોરની પાસે ભાતામાં નાળીએર હતું. તે ફોડવા માટે તેઓ પથરો શોધતા હતા. તે વખતે તે ઉંઘતા વિપ્રનું માથું તેઓના હાથમાં આવ્યું. બાઈનો મધ્ય ભાગ અને રાત્રી, તેથી અંધારાને લીધે તે માથાને મોટો પથ્થર જાણીને તેઓએ નાળીએર વધેરવા માટે તેના માથા ઉપર પછાડયું. તેના આઘાતથી તે વિપ્ર જાગી ગયો અને વિચાર્યું કે–" ખરેખર, રાબ નહિ ખાવાથી ક્રોધમાં આવેલ મારી પત્ની હાથમાં અગ્નિમય કાષ્ટ લઈને આવેલ છે, અને તેણેજ મને આ ઘા માર્યો જણાય છે." તેથી ઉચ્ચ સ્વરવડે તે બોલ્યો કે–"ખાઉં છું, ખાઉં છું." વિપ્ર તો "હું રાબ ખાઉં છું. માટે હે પત્ની! તું મને શા માટે મારે છે?" તેવી બુદ્ધિથી બોલ્યો હતો, પણ ચોરોએ ધાર્યું કે–" અહીં કોઈ રાક્ષસ કે ભૂત જણાય છે." આવા વિચારથી ચોરીનો માલ બધો તેજ સ્થળે રહેવા દઈને તેઓ તે સ્થળેથી પ્રાણનાશના ભયથી નાશી ગયા.

થોડા વખત પછી પરવાળાના રંગ જેવો પ્રભાત કાળનો રાતો રંગ પ્રગટ થયો. સકળ વિશ્વ ઉપરથી અંધકારના દરવાજા ઉઘડી ગયા. સૂર્યરૂપી ભર્તારનું આગમન થવા-

નું હોવાથી કેશરાદિકથી રંગેલા કોસુંબી વસ્ત્ર આકાશરૂપી પત્નીએ ધારણ કર્યાં. વિપ્ર આસપાસ જોવા લાગ્યો, તો પોતાની પત્નીને તેણે દેખી નહિ. માત્ર વસ્તુઓથી ભરેલાં પોટલાં પડેલાં દીઠાં. જ્યારે તેણે તે પોટલાં છોડ્યાં, ત્યારે સુવર્ણ, રૂપુ, પરવાળા, મોતી, રેશમી વસ્ત્રો વિગેરે મોટા શ્રેષ્ઠીના ઘરને લાયકની કિમતી વસ્તુઓ તેમાં દેખી; તેથી તે વસ્તુઓ તેજ પ્રમાણે પાછી બાંધી ઉપાડીને તે ઘેર આવ્યો. વાઘણની જેવી, દારૂણ રૂપવાળી તેની પત્નીએ સામે આવીને ગર્જના કરી કે–" કેમ ? કયાં ચાલ્યા ગયા હતા ? ઘેર પાછા કેમ આવ્યા ? કોણે બોલાવ્યા હતા ? જલદી પાછા જાઓ. " વિપ્રે કહ્યું કે–" પ્રિયે ! જે દિવસોમાં તેં મારી ગુલામની જેમ નિર્ભર્ત્સના કરી હતી, તે મારા દિવસો હવે ગયા છે. હવે તો દૈવે મને કુબેરની જેવો શ્રીમાન્ કર્યો છે. જો આ કનકાદિ બધું તપાસ." તેમ કહીને તેણે ગાંસડીઓ નીચે મુકીને છોડી, એટલે તે બધી લક્ષ્મી દેખીને પેલી સ્ત્રી તો હર્ષઘેલી થઇ ગઇ, તેનો કોપ કયાંઇ ચાલ્યો ગયો, અને 'સ્વામિન્ ! ઘણું જીવો, દાસીને લાયક હુકમ ફરમાવો' તેમ બોલતી દેવની જેમ તેની આરાધના કરવા લાગી.

**સાર**—જ્યારે નશીબ પાધરૂં થાય છે, ત્યારે દૈવ તુષ્ટમાન થાય છે ને સંપત્તિ સહેજે આવી મળે છે. પ્રયત્ન કરતાં તો પેટજ ભરાય છે, પણ દૈવ કૃપા કરે ત્યારે ઢગલા થાય છે. એવે સમયે અવળે હાથે નાંખેલા પાસા પણ સવળા પડે છે, અને ઘર ઋદ્ધિથી ભરાઇ જાય છે. આવે સમયે ગર્વ

ન કરવો, પણ પ્રાપ્ત સામગ્રીનો સદુપયોગ કરવો તેજ ખરી મહત્વની બાબત છે. દૈવ તુષ્ટમાન થાય ત્યારે મદાંધ થઈને આવેલ ઋદ્ધિનો દુરૂપયોગ કરાય તો પાછો તેજ દૈવ કોપાયમાન થઈને બધું પાછું હરી લે છે, માટે જે સમયે સંપત્તિ મળે ત્યારે વિચારપૂર્વક તેનો સુસ્થળે ઉપયોગ કરવો તેમાંજ ડહાપણ છે.

## કથા ૭૧ મી.

### મૃષા બોલનારા એક ધૂર્તની કથા.

"અસત્ય બોલનારા પુરૂષો કોને કષ્ટમાં નાંખતા નથી ખોટું બોલનારા એક ધૂર્તે શેઠ તથા શેઠાણીને કળ કરાવ્યો હતો." તેની કથા આ પ્રમાણે—

અવંતીનગરીમાં મહીધન નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને નવી નવી કથાઓ સાંભળવી બહુ પ્રિય હતી. તેની પત્નીનું નામ મદનિકા હતું. એક વખતે તે ગામમાં ધૂતારાઓનું ટોળું આવ્યું. તેઓએ અંદર અંદર એવી વ્યવસ્થા કરી હતી કે—"એક માણસે વારાફરતી સર્વને ભોજન કરાવવું." આ ઠરાવ પ્રમાણે પ્રભાતના આરંભમાં એક ધૂર્ત બ્રાહ્મણનો વેષ પહેરીને તે શ્રેષ્ઠીને ઘેર આવ્યો, અને તેને કહ્યું કે— "અહો ભાગ્યશાળી ! મારા કુટુંબ માટે મને ભોજન આપો. કહ્યું છે કે જે અનાજ ક્ષેત્રમાં વાવીએ તેનાથી સંપત્તિની

વૃદ્ધિ થાય છે, અને ઘરમાં જે નાખીએ તેનો મૂળમાંથી નાશ થાય છે." તેનાં આવાં વચનો સાંભળીને શ્રેષ્ઠીએ તેને કહ્યું કે—"ભૂતમાં બની ન હોય, વર્તમાનમાં બનતી ન હોય અને ભવિષ્યમાં બને તેવી ન હોય તેવી જે કથા મને કહે તેને હું ભોજન આપું છું." આવી કથા કહેવાને તે ધૂર્ત અસમર્થ હોવાથી તે પોતાના યુથમાં પાછો આવ્યો. તેણે સર્વ ધૂર્તોને કહ્યું કે—" આજે મેં એક શ્રેષ્ઠી પાસે ભોજનની યાચના કરી. તેણે કહ્યું કે—' જે બની ન હોય, બનતી ન હોય, અને બને તેવી ન હોય તેવી જે વાર્તા મને કહે તેને હું ભોજન આપું છું.' આવી કથા કહેતાં મને આવડતી નહોતી, તેથી હું પાછો આવ્યો છું. જે આવી કથા કહેવાને સમર્થ હોય તે તેની પાસે જઇને ભોજન લઈ આવો."

તેણે કહેલી આ હકીકત સાંભળીને એક મહાધૂર્ત બોલ્યો કે—" હું તેને તેવી વાર્તા કહી સંભળાવીશ." આવી પ્રતિજ્ઞા કરીને તે શ્રેષ્ઠી પાસે ગયો અને બેઠો. પછી કહ્યું કે—"શ્રેષ્ઠિન્! હમણા મેં આ નગરમાં એક નવાઇ જેવું દેખ્યું. દશ પુરૂષથી મુશ્કેલીથી ઉપાડી શકાય તેવા એક રીંગણાને શાક બજારમાં એક પુરૂષ ફક્ત પાંચ લોષ્ટિક[1] વડે વેચે છે." આવી અપૂર્વ વાત સાંભળીને તે જોવાનો વણિકને વિચાર થયો, અને તેને ઘરના રક્ષક તરીકે બેસાડીને તે ગયો. તે સમયે તેની પત્ની નજીકના કુવા ઉપર પાણી ભરવા ગઈ હતી. શૂન્ય ઘરનું તે ધૂર્ત રક્ષણ કરતો હતો, અને તાંબુળ ખાતો

---

૧. અમુક જાતનું હલકું દ્રવ્ય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો. થોડા વખતમાં શેઠાણી આવી, અને પતિને નહિ દેખવાથી તથા તે નવીન માણસને જોવાથી તેણે પૂછયું કે-"તમે કોણ છો ? શેઠ કયાં ગયા ?" ધૂર્તે કહ્યું કે-" હું તો પરદેશી છું, ભોજનને માટે શ્રેષ્ઠી પાસે આવ્યો હતો. હું સુક્તાદિકથી તેને ખુશી કરતો હતો, તેવામાં એક યૌવનમત્ત સ્ત્રી આવી. તેની સાથે શ્રેષ્ઠીએ ઘણા વખત સુધી વાતો કરી, અને તાંબુળ ખાધાં, તે સ્ત્રી શેઠને સાથે લઇને કાંઈક ગઈ છે; તેઓએ નાંખેલા તાંબુળની પીચકારીઓ આ રહી." એમ કહીને પોતે નાંખેલી તાંબુળની પીચકારીઓ દેખાડી. આ વાત સાંભળીને માથા ઉપર રહેલ જળ ભરવાનો માટીનો ઘડો ભૂમિ ઉપર નાંખી દઇને કોપાયમાન થયેલ તે સ્ત્રી બોલી કે-"તે પાપી કયે રસ્તે ગયા ?" એટલે જે રસ્તે શ્રેષ્ઠી ગયો હતો તેજ રસ્તો તેણે શેઠાણીને દેખાડ્યો. તેણી પછવાડે છોડી, અને પતિને દેખ્યો. પેલા ધૂર્તે કહેલ વૃત્તાંતને શોધતો શૂન્ય મનથી તે આમ તેમ ભટકતો હતો. તેને દેખીને તે સ્ત્રીએ રાડ પાડીને કહ્યું કે-"અરે પરસ્ત્રીલંપટ ! ભક્ષ્ય શોધનાર ઉંદરની જેમ આમ તેમ કેમ ભટકે છે ?" આ પ્રમાણે કહીને રસ્તા ઉપરની ધૂળ તથા કચરો તેના ઉપર ફેંકયો. શ્રેષ્ઠીએ કહ્યું કે:-"આ શું ? આ શું ?" તેણી તો ક્રોધે ભરાઇને દુર્વચનો કહેવા લાગી. શ્રેષ્ઠીએ પૂછયું કે:-"યદ્વાતદ્વા કેમ બોલે છે ? તને શું થયું છે ?" તેણીએ કહ્યું કે:-" અરે સ્વચ્છંદી ! દુરાત્મન્ ! મને વિદેશીએ કહ્યું કે:-પરસ્ત્રીની સાથે તેના બોલાવવાથી તમે ગયા છો." શ્રેષ્ઠીએ સેંકડો શપથ ખાઇને તેને સમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાવી અને કહ્યું કે:–" તે ધૂર્તે મને ઠગ્યો, અને તને પણ ઠગી જણાય છે. ધૂળ તથા કચરો હવે કુવા કાંઇ સાફ કરીને ઘેર જઇએ." તેઓ પછી ન્હાવા ગયા. ઘરના ગોખમાં બેઠેલા તે ધૂર્તે તેમને દૂરથી દેખ્યા. આ સમયે શ્રેષ્ઠીની બ્હેન પરિવાર સહિત અન્ય ગામથી આવી. તે ઘરમાં પેઠી, પણ પોતાના બંધુ કે બંધુપત્નીને તેણે દીઠાં નહિ; તેથી તેણે તે ધૂર્તને પૂછયું કે:–" અરે! શેઠ તથા શેઠાણી કયાં ગયા છે ?" તે ધૂર્તે કહ્યું કે:–"તેઓના સ્વજનમાં કોઇનું મૃત્યુ થવાના સમાચાર આવ્યા છે, તેથી તેના નિમિત્તે સ્નાન કરવા માટે તે જળાશય ઉપર ગયા છે. જુઓ, અચાનક આવા ખબર મળવાથી આ જળપાત્ર ફોડી નાંખીને તેઓ ગયા છે." એમ કહીને શેઠાણીએ ફોડી નાંખેલ તે જળપાત્ર તેણે દેખાડયું. " શઠ બુદ્ધિવાળો અસત્યને પણ સત્ય કરી દેખાડે છે. ચિતારો ઉંચું, નીચું સર્વને સરખું કરે છે." પાણીનો ઘડો ફોડેલ દેખીને તે વાતનો વિશ્વાસ આવ્યો. એટલે શોકપૂર્ણ મુખ કરતી તેઓની રાહ જોતી તે બેઠી. તે દંપતી જળથી ભીંજાયેલ કેસ તથા વસ્ત્ર. સહિત આવ્યા. તેમને સ્નાન કરીને આવતાં દેખીને તેમને ગળે વળગીને શેઠની બ્હેન રોવા લાગી. તેઓએ પણ રૂદન આરંભ્યું. તેઓએ વિચાર્યું કે:– " બ્હેનના શ્વસુરપક્ષમાં ખરેખર કાંઇ શોકકારક બનાવ બન્યો જણાય છે, તેથી તે દુ:ખથી દુ:ખી થતી તે આપણી પાસે આવીને રૂદન કરે છે." રોતાં રોતાં ત્રણેનો સ્વર ભંગ

ગયો તેટલું રોયા. પેલો માયાવી ઉલો ઉલો સ્મિત કરતો તે બનાવ જોતો હતો. રોતાં રોતાં સર્વે નીચે બેઠા. બ્હેનને પૂછ્યું કેઃ–" કોણ મરણ પામ્યું છે ? " તેઓએ કહ્યું કેઃ–" તારા શ્વસુરપક્ષમાં કોણ મૃત્યુ પામ્યું છે ? " તેણે કહ્યું કેઃ–" મારા શ્વસુરગૃહમાં તો સર્વે કુશળ છે, કોઈ મરણ પામ્યું નથી. " શ્રેષ્ઠીએ કહ્યું કેઃ–" ત્યારે તું રૂદન કેમ કરતી હતી ?" બ્હેને કહ્યું કે–"તમને શોકાકુળ તથા સ્નાન કરેલા દેખીને હું રોતી હતી. " શ્રેષ્ઠીએ કહ્યું કે–"તને તેવું કોણે કહ્યું ? " તેણે અંગુળીના અગ્ર ભાગથી પેલા ધૂર્તને દેખાડ્યો; એટલે ખુણામાં બેઠેલા અને હસતા ધૂર્તને શેઠે બોલાવ્યો અને પૂછ્યું કે–"અરે ભાઈ ! તેં આવું કૃ કેમ કર્યું ? પ્રથમ મને વૃત્તાંતની વાત કહીને છેતર્યો; મ પત્નીને મારા શિયલ સંબંધી ખોટી વાત કહીને ઠગ અને મારી બ્હેનને અમને શોકાકુળ કહીને ખેદ પમાડી. તેનું શું કારણ? " ધૂર્તે કહ્યું કે–"શ્રેષ્ઠિન્ ! અમે ભોજનના અર્થી છીએ, તમે સરલ ભાવથી તો કોઇને કાંઇ આપતા નથી, અદ્ભુત વાર્તા કહેવાનું કહોછો, એટલે આવી અદ્ભુત કથા બીજી કોઈ નથી, અમે તે વાર્તા તમને કહી અને તમે પ્રત્યક્ષ અનુભવી. " આ સાંભળીને શ્રેષ્ઠી ચમત્કાર પામ્યો, અને સર્વે ધૂર્તોને એક દિવસ મિષ્ટાન્ન જમાડયું.

**સાર**––ધૂર્તની કળા કેળવીને કાર્યસિદ્ધિ કરતાં ઘણાને આવડે છે. પોતપોતાનો સ્વાર્થ સાધવા સામાને ગમે તેટલું નુકશાન થાય, ગમે તેટલી હરકત ભોગવવી પડે તેની તે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓ દરકાર કરતા નથી. તેઓને તો પોતાના કાર્યની સિદ્ધિનુંજ કામ હોય છે, આવા ધૂર્તોથી ચેતીને ચાલવું, અને પોતે સ્વાર્થ સાધવા માટે અન્યને હેરાનગતિમાં–સંકટમાં–કનડગતિમાં ન ઉતારવા તે ખાસ લક્ષ્યમાં રાખવા જેવું છે. પોતાનો અર્થ સાધવા પૂરતીજ ફીકર ન રાખતાં અન્યની સ્થિતિનો પણ ખ્યાલ રાખવો તેમાંજ ડહાપણ છે.

## કથા ૭૨ મી.

### એક અધમ પુરૂષની કથા.

"કેટલાએક માણસો કેવળ વાણીમાંજ બળ દેખાડે છે; પણ એક અધમ ક્ષત્રિયની માફક કાર્યપ્રસંગે તૃણની જેવા તુચ્છ થઇ જાય છે." તેની કથા આ પ્રમાણે:—

માલવામાં ઉજ્જયિની નગરીમાં એક રજપુત હમેશાં રાજકુળમાં જતો હતો, અને નોકરી કરતો હતો. તે સ્થળે એક વખતે નોકરી કરવાને ઇચ્છતો ગુજરાતનો એક લુચ્ચો બહાદુર લડવૈયો આવ્યો. તેઓ બને સિંહદ્વાર પાસે બેઠા અને પરસ્પર વાતો કરવા લાગ્યા. પ્રથમતો ઉજ્જયિનીવાસીને ગુજરાતવાસીએ પૂછ્યું કે:–"આપનું શું નામ છે.?" તેણે પ્રત્યુત્તર આપ્યો કે–"ગજસિંહ માબાપ કહે છે." પછી 'ગજ અને સિંહ' એવા ભય કરનારાં નામો સાંભળીને તેનો વિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાર કરતાં તેઓ ચુપ બેઠા. પછી ગુર્જરવાસીએ પૂછયું કે-"ભાઈ! તમારૂં શું નામ છે ?" માલવવાસીએ મુછ ઉપર હાથ નાંખીને કહ્યું કે-"ભાઇ ! મારા તો બહુ નામ છે. જેવા કે વીશ વીંછી, સાત સર્પ, ચાર ચિત્તા વિગેરે " આ સાંભળીને ગુર્જરવાસી મૌન ધારીને રહ્યો. તે વાતને કેટલાક દિવસ વીતી ગયા. એક દિવસ મેઘથી રાત્રી અંધકારમય થઈ ગઈ હતી; તેવે સમયે રાજદ્વારમાં થપાટ મારીને ગુર્જરવાસીએ માલવવાસીનું ખડ્ગ લઈ લીધું. માલવવાસીએ જાણ્યું કે-" આ ગજસિંહેજ લઇ લીધું છે. " તે તેનાથી એટલો ભય પામ્યો કે તે સમયે અને સવારે ફરીથી તેઓ મળ્યા ત્યારે પણ તેને કાંઇ કહી શક્યો નહિ. સવારે ગુર્જરવાસીએ પૂછયું કે-" અરે ભાઇ ! તારા નામો કયા કય છે ? " માલવવાસીએ કહ્યું કે-" મેં જે મારાં નામો તમને કહ્યાં હતાં તે તો ગોઠવી કાઢેલાં છે, મારૂં મૂળ નામ તો 'ન કિંચિત્' એવું છે. " આ પ્રમાણે સાંભળીને ગુર્જરવાસી સંતુષ્ટ થયો અને બોલ્યો કે-" તે સત્ય છે, જો તારૂં એવુંજ નામ હોય તો આ તારૂં ખડ્ગ પાછું લઈ લે. " માલવવાસીએ માથું નમાવ્યું ને ખડ્ગ લઈ લીધું; પણ મિથ્યા ગર્વ કરનાર તે જરા પણ લજવાણો નહિ.

**સાર**–ઘણા માણસો મિથ્યા આડંબર કરનારા હોય છે. પોતાના ખોટા નામનાં બણગાં ફુંકે છે. પાસે કાંઇ ન હોય છતાં મોટા ગૃહસ્થની શોભા--ઠાઠમાઠ ધારણ કરીને ફરે છે,



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને તેવી જ રીતે ઘણી બાબતમાં મિથ્યા આડંબર–મિથ્યા ગર્વ ધારણ કરે છે. આવા આડંબરનું ફળ કાંઇ નથી. એવાને કોઈ વખત અવશ્ય પસ્તાવાનો પ્રસંગ આવે છે. આવો મિથ્યા આડંબર રાખનારા સમય આવ્યે કાંઇ કરી શકતા નથી, અને લજવાવાનો પ્રસંગ આવે છે, તેથી જેવા હૃઇએ તેવાજ દેખાવાનો નિર્ણય રાખવો; નકામો આડંબર કે ખોટો ગર્વ કદિ કરવો નહિ.

## કથા ૭૩ મી.

### ગમે તેવું અવિચારી કાર્ય કરનાર તાપસની કથા.

" જડ પુરૂષ વિચારીને પણ અવિચારી કાર્ય કરે છે. એક ભિક્ષુકે વાંકા વળેલા બળદના શિંગડાઓ વચ્ચે માથું નાંખ્યું હતું. " તેની કથા આ પ્રમાણે:—

ગોપાલિક નામે એક ગામ હતું. ત્યાં ઘણા જનાવરોના સમૂહવાળો બકુલ નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તે તાપસનો ભક્ત હતો, તેથી એક તાપસને નિમંત્રણ કરી બોલાવીને પોતાના ઘરની પાસે તેણે રાખ્યો. તેના ઘરની નજીકજ ગાયોનો મોટો વાડો હતો. તે સ્થળે સાંજે ઘણી ગાયો, બળદો આવતા હતા અને સ્વછંદી રીતે વાગોળતા વાગોળતા ત્યાં બેસતા હતા. તે ગાયોના ટોળામાં એક બહુ સ્થૂળ શરી-

સ્વાળો, મોટી ખાંધવાળો બળદ હતો. તેને ગળામાં ઘંટડીઓ બાંધી હતી. તેને બે વાંકા વળેલાં ધનુષ્યાકારવાળા એક બીજાના છેડા અડેલા સુંદર શીંગડાં હતા. તે શીંગડાંને દેખીને હમેશાં સાંજે તથા રાત્રે તે તાપસ વિચાર કરતો કે–"જો હું આ બે શીંગડાની વચ્ચે મારૂં માથું નાખું તો શું થાય ?" આવો વિચાર કરતાં છ મહિના વીતી ગયા. એક વખત સાંજે તે બળદના બે શીંગડાની વચ્ચે તેણે માથું ખોસ્યું. તેનાથી ક્ષોભ થવાને લીધે તે બળદ એકદમ ઉભો થઈ ગયો. તેની જટા બધી તે શીંગડામાં એવી રીતે વીંટાઈ ગઈ કે તે તાપસ સ્વતઃ છુટો થઈ શક્યો નહિ. શીંગડા વચ્ચે તેને રાખીને બળદ તો દોડવા માંડ્યો. તેને આમતેમ હલાવવાથી તે બહુ દુઃખી થઈને રાડો પાડવા લાગ્યો; તેથી લોકો એકઠા થઈ ગયા. બહુ મહેનતે તે ભિક્ષુકને બળદ પાસેથી છોડાવ્યો, અને ઉપચાર કરીને સ્વસ્થ કર્યો. પછી તેઓએ તેને ઠપકો આપ્યો કે–"આ કાર્ય તમે વિચારીને કર્યું નથી, તેથીજ તમે આવી પીડા ભોગવી." એટલે ક્રોધથી રાતા પીળા થઈ જઈને તે જટાધારીએ કહ્યું કે–"વિચાર કરતાં છ માસ વીતી ગયા, ત્યારપછીજ આ કાર્ય કર્યું છે; છતાં અવિચારીપણે કર્યું છે એમ તમે શેના કહો છો ?" તે સાંભળીને લોકો હસીને તેની મૂર્ખતાનો વિચાર કરતાં વિખરાઈ ગયા.

**સાર**–કેટલીક વખત માણસો હાસ્યજનક કાર્ય કરવાનો વિચાર કર્યા કરે છે. ઘણા વખત સુધી વિચાર કર્યા પછી પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવું કાર્ય કરવાથી લોકોમાં હાંસીપાત્ર થવાય છે, અને પીડા ભોગવવી પડે છે. કાર્ય કર્યા પહેલાં તે કાર્યની ઉપયોગીતા તથા જરૂરીઆત વિચારવાની છે. ખોટી બાબતનો વિચાર કરી કાર્ય કરવા જતાં પસ્તાવાનો વખત આવે છે.

# કથા ૭૪ મી.

## લુચ્ચાઇવાળી વિચિત્ર વાણી બોલનાર વૈદ્યની કથા.

"કેટલાક એવી રીતે બોલે છે કે જેથી તે પકડાતા નથી. જેવી રીતે માથાની તાલનું ઔષધ જાણનાર વણિક ખોટું બોલ્યો હતો." તેની કથા આ પ્રમાણે—

પદ્મિનીખંડ નગરમાં માયાવીર નામનો વૈદ્ય રહેતો હતો. એક દિવસ તે પરદેશ જવા ચાલ્યો. માર્ગમાં કોઇ નગરની પાસે આવેલા નદીનાં કાંઠા ઉપર ભમતાં તેણે એક ચીભડાની વાડી દીઠી. તે સ્થળે કોઈ રક્ષણ કરનાર નહોતો, તેથી તે સ્થળમાં નિર્ભયપણે પેસીને તે વૈદ્યે તોડી તોડીને ઇચ્છાનુસાર ચીભડા ખાવા માંડ્યાં. એટલામાં તે વાડીનો સ્વામી હાથમાં લાકડી લઇને યમ જેવા દેખાવવાળો ત્યાં આવ્યો અને કુંભાર ગધેડાને મારે તેવી રીતે તેણે વૈદ્યને લાકડીવતી મારવા માંડ્યો. તેને પગે લાગી માફી માગી વૈદ્ય ત્યાંથી છુટ્યો, પછી તે ગામમાં આવ્યો. આગળ ચાલતાં કોઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવકુળની પાસે ઘણા પરિવારવાળા રાજાને તેણે દીઠા, એટલે રાજા પાસે જઇને તેણે આશીર્વાદ દીધો. રાજાએ પૂછયું કે–"તમે કોણ છો ?" તેણે કહ્યું કે–"હું વૈદ્ય છું." રાજાએ પૂછયું કે–"તમે વૈદ્ય વિદ્યામાં શું શું જાણો છો ?" વૈદ્યે કહ્યું કે–"યુવાન પુરૂષ કે સ્ત્રીના અને તિર્યંચ વિગેરેના જે જે વ્યાધિ હોય તેની ચિકિત્સા હું સારી રીતે જાણું છું." રાજા તેને ઘેર લઇ ગયો, જમાડ્યો અને તેની પૂજા કરીને એકાંતમાં પૂછયું કે–"મારા માથામાં યુવાન અવસ્થામાં તાલ પડી છે, તેથી સ્ત્રીઓ મારી મશ્કરી કરે છે, તેથી તે તાલ મટી જાય તેવો ઉપાય કરો." વૈદ્યે કહ્યું કે–"તેમાં શું કહેવું ? યમુનાના પાણીથી ભીંજાયેલા ઝાડનાં મૂળ લાવીને તરતજ ઔષધિ તૈયાર કરી લગાડીશ કે તાલ મટી જશે." તે સાંભળીને રાજા આનંદ પામ્યો, અને કહ્યું કે–"તે ઔષધો તાકીદે એકઠાં કરો." પછી વૈદ્ય રાજાના અશ્વ ઉપર બેસીને થોડા રાજસેવકોનો પરિવાર સાથે લઇ નદી કાંઠે આવેલી પેલી ચીભડાની વાડી પાસે ગયો અને તેણે ચીભડાના મૂળ તપાસતાં તેની જરૂર જણાવી તે વૃક્ષો મૂળમાંથી ખોદાવી કાઢ્યા અને તેમાંથી જોઇતી વસ્તુઓ રાજદરબારમાં લાવ્યો. તેને બાળી નાંખી, તેની રાખ કરી, તે સાથે ઔષધિઓ મેળવી તેલ નાખીને રાજાના માથા ઉપર લગાડયું, અને કહ્યું કે આ દવાથી તાલ મટી જશે, પરંતુ તમારે વાંદરાનો બિલકુલ વિચાર કરવો નહિ." ઔષધિ લગાડ્યા સાત દિવસ થયા પણ તાલ તો ગઈ નહિ. રાજાએ પૂછયું કે–" અરે વૈદ્ય! આ ઔષધથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાંઈ ગુણ જણાતો નથી, તેનું કારણ શું?" વૈદ્યે કહ્યું કે "-તમે વાંદરાનો વિચાર કર્યો જણાય છે; જો સંપૂર્ણ વિધિ સચવાઈ હોય, તો કાર્યસિદ્ધિ થયા વગર રહેજ નહિ." તે સાંભળીને રાજા મૌન રહ્યો. ઈચ્છા નહિ છતાં પણ તેનાથી મર્કટનો વિચાર થઇ ગયો હતો. વૈદ્યે પછી તે ચીભડાની વાડીના રક્ષક પાસે જઈને કહ્યું કે-" અરે તેં તો મને માર્યો પણ મેં તો તારૂં સર્વસ્વ ખોવરાવ્યું છે." તે રક્ષક તેને પગે પડ્યો. પછી વૈદ્ય બીજા દેશમાં ચાલ્યો ગયો. વિવિધ યુક્તિવડે બોલવાથી લોકો આવી રીતે છેતરાય છે.

**સાર**— માણસને યોગ્ય સમયે યોગ્ય રીતે બોલતાં આવડે તો તે ઉપાધિમુક્ત થઇ શકે છે, અને વૈરનો બદલો પણ લઇ શકે છે. યોગ્ય સમય વિચારી કાર્ય સાધતાં આવડે તો તે બની શકે છે. સમય ઓળખતાં આવડે અને યોગ્ય વાણી બોલે તો કાર્યસિદ્ધિ તરત થઈ જાય. ધૂર્ત લોકો યુક્તિ પ્રયુક્તિથી વાત કરીને પોતાનાં કાર્ય સિદ્ધ કરે છે; માટે સમયાનુસારી વાણી બોલતા શીખવું અને તેવી વાણી બોલીને કોઇ ધૂર્ત છેતરી ન જાય તેનાથી સાવચેત રહેવું. તે આ કથાનો સાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૭૫ મી.

## પુન્યોદયથી ગમે તેવી વાણીવડે પણ અભ્યુદય થાય તે ઉપર કથા.

" પુન્યવંતને ગમે તેવું બોલતાં પણ કાર્યસિદ્ધિ થઈ જાય છે. ' કડુઆ–બડુઆ સોહી,' તેવું બોલતાં પણ ચંદ્ર શ્રેષ્ઠીને લાભ થયો હતો. " તેની કથા આ પ્રમાણે—

પુન્યપુર નગરમાં ચંદ્ર નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તે પ્રકૃતિથી સરલ, દરેકને પ્રિય લાગે તેવો, કરૂણાવાળો અને મુનિઓની સેવા કરવામાં હમેશાં તત્પર રહેનારો હતો. તે નગરમાં અરિમર્દન નામે રાજા હતો, તે પ્રજાનું પુત્રની જેમ પાલન કરતો હતો. એક દિવસ તે ગામમાં ' કડુઆ ને બડુઆ ' એવા નામવાળા બે રાક્ષસ ભાઈઓ આવ્યા, તેઓની સાથે તેની 'સોહી' નામની બ્હેન હતી તે પણ આવી. તેઓ અદૃશ્ય રીતે ઘેર ઘેર ભમતા હતા અને નવા નવા રોગ ઉપજાવીને માણસોનો જીવ લેતા હતાં. તે પ્રમાણે ઘણા લોકો મરણ પામ્યા. પ્રજાના આ સંકટથી રાજા પણ બહુ દુ:ખી થયો.

એક દિવસ રાજાએ સભામાં હુકમ કર્યો કે:–" જે કોઈ મારા નગરજનોના ક્ષયનું કારણ બરોબર જાણીને તેનો યોગ્ય ઉપાય બતાવશે, તેને તે જેટલું માગશે તેટલું દ્રવ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું આપીશ. ” રાજાનાં આ વચન તે સ્થળે બેઠેલ શ્રેષ્ઠીએ પણ સાંભળ્યા. પછી શ્રેષ્ઠી પોતાને ઘેર આવ્યો. તે શ્રેષ્ઠી આગલે દિવસે બાળકોને ખાવા માટે તલ લાવ્યો હતો. તે તલ બાળકો ખાતા હતા, અને ઈચ્છાનુસાર રમતા હતા. આ સમયે તે કડુઆ બડુઆ અને સોહી ત્રણે રાક્ષસો તે શ્રેષ્ઠીને ઘેર મનુષ્ય ભક્ષણ કરવા માટે આવ્યા. શ્રેષ્ઠી પુન્યવંત હોવાથી એકદમ તેઓ તે શ્રેષ્ઠીના ઘરમાં પ્રવેશ કરી શકયા નહિ. તેઓ પ્રવેશ કરવાનો લાગ શોધતા હતા, તે સમયે મધ્ય ઓસરીમાં બેઠેલા શ્રેષ્ઠીને એક બાળકે કહ્યું કે:-“ તાત ! આ તલ કડવા છે, અને તેમાં કાંકરીઓ છે, તે કેવી રીતે ખાઇએ ” તે સાંભળીને ક્રોધ કરીને પ્રાકૃત ભાષામાં શ્રેષ્ઠી બોલ્યો કે:-“કડુઆ-બડુઆ-સોહિ ખાહિ.”[1] તે પ્રમાણે ત્રણ ચાર વખત તેણે ઉંચે સ્વરે તે પ્રમાણે કહ્યું. બહાર રહેલા ત્રણે રાક્ષસોએ શ્રેષ્ઠીનાં તે વચનો સાંભળ્યાં. તેમણે બાળકોએ પૂછેલ વાકય સાંભળ્યું નહોતું. કેમકે બાળક ધીમેથી બોલ્યો હતો, અને શ્રેષ્ઠી બહુ ઉંચે સ્વરે બોલ્યા હતા. તે શ્રેષ્ઠીનાં આવાં વચનો સાંભળીને બહાર ઉભેલા ત્રણે રાક્ષસો પરસ્પર વિચાર કરવા લાગ્યા કે-“અહો આશ્ચર્યકારી છે, આપણે અદૃશ્ય રીતે અહીં આવ્યા છીએ અને દેવજાતિ છીએ, છતાં આપણું આગમન અને નામ આ શ્રેષ્ઠી જાણે છે, તેથી આ ત્રિકાળદર્શી હોય તેવું અનુમાન થાય છે અથવા તેની પાસે કોઈ મંત્રાદિની શક્તિ હોવી જોઇએ. ” આવો

૧. કડવા બડવા જેવા હોય તેવા ખાઈ જાઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચાર કરીને શ્રેષ્ઠીના પુન્યોદયથી તેઓ ભયથી ગભરાયા, એટલે તરતજ શ્રેષ્ઠીની પાસે આવી પ્રગટ થઇને તેને પગે પડ્યા, અને કહ્યું કે–“ અરે શ્રેષ્ઠિન્ ! અમારી વગોવાણી શા માટે કરો છો ? અમે કડુઆ–બડુઆ–સોહી નામવાળા ત્રણે તમારા દાસ છીએ; હવે ઉંચે સ્વરે બોલશો નહિ. ” આ પ્રમાણે સાંભળીને કલ્પના કરી લઈ શ્રેષ્ઠી હસીને બોલ્યો કે– “ હવે તમને જીવતા જવા દઇશ નહિ. ” તેઓ વારંવાર તેમની ક્ષમા યાચવા લાગ્યા. એટલે શ્રેષ્ઠીએ પ્રસન્ન થઇને કહ્યું કે–“ એક વખત તમને હું રાજા પાસે લઇ જઈ તેને દેખાડીશ, પછી તમને મૂકી દઈશ, તમને મારીશ નહિ. જાઓ, તમને મારૂં અભય વચન છે. ” આમ કહી તેમને તે વાતની સાબીતી માટે હાથનો કોલ આપીને તેને રાજા પાસે લઇ ગયો. રાજાને તે રાક્ષસો દેખાડ્યા અને તેને મુક્ત કર્યા. લોકો ઉપરથી ઉપદ્રવકારી વ્યાધિઓ તેઓએ હરી લીધા. રાજા આ હકીકતથી ચમત્કાર પામ્યો. રાજાએ ઇચ્છાનુસાર દ્રવ્ય શ્રેષ્ઠીને આપ્યું. લોકો નિર્ભય થયા તેથી તેની સ્તુતિ કરવા લાગ્યા, અને વિશ્વમાં તેની ધવળ કીર્તિ સર્વત્ર પ્રસરી.

**સાર**–જ્યારે પુન્ય પાધરાં હોય છે ત્યારે સ્વતઃ લાભ થાય છે, અવળા નાખેલાં દાવ સવળાં પડે છે, આડે હાથે નાંખેલ દાવ પાધરાં થઈ જાય છે અને જેમાંથી ન ધાર્યો હોય તેમાંથી અણચિંત્યો લાભ મળે છે. આ બધાં પુન્ય કર્મનાં પ્રભાવ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુન્ય હોય તેના દાવજ પાધરા પડે છે, તેથી હમેશાં પુન્યકર્મ આચરવામાં આદર રાખવો. તે વિના પાપના ઉદય વખતે રોવા બેસવું તે નકામું છે. કરણી પ્રમાણે ફળ મળે છે; અને કરણી કરવી તે પોતાના હાથમાં છે. તેથી હમેશાં શુભ કાર્ય કરવાં, શુભનો બંધ પાડવો કે જેથી ઉદય વખતે ઇચ્છા વગર પણ અનર્ગલ દ્રવ્ય ને સુખ મળે.

# કથા ૭૬ મી.

## ખોટું બોલીને હાંસીપાત્ર થનાર બનેવીની કથા.

" કાર્યનું તાત્પર્ય સમજ્યા વગર જે વિદ્વાનો પાસે બોલે છે, તે ભગિનીપતિની જેમ હાંસીપાત્ર થાય છે. " તેની કથા આ પ્રમાણે:—

કલિવર્ધન નગરમાં મલયકેતુ નામે એક શ્રેષ્ઠી રહેતો હતો, તે અજ્ઞાનીઓમાં શિરોમણિ અને ખોટું બોલનારો હતો. તે પાસેના ગામમાં પરણ્યો હતો. એક વખતે પત્નીને તેડવા માટે તે શ્વસુરને ગામ આવ્યો. તેઓએ સ્નાન, વિલેપન, ભોજનાદિકથી તેનો સત્કાર કર્યો. તેને ગીતવિદ્યા જાણનારા પાંચ સાળા હતા. તેની બ્હેન પણ ગીતવિદ્યામાં કુશળ હતી. મલયકેતુને આવ્યા બે ત્રણ દિવસ થયા, ત્યારે સાળાઓએ વિચાર કર્યો કે-" આપણા ભગીનીપતિ (બનેવી) સ્વરાદિ સમજે છે કે નહિ તેની આપણે પરીક્ષા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરીએ. કાલે આપણે પંચમ રાગમાં ગાઇશું." આ વાત બ્હેને સાંભળી અને ભર્તારને કહ્યું કે–" આવતી કાલે તેઓ પંચમ રાગમાં ગાશે, તમે તેજ રાગ કહેજો અને સાવધાન રહેજો, નહિતો તેઓ તમારી મશ્કરી કરશે." તેણે તે બરાબર ધારી લીધું. બીજે દિવસે તેઓએ પંચમ રાગમાં ગાવાનું શરૂ કર્યું. પછી તેઓએ તેને પૂછયું કે–" આ કયો રાગ કહેવાય ?" તેણે કહ્યું કે–"પંચમ" બધા વીખરાયા. દૂર જઇને તેઓએ વિચાર કર્યો કે–"ગઈ કાલે આપણી વાત સાંભળીને બ્હેને તેની મશ્કરી થશે તેમ ધારીને તેને રાગનું નામ કહ્યું હશે તેમ લાગે છે. હવે પછી આપણે ધનાશ્રી રાગ ગાશું. પણ આપણે આ હકીકત બ્હેનને જાણવા દેવી નહિ. તેને રાગની ખબર પડતી નથી, તેથી તે આપણો રાગ સમજશે નહિ, તેથી તેની મશ્કરી કરવી ઠીક પડશે." આવો વિચાર કરીને બીજે દિવસે તેઓ એકઠા થયા, અને ધનાશ્રી રાગ ગાવાનો આરંભ કર્યો. પછી તેઓએ ભગિનીપતિને પૂછયું કે–" અમે કયો રાગ ગાઇએ છીએ તે કહો." તેણે કહ્યું કે–"તમે છઠ્ઠમ રાગ ગાઓ છો. " તે સાંભળીને બધા હસવા લાગ્યા, અને તેઓએ કહ્યું કે–" છઠ્ઠમ રાગ તો કોઈ હજુ સુધી સાંભળ્યો નથી. " તે સાંભળીને મુછ મરડતો તે મૂર્ખરાજ બોલ્યો કે–" અરે મૂઢ લોકો ! તમને ધિક્કાર છે ! ગઇ કાલે પંચમ રાગ ગાયો હતો, તો આજે છઠ્ઠમ કેમ ન હોય ? " તેની પત્નીને શરમ થવાથી તે ઉભી થઈ, અને આગળ આવીને ધનાશ્રી રાગ ઓળખવા માટે તેણે થાળી ઉપાડી. તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેખીને તે મૂર્ખ જડ બુદ્ધિવાળો બોલ્યો કે–" અરે, મેં પહેલાં અવિચારીપણે કહ્યું હતું, તમે ગાયેલ રાગ છઠ્ઠમ નહિ, પરંતુ તે 'તોલડો' રાગ હતો." એટલે સર્વ વિશેષ હસવા લાગ્યા. તેઓએ પૂછયું કે–"તમે તોલડ રાગ કેવી રીતે જાણ્યો ?" તેણે કહ્યું કે–"તમારી બ્હેનજ સંકેતદ્વારા તે કહે છે, જુઓ, જુઓ." તેઓએ થાળી ફેરવતી પોતાની બ્હેનને દીઠી. આ પ્રમાણે દેખીને તેઓ વિશેષ મશ્કરી કરવા લાગ્યા અને બોલ્યા કે–" અહો ! ભગિનીપતિ તો સ્વર વિદ્યામાં ને ગાયનમાં અતિશય નિપુણ દેખાય છે ! "

**સાર**—જે વાત આપણે સમજતાં ન હઈએ, તેનો ખોટો ડોળ કદિ પણ કરવો નહિ. જેટલું જાણતા હઈએ તેટલું સ્પષ્ટ કહી દેવું. તેમ કરવાથી કદિ હાંસીપાત્ર થવાનો પ્રસંગ આવતો નથી. ખોટો ડોળ ઘાલી જાણપણું દેખાડવા જતાં ભૂલ થઈ ગયા વગર રહેતી નથી, અને અજ્ઞાન દેખાઈ જવાથી હાંસીપાત્ર થવું પડે છે, તેથી જાણપણાનો ખોટો ડોળ કદિ કરવો નહિ.

# કથા ૭૭ મી

## રહસ્ય પ્રગટ નહિ કરવા ઉપર એક દંપતીની કથા.

" બુદ્ધિવંતે કોઈની પાસે પારકું રહસ્ય પ્રકટ ગરવું નહિ. રહસ્ય પ્રગટ નહિ કરવાથી પતિપત્નીની જેમ મહા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્નેહ થાય છે, અને રહસ્ય પ્રગટ થતાં મૃત્યુ થાય છે." તે ઉપર એક કથા છે તે આ પ્રમાણે—

કાંચનપુરમાં બહુ રૂપવંત સકલ નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને સલક્ષણા નામે પત્ની હતી. રૂપથી દેવાંગનાઓને પણ હસે તેવી અપ્સરાના જેવી મદનમંજરી નામે તેમને એક પુત્રી હતી. તે યૌવનવતી થઈ, ત્યારે શ્રીપુર નગરના રહેવાસી વસંતધ્વજ શ્રેષ્ઠીના પુત્ર મકરધ્વજ સાથે તેનું લગ્ન કર્યું. એક વખતે તે પુત્રી સાસરેથી પિતાને ઘેર આવી. ત્યાં તે પરપુરૂષમાં લુબ્ધ થઈ જવાથી શ્વસુરગૃહે પતિપાસે જવાની ઈચ્છા કરતી નહોતી. થોડો સમય થયો ત્યારે તેને તેડવા માટે તેનો પતિ કાંચનપુર આવ્યો. તે શ્વસુરને ઘેર ભોજનાદિથી સત્કાર કરાતો પાંચ–છ દિવસ રહ્યો. પછી પુત્રીની ઈચ્છા નહિ છતાં પણ માત–પિતાએ તેની સાથે પુત્રીને મોકલી. ત્રણેક દિવસના પ્રયાણ પછી એક કુવા પાસે તેએ આવ્યા. ત્યાં તેઓએ ગાડું છોડયું, અને બળદને ચરવા માટે છુટા કર્યા. શ્રેષ્ઠી કુવા પાસે ગયો અને એક દોરડું બાંધીને એક ઘડો તેણે પાણી કાઢવા માટે કુવામાં નાખ્યો. તે સમયે પરપુરૂષમાં લુબ્ધ થયેલી તે સ્ત્રીએ પિતૃગૃહે પાછા જવાની ઈચ્છાથી ભર્ત્તારની પછવાડે ઉભા રહીને તેને કુવામાં નાંખી દીધો. તે તરવામાં બહુ કુશળ હોવાથી તરીને કુવાની અંદર રહેલા નિરૂપદ્રવવાળા સ્થાનમાં રહ્યો.

આ પ્રમાણે પતિનો દ્રોહ કરીને તે પગે ચાલતી પિતાને ઘેર પાછી આવી. માબાપે પૂછયું કે:–" તું એકલી કેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાછી આવી ?" તેણે કહ્યું કે:-"મારા પતિને ચોર લોકો ઉપાડી ગયા છે, અને હું મહા મુશ્કેલીથી તેમની પાસેથી છુટીને અહીં પાછી આવી છું. ગાડું, બળદ અને અમારૂં ધન વિગેરે બધું ચોર લુંટી ગયા છે.

કેટલોક સમય ગયા પછી કોઈ મુસાફરો તે કુવા પાસે પાણી પીવા આવ્યા. તેઓએ કરૂણા લાવીને મકરધ્વજને કુવા બહાર કાઢ્યો; એટલે તે પોતાને ગામ ગયો. માબાપે પૂછયું કે-"વત્સ ! તું એકલો કેમ આવ્યો ?" તેણે કહ્યું કે-"રસ્તે ચોર લોકોએ ઉપદ્રવ કર્યો, ને વાહનાદિ સર્વ લુંટી ગયા, મારી વહુ નાશીને ક્યાંક ચાલી ગઈ, તે કયાં ગઈ તે હું જાણતો નથી. હું એકલો તમારી પાસે આવ્યો છું." આમ કહીને મકરધ્વજ ત્યાં સુખે રહેવા લાગ્યો.

એમ કરતાં બે વર્ષ વીતી ગયા પછી મકરધ્વજ ફરીથી વહુને તેડી લાવવા સાસરે ગયો. સાસુ તથા સસરાને નમસ્કાર કર્યા. તેઓએ પૂછયું કે:-"તે સમયે અત્રેથી જતાં વચમાં શું બન્યું હતું ?" તેણે કહ્યું કે-"ચોરનો ઉપદ્રવ થયો હતો." તે સાંભળીને મદનમંજરીએ વિચાર્યું કે-"બહુ સારો પ્રત્યુત્તર આપ્યો. મારા હૃદયમાં પ્રવેશી મારો ભાવ જાણીનેજ તેમણે ઉત્તર આપ્યો જણાય છે. એમની જેવા ગંભીર હૃદયવાળા કોઈ જણાતા નથી, તેમણે મારી વગોવણી કરી નહિ, હવે હું દાસીની જેમ તેમની સેવા કરીશ; અને મારા મનથી પણ તેમનું અહિત વિચારીશ નહિ." પછી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માબાપની અનુજ્ઞાથી તે પતિની સાથે શ્વસુરગૃહે ગઈ, પરમ પ્રેમથી પતિની સાથે રહેવા લાગી અને તેની આરાધના કરવા લાગી. તે પતિ જમ્યા પછી જમતી, સુતા પછી સુતી, પતિ જાગ્યા પહેલાં શય્યા છોડી દેતી, તેમના વચનાનુસાર વર્તતી, તેની આજ્ઞા લોપતી નહિ. 'હુકમ ફરમાવો, સુખેથી રહો' વિગેરે મીઠાં વચન બોલતી હતી. એવી રીતે વર્તતાં અનુક્રમે તેમને ઘણો પરિવાર થયો, સર્વત્ર યશ પ્રસર્યો, કુળની વૃદ્ધિ થઈ. મકરધ્વજ પણ સુખેથી વ્યાપારાદિ કરવા લાગ્યો.

એક વખતે શ્રેષ્ઠીના ખેતરમાં ઘણી ગાયો પેસી ગઈ, અને જુદી જુદી જાતિના ધાન્યાદિ ખાવા લાગી. તેના પુત્રોએ ઘણી મારી, પણ ખેતરમાંથી તે નીકળતી નહોતી. તેઓ ખેદાણા અને પિતા પાસે આવીને કહેવા લાગ્યા કે–" આ ગાયોને તમે ઠપકો આપો, કે જેથી તેઓ નીકળી જાય." શ્રેષ્ઠીએ કહ્યું કે–" પુત્રો કહેવા કરતાં ન કહેવું તેજ ઉત્તમ છે." વારંવાર અનેક પ્રસંગોમાં મકરધ્વજ તે પ્રમાણેજ બોલતો હતો. એક વખત પુત્રોએ પૂછયું કે–"પિતાજી ! આપ આ વાકય વારંવાર બોલો છો, તેનો શું અર્થ છે? તે કૃપા કરીને કહો. વારંવાર દરેક પ્રસંગે આપ એમજ કહો છો કે 'કહેવા કરતાં ન કહેવું ઉત્તમ છે.' તેથી તેમાં કાંઇપણ ગૂઢાર્થ રહેલો જણાય છે; માટે તેનું મૂળ કહો." શ્રેષ્ઠીએ કહ્યું કે–"કહેવા કરતાં ન કહેવું ઉત્તમ છે." ફરીથી તેઓ બોલ્યા કે–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"તાત ! વળી આપ તેજ પ્રમાણે બોલ્યા. " આમ કહેવા છતાં બાપે તેનો મર્મ કહ્યો નહિ, તેથી તેઓ લાંઘવા માંડ્યા. લાંઘણ કરતાં બે દિવસ થયા, ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે-" અરે પુત્રો ! આનો મર્મ કહેવાથી તમને ભવિષ્યમાં બહુ પરિતાપ થશે, માટે પૂછવું રહેવા દ્યો. " પણ તેઓ તો આગ્રહપૂર્વક તેજ વાતને વળગી રહ્યા. પછી શ્રેષ્ઠીએ પૂર્વ રહસ્યની કથા કૂપમાં નાખવું, ફરીથી પોતાની પત્નીનુ રંજન કરવું ને સંતાન વૃદ્ધિ થવી વિગેરે હકીકત કહી સંભળાવી. આ વૃત્તાંત સાંભળીને તેઓના હૃદય શાંત થયા, લાંઘણ મૂકી અને તેઓ જમ્યા. ત્યારપછી કેટલાક દિવસ વીતી ગયા.

અન્યદા તે પુત્રોમાંથી એકે માતાને પૂછયું કે-"માતા! તેં કોઈ દિવસ મારા પિતાને કુવામાં નાખ્યા હતા ?" બીજા કોઇ પાસે પ્રગટ નહિ થયેલ આ રહસ્યનો ભેદ પ્રગટ થવાથી તેનું અંતઃકરણ વિદારાણું. તેણે પુત્રને પૂછયું કે-" વત્સ ! તને એવું કોણે કહ્યું ? " બાળપણાના સ્વભાવથી તેણે બધી હકીકત માતાને કહી, અને કહ્યું કે-" અમારા અતિશય આગ્રહથી મારા પિતાએ આ હકીકત કહી છે. તેણી તે વાત સાંભળીને જેમ લુંટાણી હોય અથવા મૃતપ્રાય થઇ હોય તેમ દિઙ્મૂઢ બની ગઈ અને ઘરમાં જઈને સુઈ ગઈ. અત્યંત લાજ આવવાથી તેનું હૃદય ભેદાણું. આ પ્રમાણે એક પ્રહર ગયો. ભોજન અવસરે તેને સુતેલી જોઇને તેના પતિએ તેની પાસે જઇને જોયું તો વિદારાયેલ હૃદયવાળી તે મૃત્યુ પામેલી લાગી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રેષ્ઠીએ કહ્યું કે–" મારા કહેલા રહસ્યના પ્રગટ થવાથી આ મૃત્યુ પામેલી જણાય છે; અહો! હું જીવતાં છતાં પણ મૃત્યું પામ્યો છું. આવું સ્ત્રીરત્ન ફરીથી મને કયાં મળશે? અને આ પાપનું નિવારણ કયા તીર્થ સ્થળે જઇને હું કરીશ? અથવા આ પાપનો પ્રકાશ ક્યા ગુરૂ પાસે કરવો? હવે ઉંચું મુખ રાખીને હું કોની પાસે જઇ શકીશ? શું હું કૂવામાં પડું? અથવા તરવારવડે હું આપઘાત કરૂં? અથવા શું પર્વત ઉપર ચઢીને હું ઝંપાપાત કરૂં?" આ પ્રમાણે બોલતો તે મૂર્છા પામ્યો. શીત ઉપચારો કરવાથી તેને ચૈતન્ય આવ્યું, ત્યારે ઉચ્ચ સ્વરે તે રૂદન કરવા લાગ્યો. પુત્રો એકઠા થઈ ગયા. તાતને રૂદન નહિ કરવા માટે તેઓ વિનંતી કરવા લાગ્યા, ત્યારે મકરધ્વજ બોલ્યો કે:–" અરે મૂર્ખાઓ! તમેજ આ તમારી માતાની હત્યા કરી છે. તમે અતિશય આગ્રહ કરીને આ રહસ્ય પ્રગટ કરાવ્યું, તેના પાપવડે હું અનર્થમાં પડ્યો છું, અને તમે તમારા આત્માને પાપમાં બોળ્યો છે. જો તમારામાં શક્તિ હોય તો આને જીવાડો. તે બિચારી લજ્જાળુ હતી, તેથી મર્મ પ્રગટ થવાથી તે મૃત્યુ પામી છે. હું હજુ માયાવી છું કે અશ્રુ પાડું છું, પણ મરી જતો નથી." આ પ્રમાણે કહીને તે સર્વને છોડી દઇને તીર્થસ્થાને ચાલ્યો ગયો. પુત્રોએ માતાની ઔર્ધ્વદેહિક ક્રિયા વિગેરે કરીને ધીમે ધીમે શોકને તજ્યો, અને ધર્મ આચરીને સ્વર્ગે ગયા.

**સાર–**કોઈનું પણ રહસ્ય જાણતા હોઈએ તે કદિ પણ

પ્રગટ કરવું નહિ. તે પ્રગટ થતાં અન્યને સંકટમાં પડવાનો સમય આવે છે. તેમાં પણ સ્ત્રીનું રહસ્ય તો કદિ પણ કોઈને કહેવું નહિ. રહસ્યભેદ તે મોટું પાપ છે, બીજા વ્રતમાં દૂષણ રૂપ છે, અન્યને હાનિકર્તા છે, અને અંતે મૃત્યુ લાવનાર છે, તેથી રહસ્યભેદ કરતાં બહુ વિચાર કરવો–રહસ્યભેદ કરવોજ નહિ. ગુપ્ત વાતનો મર્મ પ્રગટ થવાથી હૃદય ઉપરજ આ ઘાત થાય છે, અને હૃદય ભેદાઈ જાય છે, માટે કોઈનું રહસ્ય જાણ્યું હોય તો તે હૃદયમાંજ રાખવું. તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

## કથા ૭૮ મી.

### બે ખોપરીની કથા.

"કેટલાએક કાર્ય સાધનાર ખોપરીની જેમ હમેશાં ફળ આપે છે; અને કેટલાએક બીજી ખોપરીની જેમ માત્ર વાણીમાંજ મીઠા હોય છે, પણ કાંઇ આપતા નથી." તેની કથા આ પ્રમાણે—

હારપુર નગરમાં એક રજપુત રહેતો હતો, તે જુગારી, લુચ્ચો અને નિર્ધન હતો. એકદા ઘણી જાતનાં વ્યસનોને લીધે ઉદરપૂર્ત્તિ નહિ થતી હોવાથી ખાંધ ઉપર કડીવાળી લાકડી લઈને "ગમે તે સ્થળે ધન ઉપાર્જન કરીશ" તેવા વિચારથી તે ચાલ્યો. તે ફરતો ફરતો એક અટવીમાં આવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે અટવીમાં એક ઉજડ ગામ હતું. તે ગામમાં લાંબા વખતના દૈવકોપને લીધે ઘણા મનુષ્યો મરણ પામ્યા હતા, તે તે સ્થળે બેસીને ખોપરીઓ ભાંગવા મંડ્યો. તેણે ઘણી ખોપરીઓ ભાંગ્યા પછી કોઈ મહર્ધિક દેવે અધિષ્ઠિત કરેલી એક સુંદર ખોપરી તેણે ભાંગવા માંડી. તેથી તે દેવે કહ્યું કે–" અરે ! આ ખોપરી ભાંગીશ નહિ, તને હમેશાં પાંચશે સોનામહોરો હું આપીશ." આ પ્રમાણેનાં વચનો સાંભળીને વરસાદની ધારાથી કદંબ કુલ જેવી રીતે પ્રફુલ્લ થાય તેવી રીતે તેનાં ગાત્રો બધાં સંતુષ્ટ થયાં, અને તે ખોપરી લઇને તે ચાલ્યો. ' જે ઈચ્છયું હતું તે મળ્યું ' એમ બોલતો એક સરોવરમાં પાણીવડે તે ખોપરીને ન્હવરાવીને વનનાં ફુલોવડે તેની પૂજા કરી. પોતાના કપડાંવતી તેને વીંટી લઇને પોતાના ગામ તરફ તે પાછો ચાલ્યો. તેના ભોગરૂપી મનોરથોને વિસ્તારનાર તે ખોપરીને પાસે રાખીને પોતાના નગરમાં આવ્યો. પછી તે ખોપરી પાસેથી તે હમેશાં પાંચશે સોનામહોરો લેતો હતો. અન્યદા દ્રવ્યવાન થવાથી કામદેવની પત્ની તુલ્ય રૂપવાળી પત્રલેખા નામની વેશ્યાને ઘેર તે રહેવા લાગ્યો. તે સ્થળે વિવિધ પ્રકારનાં ભોગો તે ભોગવતો હતો. તે ખોપરીને તેણે સુંદર કરંડિયામાં રાખી હતી, અને વેશ્યા તથા તેના પરિવારની દૃષ્ટિથી દૂર રાખી સાવધાન થઇને તે તેની પૂજા કરતો હતો. વળી " મારા દેવતાની પૂજાના સમયે કોઇએ મારી પાસે આવવું નહિ " એવો તેણે આદેશ કર્યો હતો. એ પ્રમાણે કેટલાક

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

એક મહિના વીતી ગયા. એક વખતે અક્કાએ પત્રલેખાને કહ્યું કે–"નરેંદ્રની સેવા, ક્રયવિક્રયનો વ્યાપાર અથવા સુવર્ણ-સિદ્ધિ વિના પણ આ માણસ ધન પ્રાપ્ત કરે છે, તે ધન ક્યાંથી લાવે છે? મારા હૃદયમાં તે બાબતની બહુ નવાઇ લાગે છે. શું તેને ચિંતામણિ રત્ન ફળીભૂત થયો હશે? અથવા શું કોઇ દેવતા સંતુષ્ટ થયો હશે? પરંપરાથી પ્રશ્નો પૂછીને આ બાબતનો નિર્ણય કરવો યોગ્ય છે." પત્રલેખાએ ભ્રકુટી ચઢાવી આંખો ફેરવીને કહ્યું કે–"આપણે તેની શી ચિંતા? આપણે તો ધનનું કામ છે, તેની પ્રાપ્તિ માટે ચર્ચા કરવાની જરૂર નથી." આવું રોષવાળું તેનું કથન સાંભળી અક્કા તેની પાસેથી તે સમયે તો ચાલી ગઇ; પણ આ બાબતની તે વારંવાર પ્રેરણા કરવા લાગી, તેથી એક વખતે પત્ર લેખાએ તે રજપુતને પૂછયું કે–"વ્યાપારાદિ ઉદ્યમ વગર તમને આવી રીતે મરજી પડે તેમ વ્યય કરાય તેટલી સોનામહોરો કેવી રીતે મળે છે?" તેણે વિશ્વાસ લાવીને નહિ કહેવા લાયક છતાં સત્ય હકીકત તેને કહી દીધી કે–"મને એક ખોપરી પાંચશે સોનામહોરો હમેશાં આપે છે, અને તે ખોપરી દેવપૂજનવાળા સ્થળે કરંડીઆમાં હું રાખું છું." પત્રલેખાએ તે વાત અક્કાને કહી. તે ધરડી બિલાડી જેવી અક્કા પરદ્રોહ કરવામાં કુશળ હતી. તે તરતજ તેવીજ એક ખોપરી બીજે સ્થળેથી લઇ આવી, અને તે ખોપરી તે કરંડીઆમાં મૂકીને તાત્વિક ખોપરી તેણે લઇ લીધી, અને એક ગુપ્ત સ્થાને તે મૂકી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજે દિવસ તે રજપુતે ખોપરી પાસેથી દ્રવ્ય માગ્યું, પણ તેણે આપ્યું નહિ. તેથી તે વિલક્ષ વદનવાળો થયો, અને વિચારવા લાગ્યો કે–" આ લુચ્ચી વેશ્યાએ મને ઠગ્યો લાગે છે. વેશ્યાઓ રક્ત થયેલ પુરૂષની પ્રતિષ્ઠા, સુકૃત, વિત્ત કુળ, શીળ, બળ અને યશ–આ સાત વસ્તુઓ અવશ્ય હરી લે છે, વળી ખાધેલ પાનથી લાલ થયેલા હોઠની લાલપ ધોવાઈ ન જાય તો પણ માત્ર 'હા તાત ! હા તાત ! એટલુંજ બોલે છે. પણ હવે હમણા કાંઈ બોલવું નહિ. " પછી વિચાર કરીને ફરીથી તેજ ગામ તરફ તે ચાલ્યો અને તે સ્થળે આવ્યો. ત્યાં પ્રથમ પ્રમાણે ખોપરીઓ ભાંગવા માંડી. 'જે સ્થળેથી લાભ મળ્યો હોય ત્યાં સ્વતઃ માણસ ખેંચાય છે.' કેટલીએક ખોપરીઓ ભાંગ્યા પછી એક ખોપરી બોલી કે–"મને તું ભાંગીશ નહિ, તારી ઈચ્છા હશે તે હું તને આપીશ." તે સાંભળીને 'તે સાચું કહે છે કે ખોટું ?' તેનો નિર્ણય કરવા માટે તેણે તે ખોપરીને કહ્યું કે–" મને પાંચસો સોનામહોર આપ. " તે ખોપરીએ કહ્યું કે–" અરે રાજપુત્ર ! એક હજાર ગ્રહણ કર. " તે સાંભળીને તેણે આમ તેમ જોયું પણ સોના મહોરો દેખી નહિ. ત્યારે તેણે પૂછ્યું કે–"સોનામહોરો ક્યાં છે?" ખોપરીએ કહ્યું કે–"હું તો માત્ર બોલનારી ખોપરી છું, મારૂં એ કુલક્ષણ છે કે–જે માગે તેને હું બેવડું આપીશ તેમ કહું છું, પણ કાંઈ આપતી નથી. " આ સાંભળીને રાજપુત્રે વિચાર્યું કે–"આ ખોપરીથી પણ મારૂં કાર્ય સિદ્ધ થશે. " તેમ વિચારીને તેને ગ્રહણ કરી હારપુર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગામે આવ્યો. પછી પોતાના ઈષ્ટ મિત્રો પાસેથી એક બે દિવસ માટે એક હજાર સોનામહોરો તેણે ઉછીની લીધી, અને પત્રલેખાને ઘેર ગયો. પૂર્વની પ્રમાણેજ દેવતાની પૂજાના ઓરડામાં કરંડીઆમાં તે ખોપરી રાખી, અને સર્વ જનોની સમક્ષ ઘણી રીતે તેની પૂજા કરીને બે હાથ જોડી તેની પાસે પાંચસો સોનામહોરો તેણે માગી. તે ખોપરીએ કહ્યું કે–"એક હજાર લે." પછી પોતેજ મૂકેલી એક હજાર સોનામહોરો હસ્તકળાથી તેણે લીધી, અને સર્વનાં દેખતાં તે ગણી. તે દેખીને પાસે ઉભેલ સર્વ સ્ત્રીઓ વિગેરે ચમત્કાર પામ્યા, અને બોલ્યા કે–"અહો! પ્રથમની ખોપરી કરતાં પણ આ ખોપરી તો વધારે કિંમતી અને પ્રભાવવાળી છે. અહો! તેના સ્વામીને ધન્ય છે." વૃદ્ધ અક્કાએ તે વૃત્તાંત સાંભળીને પત્રલેખાને કહ્યુ કે–"વત્સ! આને છેતરીને તે નવી ખોપરી આપણે લઈ લેવી છે, અને જુની પાછી કરંડીઆમાં મૂકી દેવી છે." પત્રલેખાએ કહ્યું કે–"અવસરે તે પ્રમાણે કરીશ, ઉતાવળી થઈશ નહિ." પછી એક વખત તે રાજપુત્ર નગરમાં ભમવા ગયો હતો ત્યારે પૂર્વની ખોપરી કરંડીઆમાં મૂકી દઈને નવી ખોપરી તેણે લઈ લીધી, અને તે લોભણી સ્ત્રી પોતાને કૃતકૃત્ય માનવા લાગી.

રાજપુત્ર બે પહોર ગામમાં રખડીને તેને ઘેર પાછો આવ્યો. ઘેર આવીને તેણે તપાસ કરી તો તે કરંડીઆમાં તેણે જુની ખોપરી દીઠી. તેણે વિચાર્યું કે–"અહો! આ જુની ખોપરી દેખાય છે, નવી ખોપરી તે લઇ ગઈ જણાય છે.

અરે હૃદય ! હવે ખુશી થા. ભરતીના મોટા કલ્લોલથી પ્રેરાઈને ગિરિમાં કે નદીમાં આવેલ રત્ન પાછું રત્નાકરમાંજ જાય છે." આ પ્રમાણે હર્ષપૂર્વક તે વિચારવા લાગ્યો. પછી તે રાત્રી પૂર્વની માફકજ તે યૌવનવંતી હરિણાક્ષી વેશ્યા સાથે ચંદનના વિલેપન તથા અન્ય ભોગો સાથે તેણે પસાર કરી. સવાર થઈ એટલે તે તાત્ત્વિક ખોપરી લઈને તેજ નગરમાં રહેનારા પોતાના એક મિત્રને ઘેર જઈને તે રહ્યો; વેશ્યાનું ઘર તેણે તજી દીધું. જગતના ચક્ષુતુલ્ય સૂર્યોદય થયો ત્યારે અક્કાએ સ્નાન કરી, સુંદર વસ્ત્રો પહેરી, શરીરે વિલેપન કરી ખોપરીની પૂજા કરીને દ્વિગુણ પ્રાપ્તિની આશા સાથે તેણે પાંચસો સોનામહોરો માગી. એટલે તે ખોપરીએ કહ્યું કે-"એક હજાર ગ્રહણ કરો." તે પ્રમાણે તેણે કહ્યું, પણ આપ્યું નહિ. કુટ્ટિનીએ પૂછ્યું કે-"આનું શું કારણ?" તે ખોપરીએ કહ્યું કે-"હું તો ફક્ત બોલનારીજ ખોપરી છું, હું કાંઈ દ્રવ્ય આપનારી ખોપરી નથી." કુટ્ટિનીને તે સાંભળીને બહુજ પશ્ચાત્તાપ થયો. પછી તે રાજપુત્રને એક વખત બહુ મીઠા શબ્દોવડે તેણીએ બોલાવ્યો એટલે તેણે કહ્યું કે-"હું તારું બધું રહસ્ય જાણું છું." કુટ્ટિનીએ કહ્યું કે-"હું માયાવડે આખા જગતને છેતરું છું પણ તેં મને છેતરી." તે સાંભળીને રાજપુત્રે કહ્યું કે-"શું તેં સાંભળ્યું નથી કે રાક્ષસોને માથે પણ રાક્ષસ હોય છે અથવા શેરને માથે સવાશેર હોય છે." આ પ્રમાણે કહીને તે ચાલતો થયો. અક્કા મ્લાન મુખવાળી થઈને પોતાને ઘેર ગઈ. પેલો રાજપુત્ર ઘણા ભોગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભોગવ્યા પછી અંતે વિરક્ત થઈને તે વિચારવા લાગ્યો કે-"બુદ્ધિમાન મનુષ્યો સ્વયમેવ વિષયસમૂહને છોડે છે અને મૂર્ખ મનુષ્યો નથી છોડતા તો પછી વિષયો તેને છોડે છે." આ પ્રમાણે વિચારી યોગવિધિથી આત્મસાધન કરીને તે સિદ્ધિપદને પામ્યો.

**સાર**—આ સૃષ્ટિમાં લોભનો પાર પામવો તે મુશ્કેલ છે. એક મળતાં સો, સો મળતાં હજાર, હજાર મળતાં લક્ષ, એવી રીતે તૃષ્ણા દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે. તૃષ્ણાની તૃપ્તિ ગમે તેટલું મળતાં પણ થતીજ નથી. આવી રીતે લોભવશ થયેલો જીવ બહુ પ્રકારનાં અનર્થ કરે છે, અનર્થ કરતા તે ખંચાતો નથી, અને ગમે તેને કષ્ટમાં પાડવા ઉદ્યુક્ત થઈ જાય છે, લોભવશ પોતાની કીર્તિ ગુમાવે છે, અને લોભીનું નામ પણ કોઈ પ્રભાતમાં લેતું નથી. આવું હોવાથી લોભવશ ન થતાં પ્રાપ્તવૈભવમાં સંતોષ રાખનારનેજ પ્રાંતે સુખ થાય છે.

## કથા ૭૯ મી.

### સ્વાદલંપટ થનાર બંગાળદેવની કથા.

"જે સ્વાદમાં લંપટ થાય છે તે મુશ્કેલીથી કેમ ભય પામે? કારણ કે જે આંબા ખાય તે વિડંબના પણ સહન કરે. તે ઉપર એક કથા છે તે આ પ્રમાણે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચમરપુરમાં ભુવનપાળ નામે શ્રેષ્ઠી રહેતા હતા. ઘણા મનોરથો પછી તેને એક પુત્ર થયો, તેનું અંગાળદેવ નામ પાડયું. એક ખોળામાંથી બીજાના ખોળામાં રમતો તે મોટો થયો. લેખશાળામાં અભ્યાસ કરવા તેને મોકલ્યો, ત્યાં ઘણી કળાઓ તે શીખ્યો. પંડિતે અભ્યાસ કરાવી તેના બાપને પાછો સોંપ્યો. "વ્યુત્પત્તિના ઉત્તમ પાઠો મેં તમારા પુત્રને ભણાવ્યા છે." તેમ કહીને સમસ્યા તથા અન્ય પ્રશ્નો ગુરૂએ તેના પિતા સમક્ષ પૂછયા. શ્રેષ્ઠી બહુ સંતોષ પામ્યો, અને ઘણાં દ્રવ્યોવડે સત્કાર કરીને પંડિતજીને રજા આપી. પછી એકાંતમાં શ્રેષ્ઠીએ પુત્રને પોતાની પાસે બેસાડીને કહ્યું કે–"પુત્ર! જે વ્યવહારને જાણે તેજ ખરો હુંશિયાર કહેવાય, તેથી કેટલાક વ્યવહારની બાબતો તારે મારી પાસેથી જાણવાની જરૂર છે." સાવધાન થઈ અંજળી જોડીને તે વિનયવંત પુત્ર બેઠો. શ્રેષ્ઠીએ કહ્યું કે–"પુત્ર! ઘણા પંડિતો એક ઠા થાય ત્યારે ઉલટો તત્ત્વનો નિર્ણય થઈ શકતો નથી. તે ઉપર હું તને એક દૃષ્ટાંત કહું છું તે સાંભળ:—

## તપસ્વિની કથા.

એક નગરમાં એક મઠ હતો. તે સ્થળે ત્રણ તાપસો ઘણા કાળથી રહેતા હતા. એક વખતે રાત્રે તેઓમાંથી એક ઉઠ્યો, અને તેણે આકાશમાં ભેંશના શીંગડા જેવા કાળા વાદળની ઘટામાં ઝબકતી વિજળીની રેખા જોઈ. તેણે બીજા બંનેને જગાડી બહાર બોલાવીને કહ્યું કે–"અરે ભાઈ! જુઓ!

સ્વર્ગમાં આગ લાગી છે, તેની જ્વાળાના ધૂમાડાનો આ સમૂહ દેખાય છે." બીજાએ કહ્યું કે–"આ તો સૂર્ય છે, તે શીતથી બી ગયો છે, તેથી શ્યામ વસ્ત્રની કંથા પહેરીને વારંવાર પોતાની જાતને દેખાડે છે. અને–'હજુ પ્રભાત કાળ થયો છે કે નથી થયો ?' તેની તપાસ કરે છે." ત્રીજો બોલ્યો કે–"મને તો લાગે છે કે–"દૈત્યોના ઉત્પાતથી ત્રાસ પામેલા દેવલોકમાં મહેંદ્ર અગ્નિને ઉદ્દેશીને શાંતિકર્મ કરાવે છે." આપ્રમાણે વિચારતાં તત્ત્વને નહિ જાણનારા તેઓએ એક પંડિતને પૂછ્યું કે–"અરે ! આ શું હશે ?" તેણે કહ્યું કે–"વિજળીના ઝળકારાઓ સહિત આ મેઘ છે." આવી રીતે બહુ પંડિતો એકઠા થાય ત્યારે ઉલટું તત્ત્વ સમજાતું નથી.

વળી હે પુત્ર ! બહુ પંડિતાઇ હોય પણ વ્યવહારનું જ્ઞાન ન હોય ત્યારે પણ પરાભવ થાય છે. તે ઉપર એક મૂર્ખ પંડિતની કથા છે તે આ પ્રમાણે:—

## પંડિત મૂર્ખની કથા.

એક નગરમાં માત્ર અભ્યાસના અને વિદ્યાશાળાનાજ પરિચયવાળો એક પંડિત રહેતો હતો. એક વખત દેવપૂજા માટે વાડીમાંથી પુષ્પ તથા પત્રાદિ લાવવા માટે તે જતો હતો, તે વખતે કોટવાળે તેને પૂછ્યું કે–"ભાઈ ! તમે ક્યાં જાઓ છો ?" તેણે કહ્યું કે–"પરસ્રીને ગ્રહણ કરવા માટે હું જાઉં છું." 'પત્રી શબ્દ તો રૂઢ થઇ ગયો છે, તેથી તેવું બોલવાથી શું ? માટે વિષમ શબ્દ વાપરૂં.' તેવા આશયથી તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પત્રીને બદલે પરસ્ત્રી શબ્દ બોલ્યો હતો; પણ તેનાં શબ્દો સાંભળીને તે કોટવાળ કોપાયમાન થયો, અને તેની નાશિકા છેદી નાખી. તેથી લોકોમાં પ્રચલિત થયું કે–"અતિ ભણેલ પણ વ્યવહાર નહિ જાણનાર નાશ પામે છે." અથવા 'ભણ્યા પણ ગણ્યા નહિ." એમ કહેવાય છે.

વળી "જડ માણસ બીજાને પૂછયા વગર પોતાની બુદ્ધિ પ્રમાણે કાર્ય કરવા જતાં તાપસના શિષ્યની માફક પાપ અને અપકીર્તિનું ભાજન થાય છે." તે સાંભળીને બંગાળદેવે પૂછયું કે–"પિતાજી ! તે તાપસ શિષ્ય કોણ હતો ?" ભુવનપાલે કહ્યું કે–"વત્સ ! તેની કથા સાંભળ.

## તાપસ શિષ્યની કથા.

પૂર્વે શૃંગારપુરમાં એક તાપસ રહેતો હતો, તે કુબ્જ હતો, તેને પછવાડે ખુંધ નીકળી હતી, તેથી તે વાંકો વળીને ચાલતો હતો. તેને એક શિષ્ય હતો. એક વખતે તે શિષ્ય નગરની બહાર ગંગાનદીના કાંઠા ઉપર ગયો. તે વખતે અગ્નિનું તાપણું કરીને ગોવાળીઆઓ તાપતા હતા; તે દેખીને તેણે પૂછયું કે–"તમે આ શું કરો છો?" તેઓએ કહ્યું કે:– "અમારી આ વાંકી લાકડીઓને અગ્નિના તાપવડે અમે સીધી કરીએ છીએ." આ સાંભળીને તે મઠમાં આવ્યો. પછી તેણે વિચાર કર્યો કે:–"તે લાકડીઓની જેમ મારા વાંકા વળી ગયેલા આ ગુરૂને હું અગ્નિના તાપવડે સીધા કરૂં." આવો વિચાર કરી અગ્નિ લાવી તેને બરાબર પ્રજ્વ-

લિત કરી ગુરૂના પગ અને ગળું એકઠા કરી તેના પૃષ્ટ પાસે અ-ગ્નિ લગાડી. આમ કરવાથી ઘણી બુમો પાડીને તે ગુરૂ મરણ પા-મ્યો. લોકો એકઠા થઈ ગયા અને આમ કરવાનું કારણ પૂછ્યું. તેણે લાકડીની વાત કરી. એટલે 'ગુરૂને સીધા કરવા જતાં ગુરૂનું મૃત્યુ થયું. તે સાંભળી સર્વે હસવા લાગ્યા. આ પ્રમાણે તે મૂર્ખ શિષ્ય પાપ તથા અપકીર્તિનું ભાજન થયો."

"વળી હે વત્સ! ભીરૂ માણસે વિષમ કાર્યો શરૂ કરવાં નહિ. તેના ભીરૂ સ્વભાવથી અને બુદ્ધિની વિહ્વળતા-થી ચીભડાવાળા પુરૂષની જેમ કાર્યનો નાશ થાય છે. તેની કથા આ પ્રમાણે—

## ચીભડાવાળા પુરૂષની કથા.

એક નગરમાં એક ગૃહસ્થ રાત્રે ખાટ ઉપર સુતો હતો. રાત્રે તેને ઘેર એક ચોર આવ્યો. 'તે ગૃહસ્થ જાગે છે કે ઉંઘે છે.' તે બાબતનો નિર્ણય કરવા માટે તે ચોરે પોતાની પાસે રાખેલ એક ચીભડું તેના ઉપર નાંખ્યું. ચી-ભડુ ભાંગી ગયું. તે ચીભડામાંથી પાણી તથા તેનાં બી તે ગૃહસ્થ ઉપર પડ્યા. તે જાગી ગયો, અને ભયભ્રાંત થઇને પોતાની પત્નીને તેણે કહ્યું કે–" અરે સ્ત્રી! જાગ, જાગ, ચોરે મને તરવારવડે માર્યો છે, તેથી માત્ર રૂધિર નીકળ્યું છે એટલુંજ નહિ પણ સાથે કીડાઓ પણ નીકળ્યા છે." તે ર-સને રૂધિર અને બીને કીડાઓ માનતો હતો. ચોરે વિચાર્યું કે–" અરે! આવા રાંકડાનું ધન લેવાથી શું ફાયદો?" તેમ વિચારી ચોર ચાલ્યો ગયો."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી શ્રેષ્ઠીએ કહ્યું કે–"હે કુળદીપક પુત્ર ! જે તરતજ પ્રત્યુત્તર આપી શકે છે તે દેવોને પણ વશ કરે છે, તો પછી મનુષ્યોને વશ કરે તેમાં તો શું નવાઈ ? જેવી રીતે એક વૈષ્ણવી સ્ત્રીએ કર્યું હતું." પુત્રે પૂછ્યું કે–"તે કોણ હતી ?" તેણે કહ્યું કે–"વત્સ ! તેની કથા સાંભળ––

## વૈષ્ણવી સ્ત્રીની કથા.

કર્ણિકાર નગરમાં મુકુંદ નામે દેવને એક મહાપ્રસાદમાં સ્થાપન કરેલા હતા. તે દેવની પૂજા વિચિત્ર પ્રકારે ચાલતી હતી. ચોમાસામાં ઘણી સ્ત્રીઓ તેને માટે મહિના મહિનાના ઉપવાસ કરતી હતી. તેમાં ઘણી શુદ્ધ વ્રત પાળનારી હતી, પણ તે સ્ત્રીઓમાં એક સ્ત્રી પાખંડી હતી, તે ભૂખી રહી શકતી નહોતી, અને જીવન તેને બહુ વહાલું હતું, તેથી દિવસે ઉપવાસ કરતી ને રાત્રે ચુરમું ખાતી હતી. એક વખતે તેને રાત્રે ખાતી દેખીને મુકુંદદેવે પૂછ્યુ કે–" અરે સ્ત્રી ! તું બહુ માયાકપટી દેખાય છે; કારણ કે તું જિંહાવડે મહિનાના ઉપવાસ કરવાના પચ્ચખ્ખાણ લે છે અને રાત્રે દરરોજ ખાય છે." તેસાંભળીને તે સ્ત્રીએ કહ્યું કે–"દેવ ! જેવા તમે અમારા સ્વામી માયાવી છો, તેવાજ અમે તમારા સેવક છીએ." ગોવિંદે તે વાત સાંભળીને પૂછ્યું કે–"હું કેમ માયાવી છું ?" વૈષ્ણવ સ્ત્રીએ કહ્યું કે–" તમે આખા જગતને કહો છો કે–' વર્ષાઋતુમાં અમે પાતાળમાં શયન કરીએ છીએ. ' તેમ કહીને રાત્રે તો લોકોનાં ચરિત્ર જોવા નીકળો છો, અને તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિમિત્તે જાગરણ કરો છો, તેથી 'કહો છો કાંઈ, અને કરો છો કાંઈ.' આ તમારૂં માયાકપટીપણું પ્રત્યક્ષ છે; તેથી માયા કપટ કરનારા તમે જેવા અમારા સ્વામી, તેવાજ અમે તમારા સેવક માયા કપટ કરનારા છીએ." આ પ્રત્યુત્તર સાંભળીને શ્રી મુકુંદદેવ પ્રસન્ન થયા, અને તેને મનોવાંછિત વિભૂતિ આપી."

"વળી હે પુત્ર! દેવ, સ્વામી તથા ગુરૂની પાસે થોડું, ઉપયોગી અને સારભૂત હોય તેટલુંજ બોલવું, કાલેશ્વરીના સેવકની જેમ. તેની કથા આ પ્રમાણે છે:–

## કાલેશ્વરીના સેવકની કથા.

કોઇ એક અંધે ચક્ષુઓ મેળવવા માટે કાલેશ્વરી દેવીની તપ, જપ, ધ્યાન અને પુષ્પપૂજા વિગેરેથી આરાધના કરી. તે દેવી તેના ઉપર સંતુષ્ટ થઇ, અને પ્રત્યક્ષ થઇને બોલી કે–"વત્સ! હું તારા ઉપર પ્રસન્ન થઈ છું, જે તારે માગવું હોય તે એક વાકયવડે માગ." તે સાંભળીને તે બુદ્ધિવંત અંધ પુરૂષે કહ્યું કે:–"હે દેવી! જો તમે પ્રસન્ન થયા હો તો આ પ્રમાણે કરો, કે જેથી કરીને મારા પુત્રના પૌત્રને હું સુવર્ણના અને રત્નના થાળમાં ભોજન કરતો જોઉં." આ એક વાકયમાં તે બુદ્ધિશાળીએ ધનાઢ્યતા, લાંબું આયુષ્ય, ચક્ષુઓ તથા સંતાનાદિ પરિવાર સર્વ માગી લીધું. દેવી તેના ઉપર પ્રસન્ન થઇ, અને તેણે માગ્યું તે પ્રમાણે દીધું."

"હે વત્સ! મારાં આ વચનો કદિ વિસારીશ નહિ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યવહાર માર્ગમાં સારી રીતે પ્રવર્તજે" આ પ્રમાણે પિતાનો આદેશ સાંભળીને, તત્ત્વને ગ્રહણ કરી બંગાળદેવ કુટુંબભારને વહેતો સંસારમાં રહેવા લાગ્યો. અનુક્રમે તેનો પિતા મૃત્યુ પામ્યો; એટલે બંગાળદેવ કુટુંબનો સ્વામી થયો. તે ત્રણે વર્ગની સાધના કરતો હતો અને કોઈની પાસે કઠોર વાકય બોલતો નહોતો.

તેને ચંડા અને પ્રચંડા નામે બે પત્નીઓ હતી. તેને પરસ્પર બહુજ કળહ થતો હતો. તેઓનાં નિત્યના કજીઆથી બંગાળદેવનું હૃદય બહુ ભગ્ન રહેતું હતું. તે ગામની પાસે એક નદી હતી, તેમાં હમેશાં પાણી રહેતું હતું. તે નદીના બંને કિનારા ઉપર બંગાળદેવનાં બે ઘર હતાં. ચંડાને નદીની આ બાજુના મકાનમાં અને પ્રચંડાને સામી બાજુના મકાનમાં તેણે રાખી હતી, અને બંનેને ઘેર વારા ફરતી એકેક દિવસ ભોજન, વિલેપન, ભોગોપભોગાદિ તે કરતો હતો એક સમયે પ્રચંડાને ઘેર બે દિવસ રહ્યો. ત્રીજે દિવસે ચંડાના ઘરના દ્વાર પાસે આવ્યો, ત્યારે તે બારણીઆમાં સાંબેલાવતી દાણા ખાંડતી હતી. બંગાળદેવને આવતો દેખીને વારાનું ઉલ્લંઘન થવાથી ક્રોધે ભરાયેલી ચંડાએ મંત્ર જાણતી હોવાથી સાંબેલાને મંત્રીને તેના તરફ ફેંક્યું. તે સાંબેલું સર્પનું રૂપ ધારણ કરીને બંગાળદેવની પાસે આવ્યું એટલે તે ત્યાંથી પ્રચંડાના ઘરતરફ દોડ્યો. આગળ તે અને પાછળ સર્પ તેમ ચાલ્યા. વિસ્તારવાળી નદી ઓળંગીને તે સામે કાંઠે નીકળ્યો. સર્પ પણ તેની પછવાડે પાણીમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડ્યો. તે મોટા સર્પને ઢાંકી દેવા માટે અંગાળદેવે પોતાનું પહોળું વસ્ત્ર તેના ઉપર નાંખ્યું. તે વસ્ત્રથી ઢંકાઈ જઇને સર્પ મૂઢ થઇને ઉભો રહ્યો, તેટલામાં તે વણિક દોડીને પ્રચંડાના ઘર આગળ પહોંચી ગયો. તે વખતે તે ધોકાવતી કપડા ધોતી હતી. તેણે પૂછયું કે:–"નાથ ! તમે નાસિકા સંપૂર્ણ ભરાઇ ગયેલ છે તેવી રીતે શ્વાસ લેતા, વિખરાઈ ગયેલા વસ્ત્રોવાળા, પરસેવાથી વ્યાપ્ત, બહુ શિઘ્ર ગતિથી દોડતા અત્રે કેમ આવ્યા ?" અંગાળદેવે કહ્યું કે "હમેશાંના નિયમ પ્રમાણે તારે ઘેરથી હું ચંડાને ઘેર ગયો, તે વખતે તેણે ક્રોધાયમાન થઇને મારી સન્મુખ સાંબેલું નાંખ્યું. તે મુશલ સર્પનું રૂપ ધારણ કરીને મારી પાછળ લાગેલું છે. હવે તું એકદમ બારીનાં દ્વાર વાસી દે ને મને ઉપર લઈ જઈ કોઈ પેટીમાં સંતાડી દે." તેવી રીતે તે બોલતો હતો તેવામાં તો સર્પ ત્યાં આવી પહોંચ્યો. એટલે હાથમાં રાખેલ કપડા ધોવાનો ધોકો પ્રચંડાએ તેની સામે ફેંકયો. તે ધોકો નોળીઆના રૂપમાં ફેરવાઈ ગયો, અને સર્પના તેણે ખંડ ખંડ ટુકડા કરી નાંખી તેને મારી નાંખ્યો, એટલે સર્પનો ઉપદ્રવ તો શાંત થયો. અંગાળદેવે તે રાત્રી પ્રચંડાના ઘરમાંજ પસાર કરી.

સવારમાં તે વિચારવા લાગ્યો કે–"આ બંને મારી પત્નીઓ દુષ્ટ છે, મંત્રોને જાણનારી છે, અને તેઓનો પ્રભાવ મેં પ્રત્યક્ષ દીઠો છે, જો કોઈ દિવસ તેઓ બંને મારા ઉપર ક્રોધે ભરાશે તો તે મારો ઘાત કરશે. તે વખતે તેનો નિષેધ કોણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરે તેવું છે ? કહ્યું છે કે-‘ દુષ્ટ સ્ત્રી, શઠ મિત્ર, સામું બોલે તેવા નોકરો, અને સર્પોવાળા ઘરમાં વાસ તે અવશ્ય મૃત્યુ માટેજ થાય છે.’ તેથી હવે અત્રેથી કોઈ સ્થળે ચાલ્યો જાઉં.” આવો વિચાર કરીને સારી સારી કિંમતી ચીજો ઘરમાંથી લઇ કાપડીનો વેશ પહેરીને સવારમાં તે બીજે દેશ જવા માટે નીકળ્યો. અનુક્રમે તે કોઇ ગામમાં આવ્યો. ત્યાં ભમતાં ભમતાં તે એક વેપારીને ઘેર ગયો. તેણે ઉભા થઇને તેનો સત્કાર કર્યો, અને મોટા આસન ઉપર બેસાડી પૂજા કરીને તેણે કહ્યું કે-“ભદ્ર ! આ મારી વિદ્યુલ્લતા નામની બ્હેન છે, તેની સાથે આપ પાણિગ્રહણ કરો.” તેણે કહ્યું કે-“તમે મોટા વ્યવહારી છો, મારૂં કુલ કે શીલ તમે જાણતા નથી, હું એક કાપડી છું, તમે મને કન્યારત્ન આપવાનું કેમ કહો છો ? ” વ્યવહારીએ કહ્યું કે-“ નૈમિત્તિકે મને કહ્યું હતું તે પ્રમાણે બન્યું છે. તેણે કહ્યુ હતું કે-‘ આવા રૂપવાળો કાપડીનો વેષધારી એક મનુષ્ય અમુક દિવસે, અમુક સમયે તારે ઘેર આવશે; તેની સાથે તારી બ્હેનનું પાણિગ્રહણ કરાવજે. ’ આ પ્રમાણે તેણે કહેલ તે પ્રમાણે બન્યું છે, તેથી હું મારી બહેન તમને આપું છું.” તે વ્યવહારીનાં આવાં વચનો સાંભળીને બંગાળદેવે તે વિશાળ લોચનવાળી સ્ત્રી સાથે લગ્ન કર્યું. તેની સાથે પ્રેમપાશથી બંધાઇને લાંબા કાળ સુધી તે ત્યાં રહ્યો. પૂર્વની બંને પત્નીઓને તે હૃદયમાંથી પણ વિસરી ગયો.

એક વખતે રાત્રીએ કામદેવના હાથીની કલ્પના કરા-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વનાર મેઘ ગાજતો હતો અને વિરહિણી સ્ત્રીના હૃદયને શર-રૂપ લાગતી વરસાદની ધારા વરસતી હતી, તે વખતે બંગા-ળદેવ વિદ્યુલ્લતાની સાથે વાસભુવનમાં પલંગ ઉપર બેઠો હતો. આ સમયે નજીકના ઘરમાં એક સ્ત્રીને બહુ ઉંચે સ્વરે રૂદન કરતી સાંભળીને બંગાળદેવે પત્નીને પૂછયું કે–" પ્રિયે ! આ સ્ત્રી શા માટે રૂદન કરે છે ? " વિદ્યુલ્લતાએ વીજળીના ઝબ-કારામાં તેના ઘર તરફ જોઇને કહ્યું કે–" સ્વામિન્ ! તે સ્ત્રીને તેના ભર્ત્તારનો વિરહ છે. તેનો પતિ શિશિર ઋતુમાં પરદે-શ ગયો છે, વર્ષાકાળ થશે ત્યારે આવીશ તેમ કહીને ગયો હતો. વચ્ચે ગ્રીષ્મઋતુ ગઇ, વર્ષાકાળ આવ્યો તોપણ હજુ સુધી તે આવેલ નથી; તેથી તેનું હૃદય હતાશ થવાથી વિરહ-વેદનાથી બળતી તે રૂદન કરે છે. " આ વાર્તા સાંભળીને બં-ગાળદેવે વિચાર કર્યો કે–" અરે, મને ધિક્કાર છે ! તે મારી બંને પત્નીઓ મારા વગર વર્ષા સમય કેવી રીતે વ્યતીત ક-રતી હશે ? હું ચળ પ્રકૃતિવાળો છું, સ્નેહ રહિત છું, અધમ છું, કારણ કે હું તે બંનેને અચાનક ત્યજીને દેશાંતરમાં નીકળી ગયો છું. વળી અહીં પરદેશમાં પણ સ્વાર્થ સધા-વાથી તેનો પ્રેમ મેં વિસારી દીધો છે. વળી મંત્રશક્તિ દે-ખાડવાથી મેં તેના ઘાતકી સ્વભાવનો વિચાર કર્યો તે પણ અનુચિત કર્યું છે. કારણ કે કોઇ પણ સ્ત્રી કદિ પણ પોતાના પ્રિયતમને હણતી નથી. તીક્ષ્ણ દાઢાવાળો પણ સર્પ પોતાની મેળે સ્વશરીરને કદિપણ ડંશ મારતો નથી; તેથી હવે તો હું ત્યાં જાઉં તોજ મારૂં જીવિતવ્ય વખાણવા લાયક છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહિ તો મારી જેવા દુરાત્માના વૃથા પુરૂષાર્થનું શું પ્રયોજન છે ? "

આમ વિચાર કરતાં તેનું મુખ મ્લાન થયું, શરીર ઉપર પ્રસ્વેદ આવ્યો, નિઃશ્વાસ મૂકાણા અને તેનો આનંદ ઉડી ગયો. આવી રીતની તેની સ્થિતિ દેખીને તેની પત્નીએ પૂછયું કે–" આર્યપુત્ર ! કેમ આવી રીતે ચિંતાવાળા દેખાઓ છો ? " ત્યારે બંગાળદેવે સત્ય હકીકત કહી, અને કહ્યું કે–" મૃદુ અંગવાળી ! આ પ્રમાણે મારે બે પત્નીઓ છે. તેનું સ્મરણ થવાથી સ્વદેશમાં જવાની મારી ઈચ્છા થઇ છે; અને તેને માટે એટલી બધી તીવ્રતા થઇ છે કે હવે કાળવિલંબ સહન થઈ શકતો નથી. " આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને વિદ્યુલ્લતા અંતઃકરણમાં અનુતાપપૂર્વક વિચારવા લાગી કે–" તેમને પ્રથમની પણ બે પત્ની છે, હું ત્રીજી પત્ની છું, આટલા દિવસ સુધી તો તેનાથી પડેલું દુઃખ સંભારીને તેને નહિ સ્મરતાં મારી સાથે અપૂર્વ રસ અનુભવ્યો; હવે તો મારો આ રસ સપત્નીની સત્તાના પંકથી મલિન થયો છે. વળી મને છોડીને તેને જવાની ઈચ્છા થઈ છે, તેથી તેમને શિખામણ આપું. જો ન જાય તો સારૂં; છતાં જો જોર કરીને તે જાય તો પછી મારૂં પરાક્રમ બતાવું. "

આવો દૃઢ વિચાર કરીને તેણે કહ્યું કે–" પ્રિયતમ ! તમારા વિના એક ક્ષણ પણ હું જીવી શકું તેમ નથી, તેથી આવી નિષ્ઠુરતા ધારણ કરીને તમે દેશાંતર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેમ જઈ શકશો? સમુદ્ર તો ગંગાના સંગ વગર પણ સમુદ્ર તરીકે રહી શકે છે, પરંતુ ગંગા તેના વગર એક ક્ષણ પણ રહી શકે છે ખરી? તે કહો. વળી વિચારો કે સ્ત્રીઓને પતિના વિરહે સંતાપવાળા દિવસો કેટલા લાંબા થઈ પડે છે?" આ પ્રમાણે સાંભળીને બંગાળદેવે કહ્યું કે–"વહાલી! ત્યાં જઈને કેટલાક દિવસ ત્યાં રહી પાછો હું તરતજ અત્રે આવીશ. હે માલતી! અન્ય પુષ્પોમાં ભમરો ભમે છે, તેથી તું તે બીજામાં મગ્ન થઈ જશે તેવી ભ્રાંતિ કરીશ નહિ. તારા લોકોત્તર સુરભિના વૈભવની તેને બહાર ફર્યા વગર કેવી રીતે ખબર પડશે?" આવો જવાબ મળવાથી બંગાળદેવનો અતિશય આગ્રહ જોઈને વિદ્યુલ્લતા મૌન રહી. સવારે ભર્ત્તાર ચાલ્યો, ત્યારે દહીંમિશ્ર કરંબક કરીને તેણે તેને ભાતામાં આપ્યો. તે કરંબક લઈને પગે ચાલતો તે આગળ વધ્યો. અર્ધ પ્રહર ચાલ્યા પછી સુંદર પાણીવાળું એક સરોવર આવ્યું, તે સ્થળે તે ખાવા બેઠો. એવા નિર્જન સ્થળમાં પણ તે ખાવા બેઠો ત્યારે છીંક થઈ; તેથી તે ખાધા વગર આગળ ચાલ્યો. ફરી જમવા બેઠો અને ફરી છીંક થઈ. ત્રીજી વાર ખાવા બેઠો ત્યારે પણ છીંક થઈ. આ પ્રમાણે ત્રણવાર છીંક થવાથી તેણે તે કરંબક ખાધોજ નહિ. તેવામાં એક જટાધારી તાપસ તેને મળ્યો. તેની સાથે વાતો કરતો તે કેટલેક સુધી દૂર ગયો. પછી એક જળાશય આવ્યું, ત્યાં બધો કરંબક તેણે તે જટાધારીને આપી દીધો. પોતે અંશ માત્ર પણ ખાધો નહિ. જટાધારીએ તે કરંબક ખાધો કે તરતજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે બોકડો થઈ ગયો, અને વિદ્યુલ્લતાના ઘર તરફ તે ચાલ્યો.

બંગાળદેવ કુતુહળ, ભય, શોક વિગેરેથી વ્યાકુળ થઈ તે બોકડાની પછવાડે ચાલ્યો. તે બોકડો વિદ્યુલ્લતાને ઘેર ગયો. વિલ્લઘુતાનો બાપ શ્રેષ્ઠી તે સમયે ઘર બહાર ગયેલ હતો. બોકડો ઘરમાં પેઠો, એટલે વિદ્યુલ્લતાએ એક લાકડીવતી તેને મારવા માંડ્યો. પશુએ બુમો પાડવા માંડી. તે ધીમે ધીમે બોલતી કે–" અરે, જા, જા, તેને ઘેર જઈ આવ." લોકો એકઠા થઈ ગયા. તેઓએ પૂછયું કે–" અરે, આ તું શું કરે છે ? " તેણે ખુલાસો કર્યો કે–" પૂર્વની પત્નીઓને સંભારીને મારો પતિ તેની પાસે જતો હતો, તેથી કરંબકમાં ઔષધિ ભેળવીને મેં તેને પશુ બનાવ્યો છે, અને મારૂં છું. " લોકોએ દયા આવવાથી કહ્યું કે–" હવે તેનું મૂળ રૂપ કર. " તેણે તરતજ બીજો ઔષધોપચાર કર્યો, એટલે તે પશુ તરતજ જટાધારી થઇ ગયો.

લોકોએ પૂછયું કે–" બાવાજી ! આ શું ? " તે જટાધારીએ પૂર્વની અવસ્થા સંભારીને કહ્યું કે–" અરે લોકો ! વિશ્વાસ રાખીને જે કરંબક ખાય છે તે આવી વિડંબના સહન કરે છે, તેમાં દોષ કોઈનો નથી." પછી તેણે પોતાની બધી કથા કહી. લોકોએ કહ્યું કે–" ત્યારે જે આનો પતિ છે તે કયાં છે ? " આમ પૂછવાથી તરતજ બંગાળદેવ પ્રત્યક્ષ થયો. તેણે પણ સર્વના સાંભળતાં કહ્યું કે–" જો છીંકના શુકનને અપ્રમાણ કરીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં કરંબકનું ભોજન કર્યું હોત, તો જટાધારીની દશા થઈ તેવીજ મારી દશા થાત." આ પ્રમાણે કહીને તેણે વિસ્તારથી પોતાની બધી કથા કહી બતાવી. પછી તે બધાનો ત્યાગ કરીને તે મુનિમહારાજની પાસે ગયો. મુનિએ ઉપદેશ આપ્યો કે–"દુ:ખથી કામભોગ મેળવાય છે, અને ભોગવતાં તે દુ:ખ આપનાર થાય છે. તેથી દુ:ખ સહન કરવાને તું શક્તિવંત ન હો તો કામભોગને પ્રિય ગણીશ નહિ." આ પ્રમાણે તેમનો ઉપદેશ સાંભળીને તેણે વૈરાગ્ય ભાવ ધારણ કર્યો, કામભોગ તજી દીધા અને દીક્ષા લઈ ઘોર તપસ્યા કરી કર્મ ખપાવીને સ્વર્ગે ગયો.

**સાર**—સાંસારિક ભોગ અંતે દુ:ખ આપનાર છે. તેને સ્વયં તજનાર સુખથી રહે છે. ભોગો જ્યારે તજે છે ત્યારે દુ:ખ થાય છે, તેથી ભોગની અતિ તૃષ્ણા કરવી નહિ. વળી સ્ત્રીઓનો બહુ વિશ્વાસ કરવો નહિ, તેઓ અર્થ સરે ત્યાંસુધી તો અનુકૂળ રહે છે, પણ અર્થ ન સરે અને પોતાના સુખમાં બીજાનો ભાગ ભળે, ત્યારે ઈર્ષ્યાને લીધે તે સહન કરી શકતી નથી, અને ગમે તેવું કષ્ટ ઉપજાવતાં તેને વાર લાગતી નથી. સ્ત્રી યા પુરૂષ બંને સ્વાર્થભ્રંશ સમયે પ્રતિકૂળપણે વર્તતાં વાર લગાડતા નથી. તેથી સંસારવ્યવહાર ચલાવતાં બહુ વિચારીને વર્તન કરવાની જરૂર છે. વળી ભોગો પણ અંતે દુ:ખદાયી હોવાથી ત્યાજ્ય છે. આ કથાની અંતર્ગત કહેલી પ્રાસંગિક કથાઓ પણ બહુ મનન કરવા લાયક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કથા ૮૦ મી.

## જિહ્વાસંવરના અભાવ ઉપર એક નોકરની કથા.

" સર્વ ગુણો હોય પણ કુવચન બોલવાની ટેવ હોય તો તે મહાદોષ છે, એક કુવચનના દોષથી મ્લેચ્છે પોતાના કર્મકરને છોડી દીધો હતો." તેની કથા આ પ્રમાણે—

એક નગરમાં એક મ્લેચ્છે એક બીજા મ્લેચ્છ પાસેથી ગુલામ ખરીદ્યો. વેચનારે પ્રથમજ લેનારને કહ્યું કે–" આ ગુલામ ભલો છે, કાર્ય કરી શકે તેવો છે, પ્રમાણિક છે, લખતાં વાંચતાં આવડે છે, શક્તિવંત છે, વિશેષ શું ? સર્વગુણ સંપન્ન છે, પરંતુ અમંગળિક શબ્દો બોલવાનો તેનામાં મોટો દોષ છે." લેનારે કહ્યું કે–" બીજા ગુણો છે તો તે દોષ ભલે રહ્યો." તેમ કહીને તે ગુલામને પોતાને ઘેર લઈ ગયો અને સર્વ નોકરનો ઉપરી તેને બનાવ્યો. એક વખત રાજાના હુકમથી તેનો શેઠ લડાઈમાં જતો હતો, ત્યારે તેણે ગુલામને કહ્યું કે–" હમીર નામના મારા પુત્રનું, આ મનુષ્યોનું, આ ગધેડાનું અને કર્બર નામની કુતરીનું બરાબર રક્ષણ કરજે." આ પ્રમાણે કહીને તે ગયો.

પછી કર્મકર સારી રીતે કુટુંબનું પાલન કરવા લાગ્યો. કેટલાએક માસ વીતી ગયા એટલે રાજાનું કાર્ય સિદ્ધ થવાથી તે મ્લેચ્છ સ્વનગર તરફ આવવા ચાલ્યો. અનુક્રમે નગરના પાદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રમાં આવ્યો, અને પોતાના આવ્યાના ખબર કહેવરાવ્યા. એટલે પહેલોજ અશ્વ ઉપર બેસીને ગુલામ સામે આવ્યો, અને સ્વામીને નમસ્કાર કર્યો. 'આ હમેશાં અશુભ બોલનાર છે' એમ તેના પ્રથમના સ્વામીએ કહેલ તે સંભારીને તેણે પહેલાં તો કર્બર કુતરીના કુશળ સમાચાર પૂછયા. ગુલામે કહ્યું કે-" સ્વામી ! કર્બર તો મૃત્યુ પામી છે." શેઠે પૂછયું કે-"કેમ મૃત્યુ પામી ?" તેણે કહ્યું કે-" ગર્દભના માંસનો આહાર કર્યો, તેનું અજીર્ણ થવાથી મૃત્યુ પામી " શેઠે પૂછયું કે-" ગર્દભ કયારે મૃત્યુ પામ્યો ?" ગુલામે કહ્યું કે-"ચિતા સળગાવવા માટે ઇંધણા (કીટા)નો ભારો લઇ જવાથી રૂધિર વમન કરીને મૃત્યુ પામ્યો." શેઠે પૂછયું-" ચિતા શા માટે નીપજાવવી પડી ?" ભૃત્યે કહ્યું કે-" હમીર નામના આપના પુત્રના મરણથી." સ્વામીએ પૂછયું-" તેનું મરણ કેવી રીતે થયું ?" ભૃત્યે કહ્યું-" તેણે ઉજાગરો કર્યો, તેથી તાવ આવ્યો, અને મૃત્યુ થયું." શેઠે પૂછયું કે-" ઉજાગરો શા માટે કર્યો ?" ગુલામે કહ્યું કે-" અમારી શેઠાણીને ઘણા વખતથી ક્ષયરોગ થયો હતો, ઘણા વૈદ્યોએ તેનો ઉપચાર કર્યો, તો પણ વ્યાધિ મટ્યો નહિ; તેથી શેઠાણી મૃત્યુ પામ્યા; એટલે આખા કુટુંબને ઉજાગરો કરવો પડ્યો. તે પ્રસંગે માતા તરફની ભક્તિને લીધે અમારૂં કોઈનું વચન હમીરે ગણકાર્યું નહિ; અને ઘણી રાત્રી સુધી ઉજાગરો કર્યો; તેથી અગ્નિ મંદ થવાથી તેમને તાવ આવ્યો, અને મૃત્યુ પામ્યા." શેઠે કહ્યું કે-"શું મારી પત્ની પણ મરણ પામી ? અરે આ શું ? આ શું ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુલામે કહ્યું કે–"હા, મરણ પામી." પોતાના સર્વ કુટુંબના ક્ષયની હકીકત સાંભળીને શેઠ વસ્ત્ર ફાડવા, રૂદન કરવું વિગેરે શોકદર્શક કાર્યો કરવા લાગ્યા. તે ગુલામ પણ તે પ્રમાણે કરવા લાગ્યા.

એ સમયે શૃંગાર ધારણ કરીને પુત્રાદિ આખું કુટુંબ તે મ્લેચ્છને મળવા માટે આવ્યું. સર્વેએ ઉચિત નમસ્કારાદિ કર્યા, મ્લેચ્છ તો તેને દેખીને આનંદિત થયો. શેઠે ગુલામને પૂછયું કે:–"અરે ગુલામ! આવું બહુ દુઃખ કરવાવાળું અસમંજસ તું કેમ બોલ્યો ?" ગુલામે કહ્યું કે:– "સ્વામિન્! મારા સ્વામીએ ખરીદ કરતી વખતે આપની પાસે શું કહેલું છે તે સ્મૃતિમાં નથી ? તેણે કહ્યું હતું કે:– 'આનામાં વાણીનો દોષ છે, બીજા સર્વે ગુણો છે.' તમે તે પ્રમાણે સમજીનેજ મને રાખ્યો છે. આજે તમને તેનો સાક્ષાત્ અનુભવ થયો." સ્વામીએ ઘેર જઇને આવી દુષ્ટ વાણી બોલનાર ગુલામને ઘરમાંથી કાઢી મૂક્યો.

**સાર**--ઘણા માણસોને અમંગળિક શબ્દોજ બોલવાની ટેવ હોય છે. કોઈને કાંઈ નવું કાર્ય કરતાં દેખે, કોઇનો કાંઇ નવીન આરંભ દેખે, કે શુકનમાં તે અમંગળ શબ્દોજ બોલે છે. તેને પોતાને પણ કાંઈ કાર્ય શરૂ કરતાં અમંગળનીજ શંકા થાય છે, અને 'જેવું ચિંતે તેવું પોતા માટે તો ઘણીવાર બને પણ છે.' આવી વારંવાર અશુભ વાણી બોલવાની ટેવ કદિ રાખવી નહિ. દરેક કાર્યનું ફળ તો ભાગ્યાધીન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મળે છે. પણ ખોટો વિચાર કરવાથી પ્રથમથીજ પગમાં જોર રહેતું નથી, માટે અમંગળનો વિચાર દૂર કરવો, તેવી વાણી પણ ઉચ્ચારવી નહિ, કાર્ય કરનારને ઉત્તેજિત કરવો, અને કાર્ય કરતાં ઉત્સાહવંત રહેવું.

# કથા ૮૧ મી.

## પ્રબળ પુન્યથી થતી સર્વ કાર્યની સિદ્ધિ ઉપર વૈદ્યની કથા.

"જો પૂર્વનાં પુન્ય બળવાન્ હોય તો બધાં કાર્યો ઇચ્છિત સુખ આપનાર થાય છે. જેવી રીતે હરિતકી ચૂર્ણ ખવરાવનાર વૈદ્યના બધા પ્રયોગ સિદ્ધ થયા હતા." તેની કથા આ પ્રમાણે:—

કર્પૂર નગરમાં એક બ્રાહ્મણ વૈદ્યનો ધંધો કરતો હતો. ત્રિફળા, હિંગાષ્ટક, હિંગાદિ ત્રેવીશો, રાસનાદિ કવાથ વિગેરે કાષ્ટ ઔષધિમાં તે નિપુણ હતો, પરંતુ રસ–વીર્યાદિ પ્રયોગમાં તે વિચક્ષણ નહોતો. તેનો એવો ક્રમ હતો કે જે વ્યાધિમાં જે જે ઔષધોની જરૂર હોય તે જુદા જુદા પાત્રોમાંથી પલ અથવા અર્ધપલ પ્રમાણ લઇને તે સર્વને આપતો. ઘુણાક્ષર-ન્યાયવડે જે જીવતા તે તેનો સારો સત્કાર કરતા; જે મરી જતા તે કર્મવશથી મૃત્યુ પામ્યા તેમ કહેવાતું. સમય આવ્યે તે વિપ્ર મૃત્યુ પામ્યો. તેને એક બાર વરસનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્ર હતો, તે પશુ જેવો અને બહુ ખાનારો હતો. તેની માતા જીવતી હતી. લોકો પૂર્વની રૂઢિ પ્રમાણે તેની પાસે આવતા, અને ઔષધ માગતા, તે કાંઈપણ તેમાં જાણતો નહોતો, તેથી તેણે તેની માતાને પૂછયું. માતાએ ઔષધિની બધી શીશીઓ તપાસી, સર્વ ચૂર્ણો તેને બતાવ્યા અને પુત્રને કહ્યું કે–"પુત્ર! આ ચૂર્ણ બધા લોકોને પ્રાયે તારા પિતા આપતા હતા, તું પણ તેજ પ્રમાણે દરેકને વ્યાધિ પૂછીને આ ચૂર્ણ આપજે." તેણે માતાનાં વચન પ્રમાણે કરવા માંડયું. જે કોઈ ગમે તે વ્યાધિથી પીડાતો આવતો તેને તે ચૂર્ણ આપતો હતો. તેના ભાગ્યશાળીપણાથી પ્રસ્તુત રોગો શાંત પણ થઈ જતા હતા, તેથી લોકો રાજી થઈને તેનો સત્કાર કરતા અને દ્રવ્યાદિ આપતા. ભાગ્યના પ્રાબલ્યથી તે દિવસે દિવસે ધન, ધાન્ય, ઢોર ઢાંખર વિગેરેથી તેના પિતા કરતાં અધિક વૃદ્ધિ પામ્યો.

એક વખતે તે ગામના મુખીની ઘોડી તબેલામાંથી છુટીને નાશી ગઈ. તે મુખીનો દીકરો તે વૈદ્યને પૂછવા આવ્યો કે–" મારી ઘોડી કયે સ્થળેથી મળશે ?" તેણે તેને હરિતકી ચૂર્ણ આપ્યું, અને કહ્યું કે–" આ ચૂર્ણ ખાઓ, એટલે તમારી ઘોડી મળી જશે." તે ચૂર્ણ ખાઈને વૈદ્યને ઘેરથી નીકળ્યો. હરિતકી ચૂર્ણ ખાવાથી તેને રેચ લાગ્યો, તેથી ગામ બહાર તળાવકાંઠે તે ગયો. તે સ્થળે જળ પીવા માટે આવેલી પોતાની ઘોડી તેણે દીઠી. તે આનંદ પામ્યો, અને ઘોડી ઉપર બેસી તેને ઘેર લાવ્યો. ગામમાં આ-

બાલ વૃદ્ધ સર્વમાં વૈદ્યનો યશ વિસ્તાર પામ્યો કે–" અહો ! આ બ્રાહ્મણ જ્ઞાની છે તેમજ વૈદ્ય પણ છે. " પછી લોકોએ પૂર્વની માફક ઘણું ધન વિગેરે તેને આપ્યું.

તે ગામની નજીક આનંદપુર નામે ગામ હતું. તે ગામમાં વીરચંદ્ર નામે રાજા હતો. તેના અંતઃપુરમાં ઘણી રાણીઓ હતી. તે રાણીઓમાંથી એક રાણી રાજાને બીલકુલ વલ્લભ નહોતી; તેથી તે સર્વ કળા જાણનારાઓને વશીકરણ મંત્ર પૂછતી. કોઇનાથી તેના કાર્યની સિદ્ધિ થઇ નહોતી, પરંતુ કાર્યના આતુરપણાથી તે સર્વને પૂછયા કરતી. એક વખતે તેની દાસી કર્પૂરી કોઇ કાર્યના પ્રસંગથી આ વૈદ્ય રહેતો હતો તે ગામે આવી. તે વૈદ્યનો યશ તેણે સાંભળ્યો, તેણે સાંભળ્યું કે–" તે બ્રાહ્મણ તો સર્વજ્ઞ છે. " દાસી તે વિપ્રને ઘેર ગઈ, અને બહુ આગ્રહ કરીને તેને પોતાની સ્વામીની માટે ઉપાય પૂછયો. રાજા વશ થાય તે માટે તેણે ઔષધ માગ્યું. વૈદ્યે કહ્યું કે–" આ ચૂર્ણ તારી સ્વામિનીને દેજે. " એમ કહીને દરેકને આપતો હતો તે ચૂર્ણ તેને આપ્યું. તે ચૂર્ણ તેની સ્વામિનીએ તે ખાધું. તેને બહુ રેચ લાગ્યો. બહુ દસ્ત થયો તેથી તેનું ઉદર બેસી ગયું, અને મૃતપ્રાય જેવી થઈ ગઈ. દાસીએ રાજાને વિનંતિ કરી કે–" મહારાજ ! અમુક નૃપની પુત્રી અમુક મહારોગથી પીડાય છે, તે મૃતપ્રાય થઈ ગઈ છે, તેથી આપ કૃપા કરીને એક વખત તેને જોવા પધારો. " આમ કહેવાથી રાજા તેને જોવા આવ્યો. તે વખતે રેચ બંધ થઈ જવાથી વસ્ત્ર પહેરી સ્વસ્થ થઇને રાણી બેઠી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે સુંદર રૂપવાળી તેને દેખીને રાજાએ વિચાર્યું કે:–" અરે ! અસારને ગ્રહણ કરનાર અને સાર વસ્તુના દ્વેષી એવા મને ધિક્કાર છે. આવી સુંદર રૂપવાળી સુંદરી સાથે આટલા કાળ સુધી મેં વાતચીત પણ કરી નહીં, અને જેની તેની સાથે ક્રિડા કરી. હવે આજ આ રાણીજ મને પરમ વહાલી છે, તેને હું પટ્ટરાણી પદે સ્થાપું છું." આમ વિચારીને તરતજ તેને ઘણા ગામ, દેશ, નગર, અશ્વ, તથા કનક અને આભરણની સ્વામિની કરી, એટલે નમતી એવી અનેક સ્ત્રીઓના કંઠમાં રહેલા કુસુમના હારોથી તેના ચરણ કમળ દબાવા લાગ્યા અને કામદેવની લીલાવાડી તુલ્ય તેને કરવામાં આવી. પછી રાજા પોતાને આવાસે ગયો. રાણી બહુ ચમત્કાર પામી, અને વિપ્રને બોલાવીને સોનાના સિંહાસન ઉપર બેસાડી પુષ્પોવડે તેને પૂજી અંજળિ જોડીને તેણે કહ્યું કે:–" આ તમારી આપેલી લક્ષ્મી છે, હું પણ તમારી દાસી છું, તમારી ઇચ્છાથી વિષ પણ અમૃત થઈ જાય છે." આ પ્રમાણે કહીને તેને ઘણું ધન આપી તેનો બહુ સત્કાર કર્યો. પછી તે હરિતકી વૈદ્ય લીલાવિલાસ કરનારો થયો, કર્ણ જેવો દાતાર થયો અને ભોગમાં ઈંદ્રથી પણ અધિક થયો.

**સાર**—પ્રબળ પુન્યનો ઉદય હોય છે ત્યારે સર્વ વાત પાંશરી પડે છે, ગમે તેવો પ્રયોગ પણ સિદ્ધ થાય છે, વિષપણ અમૃતતુલ્ય પરિણમે છે અને સર્પ પણ કુલની માળા તુલ્ય થઈ જાય છે. ગમે તે કાર્ય આચરતાં સીધોજ દાવ પડે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. પુન્યવંત જ્યાં જ્યાં સંચરે ત્યાં ત્યાં ઋદ્ધિ ખડી થાય છે, બધી સિદ્ધિઓ તેને વશ થાય છે અને સર્વદા આનંદ મંગળ વર્તે છે. આમ હોવાથી હમેશાં અધિક અધિક પુન્યનાં કાર્યો કરવાં, પાપમય રસ્તાથી તરતજ પાછા ફરવું, એક ડગલું પણ તે રસ્તે ચાલવું નહિ. તેમ કરવાથી અકળ ઋદ્ધિના સ્વામી થવાય છે. પાપ કરીને ભવિષ્યમાં સુખ મેળવવાનો ઈરાદો રાખનાર તો મૂર્ખજ છે. પુન્ય વગર–પુન્યાનુબંધી કરણી વગર સારાં ફળ કદિ મળી શકતા નથી.

રસપ્રિય હોય તેવા જનો માટે પર્વદામાં વાંચવા લાયક રસના અવતરણ રૂપ આ ટુંકી કથાઓનો સંગ્રહ મલ્લધારીગચ્છના નાયક શ્રીરાજશેખર સૂરિએ રચ્યો છે.

ચારે વિદ્યાઓ કેળવવામાં કુશળ એવા મુનિઓના વ્યાખ્યાનમાં આ કથાઓ સુવર્ણના પુષ્પની માળા જેવી તમ સુગંધ આપનારી થાઓ. તથાસ્તુ.

સમાપ્ત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી જૈન ધર્મ પ્રકાશની ભેટ તરીકે આપેલી બુકો—

| | | |
|---|---|---|
| *૧ | કેશરીયાજી તીર્થનું વૃત્તાંત | ૦–૨–૦ |
| ૨ | ચંપક શ્રેષ્ટિ ચરિત્ર | ૦–૩–૦ |
| ૩ | રતિસાર કુમાર ચરિત્ર | ૦–૩–૦ |
| ૪ | વત્સરાજ કુમાર ચરિત્ર | ૦–૩–૦ |
| ૫ | નળ દમયંતિ ચરિત્ર | ૦–૩–૦ |
| ૬ | શુકરાજ ચરિત્ર | ૦–૪–૦ |
| ૭ | સ્થૂલભદ્ર ચરિત્ર | ૦–૩–૦ |
| *૮ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો ૧૨ વર્ષનો રીપોર્ટ. | ભેટ |
| ૯ | સુરસુંદરી ચરિત્ર | ૦–૪–૦ |
| ૧૦ | પોસહ વિધિ | ભેટ |
| ૧૧ | પાર્શ્વનાથનો વિવાહલો | ૦–૧–૦ |
| *૧૨ | મુનિ વૃદ્ધિચંદજી ચરિત્ર | ૦–૪–૦ |
| *૧૩ | મહિપાલ ચરિત્ર | ૦–૪–૦ |
| ૧૪ | ચૈત્યવંદન ચોવીશી | ૦–૩–૦ |
| *૧૫ | સંક્ષિપ્ત જૈન રામાયણ | ૦–૪–૦ |
| ૧૬ | પંચજ્ઞાન–પંચ કલ્યાણક પૂજા. | ૦–૧–૬ |
| ૧૭ | સ્નાત્ર, સત્તરભેદી, વીશ સ્થાનક પૂજા. | ૦–૨–૦ |
| ૧૮ | શ્રી વર્દ્ધમાન દ્વાત્રિંશિકા | ૦–૪–૦ |
| *૧૯ | રત્નશેખર રત્નવતી કથા. | ૦–૪–૦ |
| *૨૦ | પ્રતિક્રમણના હેતુ. | ૦–૬–૦ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૨૧ | વિજયચંદ કેવલી ચરિત્ર ભાષાંતર | ૦—૬—૦ |
| ૨૨ | પ્રબોધ ચિંતામણિ ભાષાંતર | ૦—૮—૦ |
| ૨૩ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો જયુબીલી અંક | ૦-૧૨-૦ |
| ૨૪ | તત્ત્વવાર્તા ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ | ૦—૪—૦ |
| ૨૫ | ધનપાળ પંચાશિકા | ૦—૩—૦ |
| ૨૬ | કુવલયમાળા ભાષાંતર | ૦—૮—૦ |
| ૨૭ | દેવદ્રવ્યનો નિબંધ (આવૃત્તિ બીજી) | ૦—૨—૦ |
| ૨૮ | યુગાદિ દેશના ભાષાંતર | ૦—૮—૦ |
| *૨૯ | અઢારપાપસ્થાનક અને બાર ભાવનાની સઝાય—અર્થ સહિત | ૦—૬—૦ |
| ૩૦ | રત્નાકર પચીશી. અનુવાદ. અર્થ યુક્ત. | ૦—૧—૦ |
| ૩૧ | અક્ષય નિધિ તપ | ભેટ |
| *૩૨ | નમસ્કાર મહાત્મ્ય અને કૂર્માપુત્ર ચરિત્ર ભાષાંતર | ૨૦ —૨—૦ |
| ૩૩ | તત્ત્વામૃત ગ્રંથ ભાષાંતર | ૦—૨—૦ |
| ૩૪ | વિનોદકારી કથા સંગ્રહ ભાષાંતર | ૦—૮—૦ |

આમાં બતાવેલી દરેક બુકો ગુજરાતી ભાષામાં ને દરેક ચરિત્રોના ગુજરાતી ભાષાંતર છે.

* આ નીશાનીવાળી બુકો સીલકમાં નથી તેની બીજી આવૃત્તિ છપાવવા ધારણા છે.

આ બુકોની કિંમત તરફ જોવાનું નથી, પણ તેના ઉપયોગી પણા તરફ ને રસીકતા તરફ જોવાનું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust